સ્વર્ગસ્થ શ્રી ડોડિયાએ ત્રીજી અને ચોથી ગુજરત વિધાનસભામાં રાજયના સોમનાથ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક અગ્રણી સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ઈશ્વરભાઈ ચાવડાના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ઈશ્વરભાઈ ખોડાભાઈ ચાવડાનું તારીખ ૨૦મી મે, ૨૦૦૭ના રોજ ૯૩ વર્ષને જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ચાવડાનો જન્મ ૨જી ઓગષ્ટ, ૧૯૧૩ના રોજ ગાના ગામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી ચાવડાએ સ્વતંત્રતાની ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો અને અનેકવાર જેલવાસ ભોગવ્યો હતો. તેઓશ્રીએ બોરસદ તાલુકા પંચાયત, ખેડા જિલ્લા પંચાયત અને રાષ્ટ્રીય કેળવણી મંડળ બોરસદના પ્રમુખ તરીકે તેમજ બોરસદ તાલુકા ખરીદ વેચાણ સંઘ, ખેડા જિલ્લા સહકારી સંઘ લિમિટેડ જેવી વિવિધ સંસ્થાઓમાં અધ્યક્ષ તરીકે, ખેડા જિલ્લા પોલીસ સલાહકાર સમિતિ, ખેડા જિલ્લા આરોગ્ય સમિતિ તેમજ ખેડા જિલ્લા પાણી પુરવઠા સમિતિ જેવી વિવિધ સમિતિઓના કારોબારી સભ્ય તરીકે તેમજ ગુજરાત રાજય સહકારી સંઘ, અમદાવાદ, સંસદીય ટુરિઝમ કન્સલ્ટીંગ કમિટી, સમાજ કલ્યાણ પાર્લામેન્ટરી કમિટી અને હિન્દી ભાષા સલાહકાર સમિતિના ડાયરેકટર તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી ચાવડાએ સન ૧૯૫૨ થી ૧૯૫૭ સુધી મુંબઈ વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીએ સાતમી, આઠમી, નવમી, અગિયારમી અને બારમી લોકસભામાં આણંદ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

તેઓશ્રીએ જાપાન, ફિલિપાઈન્સ, સિંગાપોર, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, પેરીસ, હોલેન્ડ, અમેરિકા અને ઈંગ્લેન્ડ સહિત અનેક દેશોનો પ્રવાસ કર્યો હતો.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજયએ એક પ્રખર સ્વાતંત્ર્ય સેનાની અને સહકારી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(ભા.રા.કો.)** : માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચંદ્રશેખરજીનું અવસાન થયું. કદાચ આપણા જેવા લોકો એમને એક ભૂતપૂર્વ વડાપ્રધાન તરીકે ઓળખતા હશે પરંતુ સમગ્ર દેશની જનતા એ આઝાદી પછીની જે આપણે એક નવી યુવા પેઢી જેમણે આ દેશનું નેતૃત્વ કર્યુ એ નેતૃત્વના પ્રતીક તરીકે યાદ કરે છે.

ખેડૂત પરિવારમાં ચંદ્રશેખરજી જનમ્યા, બલિયા જેવા એકદમ પછાત વિસ્તારનું નેતૃત્વ કર્યું. સમાજવાદી વિચારધારા ધરાવનાર યુવાનો સાથે તેઓ કોંગ્રેસમાં જોડાયા અને કોંગ્રેસની અંદર એક યુવાનોના ક્રાંતિકારી વિચારધારાના પ્રતીક તરીકે યંગટર્ક તરીકે એ જમાનામાં એણે પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી. જ્યાં જ્યાં ગરીબ ખેડૂતોના પ્રશ્નો આવતા ત્યાં ત્યાં તેઓ તેમનો અવાજ બનીને ઊભા રહેતા. ચંદ્રશેખરજી, મોહન ધારિયા તેમજ કૃષ્ણકાંતજી આ ત્રણેયની યંગ ટર્ક ત્રિપુટી રાજ નીતિમાં છવાયેલી રહી. એ વખતે કોંગ્રેસમાં રહીને પણ ક્યારેક પોતાનો અવાજ સ્વતંત્ર રીતે કદાચ કોઈને ગમે કે ન ગમે એ રીતે હંમેશા રજૂ કરતા રહ્યા. ત્યારપછી તેઓએ લોકોને મહાત્મા ગાંધીના રસ્તે ચાલવાની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે ભારતયાત્રાનું આયોજન કર્યુ. કન્યાકુમારીથી કાશ્મીર સુધીની યાત્રા આજે પણ દેશના ખૂણે ખૂણે જાણીતી છે.

વડાપ્રધાન તરીકે ટૂંકો સમય રહ્યા પરંતુ એ વખતે પણ એમણે પોતાની વિધારધારા સાથે ક્યારેક કૉમ્પ્રોમાઇઝ નહોતું કર્યુ કે એની સાથે સમાધાન કરવાનું સ્વીકાર્યુ નથી. સંસદની અંદર એમની ભૂમિકા એક ઊંચાઈ સુધી પાર્લામેન્ટરીયન તરીકે અને લોકસભાના વડીલ મુરબ્બી તરીકેની રહી. દેશનો કોઈપણ સામાજીક પ્રશ્ન હોય એ બાબતે જ્યારે જ્યારે એમનો લોકસભામાં અવાજ ઊભો કરતા ત્યારે તમામ લોકો એને આદરથી એની વાત સાંભળતા એટલું જ નહિ એમની વાતને વજન આપીને એમની વાત સ્વીકારવામાં આવતી હતી.

ચંદ્રશેખરજીના જવાથી આ દેશને એક ક્રાંતિકારી વિચાર ધરાવનાર અને આ દેશને બંધારણ મુજબ આગળ લઈ જવા માટે દેશને એકરૂપ બનાવવા હંમેશા પ્રયત્ન કર્યો છે. એમના જવાથી દેશને અને એમના પરિવારને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે ત્યારે પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

સ્વ. શ્રી નટવરલાલ શાહ આ ગૃહની અંદર સૌથી લાંબા વખત સુધી અધ્યક્ષની ખુરશી ઉપર બિરાજમાન રહ્યા. કમનસીબે હું એમના પરિચયમાં નથી આવ્યો પરંતુ કોંગ્રેસી કાર્યકર્તા તરીકે અને જ્યારે પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ હતા ત્યારે એમનું સૌમ્ય વ્યકિતત્વ અને પ્રેમાળ સ્વભાવ મને પણ હંમેશા યાદ રહેશે. માનનીય અધ્યક્ષશ્રી, નટવરલાલ શાહ એસ.ટી. નિગમના અધ્યક્ષ હતા ત્યારે મને એસ.ટી.ના અનેક કર્મચારીઓ એમ કહેતા કે અનેક પરંપરાઓ એસ.ટી.માં પણ ઉભી કરી હતી. ટિકિટનો ખર્ચ બચાવવા માટે પહેલી વખત ટિકિટની પાછળ જાહેરાતો છપાવવાનું તે વખતે શરૂ થયું. બીજી અનેક નવી તરાહો લઈ આવ્યા અને કદાચ એસ.ટી.નું તંત્ર તે વખતે, આજે તો બીજો વાહનવ્યવહાર અને બીજું વધવાને કારણે એસ.ટી.ના રૂટની સંખ્યા પણ ઘટી છે. પરંતુ જ્યારે લોકોને એસ.ટી. એક માત્ર આવવા-જવાનું સાધન હતું ત્યારે આખા દેશની અંદર કાર્યક્ષમ રીતે આપણી એસ.ટી.નું વહીવટી તંત્ર માનનીય નટવરલાલ શાહે સંભાળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, એ વખતની મારા ઘણાં સાથી મિત્રો વાત કરતા હોય છે કે જ્યારે નટવરલાલ શાહ અધ્યક્ષની ખુરશી ઉપર બિરાજતા હતા ત્યારે શાસક પક્ષની સંખ્યા છે એ અસામાન્ય મોટી હતી અને તેની સામે વિરોધપક્ષની સંખ્યા ખૂબ નાની હતી અને છતાં તેમણે હંમેશા એવો દાખલો પ્રસ્થાપિત કર્યો કે વિરોધપક્ષના અવાજને, વિરોધપક્ષના હક્કોને, વિરોધપક્ષને હંમેશા મહત્ત્વ આપીને તેમના પક્ષકાર રહ્યા હતા અને તેના માટે કદાચ તેમના પક્ષના લોકો પણ કદાચ કહેતા હશે, પરંતુ તેમણે હંમેશા આ ગૃહની પ્રણાલિકા એવી બને કે જે આખા દેશ માટે દાખલારૂપ બને એવા નિર્ણયો આપ્યા. એવી રીતે ગૃહ ચલાવ્યું અને આજે પણ આ ગૃહમાં તેમની સાથે બેઠેલાં અનેક સભ્યો તેમનો અને આદરણીય કુંદનલાલ ધોળકીયાનો દાખલો આપતા આવે છે. નટવરલાલ શાહ આ ગૃહના અધ્યક્ષ હતા એટલું જ નહીં, પણ ધંધુકા તાલુકાના ચંદરવા જેવા નાનકડા ગામમાં જન્મીને તેમણે શિક્ષણ લીધું. મજૂરોના પ્રશ્નો માટે, ગરીબોના પ્રશ્નો માટે લડ્યા. આઝાદી સંગ્રામની લડાઈમાં ભાગ લીધો. દીવ, દમણ અને ગોવાના મુકિત કાર્યક્રમમાં ભાગ લીધો અને મુકિત પણ અપાવી. જ્યાં જ્યાં ગરીબોનો, કિસાનોનો પ્રશ્ન આવે ત્યાં નટવરલાલ શાહ લડાઈમાં હંમેશા અગ્રેસર રહ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, નટવરલાલ શાહ એક નિષ્ઠાવાન સામાજિક આગેવાન હતા. આપણાં સૌના મુરબ્બી હતા. તેમનો પરિવાર પણ એટલો જ પ્રમાણિકતાથી પોતાના પગ ઉપર ઉભા રહીને રાજનીતિનો કોઈ ફાયદો લીધા વગર આજે પણ જે સ્થિતિમાં આજથી ૨૫-૩૦ વર્ષ પહેલાં રહેતા હતા એ જ સ્થિતિમાં રહે છે અને આપણને સૌને ગૌરવ અપાવે એવું દાખલારૂપ જીવન જીવ્યા. શ્રી નટવરલાલ શાહના જવાથી આ ગૃહે એવા એક મુરબ્બીને ગુમાવ્યા છે જે મુરબ્બી અહીં રહીને દાખલારૂપ કામ કરતા હતા અને સમાજના ગરીબો માટે, સમાજના નબળા વર્ગો માટે હંમેશા લડતા રહ્યા હતા. તેમના જવાથી સમાજને ખૂબ મોટી ખોટ પડી છે અને તેમના પરિવારને આ ગૃહનો શોકસંદેશો પહોંચે એવી આપને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બી કેશર ભગવાન ડોડિયા અમારા સોમનાથના વેરાવળ તાલુકાના સવની ગામે જન્મયા હતા. સારા ખેડૂત હતા. આઝાદી પછીની ખેડૂતની જે નવી આગેવાન પેઢી આવી એ પેઢીના એક પ્રતિનિધિ હતા. એકદમ સરળ હતા. જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી ગામડાંની પંચાયત હોય કે સામાજિક વ્યવસ્થાઓમાં હોય, હંમેશા અગ્રેસર રહીને તમામને માર્ગદર્શન આપતા આવ્યા. ખેડૂત તરીકે તેમણે પંચાયતમાં હોદ્દાઓ ભોગવ્યા. સહકારી સંસ્થાઓ સ્થાપી. તેનું સારું સંચાલન કર્યું. ગ્રામ વિકાસની અનેક પ્રવૃત્તિઓ કરી અને બે વખત આ ગૃહના સભ્ય રહ્યા. અમારા તો મુરબ્બી હતા. તેમના પરિવારને પણ આપના મારફત આ ગૃહની લાગણી પહોંચે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઈશ્વરભાઈ ચાવડા લોકસભાના સભ્ય હતા. મુંબઈ વિધાનસભાના સભ્ય હતા પણ એવું અજોડ વ્યકિતત્વ હતું કે કદાચ તેમણે ખેડા જિલ્લાની બહાર રાજનીતિ કરવાનું નક્કી કર્યું હોત તો રાજયના કે દેશના ટોચના હોદ્દા સુધી પહોંચી શક્યા હોત. એવું નેતૃત્વ હતું. આઝાદી સંગ્રામની લડાઈ લડ્યા અને એવા પછાત સમાજમાંથી આવતા હતા કે જે સમાજ વ્યસનોથી ભરેલો હતો. આપણે એમને રાજનીતિજ્ઞ તરીકે ઓળખીએ છીએ પણ એમણે એ સમાજના કુરિવાજો, વ્યસનો દૂર કરવા માટે જે સંઘર્ષ કર્યો છે એ આજે પણ એ સમાજના લોકો એ વિસ્તારના લોકો અને રાજયના લોકો એ રીતે એમને યાદ કરે છે. એમને એમ લાગ્યું કે, સમાજનો વિકાસ કરવો હોય તો રાજકીય હોદ્દાથી નહીં થઈ શકે પણ કેળવણીને પ્રાધાન્ય આપવું પડશે અને સમાજના કુરિવાજો અને વ્યસનોને ત્યાજવા પડશે. ત્યારે સમાજની અંદર જે વ્યસનો ઘર કરી ગયા હતા એને દૂર કરવા માટે સામા પ્રવાહે લડ્યા અને વ્યસનમૂકત સમાજ બનાવ્યો. અને કેળવણી માટે અનેક પાયાની સંસ્થાઓ સ્થાપી અને એ રીતે ખેડા જિલ્લાના વિકાસની અંદર અનન્ય કામગીરી એમણે કરી છે. સહકારી સંસ્થાઓ સ્થાપવા મદદ કરી છે એટલું જ નહીં પણ સહકારી સંસ્થાઓનું સંચાલન પણ કર્યું. એક વખત એવો હતો કે અમૂલ ડેરી છે એની અંદર શ્રી ઈશ્વરસિંહભાઈ છે એમને એવો આદેશ અપાયો કે આપણા પક્ષના જે લોકો છે એમને જ મદદ કરવાની છે ત્યારે એમણે ખાસ મંજૂર મેળવીને એમણે કહ્યું કે શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ જેવા મુરબ્બીને આ ડેરીના ચેરમેન બનાવો તો વધારે સારો વિકાસ થઈ શકશે. ત્યારે ખાસ મંજૂરી મેળવીને સામેના પક્ષના માણસ હોવા છતાં શ્રી બાબુભાઈ જશભાઈ પટેલને જીતાડ્યા હતા. સરદાર વલ્લભભાઈ પટેલ, મહાત્મા ગાંધીજી સાથે એમણે કામ કર્યું છે. એટલું જ નહીં પણ એમના વખતમાં જ્યારે ચળવળ ચાલતી હતી ત્યારે એમણે સત્યાગ્રહીઓના પરિવારજનોને અને સત્યાગ્રહીઓને અત્યારની સત્યાગ્રહ છાવણી છે એની અંદર આશરો આપીને એની અંદર નીભાવ્યા, એમના પરિવારને નીભાવ્યા અને એ રીતે એમને મદદ કરવાનું કામ કર્યું છે. મુંબઈ વિધાનસભાની અંદર એ ચૂંટાયા ત્યારે એમણે કહ્યું કે મુંબઈ બહુ દૂર પડે છે. મારા સમાજના પ્રશ્નો છે એ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં બેસીને જ ઉકેલી શકાય એમ છે. એમ સમજીને એમણે મુંબઈ વિધાનસભાનું સભ્યપદ જતું કર્યું અને તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના પ્રમુખ બન્યા અને પંચાયતનો ઉત્તમ કહી શકાય એવો વહીવટ સ્વ.ઈશ્વરસિંહે આપ્યો. તેઓ પોતે જો ઇચ્છયું હોત તો આગળ આવી શક્યા હોત પણ તેઓ યુવાન પેઢીને આગળ લઈ જવાની અંદર માનતા હતા. એ વખતે મુંબઇ વિધાનસભામાં નામ મોકલવાનો મુદ્દો નીકળ્યો ત્યારે કોઈએ શ્રી માધવસિંહભાઈનું નામ સજેસ્ટ કર્યું અને એમને ચૂંટાવીને વિધાનસભામાં મોકલ્યા. જેના કારણે ગુજરાતને એક સમૃદ્ધ નેતૃત્વ મળ્યું. એમના પરિવારમાં શ્રી ભરતસિંહ હોય, શ્રી અમિતભાઈ ચાવડા હોય એવા તમામ યુવાનોની નવી પેઢી છે એમને પ્રોત્સાહન આપવાનું અને એમને આગળ લાવવાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમના જવાથી આપણે એક જૂની પેઢીના સ્વાતંત્ર્ય સેનાની, ઉત્તમ શિક્ષણશાસ્ત્રી, સારા પંચાયતીરાજ અને સહકારી પ્રવૃત્તિના પ્રણેતા ગુમાવ્યા છે. એમના કુટુંબીજનોને આપના મારફત દિલસોજીનો સંદેશો પાઠવીએ એવી વિનંતી સાથે મારું પ્રવચન પૂરું કરું છું.

**શ્રી અશોક ભટ્ટ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ જાહેર જીવનના બે વ્યકિતત્વો આચાર્ય શ્રી નરેન્દ્ર દેવના પગલે ચાલીને આવ્યા છે. આચાર્ય શ્રી નરેન્દ્ર દેવના પગલે શ્રી ચંદ્રશેખર આવ્યા અને ગુજરાતની અંદર શ્રી નટવરલાલ શાહ આવ્યા. આ બન્ને વ્યકિતત્વો સ્કૂલ ઑફ થોટ્સના હતા. ચંદ્રશેખર એક ખેડૂત પુત્ર હતા. આ દેશની આઝાદી માટે અને આઝાદી પછી એમણે આ દેશના ગરીબો માટે જે વિચારો મૂક્યા એ વિચારોનો સાક્ષાત્કાર કરવા માટે અમે જે પ્રયત્નો કર્યા અને એમનો મને પરિચય કટોકટી દરમિયાન થયો. આ દેશની આઝાદી ઉપર અને દેશની સ્વતંત્રતા ઉપર કટોકટીનું એક મોટું આક્રમણ આવ્યું ત્યારે શ્રી જયપ્રકાશ નારાયણની સાથે શ્રી ચંદ્રશેખરજીએ લડાઈનું નેતૃત્વ લીધું અને ત્યાર પછી ૧૯૭૭ની અંદર જે પક્ષની રચના થઈ હતી એ પક્ષના નેતા બન્યા. ત્યાર પછી એ વડાપ્રધાન બન્યા. આ નેતૃત્વએ ગરીબો, યુવકો અને સામાન્ય માનવી માટેનું જે ચિંતન કર્યું, એ ચિંતન માટે સત્યાગ્રહો કર્યા એને આપણે અંજલિ આપીએ છીએ. આઝાદી મળી તે પહેલા અને આઝાદી દરમિયાન ૧૯૪૨ની ક્રાંતિ અને એ ક્રાંતિ પછી ગોવા સત્યાગ્રહ અને આરજી હકૂમતની લડાઈમાં અનેક નેતાઓની સાથે રહીને નટવરભાઈ જે લડાઈ લડ્યા એના અમે સાક્ષી છીએ. ત્યારબાદ સમગ્ર દેશમાં કોંગ્રેસની સામે પહેલી લડાઈ ગુજરાતે છેડી. એ લડાઈ હતી ૧૯૫૬નું મહા ગુજરાતના આંદોલનની. આ રાજ્યની રચના થઈ ત્યાં સુધી એમની લડાઈના નેતૃત્વમાં જુદી જુદી પ્રતિભાઓએ નેતાગીરી લીધી. પ્રજાસમાજવાદનું નેતૃત્વ બહાર આવ્યું, સમાજવાદી પક્ષનું નેતૃત્વ બહાર આવ્યું. આ નેતૃત્વનો પરિચય ઈન્દુચાચાના નેતૃત્વ નીચે નટવરલાલ શાહ

એક અડગ નેતા રહ્યા હતા. એ સમય દરમિયાન વલસાડમાં ઘાસીયા લડાઈમાં સ્વર્ગસ્થ ઈશ્વરભાઈ દેસાઈ લડ્યા એનું પીઠબળ નટવરલાલ શાહ રહ્યા. આપણે એમના જીવનના પૂર્વાધમાં જોઈએ તો કોંગ્રેસની સામે સૌથી મોટી લડાઈ સમાજવાદી વિચારો માટે એ લડતા રહ્યા. સ્વર્ગસ્થ અશોક મહેતાની સાથે કોંગ્રેસે સમાજવાદના વિચારોને અપનાવ્યા છે એવી પ્રતીતિ થઈ એટલે તેઓ કોંગ્રેસમાં જોડાયા અને આ સભાગૃહના અધ્યક્ષપદે રહ્યા. ત્યારે અને આજે એવી સરખામણીનો આ પ્રસંગ નથી. પરંતુ મને ચોક્કસપણે યાદ છે કે જ્યારે એ અધ્યક્ષપદે હતા ત્યારે વિરોધ પક્ષ તરીકે અમને જ્યારે આદેશ આપતા હતા એ આદેશને અનુસરવાની અમે ક્યારેય ના પાડતા ન હતા. એ આદેશને અમે આદરથી જોતા હતા અને સ્વ. નટવરલાલ શાહના જીવનમાંથી કોઈ પાઠ લેવો હોય તો અધ્યક્ષના આદેશોનું આદરથી પાલન કરવું. મેં પાલન કરીને એ મારા વ્યકિતગત જીવનમાં લીધો છે. પછી આ વિધાનસભામાં જે જે અધ્યક્ષો આવ્યા એના આદેશોનો મેં આદર માન્યો છે અને એ માનીને આ સભાગૃહમાં મારા જાહેર જીવનમાં સ્વ.નટવરલાલ શાહે મને ઘડવામાં પ્રયત્ન કર્યો એ આ હતો કે વિરોધ પક્ષમાં હોઈએ તો પણ આપણે અધ્યક્ષના આદેશને માનવો જોઈએ અને અનેક વખત આ પાઠ એ આપતા રહ્યા છે. એ પાઠ હું માનું છું કે જે કોઈ હોય એના માટે આદર્શ બને એ એમના જીવનની શ્રદ્ધાનું એક બુંદ પેદા કરે એવું છે. સ્વશ્રી શાહે માત્ર આ રાજ્યમાં વિધાનસભા સભાગૃહના અધ્યક્ષ તરીકે દીર્ઘકાલીન સેવા આપી એટલું જ નહીં, એની સાથે સાથે સમાજ જીવનના અનેક પ્રશ્નોમાં એમણે નેતૃત્વ લીધું. હિન્દ મજદૂર સભામાં રહીને પહેલી લડાઈ ૧૯૫૮માં બોનસમાં લડ્યા અને તત્કાલીન રાજ્યમાં મોટી લડાઈઓ લડ્યા હતા. ઈતિહાસમાં અનેક લડાઈઓમાં સક્રિય ભાગ ભજવતા નેતા હતા. આજે એમને અંજલિ આપણા ખૂબ દુ:ખ થાય છે. એમના કુટુંબ સાથે મારે અંગત રીતે પણ પરિચય રહ્યો છે એટલે અંગત રીતે એમને હું અંજલિના શબ્દો અર્પું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એવું જ એક વ્યકિતત્વ, ગરીબોની વાતને વાચા આપનાર ખેડા જિલ્લામાંથી ઈશ્વરભાઈ ચાવડા હતા. આ વ્યક્તિત્વે પછાત વર્ગોના લાભ માટેના જે કાર્યો કર્યા એ કાર્યો કરીને આ વિસ્તારના લોકોએ પણ એમને એટલા જ આદરથી જોયા. એમણે કહ્યું એ બધું પ્રજાએ કર્યું. એના પરિણામ રૂપે માધવસિંહભાઈ કે જેમનો અગાઉ ઉલ્લેખ થયો એ પ્રજાએ ઈશ્વરભાઈએ કરેલા કાર્યોનું ઋણ ચૂકવાયું હોય એ રીતે ચૂકવાયેલ હતું. એમની સહકારી પ્રવૃત્તિ, ગરીબ માણસો માટેની પ્રવૃત્તિને આ સભાગૃહ અને ગરીબ માણસ ક્યારેય નહીં ભૂલે. એ રીતે સ્વર્ગીય ડોડીયાજીને અંજલિ આપીને ફરીથી આ સભાગૃહમાં આપણે સૌ મળીને આ પુણ્ય વિભાવના સાથે ગૃહની અંજલિ આપીએ છીએ એમાં મારો સૂર પુરાવું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા જે શોક પ્રસ્તાવ લઈને આવ્યાં છે એને હું અનુમોદન આપું છું

ભારતના પૂર્વ વડાપ્રધાન સદ્‌ગત ચંદ્રશેખરજી સાથે નવમી લોકસભામાં રહેવાનો મને યોગ પ્રાપ્ત થયો હતો. ચંદ્રશેખરજી માટે જે કહેવાયું એ ખરેખર સાચું છે. એક લડાયક હોવા સાથે એક સામાન્યજનની ચિંતા રાખતા હતા. એ આપણાં બધા માટે એક માર્ગદર્શક હતું એ મેં અનુભવેલું છે. ચંદ્રશેખરજી ભૂકંપ પછી કચ્છની અંદર મારા વિસ્તારના સાણગઢ ગામનું પુન:વસન પણ એમના પોતાના જે વિશ્વાસુ લોકો મારફત કરેલું અને પોતે પણ જાતે દેખરેખ રાખવા માટે અવારનવાર આવતા હતા. માનનીય ચંદ્રશેખરજીનું ગુજરાત ઉપરનું ઋણ અમદાવાદના આંતરરાષ્ટ્રીય વિમાનીમથકની અનેક બીજા રાજ્યના કેટલાક લોકોની માગણી હતી તે છતાં ચંદ્રશેખરજીના વખતમાં ટૂંકા સમય માટે વડાપ્રધાન હતા આમ છતાં અને ચીમનભાઈ પટેલનો પણ એમાં ખૂબ આગ્રહ હતો એના કારણે એ આપણને મળી શક્યું હતું. ચંદ્રશેખરજી એટલા બેફિકર હતા, સત્તા ટકાવવા માટે કયારેય હવાતિયા નહોતા માર્યા તેનું એક જીવંત દૃષ્ટાંત આપી શકું તેમ છું. એમની સામે લોકસભામાં અવિશ્વાસની દરખાસ્તની ચર્ચા ચાલતી હતી ત્યારે સેન્ટ્રલ હૉલમાં નિરાંતે આવીને બેઠેલા, અમારા નેતા શંકરસિંહજીએ કહેલું કે એમને સરકાર બચાવવાની કોઈ ચિંતા નથી. આટલી નિશ્ચિતતાથી કહેલું કે સત્તા હોય તો હોય અને ના હોય તો નહિ એ પ્રકારનું ચંદ્રશેખરજીનું જીવન અનેક લોકો માટે માર્ગદર્શક હતું. ભારતયાત્રા દરમિયાન આખા દેશનો એમણે પગપાળા પ્રવાસ કરેલો અને એના દ્વારા યુવાનોની અંદર એક ચેતના પ્રગટ કરેલી અને હંમેશા અન્યાયની સામે એ અવાજ ઉઠાવનારા આગેવાન હતા. સદ્‌ગત ચંદ્રશેખરજીના જવાથી આ દેશને મોટી ખોટ અને યુવાનોને પંડિત જવાહરલાલ નહેરુ પછી યુવાનોના આદર્શ તરીકે જો કોઈ ગણાતા હોય તો ચંદ્રશેખરજી હતા એ ખોટ પડી છે એમને હું અંજલિ આપું છું.

સદ્‌ગત નટવરલાલ શાહ સાહેબ સાથે આ ગૃહની અંદર ૧૯૮૦ થી ૧૯૮૫ દરમ્યાન રહેવાનો મને પણ યોગ પ્રાપ્ત થયેલો. માનનીય અશોકભાઈએ અને અમારા નેતા અર્જુનભાઈ સાહેબે કહ્યું એ પ્રમાણે વિરોધપક્ષ ખૂબ નાનો હોવા છતાં પુરતો સમય આપવાની કાળજી રાખતા. વિરોધપક્ષ તરફથી આવેલા સૂચનોએ સરકારને કેટલીક વખત માર્ગદર્શક બને એવી બાબત હોય અને એને આવકાર્ય ગણાય એ રીતે બોલવાનો સમય આપતા હતા. એક-બે પ્રસંગોએ અશોકભાઈએ આ ગૃહમાં મુદ્દો ઉઠાવેલો કે ગૃહની અંદર કોઈપણ સંસ્થાઓ રાજકીય ઉદ્દેશ સાથે કે એવા મોટિવ સાથે કોઈ મિટિંગો કરે એમાં કેટલું વાજબીપણું છે. અધ્યક્ષશ્રી નટવરલાલ શાહે મુદ્દો ગ્રાહ્ય રાખીને ગૃહની મર્યાદા, સત્તા અને કાર્યક્ષેત્રની લિમિટ પણ નક્કી કરેલી કે આ વિભાગ જે છે એ અધ્યક્ષની હકૂમત નીચે આવે છે અધ્યક્ષશ્રીની રજા વગર આમાં કોઈપણ પ્રર્વતી શકે નહિ આવા પણ ચુકાદા આપણને માર્ગદર્શક બને છે

અને વિધાનસભા ગૃહ એ કારણે કોઈપણ પ્રકારની બીજી પ્રવૃત્તિઓ છે તેનાથી મુકત રહી શક્યું છે. નટવરલાલ શાહ એ ધંધૂકા વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા હતા અને ત્યાંના જે પ્રશ્નો હતા, એમની લોકચાહના એટલી બધી હતી કે સામાન્યજનને ત્યાં મુનિ સતબાલજીની પ્રવૃત્તિ એ વિસ્તારમાં ચાલતી અને સદ્‌ગત નટવરલાલ, નવલભાઈ શાહ વગરે એમના સાથીઓ અને એના કારણે ત્યાંના કચ્છની પ્રવૃત્તિમાં પણ તેમનો અહેસાસ હંમેશા થતો હતો અને અશોકભાઈએ કહ્યું એ પ્રમાણે પ્રજા સમાજવાદી પાર્ટી સાથેનો માનનીય અશોકભાઈનો આ જૂનો નાતો, બચપણમાં હું પણ એ વિચારસરણીથી આકર્ષાયેલો અને એ વખતના નરેન્દ્ર દેવજી સાથે અને પછી કૃપલાણી સાથેના વિચારોના વાહક અશોક મહેતાને તો અમે ખૂબ માણેલા એના કારણે એક પ્રગતિશીલ વિચારસરણીનાએ આગેવાન નટવરલાલ શાહ સદાને માટે ગૃહની અંદર આ ગૃહનું અધ્યક્ષપદ ગૌરવંતું સ્થાન એમનું હતુંજ અને એ હંમેશા યાદ રહેશે. પરંતુ સાથે સાથે ઉમદા વ્યકિતત્વ, પ્રેમાળ વ્યકિતનો બધાને અહેસાસ થયો હશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ તરીકે અને અત્યારના જે સભ્યો છે એમને પણ અહેસાસ થયેલો હશે. અમારા જેવાને અધ્યક્ષ તરીકે અને જાહેર જીવનના આગેવાન તરીકે એમની ખોટ હંમેશા અમને વર્તાશે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રી ઈશ્વરભાઈ ચાવડા એ ચરોતર ગુજરાતનો જે બગીચો કહેવાય એવા પ્રદેશમાંથી આવતા અને તેમ છતાં ત્યાં જેમને સામાજિક અધિકારીતા નહતી મળતી એમના માટે સદૈવ એ લડવૈયા રહેલા. દબાયેલા, કચડાયેલા લોકોને એમના અધિકારો મળે એના માટે લડતા અને હંમેશા ગુજરાતના જાહેર જીવનમાં ઈશ્વરકાકાનું સ્થાન ખૂબ ઊંચું અને આગવું રહ્યું છે. એમણે ખેડા જિલ્લા પૂરતું પોતાનું કાર્યક્ષેત્ર મર્યાદિત કરેલું હોવા છતાં પણ એમના ધ્વારા જે પીઠ થાબડવામાં આવેલી, આગળ લાવવામાં આવેલા એ ગુજરાતભરના જાહેર જીવનમાં છવાઈ ગયેલા વ્યકિતત્વો આજે આપણે અનુભવીએ છીએ. આ ગૃહમાં આજે એમના પૌત્ર સભ્ય હોય શ્રી અમીતભાઈ સભ્ય હોય એ સ્વાભાવિકતા છે. કારણ કે, એમણે રાજકારણ માત્ર પોતાના પૂરતું સીમિત નહતું રાખ્યું પરંતુ પછીની નવી પેઢી પણ પોતાની મેળે આગળ વધે, અમીતભાઈ પોતાના કૌવતથી ચૂંટાઈને આવેલા, પોતાના વ્યકિતત્વથી ચૂંટાઈને આવેલા. આ વ્યકિતત્વ વિકસે એના માટેના હિમાયતી એ ઈશ્વરકાકા હતા અને એટલા માટે જ્યારે અમે એમના બેસણામાં ગયેલા ત્યારે માનવ મહેરામણ જે ઊમટેલો ત્યાં અને ત્યારે કહેવાનું મન થાય કે, " મીઠપવાળા માનવી જે દિ જગ છોડીને જાશે, કાગા એની કાણ ઘર ઘર માંડશે માનવી", આવા એક લોકચાહનાવાળા આગેવાનને ગુજરાતમાંથી આપણે ગુમાવ્યા છે એનું દુઃખ છે.

સ્વ. શ્રી કેશરભાઈ ડોડિયા આ ગૃહના સભ્ય, અમારા પહેલા હતા પરંતુ વેરાવળ અને ખાસ કરીને જુનાગઢ જિલ્લામાં એ ખૂબ જ લોકપ્રિય હતા આ સ્વર્ગસ્થ આત્માઓને મારી અંજલિ આપું છું અને જે ઠરાવ આવ્યો છે એમાં મારો સૂર પુરાવું છું.

**શ્રી અમિત અ. શાહ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્ય મંત્રીશ્રી, સ્વ.શ્રી ચંદ્રશેખર, સ્વ.શ્રી નટવરલાલ શાહ, સ્વ.શ્રી કેશરભાઈ ડોડિયા અને સ્વ.શ્રી ઈશ્વરભાઈ ચાવડા માટે જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી ચંદ્રશેખર, એ બહુ ઝૂઝ જોવા મળે એ પ્રકારનું એક વ્યકિતત્વ. દેશ આઝાદ થયો એ પછી, આઝાદીના તુરંત પછી સમાજવાદી આંદોલનમાં જોડાયા પછી અને કોંગ્રેસમાં ગયા પછી પણ બેબાક રીતે પોતાનો વિચારો વ્યક્ત કરવા માટે એ જાણીતા હતા અને એ વ્યક્ત કરતા પણ હતા. દેશની લોકશાહી પર જ્યારે પહેલીવાર કુઠારાઘાત થયો એ વખતે બહું ઓછા લોકો કોંગ્રેસ પક્ષમાંથી કટોકટીનો વિરોધ કરાવાવાળા જે બહાર આવ્યા હતા એમાંના એક વ્યકિત એ ચંદ્રશેખરજી હતા. સ્વ.શ્રી ચંદ્રશેખરે સમગ્ર દેશમાં કટોકટી પછી જયપ્રકાશજીની સાથે ખભેખભા મિલાવીને એક લોક આંદોલન ઉપાડ્યું અને પચાસ વર્ષની નાની ઉમંરે એ જનતાપક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા. સત્તાથી દૂર રહ્યા અને સતત સિદ્ધાંતોના આધાર ઉપર જીવન જીવવું જોઈએ એનો દાખલો બેસાડતા. એમના જીવનની સૌથી મોટી વાત એ ઉત્તર ભારતના રાજનીતિ ક્ષેત્રના એક તેજસ્વી તારલા હતા અને જન્મે એ ઠાકુર હતા પરંતુ સમગ્ર દેશમાં બહું ઓછા લોકોને ખબર હશે કે, ચંદ્રશેખરજી ઠાકુર હતા. કયારેય એમની પાછળ એમની અટક નહતી લગાડેલી. જ્ઞાતિવિહિન સમાજની કલ્પનાને એમણે જીવનમાં સાચા અર્થમાં જીવી બતાવી. એમના મૃત્યું પર્યંત દેશના બહું ઓછા લોકોને ખબર હશે કે ચંદ્રશેખરજી ઠાકુર હતા. કયારેય એમની જાહેર વાત હોય, જાહેર જીવન હોય, પક્ષની રાજનીતિ હોય કે, સંસદની રાજનીતિ હોય કે, પક્ષેત્તર રાજનીતિ હોય એમાં એમણે ઠાકુર હોવાનો રાજનીતિક ઉપયોગ કયારેય નહતો કર્યો. સાદગી અને સ્વદેશી એના એ પ્રખર હિમાયતી હતા અને આજીવન જ્યાં જ્યાં એમને તક મળી, જ્યાં જ્યાં એમને પદ મળ્યું આ બંને સિદ્ધાંતોને એમણે પોતે આગળ પણ વધાર્યા અને એનું અનુસરણ પણ કર્યુ. ગ્રામીણ વિકાસને વરેલું વ્યકિતત્વ, એમના ભાષણો સંસદના જોઈએ તો એમાં એમણે કેટલી ય વાર પક્ષીય હિતોથી ઉપર ઊઠી દેશની સંસદને ગ્રામીણ વિકાસ માટે કટિબદ્ધ કરવા માટે એમને બાંધી રાખવા માટે અનેક રીતના પ્રયત્નો કરેલા આપણને જોવા મળે છે અને એમના ભાષણોમાં સતત ગરીબોની વાત, ગામડાઓની વાત અને ગ્રામીણ વિકાસની નવી દિશાઓ એ આપણને જોવા મળે. સિદ્ધાંત આધારિત રાજનીતિના મહાન પુરસ્કર્તા એ. એક બીજો પણ નવો ચીલો ચાતર્યો હતો. પરિવારની રાજનીતિથી એ દૂર રહ્યા હતા. પરિવાર વાદ, પરિવારમાં રાજનીતિક વારસો આપવાની જે દેશમાં પરંપરા ઊભી થઈ હતી. એના એ ઘોર વિરોધી હતા અને પોતાના પરિવારની અંદર પણ. આજે કદાચ બહુ

ઓછા લોકોને ખબર હશે કે ચંદ્રશેખરના પરિવારમાં કોણ છે. પરિવારને રાજકીય વારસો આપવાના વિરોધી રહ્યા અને એમના જીવનમાં એ મંત્ર એમણે સ્વીકાર્યો કે પક્ષીય હિતની સરહદથી ઉપર ઉઠી દેશના હિતમાં વિચાર મૂકનારા દેશભકત, સંસદસભ્ય ગુમાવ્યા છે. નિર્ભયતાને વરેલું એમનું વ્યકિતત્વ રહ્યું. એમને આપણે અંજલિ આપીએ અને બાકીના ત્રણ મહાનુભાવોને પણ આજે શોક પ્રસ્તાવ લઈને માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યા છે શ્રી નટવરલાલ શાહ, શ્રી કેશરભાઈ અને શ્રી ઈશ્વરભાઈના કાર્યને અંજલિ આપીએ. આપના માધ્યમથી એમના પરિવારજનોને શોકસંદેશો પહોંચે તેવી વિનંતી.

**શ્રી જેસાભાઈ ભા. બારડ(ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે અને વિરોધ પક્ષના નેતાએ જેને અનુમોદન આપ્યું છે તેમજ અગાઉના વકતાઓએ જેમાં અનુમોદન આપ્યું છે તેમાં હું મારો સૂર પુરાવું છું. આ દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ.શ્રી ચંદ્રશેખર, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને કોંગ્રેસના પ્રમુખશ્રી નટવરલાલ શાહ તેમજ ઈશ્વરકાકાના હુલામણા નામે જેઓ ઓળખાતા હતા એ મહાનુભાવોનું અવસાન થયું છે. એમની આ દેશને અને ગુજરાતને મોટી ખોટ પડી છે. મારા રાજકીય ગુરુ અને વેરાવળ સોમનાથ મત વિસ્તારના ૧૯૬૭માં સ્વતંત્ર પાર્ટીની સ્થાપના થયેલી ત્યારે કેસરભાઈ ડોડીયા જુનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના સૌની ગામમાં તા.૨૯-૧-૧૯૩૯ના રોજ જેમનો જન્મ થયેલો. ખેડૂત પરિવારમાં જન્મ થયો. ધોરણ-૮ સુધી એમણે અભ્યાસ કર્યો. અભ્યાસ સાથે શાળાંતની પરીક્ષા આપી શિક્ષક તરીકે નોકરીની શરૂઆત કરી. ૨૮ વર્ષની નાની ઉંમરમાં સ્વતંત્ર પાર્ટીના ભાઈકાકા સાથે મુલાકાત થતાં ધારાસભાની ટિકિટમાં સોમનાથ મત વિસ્તારમાં ચૂંટાયા. સાદગીભર્યું જીવન અને પાયાના લોકો, ખેડૂતો કેવી રીતે જીવન જીવે છે.એની વાત એમના મગજમાં કાયમી રહેતી. ૧૯૭૨માં જયારે ફરી વિધાનસભાની ચૂંટણી આવી ત્યારે કોંગ્રેસ પાર્ટીમાં એ મત વિસ્તારમાંથી ફરીથી ચૂંટાયા. બહુ મોટી લીડ, ૩૬૦૦૦ની લીડ સાથે ચૂંટાયા. ૧૯૭૪ પછી વેરાવળ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે પાંચ વર્ષ સુધી સેવા આપી. ગુજરાત સ્ટેટ કૌ.ઓ.બેંકમાં પણ સભ્ય તરીકે પોતાનો ફાળો આપ્યો. તાલુકા કક્ષાની મંડળી, તાલુકા સંઘ અને જમીન વિકાસ બેંકમાં જયાં સુધી જીવ્યા ત્યાં સુધી ડાયરેકટર તરીકે સેવા આપી છે. એમનું જે જીવન હતું, એમની જે કામ કરવાની પદ્ધતિ હતી, એ ગામડે નાનામાં નાના ગરીબ માણસનો પ્રસંગ હોય ત્યારે એમણે જાતે રાતભર તેમની સાથે રહીને કામગીરી કરી છે. એમની અમારા મત વિસ્તારને જબરજસ્ત ખોટ પડી છે. ગુજરાતનો ખોટ પડી છે. આ ચાર દિવંગત મહાનુભાવોએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. એમના પરિવારને આપણે શોકસંદેશો પાઠવીએ.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા(ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક ઠરાવ લઈને આવ્યા છે અને જેમાં મારા વિરોધ પક્ષના નેતાશ્રીએ સૂર પુરાવ્યો છે એમાં હું મારો પણ સૂર પુરાવું છું. વડાપ્રધાનશ્રી ચંદ્રશેખર સાથે ટુરમાં પણ હું જોડાયેલો.

એમણે હંમેશા સીમાંત ખેડૂત, નાના ખેડૂત અને ગરીબ માણસોની ચિંતા કરેલી અને એમણે કરમસદથી માંડી ગાંધીનગર સુધીની કૂંચ કરેલી. એ દિવસો પણ મને યાદ છે. નટવરલાલ શાહ એમણે જે વિધાનસભામાં નવી પ્રણાલિકાઓ ઊભી કરી. વિરોધ પક્ષને વધારેમાં વધારે મહત્ત્વ આપ્યું અને સત્તા પક્ષ હોય અને મંત્રીશ્રી તૈયાર થયા હોય કે તૈયાર ન થયા હોય તો પણ એમને ટકોર કરવાનું કામ નટવરલાલ શાહ કરતા હતા.

ખાસ કરીને મને લાગે છે કે ઈશ્વરભાઈ ચાવડા સ્વાતંત્ર્ય સેનાની અને હું પણ એમનો શિષ્ય છું. જ્યારે જ્યારે સરદાર પટેલે રાસ મુકામે, બારોડોલી મુકામે સત્યાગ્રહ કર્યો છે, ત્યારે એમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જ્યારે આઝાદી મળી ત્યારે એમનો મોરારજીભાઈ અને સરદાર પટેલ સાથેનો સંપર્ક થયો હતો, ત્યારે મોરારજીભાઈ, રવિશંકર મહારાજ અને બળવંતરાય મહેતા હતા ત્યારે સરદાર પટેલે ટકોર કરી કે ભાઈ આપણને સ્વરાજ મળી ગયું છે. આપણે તો રચનાત્મક કાર્યો કરવાં પડશે. પછડાયેલા, કચડાયેલા ગરીબ વર્ગ તરફ આપણે ધ્યાન આપવું પડશે અને ઈશ્વરકાકાએ સત્યાગ્રહની છાવણીમાં કબજો મેળવીને પછડાયેલા, કચડાયેલા વર્ગનાં બાળકોને ભણાવવાનું શરૂ કર્યુ. હું ૧૯૪૭ માં ત્યાં આગળ હતો. શુદ્ધ ખોરાક, શુદ્ધ ઘી, શુદ્ધ દૂધ આપવાનું એમાં કોઈનો પણ આશરો નહિ લેવાનો અને સમગ્ર ખેડા જિલ્લામાં જ્યાં ચોખા મળતા ત્યાં ચોખા, જ્યાં ઘઉં મળતા ત્યાં ઘઉં જ્યાં જ્યાં જે વસ્તુઓ મળતી હતી તે સાઈકલ ઉપર નાખીને તે વખતે તો વાહન હતા નહિ, એટલે સાઈકલ ઉપર નાખીને જે તે સમયે છાવણીમાં એ રસોડું ચલાવતા. વિદ્યાર્થીઓને ભણાવતા. મને પણ એમણે સત્ય, અહિંસા અને શુદ્ધ વિચારો અને ગાંધી વિચાર સરણી આપી, ત્યાર પછી હું એસ.એસ.સી. સુધી ભણ્યો, પરંતુ એમણે જે મોટું કામ કર્યુ બોરસદમાં લૂંટારુંઓ બહુ હતા. રવિશંકર મહારાજ, બળવંતરાય મહેતાએ કામ સોંપ્યું કે ભાઈ ફલાણા લૂંટારાને લઈ આવો. તો અડધી રાત્રે જઈને કોઈપણ જાતના ભય વિના એ લૂંટારું લાવતા અને રવિશંકર મહારાજના ચરણમાં મૂકતા. ખેડા જિલ્લામાં બહારવટિયાને નષ્ટ કરવાનું કામ જો કોઈએ કર્યુ હોય તો રવિશંકર મહારાજ અને એમના પ્રતિનિધિ તરીકે ઈશ્વરભાઈ ચાવડાએ કર્યુ હતું. આ પ્રમાણે અનેક સંસ્થાઓ છે. રાષ્ટ્રીય કેળવણી મંડળ, સહાયક કેળવણી મંડળના પ્રમુખ વર્ષો સુધી રહ્યા. હજારો વિદ્યાર્થીઓ એમના હાથ નીચે ભણ્યા. હજારો નહિ વધારે પણ કહી શકું અને પછડાયેલા, કચડાયેલા વર્ગની, ક્ષત્રીય વર્ગની વાત કરીએ તો આજે જે ઉજળિયાતમણ છે, તો એમની દેણ છે, બીજા કોઈની નહિ. એમને ભણાવવાનું કામ કર્યુ, ક્ષત્રીય લોકોમાં જે કુટેવ, રીત-રિવાજો હતા, એમની સામે લડત આપવાનું કામ કર્યુ. એમાં અમને જોડતા અને કહેતા શંકરભાઈ

જ્યાં સુધી આ પછડાયેલો, કચડાયેલો વર્ગ ખુશ નહિ થાય ત્યાં સુધી મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન સાકાર થઈ શકશે નહિ.

એમણે ખેડા જિલ્લા મધ્યસ્થ બૅન્કમાં, અમૂલ ડેરી, સહકારી સંઘ, તાલુકા પંચાયત હોય કે જિલ્લા પંચાયત બધી સંસ્થાઓમાં એમણે પોતે ભાગ ભજવ્યો અને સારે રસ્તે વાળવાનું કામ કર્યુ. સાથે સાથે બીજું કામ કર્યુ છે, અમારામાં જે ઉજળિયાતમણ છે એ એક તો એમણે શિક્ષણ આપીને, નાની મોટી નોકરી આપીને એમને સારા રસ્તે વાળવાનું કામ કર્યુ જે માટે મોટામાં મોટી દેણ છે ઈશ્વર કાકાની છે. બીજું કામ એ કર્યુ કે ભણેલા ગણેલા વિદ્યાર્થીઓને થાળે પાડવાનું. ક્ષત્રિય લોકો, પછડાયેલા, કચડાયેલા વર્ગોના બાળકો સારી રીતે ભણી શકે અને તેઓ જ્યારે જિલ્લા પંચાયતના પ્રમુખ હતા ત્યારે તેમણે કહ્યું કે ભાઈ શાળા હોય ત્યાં બાળક નહીં પણ બાળક હોય ત્યાં શાળા હોવી જોઈએ અને બાળકોને ઝાડ નીચે ભણાવીને પણ શાળાનું કામ કર્યુ છે, વિદ્યાર્થીઓને વધારે શિક્ષણ આપવાનું કામ કર્યુ છે તે વ્યકિતને ભૂલી નહીં શકીએ. કારણકે તેમણે સમાજ સુધારક તરીકેનું મોટામાં મોટું કામ કર્યુ છે. હું તેમને મળ્યો ત્યારે તેમણે કહ્યું શંકરભાઈ બહું થઈ ગયું હવે બીજું કઈ વિચારો. ત્યારે તેમણે મને સમૂહલગ્નની પ્રેરણા આપી. તેમની સમૂહલગ્નની પ્રેરણાથી ખેડા જિલ્લામાં આજે ૬૫૦૦ સમૂહલગ્નો પૂર્ણ કર્યા છે. તેમણે હંમેશાં પછડાયેલા અને કચડાયેલા વર્ગોની ચિંતા કરી છે. ત્યારે આ મહાનુભાવો આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે અને જેમણે આપણને પ્રેરણા આપી છે, વાણી, વર્તન અને સંસ્કાર આપ્યા છે અને ગાંધી વિચાર સરણી આપી છે તેને આપણે આગળ ચલાવવાનું કામ કરીએ. જે મહાનુભાવો સ્વર્ગસ્થ થયા છે તેમના કુટુંબીજનો ઉપર જે આફત આવી છે તેને દિલસોજી પાઠવીએ. ખાસ કરીને ઈશ્વરકાકાએ માધવસિંહભાઈ અને ભરતસિંહ જેવા નેતા આપ્યા છે અને અમારા જેવાના નામ આવ્યા છે. તેમણે એક જ વાત સ્વીકારી હતી કે સમાજને સુખી કરવો હશે તો સમાજને શિક્ષણ આપવું પડશે. આજે ૨૫-૩૦ જેટલી સંસ્થાઓ છે તે સંસ્થાઓ દ્વારા ક્ષત્રિય, પછડાયેલા અને કચડાયેલા તેમાં કોઈ ભેદભાવ ન હતો. હરિજન પણ ભણી શકે, ક્ષત્રિય પણ ભણી શકે તેવા ભેદભાવ સિવાય કામ કર્યુ છે. આવું જે કામ કર્યુ છે તેને બિરદાવવું જોઈએ અને તેમના અવસાનથી તેમના કુટુંબીજનો ઉપર જે આફત આવી છે તેમને આપશ્રી મારફત શોક સંદેશો પાઠવીએ.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી સ્વ.વડાપ્રધાન ચંદ્રશેખરજી તે કહેવાય છે કે એકલવીર હતા. સામાન્ય રીતે સમાજવાદી પાર્ટી અને પ્રજા સમાજવાદી પાર્ટીના જેટલા લીડરો છે તે સંગઠનની દ્રષ્ટિએ બરાબર ન હતા, પરંતુ વિચારધારાની દ્રષ્ટિએ, શૈક્ષણિક દ્રષ્ટિએ, સામાજિક ક્રાંતિની દ્રષ્ટિએ તે લોકો એકલવીર હતા. તેની સાબિતી ચંદ્રશેખરજી છે. જ્યારે દેશ પર કુઠારાઘાત થયો અને કટોકટી લદાઈ ત્યારે જયપ્રકાશ નારાયણને ટેકો આપવા માટે તે પાર્ટીમાંથી નીકળી સ્વતંત્ર રીતે એકલા આખા દેશમાં ચળવળમાં લાગી ગયેલા અને કટોકટીનો સામનો કરવા માટે મહેનત કરી હતી અને દેશની લોકશાહીને બચાવવા માટે કામ કર્યુ હતું. સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા અને કહેવાયું તે પ્રમાણે જ્ઞાતિવાદથી પર થઈને સમગ્ર દેશને પોતાનો ગણીને, દેશના નાગરિકોને પોતાના ભાઈબંધુ ગણીને તેઓના માટે કામ કર્યુ છે તે ખરેખર યાદગાર રહેશે. બીજા સમાજવાદી પાર્ટી જેનું ગોત્ર હતું અને સમાજવાદી હતા તેવા નટવરલાલ શાહ કે જેમની સ્પીકર તરીકેની કામગીરી આ ગૃહમાં વખણાયેલી છે. સાથે સાથે સામાજિક પ્રસંગોમાં અને સામાજિક કાર્યોમાં પણ નટવરલાલ શાહનો આપણે દાખલો લઈ શકીએ તેમ છીએ તેવા નટવરલાલ શાહને અંજલિ આપું છું. સાથે સાથે ડોડિયાભાઈ કે જેઓ ધારાસભ્ય હતા તેમને પણ યાદ કરીએ.

ખાસ કરીને મારા જિલ્લાના ઈશ્વરકાકા જેમને અમારા વિસ્તારના ગરીબ લોકો, ઝૂંપડામાં રહેતા લોકો દાજી તરીકે ઓળખે છે તે દાજીએ પોતાની આખી જિંદગી ચરોતરના ગામડાના ખેતરમાં કાઢેલી. તે એમ.પી હતા ત્યારે અને હું નગરપાલિકાનો પ્રમુખ હતો ત્યારે સંસદસભ્યની ગ્રાન્ટ લેવા ગયો ત્યારે તેમની ભાષા કઠોર હતી પણ હ્દય ખૂબ કોમળ હતું. હું તેમની પાસે ગયો ત્યારે કહે કે અલ્યા બ્રાહ્મણ તું કેમ આવ્યો છે? તો મેં કહ્યું કે કાકા હું ગ્રાન્ટ લેવા આવ્યો છું. તો કહે કે તું કેવી રીતે મારી પાસે આવી શકે. મેં કહ્યું મારો અધિકાર નથી કાકા તો કહે કે લઈ જા લઈ જા પાંચ લાખ રૂપિયા. લઈ જા, એટલે એ રીતે પણ પ્રેમથી એ પૈસા આપ્યા, કોઈપણ જાતનો ભેદ ન રાખ્યો, પણ જે કહેવાની વાત હોય એ વાત કઠોર ભાષામાં એ કહી નાખતા હતા. સામાન્ય રીતે એ પૂંજી વાદી સમાજ અને સમાજરચનાના વિરોધી હતા એટલે કોઈ પૂંજી પતિ કે એવો કોઈ માણસ એમની પાસે જાય તો ઑટોમૅટીક એમના દિલની અંદર જરા ઉકળાટ આવી જાય અને દેખાય કે મારા ગરીબ લોકોનું આ લોકોએ શોષણ કરીને, આ લોકોએ અમારા લોકોને નવરા કરી નાખ્યા છે એવી મનની અંદર જબરજસ્ત એ રાખતા હતા એટલે સામાન્ય રીતે ગરીબ માણસોના કામમાં એ કાયમ લાગી જાય. આજે સ્વ. ઈશ્વરકાકાની, એમની જિંદગી પ્રામાણિકતાથી પૂરી થયેલી છે આજે દાખલો આપવો હોય તો એક સ્વાતંત્ર્ય સેનાની તરીકે અને એક પ્રામાણિક રાજકારણી તરીકેનો દાખલો એમનો લઈ શકાય છે. એવા સ્વ. ઈશ્વરકાકાને હું હ્રદયપૂર્વક અંજલિ આપું છું અને આ શોકઠરાવને અનુમોદન આપું છું.

**શ્રી જગદીશ ઠાકોર(ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ ગૃહના નેતાશ્રી જે શોક દર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ અનુમોદન આપ્યું છે એવા ચારેય દિવંગત આત્માઓને મારા વંદન કરું છું, એમણે કરેલા કાર્યોની સ્મરણાંજલિ અર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી ચંદ્રશેખરજી જે મૂલ્યો લઈને જીવ્યા, જે મૂલ્યો સાથે એમણે એમની જિંદગીના અંત સુધી એ મૂલ્યોના વારસાને સાચવી શક્યા એવા સ્વ. ચંદ્રશેખરજી માટે કહેવાય છે કે હાઉસમાં હોય કે હાઉસની બહાર હોય ચંદ્રશેખરજી જ્યારે બોલવા ઊભા થતા ત્યારે એ સમગ્ર દેશને કંઈક નવું આપવાની પ્રેરણા આપતા હતા, સમગ્ર દેશને કંઈક નવી દિશા આપતા હતા અને પક્ષીય રાજકારણમાં પણ એમને વંદન એટલા માટે કરવા પડશે કે એમના અંતરના આત્માને જે અવાજ રૂંધતો હોય ત્યારે એ કોઈપણ પક્ષમાં હોય તો પણ એની પરવા કર્યા વગર એ પક્ષની સામે પણ બંડ પોકારતા હતા અને એટલે જ અમારા જેવા યુવાનો જ્યારે અભ્યાસ કરતા હતા અને તુર્ક નેતા તરીકેની એની છાપ હોય ત્યારે આદર્શ નેતા તરીકે પણ એમના જીવનમાંથી કંઈક પ્રેરણા અમારે સૌએ લેવાની રહી. સતત ગાંધી વિચારસરણીની વાતો, એ ગાંધી વિચારસરણીની વાતોમાંથી પદયાત્રાઓ હોય, ગ્રામ વિસ્તારના ઉત્થાન માટેની વાત હોય, યુવાનોને મૂલ્યનિષ્ઠ રાજકીય વ્યકિતત્વ કેમ મળે, એનામાં એક શ્રદ્ધા કેમ ઊભી થાય મૂલ્યનિષ્ઠ રાજકારણની એવી પ્રેરણા પણ સ્વ. ચંદ્રશેખરજી પાસેથી લઈ શક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના અધ્યક્ષ સ્વ. નટવરલાલ શાહ માટે, માનનીય અધ્યક્ષશ્રી, લાયબ્રેરીમાં જ્યારે જઈને જોઈએ ત્યારે ખબર પડે કે માનનીય નટવરલાલ શાહ સાહેબ શું હતા? આ વિધાનસભાના અધ્યક્ષ તરીકેની એમની કામગીરી જ્યારે લાયબ્રેરીના પુસ્તકોને જોઈએ છીએ ત્યારે અમને ખબર પડે છે કે એક અધ્યક્ષ તરીકેની એક નીડરતા, નિષ્પક્ષતા અને સાથે સાથે જે વ્યકિત વિધાનસભામાં વાત કરતા હોય પણ એ વાતમાં રણકો હોય તો એ રણકાને કોઈપણ દબાવી ન શકે એટલી મજબૂત રક્ષણ આપવાની શકિત પણ વિધાનસભાના અધ્યક્ષ તરીકેની જવાબદારીઓની કામગીરીમાંથી અમને જોવા મળે છે. એમના નીડર નિર્ણયો, એ નિર્ણયોથી છાપ સરકારમાં પડતી હતી, કે સરકાર જ્યારે વિધાનસભામાં બેસતી હોય અને માનનીય મંત્રીશ્રીઓ જવાબ આપતા હોય અને ક્યાંક જવાબમાં તૃટિ રહી જતી હોય તો પણ એને ટકોર કરવામાં આવતી કે માનનીય મંત્રીશ્રીઓ તૈયારી કરીને આવો એ એટલા માટે કે ગુજરાતના વિકાસની વાત આ વિધાનસભામાં થતી હોય, ગુજરાતના વિકાસની વાત વિધાનસભામાં પ્રજા જાણવા માગતી હોય ત્યારે એને સંપૂર્ણ તક આપવાની વાતમાં પણ સ્વ. નટવરલાલ શાહ કયાંય ચૂક્યા નથી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ રહ્યા ત્યારે એમની સાથે થોડો ઘણો કામ કરવાનો અવસર મળ્યો, માનનીય અધ્યક્ષશ્રી, મને બરાબર ખબર છે કે, એક દિવસ કોઈક એક વડીલ આગેવાન મારા વિસ્તારમાં રહેતા હતા, એમના વિશે મને પૂછ્યું કે જગદીશ, એ શું કરે છે? ત્યારે મેં કહ્યું કે સાહેબ, મારે એમને બોલવાનો વ્યવહાર નથી એટલે મને ખબર નથી , હું એમને મળતો નથી. ત્યારે વડીલ ભાવથી એમની ટકોર "તારી ઉંમર નાની છે, હજુ તું છોકરો છે અને આવી વ્યકિત સાથે, તારા વડીલ સાથે, તારા પક્ષના આગેવાન સાથે તારે બોલવાનો પણ વ્યવહાર ન હોય આ રાજકારણમાં ચાલી ન શકે. ડાયલોગ જરૂરી છે, ચર્ચા જરૂરી છે વાત ચાલુ રાખવી જોઈએ." આમ કરીને પણ તેઓ ટકોર કરતા હતા અને ઘડતર ઘડવાનું કામ કરતા હતા. આવા દિવંગત આત્માને મારા વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ ઈશ્વર દાદાને યાદ કરતા કહેવું પડે છે કે, એમની પાસેથી અમે ઘણું શીખ્યા છીએ. જિંદગીના છેલ્લા શ્વાસ સુધી માણસ ઝઝૂમે વિચાર માટે અને હાથ પગ ચાલતા હોય ત્યાં સુધી લુના લઈને આખા તાલુકાનો અને જિલ્લાનો પ્રવાસ કરે. રાત્રે સાડા આઠ-નવ વાગે કોઈ પત્રકાર મિત્ર આવી જાય અને એમને થાય કે મારે ઉમેદવારને મળવું છે અને અમે લઈને જઈએ અને કહીએ ત્યારે દાદા બારીમાંથી જૂએ અને કહે કે શું છે ભાઈ, અને અમે કહીએ કે પત્રકાર આવ્યા છે એને આપને મળવું છે. તો કહે "કાલે રાખોને ભાઈ" આટલી નિડરતા. બીજે દિવસે પત્રકારોની મિટિંગમાં બધા પત્રકારો એમને ઘેરી વળ્યા અને પૂછયું કે, આ તમે લોકસભાની ચૂંટણી લડો છો પણ તમારા કયાંય પોસ્ટર નથી, પડદા નથી, કોઈ પત્રિકાઓ દેખાતી નથી અને સામે જે ચૂંટણી લડી રહયાં છે એમના કેટલા પોસ્ટરો-પડદા અને પત્રિકાઓ દેખાય છે ત્યારે તમે કઈ રીતે ચૂંટણી જીતશો? ત્યારે નિડરતાથી જવાબ આપે કે જે પ્રજાએ મને સતત ૫૦ વર્ષ સુધી જોયો છે એને માટે મારે પોસ્ટરો રાખવાની જરૂર નથી, પડદો રાખવાની જરૂર નથી. આ રીતે નિડરતાથી તેઓ વાત કરતા હતા. રાજકીય વાતાવરણમાં કામ શું કરવું? રેતીના દળમાં સાયકલ ન ચાલે ત્યાં પગે ચાલીને અનાજ ઉઘરાવ્યું, એક એવા સમાજમાં કુરિવાજોની સામે જંગ છેડયો અને છેલ્લે છેલ્લે પણ કયાંય મળવાનું થતું ત્યારે પેલા એમ કહેતા કે તમારી પાસે કયો હોદ્દો છે એ અગત્યનું નથી પણ તમારું કાર્ય કેવું છે એ અગત્યનું છે. માનનીય અધ્યક્ષશ્રી, મતના રાજકારણમાં રાજકીય વ્યકિત મતના મહોતાજ બને છે ત્યારે સ્વ.શ્રી ઈશ્વરસિંહ ચાવડા પાસે મત સામેથી આવતા, મતદારો સામેથી આવતા એવું મૂઠી ઉંચેરું જીવન શ્રી ઈશ્વરસિંહ દાદા જીવ્યા છે અને એમણે જે કાર્ય કર્યું શિક્ષણ ક્ષેત્રે અને એમણે જે સમાજના ઉત્કર્ષ માટેના કાર્યો કર્યા, માનનીય શંકરભાઈ વાઘેલા સાહેબે ખૂબ સાચી વાત કરી કે જયારે જયારે જઈએ ત્યારે પૂછે કે કયાં તમે ક્શું ચાલું કર્યું? સમાજના રિત-રિવાજોની વાત કરે અને સમૂહ લગ્નો કેમ કરવા જોઈએ એની વાત કરીએ અને એમાંથી અમે જે શીખ્યા છીએ એ આપના દ્વારા સમગ્ર ગૃહને કહેવા માગુ છું કે, આવા દિવંગત

આત્માએ વિચારની જે મૂડી મૂકી છે આપણી વચ્ચે, એવી મૂડીમાં આજે એમની પ્રેરણાથી અને સમગ્ર દેશમાં કોઈ એક જ વ્યકિતએ કે એક જ સમાજે સમૂહ લગ્ન ન કર્યા હોય એવા ૧૮૮૪ સમૂહ લગ્નો થોડાક સમય પહેલા કરી અને સ્વર્ગથ શ્રી ઈશ્વરસિંહ ચાવડા સાહેબને અંજલિ આપવાનું કામ એક નાનકડા સમાજે કર્યું છે તેની નોંધ લેવી પડે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા કહેવા માગુ છું કે, એવા સમાજો છે કે જેમણે રૂપિયો, સવા રૂપિયો, અગિયાર રૂપિયા, પચ્ચીસ રૂપિયા, સો રૂપિયા, બસ્સો રૂપિયા ઉઘરાવીને કોઈ શૈક્ષણિક સંકૂલો ઉભા કર્યા છે એવા સંકૂલોને કયાંક ગ્રાન્ટેબલ સંસ્થાઓ કરી આવા દિવંગત આત્માઓને સાચી શ્રધ્ધાંજલિ આપવામાં આવે એજ વાત સાથે વિરમું છું.

**શ્રી ભરતભાઈ પંડ્યા(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક દર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને જેમાં વિરોધ પક્ષના તેનાએ સૂર પૂરાવ્યો છે તેમાં હું પણ મારો શ્રધ્ધાંજલિનો સૂર પૂરાવું છું.

ભારતના પૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરજી, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ.શ્રી નટવરભાઈ શાહ, સ્વ.શ્રી કેશરભાઈ ડોડીયન અને સ્વ.શ્રી ઈશ્વરભાઈ ચાવડાને હું હૃદયપૂર્વકની શ્રધ્ધાંજલિ આપુ છું.

ખાસ કરીને મારો મત વિસ્તાર ધંધૂકા, મુરબ્બીશ્રી નટવરભાઈ શાહ કે જેમણે ૧૯૮૦ થી ૧૯૯૦ સુધી દસ વર્ષ ધંધૂકાનું પ્રતિનિધિત્વ કર્યું. માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બીશ્રી નટવરભાઈ શાહની સ્મશાન યાત્રામાં, એમના દ્ ારે અમદાવાદ બેસણામાં, અને ધંધૂકામાં જે શ્રધ્ધાંજલિ સભા રાખી એ ત્રણેમાં જવાનું થયું એમા જે એમની ઉંમરના વડીલો મળ્યા એમની પાસેથી માત્ર એક વાકયમાં એમનો પરિચય હતો કે ખૂબ અનુભવી અને એક સજ્જન વ્યકિતત્વ ગુમાવ્યું છે. ૬૦-૬૦ વર્ષ સુધી સમાજ જીવનમાં રહીને, આક્ષેપથી પર રહીને બિન વિવાદાસ્પદ રીતે તેમણે અનેક જવાબદારીઓ વહન કરીને પણ પોતાની સજ્જનતા, સરળતા કયાંય ગુમાવી નથી. ધંધુકાનું બસ સ્ટૅન્ડ હોય, સીમેજ પાણીની યોજના હોય અનેક વિકાસના કામોમાં તેમનું યોગદાન છે. માત્ર એક બે વખત મારે તેમની સાથે મળવાનું થયુ પરંતુ તેમાં પણ નિખાલસ રીતે તેમણે પાણીના સદંર્ભમાં મને યોગ્ય માર્ગદર્શન આપેલુ હતું. કામદારોના પ્રશ્ને ઝઝૂમવાનું હોય, વિકાસની વાત કરવાની હોય કે અહીંયા અધ્યક્ષના અનેક રૂલિંગો પણ આજે વિધાનસભાની લાયબ્રેરીમાં તેમના દીવાદાંડી સમાન બની રહે એવા જજમેન્ટો પણ તેમણે આપ્યાં છે. તેમનું પરિવાર પણ તે જ રીતે સાદગીથી જીવે છે. તેમના બન્ને દીકરાઓ ડો.સમીરભાઈ અને વિપુલભાઈ તેમનું સરળ વ્યકિતત્વ પણ કોઈને પણ આંખે એકદમ વળગે એવી રીતનું તેમનું વ્યકિતત્વ છે. આજે તેમની સાથેનો ઘરોબો જોઈને એમ લાગે કે ખરેખર એક અનુભવી સજ્જન વ્યકિતત્વ ગુજરાતે ગુમાવ્યા છે. તેમને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પુ છું અને સાથે સાથે તેમના પરિવારજનોને પણ આપના દ્વારા સંદેશો પાઠવવા વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** :ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે અને વિરોધપક્ષના નેતા તેમજ સમસ્ત ગૃહના સભ્યશ્રીઓએ જે શોકદર્શક ઉલ્લેખોને ટેકો આપ્યો છે તેને હું પણ મારું હૃદયપૂર્વકનું અનુમોદન આપું છું. આપણે જોયું કે આખું ગૃહ એક કલાક સુધી શાંતિથી બેસીને વાત કરી રહ્યું હતું. આટલી શાંતિ હોય અને હૃદયમાંથી જે ઉમળકાભેર વાત આવતી હોય ત્યારે આપણને થાય કેટલી સત્ય વાતો અહીંયા ઉચ્ચારાઈ રહી છે અને તે વાત સાચી છે અહીંયા ચાર વ્યકિતઓ વિશે અલગ અલગ સભ્યોએ જે વાતો કરી, જે સત્ય કથનો કહ્યાં તે બધી જ વાતો આપણા હૃદયમાં ઉતરી જાય છે. છતાં પણ આ વ્યકિતઓ, આ તારલાઓ જે આપણી વચ્ચે કામ કરતા હતા તે આપણી વચ્ચે નથી ખરી પડ્યા છે તે વાતનો સ્વીકાર કરવો રહ્યો. પણ એમ થાય કે તેમના જીવનમાંથી આપણે કંઈક મેળવીને પણ તે પ્રકારનું કામ કરતા રહીએ તો સમાજનો વિકાસ વધારે થતો રહે. શ્રી ચંદ્રશેખર જુઓ તો ખરા, આઝાદી પછી સ્વતંત્ર ભારતમાં કેવા પ્રકારની વ્યકિતઓ જોઈએ એવી વ્યકિતઓ તરીકે ચંદ્રશેખર આપણી વચ્ચે જીવ્યા. યંગ ટર્ક તરીકે જીવ્યા કોઈ પણ સંઘર્ષ કરવો હોય તો હિંમતપૂર્વક અને તટસ્થતાથી કરી શકાય. સહેજ પણ ગભરાવાની જરૂર નહીં તે રીતના ભાવ સાથે તેમણે સંઘર્ષ કર્યો અને આજે આપણી વચ્ચે તે જીવી ગયા છે. આપણે જોયું કે તે આપણા વડાપ્રધાન હતા. વડાપ્રધાન તરીકે પણ તે જીવનમાં જે માનતા હતા જે કાર્યો કરવા જેવા હતા તે કાર્યો માટે તેમણે ખૂબ જ મહત્વ આપ્યું. ટૂંકાગાળામાં પણ શિક્ષણ અને આરોગ્ય વિશે વધારે સારું કામ કરી શકાય, તેના ઉપર વિશેષ ધ્યાન આપી શકાય તે પ્રકારની તેમની કામગીરી રહી અને ચંદ્રશેખરને જોઈએ, આપણે તો તેમાંથી પ્રેરણા મેળવીએ, આપણે પણ ઘણાં બધા મિત્રો છે તેમણે જીવનમાં કંઈક મેળવ્યું છે અને તે પ્રકારે જીવી રહ્યાં છે અને વાત સાચી છે અશોકભાઈએ કહ્યું તેમ અહીંયા જ્યારે લોકશાહીમાં કટોકટી હોય અને લોકશાહી માટે સહેજ પણ તકલીફ આવે એવી સ્થિતિમાં લોકશાહીને બચાવવા માટે આખા દેશમાં એક ઝુંબેશ શરૂ થાય અને ચંદ્રશેખરની સાથે જયપ્રકાશ નારાયણ હોય અને ગુજરાતમાં જયપ્રકાશ નારાયણને માટે ભલે પધારો એવી વાત કહેવામાં જો બધાએ હિંમત કરી હોય તો એની અંદર ચંદ્રશેખર અને જયપ્રકાશ નારાયણની વાતો હતી એ વાતોએ ગુજરાતને પ્રોત્સાહન આપ્યું હતું અને આપણે આગળ વધ્યા હતા. તો એવા સ્વ. શ્રી ચંદ્રશેખર આજે આપણી વચ્ચે નથી.

તેવી જ રીતે જેમને ગુજરાતની પ્રજા બહુ સારી રીતે જાણે છે અને વિધાનસભા તો સૌથી ઉત્તમ પ્રકારે સમજી શકી છે અને આજે મને એમ લાગ્યું કે જે મિત્રોએ અહીં વાત કરી એ મિત્રો સ્વ. શ્રી નટવરલાલ શાહને

સમજયા છે એવું દેખાય છે. એમનાં જે રૂલિંગની એમણે વાતો કરી, તો એ તદ્દન સાચી વાત છે કે તેમનાં રૂલિંગને તેઓ સમજયા છે, એનો ભાવ સમજયા છે અને એટલા માટે મને આનંદ છે કે નટવરલાલ શાહને સમજવામાં આપણું ગૃહ એમને ઉત્તમ રીતે સમજયું છે અને જો એ સમજયું હોય તો એનો અમલ પણ થાય. મને એટલા માટે આનંદ છે કે એમને આ ગૃહ સારી રીતે સમજયું છે એટલે ભવિષ્યમાં એનો અમલ પણ થશે એવી હું લાગણી રાખું છું. નટવરલાલ શાહ વિશેની એક વાત સાચી છે કે સૌથી વધારે લાંબો સમય ૧૯૮૦ થી ૧૯૯૦ સુધી તેઓશ્રી અધ્યક્ષપદે રહયા હતા. તો આપણે આશા રાખીએ કે આવો જે ૧૦ થી ૧૧ વર્ષનો સુવર્ણ યુગ ચાલ્યો એને પણ ટપી જાય એવો સમય આ ગુજરાત વિધાનસભાને ફરીથી મળે એવી જાતનું કાર્ય આપણે કરીએ અને એ પ્રકારે કાર્ય કરીશું તો ગુજરાતનું નામ રોશન થશે એવું મને લાગે છે.

મને લાગે છે કે મેં અત્યારસુધી જે વ્યકિતઓ જોઈ છે, જેમને માણી છે તેમાં મેં ઈશ્વરકાકાને માણયા છે. એ છેક છેવાડામાં બોરસદમાં અને હું છેક મહેસાણાનો, પરંતુ તેમની અસર મારી ઉપર થઈ અને આપણે જોઈએ છીએ કે એક વ્યકિત કેટલા પુરુષોને સમજાવી શકે અને એ કહે તે માને એનું ઉત્તમ ઉદાહરણ જો કોઈ હોય તો એ ઈશ્વરકાકા હતા અને મને એક આનંદ છે કે આવી એક વ્યકિત હોય જેને સમસ્ત પ્રજા મોટેભાગે એમને માનતી હોય અને એમનો એક અંશ છે એ અંશ હજુપણ આ વિધાનસભામાં ચાલુ છે એનો મને આનંદ છે અને હું ઈચ્છું કે માનનીય અમીતભાઈ ચાવડા આપ પણ તેમના કાર્યોને વાચા આપી તેમનું નામ રોશન થાય એવા પ્રકારની કામગીરી કરતા રહો એ જ તેમને સાચી શ્રધ્ધાંજલિ આપી ગણાશે.

છેલ્લે શ્રી કેશરભાઈ ડોડીયાની વાત કરું તો આપણે ઘણીવાર એમ કહીએ છીએ કે જે માણસ ભણેલ હોય એ જ રાજકારણમાં સારી રીતે ચાલી શકે, પરંતુ સ્વ. શ્રી ડોડીયા તો એક ખેડૂત હતા અને ખેડૂત હોવા છતાં જંગી બહુમતિથી બીજી વાર પણ ચૂંટણી જીત્યા હતા. તો જો આપણે આપણા વિસ્તારને બરાબર સમજીએ અને એ સમજયા પછી એનો અમલ કરીએ તો એ સમજુ વ્યકિત પણ રાજકારણમાં ટકી રહે એના દાખલાઓ છે.

આવા આ ચાર તેજસ્વી તારલાઓ આજે આપણી વચ્ચે નથી એમને આપણે આપણી હ્રદયપૂર્વકની શ્રધ્ધાંજલિ અર્પીએ અને એમને શતશત વંદન કરીને આપણે બધા બે મિનિટ આપણા સ્થાન ઉપર ઉભા રહીને મૌન પાળીને આપણી શ્રધ્ધાંજલિ અર્પીએ.

(બે મિનિટ મૌન બાદ)

સભાગૃહની આ લાગણી સદ્ગતના કુટુંબીજનોને પહોંચાડવામાં આવશે.

## સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગેનો પ્રસ્તાવ

**શ્રી અશોક ભટ્ટ ( વૈઘાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણી પરંપરા રહી છે કે પૂર્વ વડાપ્રધાન, પૂર્વ રાષ્ટ્રપતિ અને પૂર્વ ઉપ રાષ્ટ્રપતિ તથા પૂર્વ અધ્યક્ષના નિધન વખતે શ્રધ્ધાંજલિ આપ્યા પછી આપણે સભાગૃહનું કામકાજ મુલતવી રાખીએ છીએ, તેથી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આજે પૂર્વ વડાપ્રધાન શ્રી ચંદ્રશેખર અને પૂર્વ અધ્યક્ષ શ્રી નટવરલાલ શાહના અવસાન નિમિત્તે આ સભાગૃહનું આજનું કામકાજ મુલતવી રાખવામાં આવે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટે સભાગૃહનું આજનું કામકાજ મુલતવી રાખવા અંગેનો જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને અમે ટેકો આપીએ છીએ.

## લેખિત જવાબો

**(લેખિત જવાબો નિયમ-૮૮ હેઠળ ટૂંકી મુદતના પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**પાટણ જિલ્લામાં ભારે વરસાદથી અને પૂરના કારણે માનવ મૃત્યુ અને તેના વારસદારોને ચૂકવેલ સહાય**

**ટૂં.મુ. ૨૨૬શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -**

(૧) તાજેતરમાં પાટણ જિલ્લામાં પડેલા ભારે વરસાદ અને પૂરના કારણે તા.૧૦-૭-૦૭ ની સ્થિતિએ કેટલા માનવીઓના તાલુકાવાર મૃત્યુના બનાવો નોંધાયા, અને

(૨) જે ઈસમોના મૃત્યુ થયા છે તેમના વારસદારોને કેટ કેટલી રકમની સહાય કયારે ચૂકવાઈ?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) પાટણ જિલ્લામાં તા.૧૦-૭-૦૭ ની સ્થિતિએ ૧૯ માનવીઓના મૃત્યુના બનાવો નોંધાયા, તાલુકાવાર સ્થિતિ

| | | |
|---|---|---|
| ૧ | પાટણ | ૦૬ |
| ૨ | ચાણસ્મા | ૦૧ |
| ૩ | સિધ્ધપુર | ૦૨ |
| ૪ | સમી | ૦૬ |
| ૫ | રાધનપુર | ૦૩ |
| ૬ | હારીજ | ૦૧ |
| | કુલ | ૧૯ |

(૨) પ્રત્યેક મૃતકના વારસદારોને મૃત્યુદીઠ રૂા.૧,૦૦,૦૦૦/- ની રકમની સહાય નીચે જણાવ્યા મુજબની તારીખોએ ચૂકવવામાં આવી.

| ક્રમ | તાલુકા | કેસની સંખ્યા | કેસ દીઠ સહાયની રકમ રૂા. | તારીખ |
|---|---|---|---|---|
| ૧ | પાટણ | ૨ | ૧,૦૦,૦૦૦ | ૯/૭/૦૭ |
| ૨ | પાટણ | ૨ | ૧,૦૦,૦૦૦ | ૧૧/૭/૦૭ |
| ૩ | પાટણ | ૧ | ૧,૦૦,૦૦૦ | ૧૩/૭/૦૭ |
| ૪ | સિધ્ધપુર | ૧ | ૧,૦૦,૦૦૦ | ૧૩/૭/૦૭ |
| ૫ | રાધનપુર | ૩ | ૧,૦૦,૦૦૦ | ૯/૭/૦૭ |
| ૬ | સમી | ૬ | ૧,૦૦,૦૦૦ | ૧૩/૭/૦૭ |
| ૭ | હારીજ | ૧ | ૧,૦૦,૦૦૦ | ૯/૭/૦૭ |
| | કુલ | ૧૬ | | |

**પાટણ જિલ્લામાં ભારે વરસાદથી ઉભા પાકને અને જમીન ધોવાણના કિસ્સામાં રાહતો**

**ટૂં.મુ. ૨૨૭શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -**

(૧) તાજેતરમાં પાટણ જિલ્લામાં પડેલા ભારે વરસાદ અને પૂરના કારણે તાલુકાવાર કેટલા ખેડૂતોના ઉભા પાકને તથા ખેતરની જમીનના ધોવાણના કિસ્સાઓ નોંધવામાં આવ્યા, અને
(૨) તે અન્વયે રાજય સરકાર તરફથી કયા કયા પ્રકારની રાહતો કયારે ચૂકવવામાં આવશે ?
**કૃષિમંત્રીશ્રી :**
(૧) વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ઉભા પાકને નુકશાનના કિસ્સા (અંદાજિત) | જમીન ધોવાણના કિસ્સા (અંદાજિત ) |
|---|---|---|---|
| ૧. | પાટણ | ૨૦૦૦ | ૬૮૧ |
| ૨ | ચાણસ્મા | ૭૦૦ | ૨૦૫ |
| ૩ | સિધ્ધપુર | ૩૦૦૦ | ૧૮૦ |
| ૪ | હારિજ | ૩૫૦૦ | ૯૩ |
| ૫. | સમી | ૧૫૦૦ | ૨૧૪૨ |
| ૬ | રાધનપુર | ૮૦૦૦ | ૬૩૫ |
| ૭. | સાંતલપુર | ૩૦૦૦ | ૧૭૮ |
| કુલ | | ૨૧૭૦૦ | ૪૧૧૪ |

(૨) નિયમાનુસાર અને ધારા ધોરણ મુજબ રાહતો આપવા અંગેની બાબત વિચારણામાં છે.

**અતિવૃષ્ટિથી વેળાવદર અભ્યારણ્ય ખાતે કાળીયારના મૃત્યુ**

**ટૂં.મુ. ક્રમાંક:-૨૮૩ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-**

(૧) ભાવનગર જિલ્લાના વેળાવદર કાળીયાર અભ્યારણ્યમાં તાજેતરની અતિવૃષ્ટિને લીધે ૧૭૫ જેટલા કાળીયારના મૃત્યુ થયા છે તે સરકાર જાણે છે, કે કેમ અને
(૨) જો હા, તો ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે સરકારે શા પગલાં લીધેલા છે ?

**વન મંત્રીશ્રી :**

(૧) ભાવનગર જિલ્લાના વેળાવદર કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં તાજેતરની અતિવૃષ્ટિના લીધે કોઈ કાળીયારના મૃત્યુ થયા નથી.
તા.૧-૦૭-૦૭ અનેતા.ર-૦૭-૦૭ના રોજ સ્રાવ વિસ્તારમાં અતિ ભારે વરસાદને કારણે કાળુભાર,માલેશ્રી, ઘેલો તથા કેરી(વેગડ) જેવી નદીઓના ભારે પુરના કારણે અભ્યારણ્ય બહારના વિસ્તારમાં કુલ ૧૯૨ કાળીયારના મૃત્યૃ થયા છે.

(૨) આ ઘટના ભાલ વિસ્તારમાં આવતી નદીઓના સ્રાવ વિસ્તારમાં થયેલ અતિવૃષ્ટિના પ્રાકૃતિક પ્રકોપને કારણે બની છે.

પ્રાકૃતિક પ્રકોપ દરમ્યાન ભાલ વિસ્તારના નીચાણવાળા વિસ્તારોમાં જયાં પાણી ભરાવાની શકયતા છે ત્યાં કાળીયાર માટે ૭(સાત) ઉંચાણવાળા પ્લેટફોર્મ બનાવવામાં આવેલ છે. આવા પ્લેટફોર્મ ઉપર પૂર દરમ્યાન ઘાસ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.
ભવિષ્યમાં પ્રાકૃતિક પ્રકોપના કારણે વધારે નુકસાન ન થાય તે માટે યોગ્ય સ્થળ પસંદ કરી વધુ સંખ્યામાં ઉંચાણવાળા પ્લેટફોર્મ બનાવવાનું આયોજન વિચારણામાં છે.

**રાજયમાં ઉદ્યોગોના વિકાસ માટે મુખ્યમંત્રીશ્રીની સ્વિટઝરલેન્ડની મુલાકાત અંગે**

**ટૂં.મુ. ૨૯૫ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-**

(૧) તાજેતરમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ અનેક ઉદ્યોગપતિઓ સાથે રાજયમાં ઉદ્યોગોના વિકાસ માટે સ્વિટઝરલેન્ડની મુલાકાત લીધેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સ્વિટઝરલેન્ડ તરફથી રાજયમાં કયા કયા પ્રકારના ઉદ્યોગો સ્થાપવા ચર્ચા થઈ ?

**મુખ્યમંત્રીશ્રી (ઉધોગ) :**

(૧) હા,જી
(૨) માનનીય મુખ્યમંત્રીશ્રીની આગેવાની હેઠળ ડેલિગેશને બાયો-ફાર્માસ્યુટિકલ કંપની સાથે રોકાણ અંગે ચર્ચા કરી, વેંચ્યોર કેપિટલ ફંડો સાથે પરિષદ કરી જેમાં કેટલીક કંપનીઓએ રાજયમાં નવા ફંડ શરૂ કરવા કે હાલની કંપનીઓ સાથે ભાગીદારી માટે રસ પ્રદર્શિત કર્યો. તેમ જ ગુજરાતમાં સ્થપાનાર ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ ટેક (ગિફટ) અંગેના પ્રોજેકટ બાબતે સ્વિટઝરલેન્ડની અગ્રગણ્ય કંપનીઓ સાથે ચર્ચા કરી. તે સમયે સ્વિસ બેંકીંગ અને નાણાકીય ક્ષેત્રના પ્રતિનિધિઓએ આ પ્રોજેકટમાં ઉંડો રસ લીધો.આ ઉપરાંત નાના બાળકો માટે પોષણયુકત આહાર

ઉત્પાદનો માટે નેસ્લે કંપનીએ માર્કેટ રિસર્ચ કરવા તૈયારી દર્શાવી. વિશેષમાં ઈન્ટરનેશનલ રોડ ફેડરેશનની વરિષ્ઠ ટીમે ગુજરાતની મુલાકાત લેવાનું સ્વીકાર્યું અને રોડક્ષેત્રે સહકાર માટે નિર્ધાર કર્યો. આ ઉપરાંત ડેલિગેશને યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD) સાથે ફળદાઈ ચર્ચા કરી, જેઓએ ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે લઘુ- મધ્યમ ઉત્પાદકોને સક્ષમ કરવા માટે મદદ કરવા દરખાસ્ત કરી. સાથોસાથ વિદેશી રોકાણનીતિ અંગે સમીક્ષા- સલાહ આપવા પણ દરખાસ્ત કરી. આ ઉપરાંત જીનીવા સ્થિત વર્લ્ડ ઈકોનોમીક ફોરમના અધ્યક્ષ શ્રી સ્કવાબ અને મેનેજીંગ ડીરેકટરશ્રી પીટર ટોરેલ સાથે ગુજરાતના વિકાસ અંગે વિગતવાર ચર્ચા થયેલ. ગુજરાતની પ્રગતિની પ્રશંસા કરતાં તેઓએ સપ્ટેમ્બર- ૨૦૦૭માં વર્લ્ડ ઈકોનોમીક ફોરમની ચીન ખાતે યોજાનાર પરિષદ " સમર દેવોસ " માં ભાગ લેવા આમંત્રણ આપેલ છે. સમગ્ર મુલાકાત દરમ્યાન ડેલિગેશને સ્વિટઝરલેન્ડની અગ્રગણ્ય અનેક કંપનીઓના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનું આજનું કામકાજ મુલતવી રાખવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૧૭ વાગ્યે પૂરું થતાં, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૨૦મી જુલાઈ, ૨૦૦૭ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા.૨૦મી જૂલાઈ, ૨૦૦૭**
**આષાઢ ૨૯, ૧૯૨૯ શાકે**

**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# ટૂંકી મુદતના પ્રશ્નો

**સીંગતેલમાં થયેલ અસહ્ય ભાવ વધારો ડામવા અંગે**

**ટૂં.મુ. ક્રમાંક:-૨૩૩ શ્રી સાબીરભાઈ ખેડાવાળ (જમાલપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા** કૃપા કરશે કે:-

(૧) તાજેતરમાં રાજયમાં સીંગતેલ ના ભાવોમાં જબરજસ્ત વધારો થયો છે. તે હકીકત સરકાર જાણે છે. અને

(૨) જો હા, તો આ ભાવ વધારો ડામવા અને સામાન્ય પ્રજાને સીંગતેલ વાજબી ભાવે મળી રહે તેવી વ્યવસ્થા કરવા સરકારે શાં પગલાં લીધા છે અથવા લેવા ધારે છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

(૧) હા, જી

(૨) ૧. કેન્દ્ર સરકાર ધ્વારા ઓગસ્ટ-૨૦૦૦ પછી રાજય સરકારને એસ.ટી.સી.મારફત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આર.બી.ડી. પામોલીન તેલની ફાળવણી બંધ કરવામાં આવેલ છે. ખાદ્યતેલોને ઓપન જનરલ લાયસન્સ હેઠળ મુકવામાં આવેલ છે. તેલીબીયાં કે ખાદ્યતેલ અંગે સ્ટોક કંટ્રોલ ઓર્ડર કે એવો કોઈ કાયદો હવે અસ્તિત્વમાં નથી. આમ ખાદ્યતેલ બજાર ઉપર રાજય સરકારનો સીધો કોઈ અંકુશ રહેલ નથી.

૨. વર્ષ ૧૯૯૪-૯૫માં ખાદ્યતેલની માથાદીઠ વપરાશ ૮.૭૭૦ કી.ગ્રા. હતો તેની જગ્યાએ હવે અંદાજે ૧૪.૯ કી.ગ્રા. જેટલો થયેલ છે.

૩. ગત વર્ષની સરખામણીમાં પ્રવર્તમાન ખાદ્યતેલ વર્ષમાં ભારતમાં ખાદ્યતેલની ઉપલબ્ધતા ૩.૮૬ ટકા જેટલી ઓછી થયેલ છે.

૪. ગત વર્ષની સરખામણીમાં દેશમાં મગફળીનું ઉત્પાદન અંદાજે ૧૪.૪ ટકા જેટલું ઓછું થયું છે અને ગુજરાતમાં ૧૦.૨૫ ટકા જેટલું ઓછું થયું છે.

૫. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે આંતરરાષ્ટ્રીય બજારમાં આયાતી તેલોના ભાવ પણ ઊંચા રહયા છે. અન્ય રાજયોમાં સીંગતેલના ભાવો ગુજરાત કરતાં વધારે છે. સામાન્ય રીતે મગફળીની ખરીફ સીઝન નવેમ્બર માસથી શરૂ થાય છે. અને તેથી નવેમ્બર થી ફેબ્રુઆરી માસ સુધી સીંગતેલના ભાવો વર્ષના અન્ય સમયગાળા કરતાં ઓછા રહે છે પરંતુ આ વર્ષે સમગ્ર દેશમાં ખાદ્યતેલના ઓછા ઉત્પાદનને લીધે ખાદ્યતેલોના ભાવોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

૬. રાજય સરકાર ખાદ્યતેલોના વધતા જતા ભાવોને કારણે શરૂઆતથી જ ચીંતીત હતી અને તેથી માન.મુખ્યમંત્રીશ્રી ધ્વારા કેન્દ્ર સરકારને તા.૦૫-૦૧-૨૦૦૭ના રોજ ૫૦૦૦ મે.ટન ખાદ્યતેલનો જથ્થો જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ફાળવવા વિનંતી કરી હતી. આ પછીથી તા.૧૯-૦૧-૨૦૦૭ના રોજ અગ્ર સચિવશ્રી, અન્ન, ના.પુ. અને ગ્રા.બા. વિભાગ ધ્વારા કેન્દ્ર સરકારના અધિક સચિવશ્રી ખાદ્ય અને આપૂર્તિ વિભાગને ગુજરાતની ખાદ્યતેલની અને વધતા જતા ભાવોની પરિસ્થિતિનો ચિતાર આપી આયાતી તેલોની કસ્ટમ ડયુટીમાં ઘટાડો કરવા અને તેમાંય ખાસ કરીને આર.બી.ડી. પામોલીન તેલની કસ્ટમ ડયુટી જે ૮૯ ટકા હતી તેમાં ઘટાડો કરીને અથવા તો જાહેર વિતરણ વ્યવસ્થા માટે જરૂરી ખાદ્યતેલ માટે સ્પેશીયલ કેસ તરીકે કસ્ટમ ડયુટીમાંથી બાકાત રાખી કેન્દ્ર કે રાજય સરકારના સાહસને અંદાજે ૭૦૦૦ મે.ટન જથ્થો આયાત/ખરીદવામાં રાહત આપવા વિનંતી કરવામાં આવી હતી.

૭. જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦૭ માં ગુજરાતની ખાદ્યતેલની પરિસ્થિતિ ધ્યાને લઈ તહેવારોના સમયમાં સામાન્ય રીતે ખાદ્યતેલોના ભાવો ઉંચા રહેતા હોય છે તે ધ્યાને રાખી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના અંત્યોદય તેમજ બી.પી.એલ. કાર્ડ ધારકોને રાહત દરે ખાદ્યતેલ પૂરૂ પાડવા માટે ૬૦૦૦ મે.ટન ખાદ્યતેલ ખરીદીને વિતરણ અર્થે તૈયાર રાખવાનું નકકી કરવામાં આવ્યું હતું.

૮. ૮ જુન ૨૦૦૭ ના રોજ ફરીથી કેન્દ્ર સરકાર સમક્ષ જાહેર વિતરણ વ્યવસ્થા માટે સ્પેશીયલ કેસ તરીકે કસ્ટમ ડયુટીમાં ઘટાડો કરવા વિનંતી કરવામાં આવી હતી. તા.૧૪-૦૬-૨૦૦૭ના રોજ સદર વિષયે માન.મુખ્યમંત્રીશ્રી સાથે ચર્ચા કરી અને તા.૧૯/૨૦ જુન ૨૦૦૭ ના રોજ મંત્રી મંડળના સભ્યોની પેટા સમિતિ બનાવી સમિતિ ધ્વારા ચર્ચા કરી તહેવારોમાં વિતરણ અર્થે ખરીદાયેલ આર.બી.ડી. પામોલીન તેલના ૬૦૦૦ મે.ટન જથ્થાનું જુલાઈ તથા ઓગસ્ટ માસમાં વિતરણ કરવાનું નકકી કરવામાં આવ્યું અને સપ્ટેમ્બર તથા ઓકટોબર માસમાં દર માસે ૩૦૦૦ મે.ટન વિતરણ થઈ શકે તે મુજબ બીજુ ૬૦૦૦ મે.ટન આર.બી.ડી. પામોલીન તેલ ખરીદ કરાઈ રહયું છે. આ ઉપરાંત જરૂર જણાયે નવેમ્બર તથા ડીસેમ્બર માસમાં બીજુ ૬૦૦૦ મે.ટન ખરીદવાની પ્રક્રિયા હાથ ધરી છે.

૯. રાજયમાં વપરાતા અલગ અલગ ખાદ્યતેલોની વિગતો મુજબ રાજયમાં સીંગતેલનો વપરાશ વર્ષો વર્ષ ઘ ટયો છે અને કપાસીયા તેલ જેવા અન્ય તેલોનો વપરાશ વધ્યો છે. સદર હકીકત ધ્યાને લઈ રાજયના કપાસીયા તેલ તથા આયાતી તેલોમાં કામગીરી કરતા મુખ્ય મુખ્ય ઉત્પાદકો / વિક્રેતાઓ સાથે વખતો વખત બેઠકો ગોઠવી તેઓ પોતાના ઉત્પાદનનો ઓછામાં ઓછો ૪૦ થી ૫૦ ટકા જથ્થો રાજયમાં જ વેચે તે માટે તેઓને સમજાવવામાં આવેલ છે. જુન ૨૦૦૭ ની પ્રાપ્ત માહિતી અનુસાર રાજયમાં અંદાજે ૪૦૦૦૦ મે.ટન ખાદ્યતેલનો જથ્થો ઉત્પાદકો ધ્વારા રાજયમાં વેચાણ કરાય છે.

૧૦. તા.૨૭-૦૬-૨૦૦૭ના રોજ તમામ જિલ્લાના કલેકટરશ્રીઓ / જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ સાથે વીડીયો કોન્ફરન્સથી બેઠક કરી તેઓને તેમના વિસ્તારના ઉત્પાદક / વિક્રેતા સંગ્રહખોરી કરતા નથી તે અંગે વિગતો પ્રાપ્ત કરી અને જરૂર જણાયે સંગ્રહખોરી કરનાર ઉત્પાદકો સામે કાયદાકીય પગલાં લેવાં પણ જણાવવામાં આવેલ છે.

૧૧. તા.૨૭-૦૬-૨૦૦૭ના રોજ રાજય સરકાર ધ્વારા કેન્દ્ર સરકારને નિકાસ માટે સીંગદાણાની હેરફેર ઉપર પ્રતિબંધ લાદવા તેમજ તમામ ઉત્પાદકો / વેપારીઓને ખાદ્યતેલીબીયાં તથા ખાદ્યતેલનો જથ્થો જાહેર કરવા અંગેના આદેશો જારી કરવા માટે વિનંતી કરવામાં આવેલ છે.

૧૨. તા.૧૨-૦૭-૨૦૦૭ના રોજ રાજય સરકાર ધ્વારા કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગો સાથે બેઠક યોજી ખાદ્યતેલના ભાવ વધારા સામે પગલા લઈ શકાય તે હેતુથી રાજય સરકારની સદર બાબતની પડતર વિગતો અંગે યોગ્ય તે કાર્યવાહી કરવા ફરીથી વિનંતી કરવામાં આવી હતી.

૧૩. તા.૧૩-૦૭-૨૦૦૭ના રોજ રાજયના સીંગતેલ ઉત્પાદકો સાથે બેઠક કરી તેઓ તેમની પાસેના ઉપલબ્ધ જથ્થા પૈકીનો ઓછામાં ઓછો ૪૦ થી ૫૦ ટકા જથ્થો વેચાણમાં મૂકે તે માટે સહમત કરવામાં આવેલ હતા. હાજર રહેલ ઉત્પાદકોએ સદર બાબતે હકારાત્મક વલણ અપનાવી પૂરતો સહકાર આપી રાજયમાં સીંગતેલના ભાવો વધે નહીં તે માટે પ્રયત્ન કરવા જણાવેલ હતું.

૧૪. અત્રે ખાસ નોંધવું જરૂરી છે કે ખાદ્યતેલ વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન રાજયમાં સીંગતેલની ઉપલબ્ધતા સમગ્ર દેશ તથા ગુજરાતમાં ઓછી હતી તથા અન્ય રાજયોમાં સીંગતેલના પ્રવર્તતા ભાવો ઉંચા હતાં, સદર સંજોગોમાં રાજયમાંથી બફરસ્ટોક માટે મોટાપાયે સીંગતેલની ખરીદી કરવામાં આવે તો સીંગતેલના ભાવો જે તે વખતે જ એટલે સામાન્ય રીતે આમ જનતા જયારે ધરધરાળું સ્ટોક કરતી હોય ત્યારે જ ખૂબ ઉંચા જવાની સંભાવના હતી અને તેથી જ રાજયમાં ઉત્પાદન થતા ખાદ્યતેલને બદલે આયાતી તેલનો બફર સ્ટોક કરવાનું વિચારણામાં લેવાયેલ હતું.

૧૫. રાજય સરકાર ધ્વારા અંત્યોદય તથા બી.પી.એલ.કાર્ડધારકોને કાર્ડદીઠ ૧ કીલોના ધોરણે આર.બી.ડી. પામોલીન તેલ રૂા.૪૨/- પ્રતિ કીલોના રાહતદરથી જુલાઈ-૨૦૦૭ થી વિતરણ શરૂ કરાયેલ છે. જુલાઈથી ઓકટોબર- ૨૦૦૭ સુધી દર માસે અંદાજે ૩૦૦૦ મે.ટન ખાદ્યતેલનું આ રીતે વિતરણ કરાશે અને જરૂર જણાયે નવેમ્બર તથા ડીસેમ્બર- ૨૦૦૭ માં પણ આ પ્રકારે વિતરણ ચાલુ રખાશે. જુલાઈ થી ઓકટોબર- ૨૦૦૭ સુધી થનાર વિતરણ માટે રાજય સરકાર અંદાજે રૂા.૧૬ કરોડની સબસીડી ભોગવશે.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે આ ઓઈલ મિલરોની સાથેની બેઠકનું શું પરિણામ આવ્યું છે? અને સીંગતેલનો બફર સ્ટોક કેટલો કરવામાં આવ્યો છે, બીજું કે રાજયમાંથી સીંગદાણાની બીજા રાજયોમાં અને અન્ય દેશોમાં કેટલી નિકાસ કરવામાં આવી છે?

**શ્રી છત્રસિંહ પું. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જણાવ્યું તેમ ઓઈલ મિલરો સાથે જુદા જુદા તબક્કે આઠ થી નવ બેઠકો કરવામાં આવી છે. અને જયારે અમે ઓઈલ મિલરો સાથે મિટીંગ કરીએ છીએ ત્યારે દરેક વખતે સ્ટોક બાબતે વાત-ચીત થાય છે, અને બીજું કે ચાલુ વર્ષે ઉત્પાદન પણ ઓછું થયું હતું, વાવેતર પણ ઓછું થયું હતું, અત્યારે સૌરાષ્ટ્રના લોકો કપાસના વાવેતર તરફ વળ્યા છે, અને તેના કારણે મગફળીનું ઉત્પાદન ખૂબ ઓછું થયું છે. સમગ્ર દેશમાં ઓછું થયું છે. અને બધા રાજ્યોમાં આની અસર આવી છે. બીજું કે પહેલાના જમાનમાં ઓઈલ મિલરો સમગ્ર સીંગદાણાનું ક્રશીંગ કરતા હતા, આજે સીનારીયો બદલાયો છે અને સીંગદાણાની અન્ય રાજયમાં અનેક બનાવટો બનતી હોવાને કારણે તેની નિકાસ કરવામાં આવે છે. અને તેનું ઈન્ટરનેશનલ મારકેટ બન્યું છે તેના કારણે પણ સીંગતેલનું ઉત્પાદન ઘટયું છે. બીજું કેન્દ્ર સરકારે ખાદ્ય ઓપન જનરલ લાઈસન્સ ઉઠાવી લીધું છે અને તેના કારણે સ્ટેટ કન્ટ્રોલ ઓર્ડર અમલમાં નથી. તેના કારણે આપણે

ઓઈલ મિલરો સાથે મીટીંગ કરીએ છીએ ત્યારે એક જ વાત કરીએ છીએ કે તમારી પાસે જેટલો સ્ટોક છે તે બધો સ્થાનિક બજારમાં આવે. અને લોકો પાસે જાય. અને તેનું મોનિટરીંગ પણ દસ દસ દિવસે ચાલે છે. અને આજે રાજયમાં જેટલો સ્ટોક છે તે મુજબ ૪૦ ટકા જેટલો જથ્થો રાજયમાં તેલ મુકીએ છીએ. અને બાકીની બાબતમાં ઓપન મારકેટ હોવાને કારણે બીજા રાજયમાં કેટલો ગયો છે કે બહાર કેટલો ગયો છે તેના માટે રાજય સરકાર પાસે સત્તા નથી. અને અંકુશ રાજય સરકાર પાસે નથી. એ જ રીતે પહેલા માથા દીઠ જે વપરાશ હતો તેમાં પણ સીનારીયો હવે બદલાયો છે. અને પહેલા એકલા સીંગતેલ ઉપર જ આધારિત રહેવું પડતું હતું, આજે અન્ય તેલોનો વપરાશ પણ વધ્યો છે અને આજે તે ૧૬.૨૫ ટકા લોકો જ સીંગતેલ ખાય છે. કપાસીયાનું તેલ ૪૦.૯૫ ટકા લોકો ખાય છે, જયારે પામ અને સોયા ૨૭.૫૫ ટકા લોકો ખાય છે. માનનીય સભ્યશ્રીએ સ્ટોક અંગે પ્રશ્ન કર્યો છે તો તેની માહિતી પણ અવારનવાર મેળવવામાં આવે છે. અત્યારે ૧,૨૦,૬૩,૩૫૧ જેટલો સીંગતેલનો જથ્થો આપણી પાસે છે. મગફળીનો ૨,૮૧,૭૬,૬૦૧નો જથ્થો છે. સીંગદાણાનો ૩૬૨૨૫ મેટ્રીકટનનો આપણી પાસે સ્ટૉક છે. કાયદો પણ આપણી પાસે નથી, કાયદો કેન્દ્ર સરકાર પાસે છે એના કારણે આપણે માત્ર બજારની અંદર અછત ઊભી ન થાય અને બજારમાં બરાબર માલ આવે એના માટે ધ્યાન રાખવાનું છે. આ ભાવ વધારો સીંગતેલમાં છે એ કોઈ એક બાબત ઉપર નિર્ભર નથી. એ ઈકોનૉમિક જી.ડી.પી. રેશિયા ઉપર આધાર રાખે છે. આ જે ભાવ વધારાની બાબત છે એમાં કોઈ એક તેલ ઉપર નથી એ ઇન્ટરનૅશનલ બાબત છે. ગઈકાલે ઘી બજારમાં કેટલા રૂપિયે મળતું હતું અને આજે શું ભાવે મળે છે? એ જ રીતે કાપડ જૂઓ, મીઠું ૨૫ પૈસે મળતું હતું એના આજે છ રૂપિયા ભાવ થયો છે. એટલે અનેક વસ્તુઓમાં ભાવ વધતો હોય છે. એટલે માર્કેટના અનેક કારણો છે એ કારણોને લીધે આ ભાવ વધારો છે.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : હું આપના દ્વારા મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે દિન પ્રતિદિન સીંગતેલના ભાવો આસમાને ગયા છે ત્યારે ઘણી જગ્યાએ તેલની મિલોમાં પુરવઠા અધિકારીઓ દ્વારા દરોડાઓ પાડવામાં આવે છે ત્યારે કડીમાં એન.કે. ઑઈલ મિલમાં દસ લાખનો માલ જપ્ત કર્યો હતો. ત્યારપછી આપણા સચિવ શ્રી એસ.કે. નંદાએ ફોન કરીને એ માલ છૂટો કરાવ્યો છે. તો આ અંગે સરકાર શું કહેવા માગે છે?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : આ સીંગતેલનો પ્રશ્ન છે એની વાત કરવામાં આવી રહી છે. જ્યારે માનનીય સભ્યશ્રી રૂચી સોયા મિલની વાત કરી રહ્યા છે જે આ પ્રશ્ન અહીંયા ઉપસ્થિત થતો નથી. આ ભાવ છે એ માત્રને માત્ર કેન્દ્રની બે મોઢાની નીતિના કારણે છે. એકબાજુ સ્ટેટ કન્ટ્રોલ ઓર્ડર ઉઠાવતા નથી એના માટે કોઈ બંધન કરતાં નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અહીંયા માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે એ સીંગતેલના ઉત્પાદનને લગતો નથી અને એનો જવાબ તો માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય કૃષિ મંત્રીશ્રી દ્વારા આપવામાં આવે છે કે અમારુ ઉત્પાદન છે એ ત્રણ ગણું થયું છે અને એમ પણ કહેવામાં આવ્યું કે ખેડૂતોને ભાવ પણ મળે છે અને એ અમારા કારણે મળે છે. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન બહુ સ્પષ્ટ પૂછયો છે કે આ વખતે જ્યારે ખેડૂતો પાસે મગફળી હતી ત્યારે ભાવો વધ્યા નહિ અને ત્યારે આ ભાવ વધારીને ખેડૂતોને સારા ભાવ મળે તેવી ઇચ્છા આ સરકારની હોત તો એમણે બફર સ્ટૉક કરવો જોઈતો હતો. એ બફર સ્ટૉક કરીને અત્યારે બિન સીઝન છે ત્યારે ગરીબ માણસોને સસ્તુ સીંગતેલ આપી શક્યા હોત. ત્યારે પણ ઑઈલ મિલરો છે જે કાળાબજાર કરે છે એ લોકોની વાત છે. માનનીય બળદેવજી ઠાકોરે ઑઈલ મિલની વાત કરી એને કાળાબજાર કરીને કમાવા દીધા અને અત્યારે જ્યારે સમય આવ્યો છે ત્યારે ઑઈલ મિલરો સાથે વાટાઘાટો કરે છે? (અંતરાય) શેની વાટાઘાટો કરે છે? કેન્દ્રની નીતિને આવકારો છો કે નહિ એ તમે કહો. કોંગ્રેસ સરકાર હતી ત્યારે બફર સ્ટૉક થતો હતો, સો-સો કરોડ રૂપિયાનો સ્ટૉક થતો હતો. સો કરોડ રૂપિયા વાયબ્રન્ટ ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રીના ફોટા છપાવાને બદલે ગરીબ માણસોને તેલ આપ્યું હોત તો સારુ હતું. માનનીય અશોકભાઈ ભટ્ટ ખાડિયાની બહેનો અત્યારે શેનાથી લોટ બાંધે છે? (અંતરાય) કાળાબજારિયાઓ સાથે ભળી ગયા છો, તેલિયા રાજાઓ સાથે સાંઠગાંઠ છે એના કારણે તેલિયા રાજાઓનો બચાવ કરવા માટે આવ્યો છો. તમે બફર સ્ટૉક શા માટે ન કર્યો, તેલ માટે થઈને વાયબ્રન્ટ ગુજરાત કરવા માગો છો કે કેમ એ મારે જાણવું છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસો. (અંતરાય) અર્જુનભાઈ, ભાષણ કર્યા સિવાય આપ પ્રશ્ન પૂછો. પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, મૂળ પ્રશ્નનો જવાબ ન આપે. આપ એમને ટકોર કરો નહીં, મૂળ પ્રશ્નનો એક પણ જવાબ આપ્યો નથી. કેટલું ઉત્પાદન થયું છે, શું ઑર્ડર છે તેનો પ્રશ્ન પૂછયો છે. તેનો જવાબ નહીં આપે.

**અધ્યક્ષશ્રી** : જવાબ આપવા જાય છે. જવાબ આપે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમે મૂળ પ્રશ્નનો જવાબ માગીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : જવાબ સાંભળવો પડે, પ્લીઝ. જવાબ સાંભળો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ એમને કહો કે મૂળ પ્રશ્નનો જવાબ આપે.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી જવાબ આપવા તૈયાર છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બફર સ્ટૉક શું કરવા ન કર્યો અને ખાડીયાની બહેનો અત્યારે શેનાથી લોટ બાંધે છે પૂછો. (અંતરાય)

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : સાહેબ, તેમનો જવાબ આપવામાં આવ્યો છે. સંપૂર્ણ બાબતનો. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમને પ્રશ્ન પૂછતા આવડે છે. તમે ગરીબ માણસોને તેલ આપતા શીખો. કરોડપતિઓને લાભ રહેવા દો. ગરીબ માણસોની ચિંતા કરો રમણભાઈ, પ્રશ્ન પૂછતા આવડે છે. તમને ગરીબ માણસોને તેલ આપતાં આવડતું નથી. ફોટા છપાવવાનું રહેવા દો એકલા.

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાને પોતાને ખબર છે કે જે જવાબદારી ટોટલ છે તે કેન્દ્ર સરકારની નીતિ છે. આમાં સ્ટૉક કરવાની જરૂર નથી. રાજય સરકારે ૧૨૦૦૦ મેટ્રીકટન સ્ટૉક કરી લીધો છે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તો પુરવઠા ખાતુ વિખેરી નાખો. પુરવઠા ખાતુ શું કરવા રાખ્યું છે? ઉઘરાણી કરવા રાખ્યું છે?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : એક કિલોના ૪૨ રૂપિયાના ભાવે બી.પી.એલ.ના લાભાર્થીઓને આપીએ છીએ. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : વિપક્ષના મિત્રોને ખાસ વિનંતી કે આપના પ્રશ્નનો જવાબ ચાલુ હોય ત્યારે આપ વચ્ચે ઉભા ન થાવ. પ્લીઝ, જવાબ સાંભળો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપે સામે નહીં કહેવાનું?

**અધ્યક્ષશ્રી** : જવાબ સાંભળો, પ્લીઝ. જવાબ સાંભળ્યા સિવાય વચ્ચે ઉભા ન થવાય, પ્લીઝ અને આ પ્રશ્નનો જવાબ પણ એમણે બહુ વિગતવાર અહીં આપેલો છે એ પણ આપ જોઈ જાવ. પ્રશ્નનો લેખિત જવાબ પણ અહીં તેમણે વિગતવાર આપ્યો છે. ઘણી બધી માહિતી તેમાંથી મળી જાય છે. આપ જવાબ જોઈ લો અંદર. (અંતરાય)

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : કંટ્રોલ ઉઠાવવા માટેનો કોઈ અધિકાર આજે રાજય સરકાર પાસે કેન્દ્રએ રાખ્યો નથી. અમે કંઈ કરી શકતા નથી. અમને ખબર છે. આ કેન્દ્રની નીતિ ઢાંકવા માટે ખાલી દેકારો કરે છે. એ કેન્દ્રમાં જઈને કહેતા નથી કે ત્રણ મહિના કે ચાર મહિના જ્યારે ઉત્પાદન માટે કાલાવાલા કરીએ છીએ, અનેક વખત કેન્દ્રમાં જઈને રજૂઆતો કરી છે. કંટ્રોલ ઉઠાવવા માટે કંઈ મદદ કરતાં નથી. નિકાસ કરવા માટે અમે માગણી કરી ત્યારે નિકાસ માટેનો પણ કોઈ પ્રતિભાવ આપતાં નથી. ઢાંકપીછોડો કરવા માટે રાજય સરકાર ઉપર આ રીતે કરે છે. ૧૨૦૦૦ મેટ્રીકટન તેલનો આ રાજય સરકારે બફર સ્ટૉક કરી લીધો છે અને ગરીબ લોકોને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપનો જવાબ આપી રહ્યા છે, પ્લીઝ બળદેવભાઈ.

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : ગરીબ લોકોને મોંઘવારીને કારણે પૂરતું તેલ મળે તેના માટે આયોજન કરવામાં આવ્યું છે.

**અધ્યક્ષશ્રી** : બળદેવભાઈનો જવાબ આપી દીધો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મૂળ પ્રશ્ન જે છે. બફર સ્ટૉક અત્યારે ન કરવાનો હોય, જ્યારે મિલની અંદર મગફળી હોય ત્યારે કરવાનો હોય અને કેન્દ્રના ઑર્ડરની વાત કરે છે તો તમારું પુરવઠા ખાતુ શું ઉઘરાણું કરવાનું જ કામ કરે છે? તેને વિખેરી નાખો. શું કરવા રાખ્યું છે પુરવઠા ખાતુ? કેન્દ્રનો ઑર્ડર છે એ તો ખેડૂતના લાભાર્થે છે. કાળાબજારીયાઓના લાભાર્થે નહીં.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, તમે પ્રશ્ન પૂછો પ્લીઝ.(અંતરાય)

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ તેમના જવાબમાં બતાવ્યું છે કે દેશમાં ૧૪.૪ ટકા મગફળીનું ઉત્પાદન ઓછું થયું એટલે ભાવ વધ્યો છે અને તેમાં ગુજરાતમાં લગભગ ૧૦.૨૫ ટકા મગફળીનું ઉત્પાદન ઓછું થયું છે એટલે ભાવ વધ્યો છે. મારે પૂછવું છે કે રાજસ્થાનમાં મગફળીનું કેટલું ઉત્પાદન છે? અને ગુજરાતમાં મગફળીનું કેટલું ઉત્પાદન છે? (અંતરાય) તેમણે જવાબ આપ્યો છે કે આ ઉત્પાદનના હિસાબે ભાવ વધ્યા છે. તેમના જવાબ ઉપર કહું છું. શેના ઉભા થાવ છો? તમારો જવાબ છે કે મગફળીનું ઉત્પાદન નથી એટલે ભાવ વધ્યા છે. તો ગત વર્ષમાં ગુજરાતમાં મગફળીનું ઉત્પાદન કેટલું થયું હતું? આ વર્ષે કેટલું છે? રાજસ્થાનમાં ગત વર્ષે કેટલું થયું હતું અને આ વર્ષે કેટલું થયું છે? અને રાજસ્થાનમાં તેલનો ભાવ શું છે અને ગુજરાતમાં તેલનો ભાવ શું છે? ત્યાં રાજસ્થાનમાં ભાવ કેમ ઓછો છે? ત્યાં આપણા કરતાં ઉત્પાદન ઓછું છે છતાં ભાવ કેમ ઓછો છે? ત્યાં ટનના રૂ.૧૦૦૦/- છે અને ગુજરાતમાં રૂ.૧૪૦૦/- કેમ છે? ઉત્પાદન ગુજરાતમાં વધારે અને રાજસ્થાનમાં ભાવ ઓછો કેમ?

**શ્રી છત્રસિંહ પું. મોરી :** માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૫-૦૬માં મગફળીનું વાવેતર ૧૯.૫૨ લાખ હેકટરમાં થયું હતું અને ઉત્પાદન ૩૪.૨ લાખ મૅટ્રિક ટન હતું. ચાલુ વર્ષે ૧૭.૭૩ લાખ હેકટરમાં વાવેતર થયું છે

અને ઉત્પાદન ૧૪.૩૫ લાખ મૅટ્રિક ટન થયું છે. એટલે ગત વર્ષ કરતાં ૧.૭૯ લાખ ઓછા હેકટરમાં વાવેતર થયું છે અને ઉત્પાદન ૧૯.૬૭ લાખ મૅટ્રિક ટન ઓછું થયું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જવાબ જે આપે એ સાંભળો પ્લીઝ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે બફર સ્ટૉક કરવાનો ન હોય જ્યારે સીઝન ચાલતી હોય ત્યારે કરવો જોઈએ એ વખતે શું સૂઈ ગયા હતા? ત્યારે શું કરતા હતા? એ ત્યારે કરવું જોઈતું હતું. ત્યારે તો કાળાબજારિયાઓને કમાવા દીધા અને અત્યારે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, સમય જોઈને, સમયની મર્યાદા છે, જવાબ મળે છે, બધા સાંભળો પ્લીઝ.

**શ્રી છત્રસિંહ પું. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, અર્જુનભાઈ કહે છે એ બરાબર નથી. જાન્યુઆરીમાં આ નિર્ણય કર્યો છે. રાજય સરકારે ૧૨૦૦૦ મૅટ્રિક ટન પામોલીન તેલ ખરીદવાનો નિર્ણય કર્યો હતો. ચાર મહિના સતત આપીશું. જરૂર પડે તો ડિસૅમ્બર સુધી આપવાનું આ રાજય સરકારે આયોજન કર્યું છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, તમે સાંભળતા જ નથી. બળદેવભાઈ સાંભળવું પડે.

**રાજકોટ જિલ્લામાં ભારે વરસાદને કારણે રસ્તાઓને થયેલ નુકસાન**

**ટૂં.મુ.પ્ર-૨૪૫ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તાજેતરમાં પડેલ ભારે વરસાદના કારણે રાજકોટ જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના કેટલા રસ્તાઓને નુકસાન થયું છે અને

(૨) આ રસ્તાઓની મરામત કામગીરી માટે સરકારે શું આયોજન કરેલ છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** :

(૧) તાજેતરમાં પડેલ ભારે વરસાદના કારણે રાજકોટ જિલ્લાના ૧૪ તાલુકાઓમાં પંચાયત અને સ્ટેટ હસ્તકના નીચે મુજબના રસ્તાઓને નુકશાન થયેલ છે.

| ક્રમ | તાલુકો | રસ્તાની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | સ્ટેટ | પંચાયત | કુલ |
| ૧ | રાજકોટ | ૦ | ૫ | ૫ |
| ૨ | વાંકાનેર | ૦ | ૪ | ૪ |
| ૩ | પડધરી | ૦ | ૪ | ૪ |
| ૪ | લોધીકા | ૦ | ૫ | ૫ |
| ૫ | ગોંડલ | ૪ | ૪ | ૮ |
| ૬ | કોટડા સાંગાણી | ૦ | ૪ | ૪ |
| ૭ | જેતપુર | ૦ | ૦ | ૦ |
| ૮ | ધોરાજી | ૦ | ૦ | ૦ |
| ૯ | જામ કંડોરણા | ૦ | ૩ | ૩ |
| ૧૦ | ઉપલેટા | ૦ | ૫ | ૫ |
| ૧૧ | જસદણ | ૧૦ | ૭ | ૧૭ |
| ૧૨ | મોરબી | ૦ | ૫ | ૫ |
| ૧૩ | ટંકારા | ૧ | ૨ | ૩ |
| ૧૪ | માળીયા | ૧ | ૫ | ૬ |
| | કુલ :- | ૧૬ | ૫૩ | ૬૯ |

(૨) તાત્કાલિક મરામતની કામગીરી હાથ ધરી રસ્તા વાહન વ્યવહાર લાયક રાખવામાં આવેલ છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી,(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અશોકભાઈ તો કયાં ના પાડે છે, ડબા લેવાની. પ્લીઝ. નેકસ્ટ.

**શ્રી અશોક ભટ્ટ** : કેન્દ્રમાં ઉપજતું હોય તો કેન્દ્રમાં જઈને કહો. કેન્દ્ર સરકારે દારૂ ઉપરની એકસાઈઝ રદ કરી, પામોલીન તેલની રદ કરાવો. દારૂ ઉપરની નહીં. કેન્દ્ર સરકારની નીતિ જુઓ. દારૂ ઉપરની રદ કરી તો પામોલીન ઉપરની રદ કરાવો.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્રશ્ન ક્રમાંક-૩.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી, બીજી અને ત્રીજી જુલાઈના રોજ વહેલી સવારના ખૂબ અતિ ભારે વરસાદના કારણે અમારા રાજકોટ જિલ્લામાં સ્ટેટ હસ્તકના અને પંચાયત હસ્તકના રસ્તાઓનું ખૂબ મોટા પાયે ધોવાણ થયું. જેના કારણે આંકડા આપ્યા છે એ મુજબ સ્ટેટના ૧૬ અને પંચાયતના ૫૩ રસ્તાઓનું ધોવાણ થયું છે. એમાં સૌથી વધારે નુકસાન અમારા જસદણ વિસ્તારના સ્ટેટ હસ્તકના અને

પંચાયત હસ્તકના રસ્તાઓમાં ખૂબ વધારે ધોવાણ થયું છે. જેના કારણે અમુક રસ્તાઓ તો એક અઠવાડિયા સુધી બિલકુલ ચાલવા લાયક રહ્યા ન હતા. મેં જ્યારે એમના મુખ્ય ઈજનેર સુધી ધ્યાન દોર્યું ત્યારે એમણે નીચેના અધિકારીઓને સૂચના આપી ત્યારે ફક્ત થોડા રસ્તાઓ સ્ટેટ હસ્તકના રીપૅર થયા. અમારી કમનસીબી છે કે અમારા જિલ્લામાં રેગ્યુલર કાર્યપાલક ઈજનેર કોઈ નથી. એમાંય અમારા જિલ્લામાં અમારા જસદણ તાલુકાની કમનસીબી છે કે કોઈ ડૅપ્યુટી એન્જિનિયર ક્યાંય ન ચાલે એને બદલીને આ જસદણ તાલુકામાં મૂકે અને એ કાયમી રજા ઉપર રહે. પણ એમાં કશું થાય એમ નથી. આ વહીવટની વાત છે. (અંતરાય) એમાં માનનીય વજુભાઈ, જસદણની પ્રજાએ સ્વીકાર્યા હોય ત્યારે આવા વાવાઝોડામાં ત્રણ ત્રણ વખત ખૂબ મોટી બહુમતીથી આવે. (અંતરાય) વજુભાઈ, તમે બધાએ ખૂબ મહેનત કરી લીધી. અમારા નરોત્તમ કાકા એવું કહેતા હતા કે મેં તમારા મૂળિયા ઉખેડવા માટે એક કરોડ રૂપિયા પીવાના પાણી માટે આપ્યા પણ તમારા મૂળિયા ન નીકળ્યા. નરોત્તમ કાકાથી નથી નીકળ્યા પણ વજુભાઈથી પણ આ ધારાસભ્યના મૂળિયા નીકળે તેમ નથી. વજુભાઈ અને નરોત્તમ કાકાએ જે સમજવું હોય એ સમજી લેવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, ક્યાંય ન ચાલે એવા ડૅપ્યુટી એન્જિનિયર ત્યાં મૂકવામાં આવે, કાયમી ગેરહાજર રહે. મુખ્ય ઈજનેર અને મંત્રીશ્રીને કાગળો લખવામાં આવે છતાં કોઈ કાર્યવાહી ન થાય. અઠવાડિયા પછી ડૅપ્યુટી એન્જિનિયર અને કાર્યપાલક ઈજનેરનું ધ્યાન દોર્યું કે કેટલા રસ્તાઓ તુટી ગયા છે અને કેટલા ચાલવા લાયક છે? તો કહે મારી પાસે માહિતી નથી. મુખ્ય ઈજનેર સુધી કાગળો લખ્યા અને ત્યારે ચાલવા લાયક થયા છે. મારે જાણવું છે કે જે સ્ટેટ અને પંચાયતના રસ્તા તુટી ગયા છે અને ફક્ત અત્યારે કામચલાઉ ધોરણે રસ્તાઓ ચાલવા લાયક થયા છે એ રસ્તાઓનો એફ.ડી.આર.ની અંદર સમાવેશ કરી કાયમી ધોરણે ચાલવા લાયક બને એના માટે અલગથી જોબ નંબર આપીને ફરીથી રસ્તાના કામ કરવા માગો છો કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે રાજ્યમાં પહેલો વરસાદ ખૂબ સારો થયો અને ટૂંકા દિવસોમાં વરસાદ હતો. રાજકોટ જિલ્લામાં લગભગ સિઝનનો ૭૭ ટકા જેટલો વરસાદ બે-ત્રણ દિવસના ગાળામાં પડ્યો છે. જે રાજ્યના ૧૬ અને પંચાયતના ૫૩ રસ્તાઓને નુકસાન થયું એમાં પંચાયતના રસ્તાઓનો ૧૮૦.૪૩ લાખ જેટલા નુકસાનનો અંદાજ થયો છે અને રાજ્યના લગભગ ૪૩.૯૫ લાખનું નુકસાન થયું છે. કોઈ મોટું ડેમેજ થયું નથી. પરંતુ નાના નાના નુકસાનોના કારણે આ રસ્તાઓ સભ્યશ્રીએ કહ્યું એ મુજબ ટૂંકા સમય માટે બંધ રહેલા. ખેડા જિલ્લા અને થોડા અંશે સાબરકાંઠા જિલ્લાને બાદ કરતા ક્યાંય પણ ૫-૬ દિવસથી વધારે રસ્તાઓ બંધ રહ્યા નથી. બે દિવસમાં આ બધા રસ્તાઓ શરૂ કરવામાં આવ્યા છે. આ સરકારે, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭માં અહીં બેઠેલા ગૃહના તમામ સભ્યશ્રીઓ જાણે છે કે બે ચોમાસા ભારે ગયા અને બે ચોમાસામાં અત્યાર સુધીમાં ચોમાસા પછી તુરત કામગીરી થઈ હોય તો આ સરકારમાં વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં થઈ છે. રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર પૈસા આપે કે ના આપે પૂરા પૈસા રાજ્ય સરકારે ફાળવીને એ દિશામાં કાર્યવાહી કરી છે અને હાલમાં આ બધા જ રસ્તાઓ વાહન વ્યવહારયુકત થયા છે. મારે વિપક્ષના મિત્રોનું ધ્યાન એ તરફ દોરવું છે કે ઘણાં વર્ષોથી આ રસ્તાઓ અને પુલોને નુકસાન થતું હતું એમાં સી.આર.એફ.માં જે પૈસા મળતા હતા એ પૈસામાં તો ઘટાડો થયો. કેન્દ્ર સરકારે ૨૭-૬-૨૦૦૭ ના જી.ઓ.આઈ.ના નોટિફિકેશન દ્વારા આ ઈન્ફાસ્ટ્રકચર અત્યાર સુધી પ્રાપ્ત થતું હતું એમાં ખૂબ મોટો ઘટાડો કર્યો છે અને ગુજરાતમાં કોઈપણ પ્રકારનું કામ હાથ ના ધરાય એ પ્રકારનું આ નોટિફિકેશનનું અર્થઘટન થયું છે. અત્યાર સુધી આ બધા મોટા જે વરસાદ ચાલુ ચોમાસામાં કામ હાથ ધરવાના હોય એ ચોમાસામાં (અંતરાય) બળદેવજીભાઈ તમે સાંભળો. એમાં લાંબો સમય જોઈએ. કેન્દ્ર સરકારે હમણાં એકાએક કંટ્રોલ કરીને ૩૦ દિવસનું ફક્ત નોટિફિકેશન કર્યુ છે કે ૩૦ દિવસમાં કામ કરવાનું રહેશે અને સામાન્ય મરામત કરવાની રહેશે આમ છતાં ગૃહના તમામ સભ્યશ્રીઓને જણાવું છું કે આ સરકાર વાહનવ્યવહાર યોગ્ય રીતે ચાલે એ માટે રસ્તા સક્ષમ છે અને રાજ્ય સરકાર પોતાના પદરે તમામ રસ્તાઓને યોગ્ય સ્વરૂપમાં રાખશે.

**અધ્યક્ષશ્રી** : મોહનભાઈ કુંડારીયા (અંતરાય)

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : મારો કાંઈ જવાબ તો મળ્યો નથી.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : તમારા જિલ્લાનો જ છું અને તમારા જિલ્લાનો જ પ્રશ્ન પૂછવા ઊભો થયો છું કુંવરજીભાઈ આ વર્ષે કુદરતની મહેરના કારણે પહેલા જ મહીનામાં ભારે વરસાદથી સૌરાષ્ટ્રમાં બધા જ ડેમ ઓવરફ્લો કરી દીધા તો આવા વરસાદના કારણે ટંકારા અને પડધરી તાલુકામાં કયા રસ્તાઓને નુકસાન થયેલું છે અને આ નુકસાન થયેલા રસ્તાનું રિપેરીંગ કામ થઈ ગયેલ છે કે કેમ? અને ના થયું હોય તો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, પડધરી તાલુકામાં કુલ ચાર રસ્તાઓને સામાન્ય નુકસાન થયું છે અને ટંકારા તાલુકામાં (અંતરાય) સાહેબ, એમને ફરીથી તક આપજો એમના જે પ્રશ્ન પૂછશે એનો જવાબ આપીશ. સાહેબ, ટંકારા તાલુકામાં ત્રણ રસ્તાઓને નુકસાન થયું છે. કહેતા હોય તો રસ્તાઓનું લિસ્ટ વાંચી જાઉં. પડધરી તાલુકામાં દહીંસરડા-ખાખરડાબેલા, જીલસરીયા-વસામણરોડ, સબરદડ-રાદડહીદડ, રોજીયા એપ્રોચરોડ,

ટંકારા તાલુકામાં ત્રણ રસ્તાને નુકસાન થયું છે એ ખેગાવડી-થોરીયાળીરોડ, સખપર-કોઠારીયારોડ અને ટંકારા-સાબડી-લતીફરરોડને થયું છે. પડધરી તાલુકામાં ૮.૪૦ લાખનો નુકસાનનીનો અંદાજ છે. ટંકારા તાલુકામાં ૧૪.૮૫ લાખનો નુકસાનીનો અંદાજ છે. અત્યારે બધા રસ્તા વાહનવ્યવહારયુકત કર્યા છે અને હવે પછી એની બાકીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, એ પહેલા પ્રશ્ન પૂછેલો કે અત્યારે કામચલાઉ ધોરણે જે થોડા રસ્તાઓના રિપેરીંગ કરીને વાહન ચલાવવા લાયક થયા છે પણ એને કાયમી ધોરણે રસ્તાઓ રિપેર થાય એના માટે એફ.ડી.આર.માં જોબ નંબર આપીને રસ્તાઓની કાર્યવાહી પૂર્ણ કરવા માગો છો કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં એટલે જ કહ્યું હવે રાજ્ય સરકાર પદરે કરવામાં આવશે અને અમે કરવા મક્કમ છીએ. સાહેબ, હું આ ગૃહને જણાવવામાં માગું છું કે ૨૦૦૫-૦૬ માં જે પ્રકારના રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો એનો કુલ ખર્ચ જે કરવામાં આવ્યો ૨૦૦૫-૦૬માં ૧૨૫ કરોડ વરસાદ પછી રસ્તાઓ અને પુલોને યોગ્ય સ્વરૂપમાં લાવવા એટલા મંજૂર કર્યા. ૨૦૦૬-૦૭માં રેકોર્ડબ્રેક વરસાદ પછી રસ્તા-પુલો ફરીથી permanent restoration થાય એના માટે ૧૭૨ કરોડ રૂપિયાના જોબ નંબરો આ સરકારે આપ્યાં છે અને અત્યારે પણ જે જે રસ્તાઓને નુકસાન થયું છે તેની યોગ્ય કાર્યવાહી કરવા માગીએ છીએ. એમણે કાર્યપાલક ઈજનેરનું કહ્યું કે બે વર્ષથી જગ્યા ખાલી છે, બે વર્ષથી જગ્યા ખાલી નહોતી ત્યાં જગ્યા ભરાયેલી હતી. ફરિયાદ હતી એટલે હમણાં ત્રણ મહિના પહેલા જ કાર્યપાલક ઈજનેરની બે વર્ષ પછી તો બદલી કરવામાં આવી છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ બાજુમાં આવેલ સુરેન્દ્રનગર જિલ્લો એમાં નળસરોવર અને ભાલ કાંઠાના (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ જે પ્રશ્ન છે એના ઉપર પૂછો, (અંતરાય) નો, નો.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લાનો જ પ્રશ્ન છે. ભાલ કાંઠો અને નળસરોવર વિસ્તારમાં જે લીંબડીથી ધંધૂકા ત્યાં ભરતભાઈ બિચારો પહેલો વરસાદ આવે એટલે હોડકા લઈને ૨૪ કલાક કાછડવાળીને ફરતો હોય આ બાજુ વજુભાઈ ડોડિયા ફરતા હોય, આ બાજુ ભવાનભાઈ ભરવાડ ફરતો હોય. અમારે એક તો વરસાદ મોટો થાય એટલે પાણી બધે ભરાય જાય, ઓછામાં ઓછા ૬૦ થી ૧૦૦ ગામોમાં.. કાયમી ઉકેલ થાય અને લોકોના છકડા અંદર ફસાઈ ના જાય અને વાહન વ્યવહાર કાયમ ચાલું રહે એના માટે મંત્રીશ્રી કાયમી કોઈ ઉકેલ કરવા માટે, નાના મોટા જે કોઝ-વે બનાવ્યા છે પણ પુલો ઉપર બ્રિજ બનાવવા માગે છે કે કેમ ? અમારે એવું થાય છે કે, વરસાદ આવે એટલે જમીનમાં પાણી ભરાઈ જાય અને ઉપરથી પાછું ધનરાજ કેલાનું પાણી આવે, આ બાજુથી પોપટભાઈ ઝિંઝરિયાનું પાણી આવે, સૌરભ કાકાનું પાણી આવે એટલે અમે તો એવા ૧૫-૨૦ દિવસ હેરાન થઈએ છીએ તો આનો કાયમી ઉકેલ કંઈ કરવા માગો છો કે કેમ ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ભવાનભાઈની લાગણી સાચી છે. નળ સરોવર વિસ્તારમાં અને કેટલાક ઘેડ વિસ્તારમાં આ પ્રકારના પ્રશ્નો બને છે. માનનીય અધ્યક્ષશ્રી, જેમ આ વર્ષના બજેટમાં ઘેડ વિસ્તાર માટે અલગ યોજના મૂકી છે એમ આખાય ગુજરાત માટે ડૂબમાં જતા ગામો એ કયારેય ડૂબમાં ન જાય એ પ્રકારની બજેટની અંદર પહેલી વખત રાજયના ઇતિહાસમાં વ્યવસ્થા કરવામાં આવી છે અને ડૂબમાં જતા ગામો માટે પણ કાયમી ધોરણે વ્યવસ્થા આ સરકાર કરવા માગે છે.

**અધ્યક્ષશ્રી** . : નેકસ્ટ. પ્રશ્ન ક્રમાંક-૪.

### રાજયમાં યુરિયા ખાતરના વિતરણની અનિયમિતતાથી ઊભી થયેલી ખાતરની તંગી

**ટૂં.મુ. ૨૯૭ શ્રી કનુભાઈ મે. ભલાળા (વિસાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તાજેતરમાં યુરિયા વિતરણની વ્યવસ્થામાં તથા અનિયમિત ફાળવણીથી ઊભી થનાર ખાતરની તંગી અને આ ફેરફારોથી રાજયના ખેડૂતોને મોટા પાયે હાડમારી પડશે તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો તે નિવાર રાજય સરકારે શાં પગલા લીધાં છે?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) (૧) નવી વ્યવસ્થાને બદલે જૂની વ્યવસ્થા ચાલુ રાખવા અંગે ભારત સરકાર શ્રીના માનનીય મંત્રીશ્રી, રસાયણ અને ખાતર અને માનનીય કૃષિ મંત્રીશ્રી સમક્ષ માનનીય મંત્રીશ્રી ( કૃષિ )ની કક્ષાએથી તા. ૨૩-૫-૦૭, તા.૧૨-૬-૬૦૭ અને તા.૩-૦૭-૦૭ના પત્રોથી રજૂઆત કરવામાં આવેલ છે.

(૨) ખેતી નિયામકશ્રીએ ભારત સરકારશ્રી કક્ષાએ મળેલ ખાતર સમીક્ષા બેઠકોમાં યુરિયા ખાતર વિતરણની નવી વ્યવસ્થાથી ખેડૂતોને યુરિયા મેળવવામાં પડનાર મુશ્કેલી અંગે રજૂઆત કરવામાં આવેલ છે.

(૩) યુરિયા ખાતર વિતરણની નવી વ્યવસ્થાની ખેડૂતોને યુરિયા મેળવવામાં પડનાર મુશ્કેલી અંગે ખેતી નિયામકશ્રી અને માનનીય મંત્રીશ્રી કક્ષાએ ખાતર ઉત્પાદકો અને વિતરકો સાથે સમીક્ષા કરવામાં આવેલ છે.

(૪) ખરીફ-૦૬માં રા. ખાતર યુરિયાનો ૭.૭૪ લાખ મે. ટન વપરાશ સામે ખરીફ-૦૭ માં ૮.૫૦ લાખ મે. ટનની માગણી દિલ્હી ખાતેની ઝોનલ મીટિંગમાં ફેબ્રુઆરી-૦૭માં કરવામાં આવેલ છે.

(૫) ખરીફ-૦૭માં રા. ખાતર યુરિયાની જરૂરિયાત ૮.૫૦ લાખ મે. ટન સામે ૬.૦૮ લાખ મે. ટન કંપનીઓ ધ્વારા પુરુ પાડવામાં આવનાર છે. બાકી રહેતો ૨.૪૨ લાખ મે. ટન જથ્થો ફાળવવા ખેતી નિયામકશ્રી કક્ષાએથી ફેબ્રુઆરી-૦૭માં રજૂઆત કરેલ છે. વધુમાં તા. ૨૫-૪-૦૭ અને તા.૬-૦૭-૦૭ના પત્રોથી ભારત સરકારશ્રી સમક્ષ રજૂઆત કરવામાં આવેલ છે. દિલ્હી ખાતે યોજાતી મીટિંગમાં પણ રજૂઆત કરેલ છે.

(૬) ખાતર ઉત્પાદન તથા વિતરણ સંસ્થાઓ સાથે દર મહિને મીટિંગ યોજવામાં આવે છે.

**શ્રી કનુભાઈ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આમાં જે જવાબ આપ્યો છે એમાં આ વર્ષે રાજયમાં ખૂબ જ સારો એવો વરસાદ થયેલ હોઈ અને યુરિયા ખાતરની ખૂબ જ જ્યારે જરૂરિયાત પડવાની છે ત્યારે ખાતરના ડેપો દરેક ગામથી નજીક હોય તો ખેડૂતોને ખાતર મેળવવામાં સમય પણ ઓછો બરબાદ થાય અને ખર્ચ પણ ઓછું લાગે તો નજીકમાં જેમ ખાતર ડેપો ખૂલે અને ખાતર મળી રહે એવી વ્યવસ્થા કરવી જોઈએ અને એ વ્યવસ્થા કરવા માટે માનનીય મંત્રીશ્રીએ જવાબ-૧માં જણાવેલ છે કે, ભારત સરકારને પણ જાણ કરવામાં આવી છે, ખેતી નિયામક તરફથી પણ ભારત સરકારને જાણ કરવામાં આવી છે અને આ વર્ષે માનનીય મંત્રીશ્રીના જવાબ મુજબ એક લાખ મૅટ્રિક ટન જેટલા ખાતરની જ્યારે વધારે જરૂર પડવાની છે ત્યારે વ્યવસ્થા જે જૂની વ્યવસ્થા બંધ કરી અને જે નવી વ્યવસ્થા દાખલ કરવામાં આવી છે એ હું જાણવા માગુ છું કે, આ ખાતર વહેચણીની જૂની પ્રથા શું હતી અને નવી પ્રથા શું દાખલ કરવામાં આવી છે અને એના હિસાબે ખેડૂતોને કઈ કઈ મુશ્કેલીઓ પડવાની છે એના વિશે હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર તરફથી રાજયને જે અન્યાયો થઈ રહ્યા છે અને અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી કેન્દ્રનું વારંવાર ધ્યાન પણ દોરે છે. આ એક વધુ અન્યાયનો પુરાવો છે.

**ડૉ. સી. જે. ચાવડા** : બધું ભારત સરકારને કરવાનું તો એમણે શું કરવાનું ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : આ વ્યવસ્થા ગોઠવવાની જવાબદારી કેન્દ્ર સરકારની છે. વિતરણ વ્યવસ્થા ગોઠવવાની જવાબદારી માનનીય સભ્યશ્રી ( અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, આ વિતરણ વ્યવસ્થા અમારા હાથમાં નથી. આ વિતરણ વ્યવસ્થા ( અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, સાચી વાત સાંભળવી ગમતી નથી અને દેખીતો અન્યાય છે અને કેન્દ્ર સરકારના નિર્ણયથી આ અવ્યવસ્થા ઊભી થઈ છે એના કારણે જ મુશ્કેલીઓ ઊભી થવાની છે અને આ નિર્ણય રાજય સરકારનો નથી, આ નિર્ણય કેન્દ્ર સરકારનો છે અને કેન્દ્ર સરકારના આ નિર્ણયને કારણે ( અંતરાય ) સાંભળવું પડશે, માનનીય અધ્યક્ષશ્રી, હું તો સૌ પ્રથમ માનનીય સભ્યશ્રીને અભિનંદન આપું છું કે, ગુજરાતના ખેડૂતોને પડનારી મુશ્કેલીઓની લાગણીને વાચા એમણે અહીંયા ગૃહમાં આપી છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ૧-૪-૦૭ થી (અંતરાય)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : વર્ષો જતા રહ્યા અને અત્યારે સભ્યશ્રીના વખાણ કરો છો ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ૧-૪-૦૭ના

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન પૂછો તમે અને સાંભળો નહીં એ ઠીક નહીં ( અંતરાય ) સાંભળવું તો પડે જ.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સાંભળવું તો પડે જ. માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે ૧-૪-૦૭થી છેલ્લા ૩૦-૩૫ વર્ષોથી ચાલતી વ્યવસ્થામાં ફેરફાર થયો છે આ તમારા માટે પણ છે, તમને પણ લોકો પૂછશે, અહીંયા ખોટો વિરોધ કરો છો ને હમણાં ત્રીજા પ્રશ્નમાં અર્જુનભાઈએ કહ્યું હતું કે અમારું કેન્દ્રમાં ઉપજે છે. જો ઉપજતું હોય તો આ પદ્ધતિમાં ફેરફાર કરાવી આવો. જુની પદ્ધતિ એવી હતી કે દરેક ઉત્પાદક એક જિલ્લામાં મરજી મુજબ ગોડાઉન સ્ટોરેજ રાખી શકતા હતા. આ નવી પદ્ધતિ મુજબ ઉત્પાદક એક જિલ્લામાં વધુમાં વધુ ત્રણ ગોડાઉન રાખી શકશે. જુની વ્યવસ્થામાં ઉત્પાદક બારોબાર જે તે ડીલર્સ દ્વારા મંડળીને વિતરણ કરવામાં આવતું હતું. નવી વ્યવસ્થામાં દરેક ઉત્પાદકે જે તે જિલ્લામાં યુરિયા ખાતરનું વિતરણ કરવા માટે સૌ પ્રથમ જિલ્લાના સ્ટોરેજ ગોડાઉનમાં ખાતર સપ્લાય કરવાનું રહેશે અને ત્યારબાદ જ આ ડીલર્સ કે મંડળીને આપવાનું રહેશે. જુની વ્યવસ્થામાં જિલ્લામાં સ્ટોરેજ ગોડાઉન રાખવાની મર્યાદા નહોતી જેને પરિણામે રાજયમાં અંદાજે દસ હજાર ગોડાઉન હતા. નવી વ્યવસ્થામાં દસ હજારને બદલે હવે માત્ર ૫૦૦થી ૫૫૦ ગોડાઉન રહેવાના છે. આ ઉપરાંત મારી વિનંતી છે ગૃહને કે મારો પૂરો જવાબ સાંભળે. નવી પદ્ધતિ મુજબ યુરિયા ખાતર જિલ્લાના ત્રણ ગોડાઉનમાં ફરજીયાત લઈ જવાનું થાય છે. જેને પરિણામે ડબલ ચઢાવ ઉતાર માટેની મજૂરી થાય છે અને સમય વ્યય થાય છે. પહેલા સીધા ઉત્પાદક સહકારી મંડળીને પહોંચાડતા હતા એ વિતરણ કેન્દ્રને ત્યાં સીધા પહોંચાડતા. હવે સીધા નહીં પહોંચાડે. હવે જિલ્લામાં માત્ર ત્રણ જ ગોડાઉન રહેશે. ત્રણ ગોડાઉન હોય અને ૧૫ થી ૨૦ગોડાઉન હોય તો મુખ્ય એક ગોડાઉન ઉપર લાવવાનું, ત્યાં ઠાલવવાનું પછી મંડળીએ લઈ જવાનું અને મંડળીને આપવાનું એટલે

ટ્રાન્સપોર્ટેશન અને સમયની મુશ્કેલી. ગોડાઉન કક્ષાએ જરૂરિયાતના સમયે મજૂરો ઉપલબ્ધ ન થાય તો ખાતર ચઢાવવા, ઉતારવા માટે મુશ્કેલી થવાની. બેગની તુટ ફુટ થશે. ગોડાઉનથી ડીલર્સ, સેલ્સ પોઈન્ટ સુધી તાલુકા કક્ષાએ ખાતર લઈ જવા વાહન ઝડપથી મળતા નથી જેને કારણે જિલ્લાના જે તે ગોડાઉનમાં માલ, ખાતર નીચેના ડીલર્સ અને વિતરકને ત્યાં લઈ જવાની અનેક મુશ્કેલીઓ ઉભી થવાની. આ ઉપરાંત આ પદ્ધતિમાં ફેરફાર થયો છે. સાથેસાથે જરૂરી હોય છે ત્યાં ગુજરાતને અનુભવ છે. ૨૦૦૬ રવિ, ૨૦૦૬ ખરીફ જયારે જયારે જરૂર હતી ત્યારે કેન્દ્ર દ્વારા ફાળવણી કરવાના અભાવે ખાતરની અછત, તંગી મોટા પ્રમાણમાં ઉભી થઈ હતી. આ અન્યાય ચાલુ છે અને બીજો અન્યાય અને એ અન્યાયને કારણે રાજયના ખેડૂતોને સમયસર ખાતર મળી શકયું નથી એટલા માટે જયારે ખબર પડી એટલે તરત મેં મારા લેવલે અને મારા અધિકારીઓએ કેન્દ્રમાં રૂબરૂ જઈને અને એક કરતા વધારે વખત પત્ર લખીને અનેક વખત રજૂઆતો કરી છે. કેન્દ્ર સરકારે આ ફેરફાર કરવો જ પડશે. મારી ફરી વખત સામે બેઠેલા મિત્રોને વિનંતી છે, અર્જુનભાઈને ખાસ. હમણાં ઊભા થઈને પોકારી પોકારીને કહેતા હતા કે કેન્દ્રમાં ઉપજે છે તો આ વિતરણ વ્યવસ્થામાં ફેરફાર કરાવો. તમારું ઊપજતું હોય તો બતાવો ગુજરાતને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સુધારા ઓર્ડર આવ્યો છે એને તો હજી એક મહિનો પણ પૂરો થયો નથી. એમાં કેન્દ્ર તરફથી મોટો અન્યાય માત્ર ગુજરાત માટે જ હોય એવી વાત કરી. આ યુ.પી.એ.ની સરકાર આવી એ પહેલા ખાતરની અંદર સાડાસાત હજારકરોડની સબસીડી આપતી હતી. આજે ચોવીસ હજાર કરોડ સબસીડી અપાય છે. આને તમે અન્યાય ગણો છો? (અંતરાય) ગયા વર્ષના તમારા આંકડા એમ કહે છે કે ગુજરાતમાં પૂરો ખાતરનો, યુરિયાનો જથ્થો હતો. માત્ર ટ્રાન્સપોર્ટર ખાતર ઉપાડી ન શક્યા, એના કારણે આ થયું. વિતરણ વ્યવસ્થા રાજ્ય સરકારની જવાબદારી છે અને સપ્લાય આપવાની કેન્દ્ર સરકારની જવાબદારી છે. એ સપ્યાલની અંદર કોઈપણ ખામી આવશે, તમારી માગણી કરતા ઓછું આપવાની તો એના માટે કેન્દ્રને દોષિત ઠેરવી શકો, પણ યુરિયા ખાતર છે એ ખેડૂતોને બદલે ગેરકાયદેસર કેમિકલ ફૅક્ટરીમાં પહોંચી જાય અને તમારું પુરવઠા ખાતું સૂતુ રહે, તેમાં કેન્દ્ર સરકારને જવાબદાર ન ઠેરવી શકાય. તમારું પુરવઠા ખાતું એટલા માટે છે કે ખેડૂતોને યુરિયા પહોંચે અને સબસિડીનો લાભ મળે એના બદલે બ્લાસ્ટિંગ કરવાવાળાથી માંડી અનેક કેમિકલ ફૅક્ટરીમાં પહોંચી જાય છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે અમારા પાટણ જિલ્લાની અંદર ૫૦૦ થી વધારે અન્ય મંડળીઓ અને તમામ મંડળીઓમાંથી મોટા ભાગની મંડળીઓના ગોડાઉનો છે. આ ગોડાઉનોની અંદર ડી.એ.પી. અને યુરિયા ખાતરનો સ્ટોક રખાતો. હાલમાં નવી વ્યવસ્થા બની, જેના કારણે પાટણ જિલ્લામાં માત્ર ૩ જ ગોડાઉનો અને ૩ વિતરણ કેન્દ્રો મળ્યાં છે, જેના કારણે ખેડૂતોને ખાતર લેવા માટે ૭૦ કિ.મી. થી વધારે અંતર કાપીને એક યુરિયાની થેલી લેવી હોય તો જવું પડે છે. આ વિષય માત્ર પોલિટિકલ નજરેથી ન જોતા ખેડૂતોને મદદ કરવાની જગ્યાએ ખેડૂતોને હેરાન કરવાનું કેન્દ્ર સરકાર કામ કરતી હોય તો રાજ્ય સરકાર આના માટે કોઈ લોકશાહી પદ્ધતિથી પગલાં ભરીને આગળ વધવા માગે છે કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે વિરોધ પક્ષના નેતાશ્રીએ વાત કરી કેન્દ્ર સરકારે યુરિયાની અંદર સબસિડી ૨૪,૦૦૦ કરોડ જેટલી ૩ ગણી વધારી છે, આવી વાત કરી તો મારે કહેવું છે કે આ દેશના ખાતર બનાવનારા ઇન્સ્ટિટ્યૂટો છે, એની અંદર પ્રોડક્શનની અંદર જે પ્રોડક્શન ચાલતું હતું, તે પ્રમાણે ચાલ્યું, છતાં તે પ્રોડક્શન ત્યાં ને ત્યાં છે અને બહારનું સબસિડી વગરનું ખાતર આવી રહ્યું છે. આ વિગતો સાચી છે કે કેમ? આ બંને પ્રશ્નોનો જવાબ આપે તેવી વિનંતી કરું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સભ્યશ્રીની માહિતી સાચી છે. તેમના જિલ્લાની વાત કરું તો પહેલા ૧૫૦ થી ૨૦૦ મંડળીઓની વ્યવસ્થા હતી. હવે માત્ર ૩ જગ્યાએથી એ ખાતરની વ્યવસ્થા થાય છે. વિતરણ વ્યવસ્થાના આ ફેરફારના કારણે આ ૩ મોટા ગોડાઉનો જ્યાં હશે ત્યાં વિતરણ વ્યવસ્થા નક્કી કરવાની એ એમણે નક્કી કરેલ ગોડાઉનની વ્યવસ્થા છે અને ત્યાં લાવવામાં આવશે. ત્યાંથી પછી એક બે થેલી માટે ખેડૂતને ૫૦ કિ.મી., ૧૦૦ કિ.મી. સુધી સ્પેશ્યલ આવવું પડશે, એના કારણે જે કાંઈ વધારાનો ચાર્જ આવશે એ ખેડૂતોને અને સહકારી મંડળીઓને ભોગવવાનો રહેશે, એના કારણે આ ફેરફારથી કેન્દ્ર સરકારની ખેડૂત વિરોધી નીતિ છે, જેના કારણે સહકારી પ્રવૃત્તિને મોટું નુકસાન થવાનું છે. સહકારી પ્રવૃત્તિને, સહકારી ક્ષેત્રને પણ ખૂબ મોટું નુકસાન થવાનું છે.

**અધ્યક્ષશ્રી** : ભીખાભાઈ ઊભા થવા. પ્લીઝ. તમે બોલ્યા. (અંતરાય)

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** : મારા હળવદ તાલુકામાં (અંતરાય) ૩૭૦૦૦ મે.ટન ટર્નઓવર આ ખાતરનું છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ નવી પદ્ધતિ કેન્દ્ર સરકારે દાખલ કરી અને જે ખેડૂતોને પરેશાન કરવાની વૃત્તિથી આ નિયમ દાખલ કર્યો છે. હળવદ તાલુકામાં ૧૯ મંડળીઓના નામે ખેડૂતોને ઘેર બેઠા ખાતર આપતા હતા. આજે હવે હળવદ ડેપો એક જ જગ્યાએથી ખાતર મળે, તેમાં મૂળી તાલુકો અને ધાંગધ્રા તાલુકામાં હું કાલનો દાખલો દઉ છું. ધાંગધ્રા લઈ જવા માટે ટને ૬૦ રૂપિયા ભાડું આપવાનો નિયમ હતો અને ૨૦ રૂપિયા વધારાના ખેડૂતે દીધા, ત્યારે ટ્રાન્સપોર્ટેશનમાં ખાતર ધાંગધ્રા પહોંચ્યું. આ પદ્ધતિ દાખલ કરી ખેડૂતો ઉપર સીધેસીધો અન્યાય કર્યો છે સાહેબ બીજુ યેનકેન પ્રકારે જીઈબીની ૨૦૦ મે.વો.વીજળી ખેડૂતોની ખેંચી ખેડૂતોને પરેશાન કર્યા છે ત્યારે હવે યુરિયાની નવી નીતિ દાખલ કરીને ખેડૂતોને પરેશાન કર્યા છે. અર્જુનભાઈમાં તાકાત

હોય તો કેંદ્ર સરકારમાં રજૂઆત કરે અને આ નીતિમાં સુધારો લાવે અને આ ખાતર જે ગુજરાતમાં ઉત્પન્ન થાય છે ત્યારે ખેડૂતો ઉપર જે યુરિયા ખાતરની તંગી ઉભી કરવામાં આવી છે તેમાં રાજય સરકાર શું કરવા માગે છે ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, કેંદ્ર સરકાર જો સમયસર ફાળવણી કરે તો આપણી વ્યવસ્થા બરાબર ચાલે છે. પરંતુ મારે આ સભાગૃહના ધ્યાન પર મૂકવું છે કે ૨૦૦૬-૦૭માં ખેડૂતોને કેવી મુશ્કેલી પડી હતી. જ્યારે જરૂર હતી ૨૦૦૬ના જૂન, જુલાઈ, ઑગસ્ટ માસની વાત કરું તો જુન માસમાં ૧.૪૦ હજાર ટનની જરૂર હતી ત્યારે ૧.૧૫ હજાર ટન ફાળવણી કરી હતી એટલે ૨૫ હજાર ટનની ઓછી ફાળવણી કરી હતી. જુલાઈ માસમાં ૨.૧૫ની જરૂર હતી તેની સામે ૨.૦૦ લાખ ટન ખાતરની ફાળવણી કરી અને ઑગસ્ટ માસમાં ૧.૬૦ લાખ ટન ખાતરની જરૂરિયાત હતી તેની સામે ૧.૨૦ લાખ ટન ખાતરની ફાળવણી કરી હતી. ૨૦૦૬-૦૭ રવિમાં નવૅમ્બર માસમાં ૧.૬૦ લાખ ટનની સામે ૧.૪૦ લાખ ટન ડિસૅમ્બર માસમાં ૨.૨૫ લાખ ટન યુરિયાની સામે ૨.૦૦ લાખ ટન અને જાન્યુઆરી ૨.૨૫ લાખ ટનની સામે ૨.૦૦ લાખ ટન ફાળવણી કરી હતી. એટલે જ્યારે ઓછી ફાળવણી કેંદ્ર સરકાર તરફથી કરવામાં આવે છે ત્યારે તંગી ઉભી થાય છે. વખતોવખત, વારંવાર રજૂઆત કરી છે અને અત્યારે પણ રજૂઆત કરીએ છીએ ત્યારે ડાહી ડાહી વાતો કરીને કહે છે કે તમને અમે સમયસર ફાળવણી કરી આપીશું. આ વખતે આના આના અનુસંધાનમાં માનનીય ખાતર મંત્રીશ્રી અને માનનીય કૃષિમંત્રીશ્રીને પહેલી તારીખે મળવા પણ જવાનો છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જે નવી પદ્ધતિ ચાલુ કરી તો ગયા વર્ષમાં નવી પદ્ધતિ ન હતી છતાં અછત હતી, તકલીફ હતી. બીજું કે હા ભાઈ આ ખેડૂતનું જ છે. નવી પદ્ધતિ કોઈ મંડળીની નથી. નવી પદ્ધતિનો અર્થ એ છે કે ખરીફ પાક આઠ દિવસની અંદર.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો પ્લીઝ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, એ જ કહું છું. આઠ દિવસમાં સમગ્ર ગુજરાતમાં વાવેતર કરવાનું હોય છે એટલે એક સાથે રૅન્ક ન આવે, ટ્રાન્સપૉર્ટથી ખાતર ન આવે એટલે જે જરૂરિયાતવાળા નાના ખેડૂતો છે તેમને મળતું નથી માટે તાલુકા સંઘ દરેક જિલ્લામાં તાલુકા સંઘ છે તેમાં તાલુકો મોટો હોય તો ચાર સૅન્ટર અને નાનો તાલુકો હોય તો બે સૅન્ટર, ત્રણ સૅન્ટર રાખ્યા છે જેથી કોઈપણ ગામની મંડળીવાળા ખાતરથી બાકાત ન રહે. આ મંડળીની વાત નથી સંઘની વાત છે. આઠ દિવસમાં ટ્રાન્સપૉર્ટ ન મળવાને કારણે અને ટ્રાન્સપૉર્ટની વ્યવસ્થા ગુજરાત સરકારે નહીં કરવાને કારણે ખાતર મંડળીઓને મળતું ન હતુ એટલે સ્ટૉક હશે તો ફરજિયાત જરૂરિયાતવાળા લઈ જશે. જે મંડળીઓને જરૂર હશે તે મોટા ગોડાઉનમાંથી લઈ જશે. ગોડાઉનનમાં સ્ટૉક છે. તાલુકા સંઘે સ્ટોર કરવાનો છે. સ્ટોર એટલા માટે કે રેન્ક અને ટ્રાન્સપૉર્ટ પહોંચી શકતા નથી એટલે તકલીફ થતી હતી આના માટે આ ઉભું થયું છે. મને લાગે છે કે આ મંડળીઓ માટે સારું છે. આખું અવળે રસ્તે લઈ જાઓ છો. મંડળીએ સ્ટૉક નથી કરવાનો તાલુકા સંઘે કરવાનો છે. તાલુકા સંઘના ગોડાઉનો છે. તમામ તાલુકા સંઘમાં ગોડાઉનો ઉપલબ્ધ છે. સ્ટોર હશે તો સમયસર જ્યારે જોઈએ ત્યારે બીફોર ખાતર ખેડૂતોને મળી શકશે આ વાત સાચી ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું નવી પદ્ધતિ ફરીવાર આ ગૃહને જણાવું છું. એક જિલ્લામાં ભૂતકાળમાં ૫૦ થી ૬૦ કેંદ્રો હતા. જી.એસ.એફ.સી., જી.એન.એફ.સી., ઈફકો, ક્રિભકો વગેરે તે ૫૦-૬૦ મંડળી ઉપર ડાયરેકટ ટ્રક પહોંચાડતા હતા તેના બદલે હવે જિલ્લામાં ત્રણ ગોડાઉન, ત્રણ મથક ઉપર જશે અને ત્યાં ખાલી થશે અને ત્યાંથી જે મંડળીમાં લઈ જવામાં આવશે. એટલે સીધુ જી.એસ.એફ.સી., જી.એન.એફ.સી., ઈફકો, ક્રિભકો સીધું ગામડાઓમાં મંડળીઓમાં ટ્રક પહોંચાડતા હતા તેના બદલે જિલ્લામાં ત્રણ સ્થાનો અને આંકડો બોલું તો પહેલાં દસ હજારથી વધારે વિતરણ સ્થાનો હતા તેના બદલે હવે ૫૫૦ થાય છે. તેનો સીધો હિસાબ કે ૫૫૦ કયાં અને દસ હજાર કયાં. દસ હજાર હોય તો કેવી વ્યવસ્થા થાય અને ૫૫૦ થાય તો કેવી અવ્યવસ્થા ઉભી થાય તેનો કેંદ્ર સરકારનો રાજય સરકાર પ્રત્યેનો મોટામાં મોટો અન્યાયનો પુરાવો છે.

**ડૉ. અતુલ કે.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મિત્રો વાત કરે છે કે આ સબસિડી ઓછી છે એ બધી, પણ ગયા વર્ષમાં ખેડૂતોને ખાતરની એટલી બધી શોર્ટેઝ પડી હતી કે એક એક કલાક સુધી એક થેલી ખાતર લેવા માટે ઊભા રહેવું પડતું હતું, તો મારે માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે, આ સાલ કેટલા ખાતરની વપરાશની ધારણા છે અને આ સાલ પણ કેન્દ્ર સરકારની અણઆવડતના લીધે ખાતરની શોર્ટેઝ થવાની સંભાવના છે કે કેમ ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, સારા વરસાદ અને ગુજરાતની જળ સંચય આ બધુ ધ્યાનમાં રાખીને રાજય સરકારે ખૂબ સમયસર આ રાજયને સાડા આઠ લાખ મેટ્રિકટન (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની ચિંતા સાચી છે કે આ સારું ચોમાસું અને જળસંચયને ધ્યાનમાં રાખીને રાજય સરકારે સમયસર કેન્દ્ર સરકારમાં આ સાલ સાડા આઠ લાખ મૅટ્રિક ટનની માગણી કરી છે.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારની આ ખાતર નિયમન અને વિતરણની જે જૂની પદ્ધતિ હતી એ પદ્ધતિમાં છે ફેરફાર કર્યો છે એના કારણે અગાઉ જે ખરીદ વેચાણ સંઘો મારફતે

મંડળીઓ સુધી આ ખાતર પહોંચતું હતું અને જેના કારણે જે મૂળ વાત હતી કે ખાતેદાર ખેડૂતોને ઝડપથી ટૂંકા અંતરથી ખાતર મળી જાય આ જે મૂળ ભાવનાથી વિતરણ વ્યવસ્થામાં સરળતા ઊભી કરી હતી, તેના કારણે ખેડૂતોને આર્થિક રીતે ફાયદો થતો હતો અને સમયનો પણ બચાવ થતો હતો અને આ નવી પદ્ધતિ દાખલ કરવાનો ભારત સરકારનો મૂળ ઉદ્દેશ શું હશે એ તો ભારત સરકાર જાણે પણ આ ગુજરાતના ખાતેદાર ખેડૂતોને ખાતર લાવવા માટે ખેડૂતોના ગજવામાંથી વધારાનું ધન જવાનું છે તો એના માટે કોણ જવાબદાર? ગુજરાતના ખાતેદાર ખેડૂતોના ગજવામાંથી આ ખાતર લઈ આવવા માટે વધારાનો પૈસો જવાનો છે એના માટે ભારત સરકારની આ નીતિ જવાબદાર છે, તો અહીંયાં ભારત સરકારના જે વખાણ કરનારા મિત્રો છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું મારા પ્રશ્ન ઉપર છું, હું ખેડૂત પુત્ર છું એટલે મને વેદના થાય છે એટલે આ વધારાનું ધ્યાનમાં મૂકવું પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જૂની પદ્ધતિ હતી એ પ્રમાણે ખેડૂતોને ટૂંકા અંતરથી ખાતર મળી શકે એ માટે ભારત સરકારને રાજય સરકાર દ્વારા ભલામણ કરવામાં આવી છે કે કેમ? અને જો ભલામણ કરવામાં આવી હોય તો એનો અમલ ભારત સરકાર દ્વારા કેવો થયો છે અને ભારત સરકારને ફરીથી કોંગ્રેસના મિત્રો દ્વારા પણ વિનંતી થાય અને જૂની પદ્ધતિ પ્રમાણે એની અમલ વારી કરવામાં આવે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ જણાવ્યું કે આપણને જેવી નવી વ્યવસ્થાની ખબર પડી તા. ૧-૪-૦૭ પછીથી જે જે મીટિંગો થઈ એમાં આ નવી પદ્ધતિનો વિરોધ કર્યો છે. મારા લેવલથી પત્રો પણ મેં લખ્યા છે કૃષિ મંત્રીશ્રી અને ખાતર મંત્રીશ્રીને પત્રો લખ્યા છે અને વધારામાં, માનનીય સભ્યશ્રીની જે લાગણી છે એ લાગણીનો અમલ અમે કરી દીધો છે, ગુજરાતમાંથી ચૂંટાઈને ગયેલા તમામ લોકસભા અને રાજ્યસભાના જે સભ્યશ્રીઓ છે એમની જાણ માટે પણ મારા પત્રની નકલ અને આ પદ્ધતિથી રાજયના ખેડૂતોને પડનારી મુશ્કેલીઓ અંગેનું ચિત્ર રજૂ કરતો એક પત્ર મેં બધા સભ્યશ્રીઓને મોકલ્યો છે અને વિનંતી કરી છે કે તમે પણ કેન્દ્રમાં રજૂઆત કરીને રાજયના ખેડૂતોને મુશ્કેલી ન પડે એ હેતુથી તમે પણ મદદ કરો અને હું વિરોધપક્ષના નેતાશ્રી અને સામી પાટલી ઉપર બેઠેલા સૌ સભ્યશ્રીઓ પણ કહું છું કે, (અંતરાય) આ પ્રશ્ન કોંગ્રેસ કે ભાજપ પક્ષનો નથી, ખેડૂતોનો આ પ્રશ્ન છે ખેડૂતોના હામી બનવાનો જ્યારે તમે • (xxxxxx) કરો છો ત્યારે એવા સમયે......

**અધ્યક્ષશ્રી** : આ શબ્દોને હું દૂર કરું છું.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ખેતીના આર્થિક રીતે વિકાસની દૃષ્ટિએ જોઈએ તો આ અતિમહત્વનો પ્રશ્ન છે. ગુજરાતના આર્થિક અર્થતંત્રને અસર કરતો આ પ્રશ્ન છે, આમાં રાજકીય ઓબ્ઝર્વેશન કરવાને બદલે પોતાની જવાબદારી સેન્ટ્રલ ઉપર અને સેન્ટ્રલ આમ કરે છે આવું કરવાને બદલે મારું પોતાનું માનવું છે અને માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ દેશનો વિકાસ દર ૯.૪ ટકા હોય ખેતીનો માત્ર ૪ ટકા હોય ત્યારે ભારત સરકાર પણ ગંભીરતાથી વિચારે છે કે દેશનું આર્થિક તંત્ર કેમ આગળ વધે. ત્યારે આ નવી નીતિને તો ફક્ત બે મહિના થયા છે પણ ગયા વર્ષે અતિવૃષ્ટિને લીધે સુરત અને દક્ષિણ ગુજરાતમાં પાણી ભરાવાથી આપણા ખાતરના કારખાનામાં ઉત્પાદન ન થયું જે જેથી સ્વદેશી જે પ્રોડકશનનો જથ્થો ગુજરાતને મળવો જોઈએ એ ન મળી શક્યો અને એ ન મળ્યો એટલો વધારાનો જથ્થો માગવામાં ગુજરાત સરકાર નિષ્ફળ ગઈ એના લીધે ઓછો જથ્થો મળ્યો તો એના માટે સરકારે શું કર્યું હતું? (અંતરાય)

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કૃષિ વિકાસ દરની વાત કરી છે ત્યારે મારે કહેવું છે કે આ દેશનો કૃષિ વિકાસ દર દોઢ ટકા છે. આગામી પંચવર્ષીય યોજના દરમ્યાન આ કૃષિ વિકાસ દર ૪ ટકા સુધી લઈ જવા માટે કેંદ્ર સરકાર મથામણ કરી રહી છે. કૃષિ વિકાસ દર ૪ ટકા તો જ થાય જો દેશનો આર્થિક વિકાસ દર ૮-૯ ટકા થાય. જ્યારે દેશનો કૃષિ વિકાસ દર દોઢ ટકા છે ત્યારે આ રાજયનો કૃષિ વિકાસ દર ૧૨.૩૬ ટકા છે.

## રાજયમાં ઉદ્યોગોના વિકાસ માટે મુખ્યમંત્રીશ્રીની સ્વિટઝરલેન્ડની મુલાકાત

**ટૂં.મુ.૩૦૦ શ્રી બલવંતસિંહ રાજપૂત ( સિધ્ધપુર ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તાજેતરમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ અનેક ઉદ્યોગપતિઓ સાથે રાજયમાં ઉદ્યોગોના વિકાસ માટે સ્વિટ્ઝરલેન્ડની મુલાકાત લીધેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સ્વિટ્ઝરલેન્ડ તરફથી રાજયમાં કયા કયા પ્રકારના ઉદ્યોગો સ્થાપવા ચર્ચા થઈ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) :**

માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્વીસ ઇન્ડિયન ચેમ્બર ઑફ કૉમર્સ , જેમાં સ્વિટ્ઝરલેન્ડ અને ભારતની અગ્રગણ્ય કંપનીઓ સભ્ય તરીકે છે, ના આમંત્રણને માન આપીને જુલાઈ, ૧થી ૩, ૨૦૦૭ દરમ્યાન સ્વિટ્ઝરલેન્ડની મુલાકાત લીધી. સ્વિટ્ઝરલેન્ડ ખાતે ૫૫ કલાકના પ્રવાસ દરમ્યાન ૩૭ કલાકમાં ૧૭ બહુપક્ષીય

---

• (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રી આદેશનુસાર આ શબ્દ કાર્યવાહીમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અને દ્વિપક્ષીય બેઠક યોજાય હતી અને દરેક મીટિંગમાં ગુજરાતના ડેલિગેશનના સભ્યો પણ હાજર રહ્યા હતા. ચેમ્બર ઑફ કૉમર્સ દ્વારા યોજાયેલ સમારંભમાં ઊર્જા, ફાર્મસી, બાયો ટૅક્નૉલૉજી, ઇજનેરી, કન્સ્ટ્રકશન, બૅંકીંગ, કાયદાકીય, ક્ષેત્રની સ્વિટ્રઝરલેન્ડની ટોચની કંપનીઓએ ભાગ લીધો અને ગુજરાતની આર્થિક પ્રગતિમાં ભાગ લેવા ઊંડો રસ દાખવ્યો પ્રવાસ દરમ્યાન ડેલિગેશને બાયોટેકનોલોજી અને ફાર્માસ્યુટીકલ કંપનીઓ સાથે ગુજરાતના રોકાણ અંગે ચર્ચા કરી અને વેંચ્યોર ફંડોની પરિષદ યોજવામાં આવી જ્યાં સ્વિટ્રઝરલેન્ડ વેંચ્યોર ફંડોએ ગુજરાતમાં નવા ફંડ કરવા તેમજ હાલની કંપનીઓ સાથે ભાગીદારી કરવા રસ પ્રદર્શિત કર્યો. ગુજરાતમાં સ્થપાનાર ગુજરાત ઇન્ટરનૅશનલ ફાઈનાન્સીયલ ટેક સીટી (ગીફ્ટ) અંગેના પ્રોજેક્ટ બાબતે સ્વીસ બૅંકીંગ અને નાણાક્ષેત્રના પ્રતિનિધિઓએ ઊંડો રસ લીધો નેસ્લેના મુખ્ય મથકની મુલાકાત દરમ્યાન તેમની મેનેજમેન્ટના ટોચના પ્રતિનિધિઓએ પ્રોટિન યુક્ત ભાલિયા ઘઉં, ઇસબગૂલ આધારિત ઉત્પાદનોને પોતાના પ્રોડકટ લાઈનમાં સામેલ કરવામાં રસ પ્રદર્શિત કર્યો. ટૂંક સમયમાં નેસ્લે આ બાબતમાં પ્રોડકટ રીસર્ચ ચાલુ કરવાની કામગીરી હાથ ઉપર લેશે.

આ પ્રવાસ દરમ્યાન માનનીય મુખ્યમંત્રીશ્રીએ યુનાઈટેડ નેશન્સ કૉન્ફરન્સ ઑન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (યુએનસીટીએડી)ની મુલાકાત લીધી અને તેમના સેક્રેટરી જનરલ સાથે ફળદાયી ચર્ચા કરી. એમના દ્વારા ગુજરાતના પ્રવાસન ઉદ્યોગના વિકાસ, લઘુ, મધ્યમ ઉદ્યોગોને સક્ષમ કરવા અને વિદેશી રોકાણ વધારવામાં મદદ કરવાની સંમતિ દર્શાવવામાં આવી. અને ભવિષ્યમાં ઈન્વેસ્ટમેન્ટ સમીટને ભાગીદાર બનાવવામાં પણ રસ વ્યકત કર્યો.

વર્લ્ડ ઈકોનૉમિક ફોરમ, જે વિશ્વમાં ઉદ્યોગો, સરકારો અને સમાજના અગ્રગણ્ય સભ્યો વચ્ચે સંવાદનું સૌથી મોટું પ્લેટફોર્મ છે ની મુલાકાત દરમ્યાન તેમના અધ્યક્ષશ્રી સ્વાબએ ગુજરાતના સર્વગ્રાહી વિકાસની વિશેષ સરાહના કરી અને સપ્ટેંબર ૨૦૦૭ માં આ ફોરમની ચીન ખાતે યોજાનાર પરિષદમાં ભાગ લેવા માનનીય મુખ્યમંત્રીશ્રીને ખાસ આમંત્રણ આપ્યું.

પ્રતિનિધિ મંડળે ઇન્ટરનૅશનલ રોડ ફૅડરેશન (આઈ.આર.એફ.) ની વરિષ્ટ ટીમ સાથે ફળદાયી સંવાદ કર્યો. લોક ભાગીદારી માર્ગ સુરક્ષા, ગ્રામ્ય રસ્તાઓનો ચીર-સ્થાયી વિકાસ વગેરે મુદ્દા આ વાર્તાલાપમાં પ્રમુખ રહ્યા. આઈ.આર.એફ.ના અધ્યક્ષે ઓકટોબરમાં ગુજરાતની મુલાકાત લેવાનું મુખ્યમંત્રીશ્રીનું આમંત્રણ સ્વીકાર્યું તથા એક વિધિવત સમજૂતી-પત્ર (એમ.ઓ.યુ.) દ્વારા ઉપરોકત ક્ષેત્રે સહકાર વધુ સુદ્રઢ કરવાનો પણ નિર્ણય લીધો.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ યુરોપના અનેક દેશોમાંથી આવેલ ગુજરાતીઓના સમાજના સભ્યોની એક સભાને સંબોધન કર્યું અને તેમને ગુજરાતના સર્વગ્રાહી વિકાસની વિગતો આપી.

માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આ ત્રિ-દિવસીય મિશન સ્વિટ્રઝરલેન્ડના ઉદ્યોગ સમુદાય, રોકાણકારોમાં, સંયુક્ત રાષ્ટ્રની સંસ્થાઓમાં તેમજ વર્લ્ડ ઈકોનૉમિક ફોરમમાં ગુજરાત વિશેની માહિતી પૂરી પાડવાના પોતાના નિર્ધારિત ઉદેશમાં ખૂબ સફળ રહ્યું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વિટ્રઝરલેન્ડના પ્રવાસે ગયેલા ત્યારે કયા કયા સેકટરમાં કેટલી કંપનીઓ સાથે ચર્ચા કરી, અને આ કંપનીઓ પૈકી કેટલી કંપનીઓએ ગુજરાતમાં મૂડી રોકાણ કરવાની ઈચ્છા દર્શાવી, અને ક્યારે કઈ કઈ બાબત માટે કેટલા એમાંથી એના પછીના સમયમાં એમ.ઓ.યુ. થયા? ગુજરાત સરકાર આ કંપનીઓને શું શું મોટી મોટી રાહતો આપવાની છે? એ બાબત માનનીય મંત્રીશ્રી જણાવે.

**શ્રી અનિલકુમાર ત્રિ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દેશના વિકાસ માટે ગુજરાતના વિકાસની વાતને લઈને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જયારે સ્વિટ્રઝરલેન્ડની મુલાકાત લીધી એ આજે ભારતમાં વિશ્વભરની કંપનીઓ જ્યારે પોતાના ઉદ્યોગો સ્થાપવા માટે આવી રહી છે ત્યારે આ કંપનીઓ ગુજરાતનું પણ દર્શન કરે એવા શુભ આશયથી માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વીસ ઇન્ડિયા ચેમ્બર ઑફ કૉમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ કે જે વિશ્વભરનું એક શકિતશાળી નોન પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન છે કે જે આવા મૂડી રોકાણોનું ફેસીલીટેડ કરવા માટેનું જે કામ કરે છે એમના દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીને ગેસ્ટ ઓફ ઓનર્સ તરીકેની ડિનર મીટિંગ માટે નિમંત્રણ આપીને ગુજરાતના વિકાસ માટે અને ગુજરાતની જે વિકાસ ગાથા છે એને સમજવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું અને માનનીય મુખ્યમંત્રીશ્રી, રાજયના ઊંચ અધિકારીઓ અને રાજયના ઉચ્ચ ઉદ્યોગપતિઓ સાથે આ મુલાકાતનું જે આયોજન થયેલું એમાં ગુજરાતી સમાજ જે યુરોપના જુદા જુદા દેશોમાં પ્રસરેલો છે જર્મન, બેલ્ઝીયમ, યુ.કે. સ્વિટ્રઝરલેન્ડ એ સમાજે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીને હોસ્ટ કરી ડિનરનું આયોજન કરેલું અને ગુજરાતના વિકાસની જે વાત છે એને સમજવાનો અને ગુજરાતનો જે આર્થિક અને ઔદ્યોગિક વિકાસ વિશ્વના સૌથી ઝડપથી વિકાસતા વિસ્તારમાંનું એક ગુજરાત છે અને દેશનો જે ૮ થી ૯ ટકા વચ્ચેનો વિકાસ દર છે એના ગ્રોથ એંજિન તરીકે જ્યારે ગુજરાત આજે ડબલ ડીઝીટના વિકાસ દરથી આગળ વધી રહ્યું છે ત્યારે વિશ્વભરના ઉદ્યોગો અને ઈન્વેસ્ટમેન્ટ મૂડી રોકાણકારો સાથે ગુજરાતના વિકાસની વાતચીત કરવા માટનો આ કાર્યક્રમ હતો એના પરિણામ સ્વરૂપ એન્જિનિયરીંગ, ફુડ પ્રોસેસીંગ વગેરેમાં ચર્ચા થઈ હતી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે અને હું પહેલી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

## અતારાંકિત પ્રશ્ન

**(ટૂંકી મુદતના પ્રશ્નમાંથી ફેરવવામાં આવેલ)**

**ઉમરગામ તાલુકામાં ભારે પવન અને વરસાદના કારણે સહાયથી વંચિત અસરગ્રસ્તો**

**ટૂં.મુ. ક્રમાંક:-૨૩૧ શ્રી શંકરભાઈ વારલી (ઉમરગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

(૧) તાજેતરમાં વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ભારે પવન અને વરસાદથી ૧૫ જેટલા ગામોમાં મકાનોને ભારે તારાજી થઈ છે, તે અન્વયે અસરગ્રસ્તોને તા.૧૦-૭-૨૦૦૭ સુધીમાં કોઈ સહાય ચૂકવાઈ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આવી સહાય કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) અને (૨) વલસાડ જિલ્લામાં વરસાદના કારણે અસર પામેલ ગામોમાં અસરગ્રસ્તોને નિયમ અનુસાર સહાય ચૂકવવામાં આવી છે. અને એક કિસ્સામાં મૃત્યુ સહાય ચુકવવામાં આવી છે. સરકાર ધ્વારા તમામ અસરગ્રસ્તોને ધોરણસરની સહાય ચુકવવાની કાર્યવાહી ચાલુ છે.

## અતારાંકિત પ્રશ્નો

## (પહેલી અતારાંકિત યાદી)

### કર્મયોગીની તાલીમ આપતી સંસ્થાઓ

અતારાંક્તિ : ૮૦૯૮ (૬-૬-૦૭) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે-

(૧) કર્મયોગી માટેની તાલીમ રાજ્યના કર્મચારીઓને કઇ કઇ સંસ્થા/એજન્સી દ્વારા આપવામાં આવે છે,

(૨) સરકારે કઇ પધ્ધતિથી આ એજન્સી/સંસ્થાને તાલીમ માટે મંજૂર રાખેલ છે, અને

(૩) એપ્રિલ-૦૭ ની સ્થિતિએ વર્ષવાર છેલ્લા ચાર વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૭-૭-૦૭) :

(૧) આઇ.એલ. એન્ડ એફ.એસ. એજ્યુકેશન એન્ડ ટેક્નોલોજી લિમિટેડ, અમદાવાદ દ્વારા કર્મયોગી માટેની તાલીમ રાજ્યના કર્મચારીઓને આપવામાં આવતી હતી. તા.૩૦-૬-૦૬ ના રોજ આ તાલીમ પૂરી થયેલ છે.

(૨) રાજ્ય સરકારના તમામ અધિકારીઓ/કર્મચારીઓમાં હકારત્મક અભિગમ તેમજ મૂલ્ય સભાનતા અને આધુનિકરણ લાવવાના હેતુથી આ સંસ્થાને તાલીમ માટે ખાસ કિસ્સામાં મંજૂર રાખેલ છે.

(૩) એપ્રિલ-૦૭ ની સ્થિતિએ વર્ષવાર છેલ્લાં ચાર વર્ષમાં નીચેની વિગતે રૂા.૪,૬૩,૦૬,૯૬૦ નો કુલ ખર્ચ થયેલ છે.

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ (રૂા. |
|---|---|---|
| ૧ | ૨૦૦૩-૦૪ | ૮,૩૫,૭૫૦ |
| ૨ | ૨૦૦૪-૦૫ | ૨,૯૭,૪૭,૨૫૦ |
| ૩ | ૨૦૦૫-૦૬ | ૧,૧૯,૯૯,૭૯૦ |
| ૪ | ૨૦૦૬-૦૭ | ૩૭,૨૪,૧૭૦ |
| | કુલ થયેલ ખર્ચ | ૪,૬૩,૦૬,૯૬૦ |

--------------

## સહકાર વિભાગમાં સહકારી મંડળીઓની અપીલોનો નિકાલ

અતારાંક્તિ : ૭૩૬૪ (૯-૮-૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૭-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સહકાર વિભાગમાં સહકારી મંડળીઓ અંગેની અપીલો વર્ષવાર કેટ કેટલી મળી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અપીલોનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) તા.૩૧-૭-૦૬ ની સ્થિતિએ કેટલી અપીલો કેટલા સમયથી પડતરમાં છે ?

**સહકાર મંત્રીશ્રી** (૧૭-૪-૦૭) :

(૧) દાખલ થયેલ અપીલો કુલ

| | | |
|---|---|---|
| ૧-૮-૦૪ થી | ૩૧-૭-૦૫ | ૨૮૧ |
| ૧-૮-૦૫ થી ૩૧-૭-૦૬ | ૧૪૪ | |
| | ૪૨૫ | |

(૨) નિકાલ કરેલ અપીલો કુલ

| | | |
|---|---|---|
| ૧-૮-૦૪ થી | ૩૧-૭-૦૫ | ૨૩૮ |
| ૧-૮-૦૫ થી ૩૧-૭-૦૬ | ૬૦ | |
| | ૨૯૮ | |

(૩) પડતર અપીલો કુલ

| | |
|---|---|
| ૧-૮-૦૪ થી ૩૧-૭-૦૫ | ૪૩ |
| ૧-૮-૦૫ થી ૩૧-૭-૦૬ | ૮૪ |
| | ૧૨૭ |

---------------

## રાજ્યમાં નોંધાયેલી સહકારી મંડળીઓ

અતારાંક્તિ : ૭૯૧૧ (૨૬-૨-૨૦૦૭) **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં તા.૩૧ જાન્યુઆરી, ૨૦૦૭ અંતિત જિલ્લાવાર કુલ કેટલી વિવિધ સહકારી મંડળીઓ નોંધાયેલ છે,

(૨) તે પૈકી કેટલી કાર્યરત છે, અને

(૩) કેટલી બંધ હાલતમાં અથવા ફડચામાં ગયેલી છે ?

**સહકાર મંત્રીશ્રી** (૨-૪-૦૭) :

(૧) રાજ્યમાં તા.૩૧ જાન્યુઆરી, ૨૦૦૭ અંતિત આ સાથેના પત્રક મુજબ જિલ્લાવાર મળીને કુલ ૬૩૭૦૯ સહકારી મંડળીઓ નોંધાયેલ છે.

(૨) તે પૈકી ૫૪૬૮૮ મંડળીઓ કાર્યરત છે.

(૩) ૪૬૨૬ મંડળીઓ બંધ હાલતમાં છે, અને ૪૩૯૫ મંડળીઓ ફડચામાં ગયેલી છે.

| અ.નં. | જિલ્લાનું નામ | ૩૧-૧-૦૭ની અંતિત જિલ્લા સહકારી મંડળીઓ | તે પૈકી કાર્યરત સહકારી મંડળીઓ | તે પૈકી સહકારી મંડળીઓ બંધ હાલતમાં ફડચામાં | |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ (શહેર) | ૬૨૨૫ | ૬૦૫૭ | ૫૪ | ૧૧૪ |
| ૨ | અમદાવાદ (ગ્રામ્ય) | ૩૬૨૧ | ૩૫૩૩ | - | ૮૮ |
| ૩ | ગાંધીનગર | ૨૧૭૮ | ૨૧૪૭ | - | ૩૧ |
| ૪ | મહેસાણા | ૨૨૦૨ | ૨૦૩૦ | ૬૨ | ૧૧૦ |
| ૫ | પાટણ | ૧૪૬૩ | ૧૩૨૫ | ૮૧ | ૫૭ |
| ૬ | બનાસકાંઠા | ૩૭૨૭ | ૩૪૭૪ | ૧૩૮ | ૧૧૫ |
| ૭ | સાબરકાંઠા | ૨૯૫૧ | ૨૭૫૪ | ૮૨ | ૧૧૫ |
| ૮ | વડોદરા | ૫૬૩૭ | ૫૨૮૦ | ૧૪૨ | ૨૧૫ |
| ૯ | નડીયાદ | ૧૯૭૪ | ૧૮૪૬ | - | ૧૨૮ |
| ૧૦ | ભરુચ | ૨૪૧૫ | ૧૯૮૭ | ૧૩૪ | ૨૯૪ |
| ૧૧ | સુરત | ૪૧૯૨ | ૩૬૪૯ | ૪૦૯ | ૧૩૪ |
| ૧૨ | વલસાડ | ૧૮૫૫ | ૧૭૭૩ | ૧૮ | ૬૪ |
| ૬૪ | લીફ્ટ મેન/વાયરમેન | ૦૦ | ૦૧ | ૦૦ |
| | કુલ :- | ૭૦૧ | ૭૬૨ | ૧૨૪૪ |

## ગ્રામિણ વિકાસના કાર્યક્રમો માટે ફાળવેલ રકમ

અતારાંક્તિ : ૭૯૫૬ (૨૨-૩-૦૭) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ૩૧, જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ વિકાસના કાર્યક્રમો માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી હતી, કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું હતું, અને

(૨) સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના હેઠળ જિલ્લાવાર કેટલા ગામોને આવરી લઈને કેટલી માનવ દિન રોજગારી ઉભી કરવાના લક્ષ્યાંકો રાખવામાં આવ્યા હતા, કેટલા ખર્ચ,

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા)(૧૭-૪-૨૦૦૭) :

(૧) રૂા. ૧૩,૯૩૫.૭૪ લાખની ફાળવણી કરવામાં આવી અને

(૨) કુલ : ૧૨,૩૭૧ ગામોને આવરી લઈને કુલ : ૧૩૭.૦૯ લાખ માનવદિન રોજગારી ઉભી કરવાના લક્ષ્યાંકો રાખવામાં આવેલ હતા તે માટે રૂા. ૧૧,૫૩૪.૭૮ લાખની જોગવાઈ છે.

---------------

## રાજ્યમાં ઇન્દિરા આવાસના મકાનો માટે ગ્રાન્ટની ફાળવણી

અતારાંક્તિ ૭૯૫૮ (૨૨-૩-૦૭) **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) :માનનીય ગામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ડિસેમ્બર-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલા ઇન્દિરા આવાસના મકાનો મંજૂર કર્યા,

(૨) કેટલી ગ્રાન્ટની ફાળવણી કરી,

(૩) ખેડા, આણંદ અને અમદાવાદ જિલ્લામાં કેટલા આવાસો બનાવ્યા,

(૪) કેટલી ગ્રાન્ટ વપરાઇ,

(૫) કેટલા કેસ પડતર છે, અને

(૬) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૧૭-૪-૦૭) :

(૧) ડિસેમ્બર-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર નીચે મુજબના ઇન્દિરા આવાસના મકાનો મંજૂર કર્યા.

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૦૫-૦૬ના વર્ષમાં મંજુર કરેલ આવાસ | ૨૦૦૬-૦૭ના વર્ષમાં (ડિસે. ૦૬ અંતિત) મંજુર કરેલ આવાસો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૧૪૨૮ | ૧૩૫૪ |
| ૨ | અમરેલી | ૨૭૯૮ | ૧૯૬૦ |

| | | | |
|---|---|---|---|
| ૩ | આણંદ | ૩૦૩૯ | ૧૭૭૨ |
| ૪ | બનાસકાંઠા | ૪૪૩૯ | ૨૯૬૫ |
| ૫ | ભરૂચ | ૨૬૮૩ | ૨૫૦૪ |
| ૬ | ભાવનગર | ૩૪૧૧ | ૨૪૧૭ |
| ૭ | દાહોદ | ૪૨૧૪ | ૩૨૯૩ |
| ૮ | ડાંગ | ૬૮૫ | ૭૧૧ |
| ૯ | ગાંધીનગર | ૯૪૯ | ૩૪૬ |
| ૧૦ | જામનગર | ૨૧૬૦ | ૧૩૧૭ |
| ૧૧ | જુનાગઢ | ૩૫૪૧ | ૩૪૧ |
| ૧૨ | કચ્છ | ૧૦૦૩ | ૮૬૦ |
| ૧૩ | ખેડા | ૩૨૩૬ | ૩૦૬૧ |
| ૧૪ | મહેસાણા | ૨૦૨૧ | ૧૬૧૩ |
| ૧૫ | નર્મદા | ૨૦૯૩ | ૧૭૩૦ |
| ૧૬ | નવસારી | ૨૮૯૪ | ૨૯૦૯ |
| ૧૭ | પંચમહાલ | ૩૭૮૫ | ૩૯૩૭ |
| ૧૮ | પાટણ | ૧૦૯૦ | ૧૨૧૨ |
| ૧૯ | પોરબંદર | ૩૮૮ | ૩૪૩ |
| ૨૦ | રાજકોટ | ૩૫૫૫ | ૨૦૨૮ |
| ૨૧ | સાબરકાંઠા | ૩૨૨૪ | ૨૫૦૬ |
| ૨૨ | સુરત | ૮૦૪૨ | ૫૫૧૯ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૨૨૮ | ૫૮૭ |
| ૨૪ | વડોદરા | ૮૩૭૦ | ૫૨૨૮ |
| ૨૫ | વલસાડ | ૪૩૯૯ | ૨૫૪૨ |
| | **કુલ ...** | **૭૫૬૭૫** | **૫૩૦૫૫** |

(૨) ડિસેમ્બર-૦૬ની સ્થિતિએ વર્ષ ૨૦૦૫-૦૬માં રૂા. ૧૮૪૯૦.૬૨ લાખ અને સને ૨૦૦૬-૦૭માં ૧૧૭૬૫.૩૩ લાખની ફાળવણી કરી.

(૩) નીચે મુજબના આવાસો બનાવ્યા.

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૦૫-૦૬માં આવાસો બનાવ્યા | ૨૦૦૬-૦૭માં (ડિસે. ૦૬ અંતિત) આવાસો બનાવ્યા |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | ખેડા | ૨૭૧૯ | ૨૪૪૨ |
| ૨ | આણંદ | ૨૭૩૫ | ૬૯૭ |
| ૩ | અમદાવાદ | ૧૪૧૦ | ૨૫૧ |
| | **કુલ : ...** | **૬૮૬૪** | **૩૩૯૦** |

(૪)

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૦૫-૦૬ના વર્ષમાં કુલ ગ્રાન્ટ વપરાઇ (રૂા. લાખમાં) | ૨૦૦૬-૦૭ના વર્ષમાં કુલ ગ્રાન્ટ વપરાઇ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | અમદાવાદ | ૪૨૮.૮૮ | ૨૪૫.૧૮ |
| ૨ | આણંદ | ૬૧૯.૦૨ | ૨૬૨.૧૩ |
| ૩ | ખેડા | ૮૦૨.૦૦ | ૬૧૯.૭૬ |
| | **કુલ : ...** | **૧૮૪૯.૯૦** | **૧૧૨૭.૦૭** |

(૫) સને ૨૦૦૫-૦૬ના કુલ : ૮૩૯ આવાસોનું કામ પ્રગતિ હેઠળ છે. તેમજ સને ૨૦૦૬-૦૭ના કુલ ૨૭૯૭ આવાસોનું કામ પ્રગતિ હેઠળ છે.

(૬) ઇન્દિરા આવાસની માર્ગદર્શિકા મુજબ આવાસો બાંધકામની કામગીરી લાભાર્થીઓ મારફતે કરવામાં આવતી હોઇ કામો પ્રગતિમાં છે અને તે બનતી ત્વરાએ કામો પૂર્ણ કરાવવાની કાર્યવાહી ચાલુ છે.

---------------

## રાજ્યમાં મીકેનીકલ તથા નોન મીકેનીકલ ટોલર્સ દ્વારા ફીશીંગ

અતારાંકિત ૮૦૮૫ (૧-૦૬-૦૭) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ (એલીસબ્રીજ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં મીકેનીકલ તથા નોન-મીકેનીકલ ટ્રોલર્સ દ્વારા થતાં ફીશીંગ દરમ્યાન ૨૦૦૬ ના ૧ વર્ષમાં કેટલા અને ક્યાં ક્યાં દરિયાઇ કાચબા જાળમાં ફસાઇને મૃત્યુ પામે છે,

(૨) ટ્રોલર્સના ફીશીંગથી રક્ષિત દરિયાઇ કાચબા ઝડપથી મોટી સંખ્યામાં નાશ પામી રહ્યા છે તે હકીકત સાચી છે, અને

(૩) આ દરિયાઇ કાચબાઓને રક્ષણ પૂરું પાડવા તથા બચાવી લેવા શું આયોજન છે ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (૬-૭-૦૭) :

(૧) કોઇ દરિયાઇ કાચબા જાળમાં ફસાઇને મૃત્યુ પામેલ નથી.

(૨) ના, જી.

(૩) વન્ય પ્રાણી અધિનિયમ-૧૯૭૨ તળે કાચબાને આરક્ષીત જાહેર કરેલ હોય તેમના રક્ષણ અને બચાવની કામગીરી વનખાતા દ્વારા થાય છે.

---------------

## ઝીંગા ઉછેર માટેની જમીનની માંગણી

અતારાંકિત ૭૯૧૮ (૨૮-૨-૦૭) **શ્રી પરસોત્તમભાઈ ભોજાણી(જોડીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ઝીંગા ઉછેર માટેની જમીન માંગણીની કેટલી દરખાસ્તોનો સન ૨૦૦૬માં નિકાલ કરવામાં આવ્યો છે,

(૨) જો, ના તો તેના કારણો શાં છે,

(૩) હાલ કેટલી દરખાસ્તો સરકારી કક્ષાએ પડતર છે, અને

(૪) ક્યાં સુધીમાં પડતર દરખાસ્તોનો નિકાલ કરવા ધારો છો ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૪-૬-૦૭) :

(૧) ૩૩૧

(૨) ૪૧ અરજીઓનો નિકાલ વહીવટી કારણોસર થયેલ નથી.

(૩) ૧૧

(૪) ચકાસણી પૂરી થયેથી નિકાલ કરવામાં આવશે.

---------------

## અમદાવાદ જિલ્લામાં સહકારી મંડળીઓને લેન્ડ કમિટી દ્વારા જમીનની ફાળવણી

અતારાંકિત ૭૯૪૫ (૧૩-૩-૦૭) **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ જિલ્લામાં કુલ કેટલી સહકારી મંડળીઓને લેન્ડ કમિટી દ્વારા તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલી જમીન ફાળવી છે,

(૨) સહકારી મંડળીઓને ફાળવેલ જમીન પૈકી કેટલી સંસ્થાઓએ જમીન વેચી દીધેલ છે, અને

(૩) આવી જમીન વેચી દીધેલ સહકારી મંડળીઓ કે સંસ્થા સામે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૩-૪-૦૭) :

(૧) કુલ ૧૧૭ મંડળીઓને હે. ૩૪૬૯-૯૪-૬૩ ચો.મી. જમીન ફાળવી છે.

(૨) એક સંસ્થાએ

(૩) વેચાણ વહેવારો રદ કરી શરતભંગ અંગેની નોટીસ પાઠવવામાં આવેલ છે.

---------------

## અતિવૃષ્ટિ દરમ્યાન નુકશાન પામેલ રસ્તા, પુલ, નાળાના મરામત કામ

અતારાંક્તિ ૭૯૦૧ (૫-૨-૦૭) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ની અતિવૃષ્ટિ દરમ્યાન નુકશાન પામેલ રાજ્ય રસ્તાઓ, નાળા-પુલોના મરામત કામ માટે સરકારે શું આયોજન કર્યુ, અને

(૨) કેટલા રસ્તા, પુલ અને નાળાના મરામત કામગીરી કરી ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૫-૭-૦૭) :

(૧) વર્ષ ૨૦૦૬ની અતિવૃષ્ટિ દરમ્યાન નુકશાન પામેલ રાજ્ય રસ્તાઓ, નાળા, પુલોની તાત્કાલીક મરામત કામગીરી હાથ ધરી વાહન વ્યવહાર યોગ્ય બનાવેલ.

(૨) તા. ૩૧-૩-૦૭ અંતિત ૮૪૫ રસ્તા અને ૪૮૧ નાળા/પુલોની મરામત કામગીરી કરી.

## રાજ્યના માર્ગોને અતિવૃષ્ટિમાં થયેલ નુકસાન

અતારાંક્તિ ૭૯૦૩ (૧૦-૨-૦૭) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ૨૦૦૬ના વર્ષની અતિવૃષ્ટિમાં રાજ્યના કુલ કેટલા સ્ટેટ હાઇવે અને નેશનલ હાઇવેને કુલ કેટલું નુક્સાન થયું છે, અને

(૨) આ કામોની મરામત માટે સરકારે કેટલો ખર્ચ કર્યો છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૫-૭-૦૭) :

(૧) ૮૧૨ રાજ્ય રસ્તા અને ૨૩ નેશનલ હાઇવેને રૂા. ૨૮૧૦૭.૬૯ લાખનું નુક્સાન થયેલ.

(૨) તા. ૩૧-૩-૦૭ અંતિત આ કામોની મરામત પાછળ રૂા. ૬૨૯૨.૨૧ લાખનો ખર્ચ થયેલ છે.

---------------

## સુરત શહેર અને જિલ્લામાં તાપી નદી અને કીમ નદીના પુરથી થયેલ નુક્સાન

અતારાંક્તિ ૭૯૦૪ (૧૮-૨-૦૭) **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત શહેર અને જિલ્લામાં સને ૨૦૦૬ માં તાપી નદી અને કીમ નદીમાં આવેલ પુરના કારણે કેટલા પુલો તથા રસ્તાને કેટલા રૂપિયાનું નુક્સાન થયેલ છે, અને

(૨) નુક્સાન થયેલ પુલ અને રસ્તાને રીપેર કરવામાં આવેલ છે કે કેમ ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૪-૪-૦૭) :

(૧) ૨૩ પુલો તથા ૩૮૨ રસ્તાઓને રૂા. ૩૮૩૮.૧૯ લાખની અંદાજી રકમનું નુક્સાન થયેલ છે.

(૨) હા, નુક્સાન પામેલ પુલો અને રસ્તાઓને તાત્કાલિક મરામતની કામગીરી કરી વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે.

---------------

**અતિવૃષ્ટિમાં નુક્સાન પામેલ શહેરા અને લુણાવાડા તાલુકાના રસ્તા, પુલ અને નાળાંના કામ**

અતારાંક્તિ ૭૯૨૦ (૨૮-૨-૦૭) **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વર્ષ ૨૦૦૫-૦૬માં અતિવૃષ્ટિ દરમ્યાન નુક્સાન પામેલ રાજ્ય રસ્તાઓનાં નાળાં પુલો, સ્ટક્ચર મરામત માટે અને પુર મરામત માટે સરકારે શું આયોજન ક્ર્યુ, અને

(૨) તે પેકી પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકાના કેટલા કામો મંજૂર કરી કામગીરી હાથ ધરી ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૪-૪-૦૭) :

(૧) વર્ષ ૨૦૦૬માં અતિવૃષ્ટિ દરમ્યાન નુક્સાન પામેલ રાજ્ય રસ્તા, નાળા, પુલોની તાત્કાલિક મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

(૨) તે પેકી પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ૪ કામો, તથા લુણાવાડા તાલુકાના ૪ કામોની કામગીરી પૂર્ણ કરેલ છે.

---------------

**વાઘોડિયા ચોકડીથી વાઘોડીયા ગામ સુધીનો રસ્તો સાંકડો હોવા બાબત**

અતારાંક્તિ ૮૦૬૮ (૮-૬-૦૭) **શ્રી બેચરભાઇ વિ. ભાદાણી (લાઠી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ વાઘોડીયા ચોકડીથી વાઘોડીયા ગામ સુધીનો રસ્તો ખૂબજ સાંકડો છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ રસ્તો સાંકડો હોવાથી વાહન વ્યવહારને ખુબજ અગવડ ઉભી થાય છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ રસ્તાને પહોળો કરવાનું સરકારનું શું આયોજન છે, અને

(૩) ક્યાં સુધીમાં આ રસ્તો પહોળો કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૭-૭-૦૭) :

(૧) (૨), (૩) અને (૪) આ રસ્તો ૭ મીટર પહોળો એટલે કે દ્વીમાર્ગીય હોઇ, ખુબ જ સાંકડો હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી પરંતુ વાહન વ્યવહારને ધ્યાને લઇ વધુ પહોળો કરવાનું આયોજન વિચારેલ છે જે અંગેની જરૂરી વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી કામ હાથ ધરવામાં આવશે.

---------------

**નવસારી જિલ્લામાં નિરાધાર વૃધ્ધોને સહાય**

અતારાંક્તિ ૪૭૨૪ (૩-૫-૦૬) **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નવસારી જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના હેઠળ કેટલી વ્યક્તિઓને સહાય આપવામાં આવી,

(૨) આ યોજનામાં રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ ક્યારે ફાળવવામાં આવી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૪-૭-૦૭) :

| (૧) | તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના હેઠળ નીચે મુજબની વ્યક્તિઓને સહાય આપવામાં આવી. | | |
|---|---|---|---|
| | **ક્રમ** | **તાલુકાનું નામ** | **વ્યક્તિઓની સંખ્યા** |
| | ૧. | નવસારી | ૧૦૫૪ |
| | ૨. | જલાલપોર | ૧૧૦૬ |
| | ૩. | ગણદેવી | ૧૦૬૦ |
| | ૪. | ચીખલી | ૮૦૫ |

| | | | |
|---|---|---|---|
| | ૫. | વાંસદા | ૩૨૯ |
| (૨) | આ યોજનામાં રાજ્ય સરકારે નીચે મુજબની ગ્રાન્ટની ફાળવણી કરેલ છે. | | |
| | **ક્રમ** | **માસ** | **ફાળવવામાં આવેલ ગ્રાન્ટની રકમ (રૂા. લાખમાં)** |
| | ૧. | જાન્યુ-૦૪ | ૨૦.૨૫ |
| | ૨. | ફેબ્રુ-૦૪ | ૩૧.૯૧ |
| | ૩. | માર્ચ-૦૪ | ૧.૫૦ |
| | ૪. | મે-૦૪ | ૧૬.૯૦ |
| | ૫. | જૂન-૦૪ | ૭.૦૦ |
| | ૬. | જુલાઇ-૦૪ | ૧૨.૫૦ |
| | ૭. | ઓગષ્ટ-૦૪ | ૧૪.૦૦ |
| | ૮. | સપ્ટે-૦૪ | ૯.૬૦ |
| | ૯. | ઓક્ટો-૦૪ | ૧.૪૫ |
| | ૧૦. | નવે-૦૪ | ૧.૪૫ |
| | ૧૧. | ડીસે-૦૪ | ૨૯.૪૦ |
| | ૧૨. | જાન્યુ-૦૫ | ૬.૬૨ |
| | ૧૩. | ફેબ્રુ-૦૫ | ૧૩.૦૦ |
| | ૧૪. | માર્ચ-૦૫ | ૫.૩૮ |
| | ૧૫. | એપ્રિલ-૦૫ | ૧૩.૪૦ |
| | ૧૬. | મે-૦૫ | ૩.૦૦ |
| | ૧૭. | જુલાઇ-૦૫ | ૩.૦૦ |
| | ૧૮. | ઓગષ્ટ-૦૫ | ૨૫.૦૦ |
| | ૧૯. | સપ્ટે-૦૫ | ૭.૦૦ |
| | ૨૦. | ડીસે-૦૫ | ૪.૬૩ |

---------------

**રાજ્યમાં અનુસૂચિત જાતિની બેક્લોગની જ્ગ્યાઓ**

અતારાંક્તિ ૭૯૦૫ (૧૭-૨-૨૦૦૭) **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ અનુસુચિત જાતિની અનામતની બેક્લોગની કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

(૨) આ ખાલી જ્ગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી છે, અને

(૩) બેક્લોગની આ જ્ગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું સરકારનું આયોજન છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૪-૭-૦૭)

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વર્ગ વાર બેક્લોગની જ્ગ્યાઓ નીચે મુજબ છે.

| **અ.નં.** | **વર્ગ** | **બેક્લોગની જ્ગ્યાઓ** |
|---|---|---|
| **(૧)** | **(૨)** | **(૩)** |
| ૧. | વર્ગ-૧ | ૦૪ |

| | | |
|---|---|---|
| ૨. | વર્ગ-૨ | ૩૩ |
| ૩. | વર્ગ-૩ | ૩૩૯ |
| ૪. | વર્ગ-૪ | ૦૭ |
| | કુલ. | ૩૮૩ |

(૨) અનામત વર્ગોના બેક્લોગની જ્યાઓ તાકીદે ભરવા મંત્રી મંડળની પેટા સમિતિની બેઠકમાં માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા ધ્વારા તેમજ સચિવશ્રીઓની વખતોવખતની બેઠકોમાં મુખ્ય સચિવશ્રી કક્ષાએથી સર્વ વહીવટી વિભાગોને બેક્લોગની જ્યાઓ સત્વરે ભરવા તાકીદ કરવામાં આવેલ છે.

(૩) જેમ બને તેમ જલ્દી.

---------

**રાજ્યમાં અનુસૂચિત જનજાતિની બેક્લોગની જ્યાઓ**

અતારાંક્તિ ૭૯૧૩ (૨૩-૦૨-૦૭) **શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિની અલગ અલગ સંવર્ગમાં કુલ કેટલી બેક્લોગની જ્યાઓ કેટલા સમયથી ખાલી છે; અને

(૨) તે તમામ જ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૪-૭-૦૭) :

(૧) ઘણા બધા સંવર્ગો અને અલગ અલગ સમય ગાળાની જ્યાઓ હોય વિગતવાર માહિતી આપવી શક્ય નથી. તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિની વર્ગવાર બેક્લોગની જ્યાઓ નીચે મુજબ છે.

| **અ.નં.** | **વર્ગ** | **બેક્લોગની જ્યાઓ** |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧. | વર્ગ-૧ | ૪૧ |
| ૨. | વર્ગ-૨ | ૫૮૬ |
| ૩. | વર્ગ-૩ | ૪૩૬૫ |
| ૪. | વર્ગ-૪ | ૨૦૦ |
| | કુલ | ૫૧૯૨ |

(૨) જેમ બને તેમ જલ્દી.

----------------

**રાજ્યમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની બેક્લોગની જ્યાઓ**

અતારાંક્તિ ૭૯૧૪ (૨૩-૦૨-૦૭)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની કુલ કેટલો બેક્લોગ બાકી છે; અને

(૨) કેટલા સમયમાં રાજ્ય સરકાર પૂર્ણ કરશે.

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૪-૭-૦૭) :

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વર્ગવાર બેક્લોગની જ્યાઓ નીચે મુજબ છે.

| **અ.નં.** | **વર્ગ** | **બેક્લોગની જ્યાઓ** | |
|---|---|---|---|
| | | **અ.જા.** | **અ. જ. જા.** |
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧. | વર્ગ-૧ | ૦૪ | ૪૧ |

| | | | |
|---|---|---|---|
| ૨. | વર્ગ-૨ | ૩૩ | ૫૮૬ |
| ૩. | વર્ગ-૩ | ૩૩૯ | ૪૩૬૫ |
| ૪. | વર્ગ-૪ | ૦૭ | ૨૦૦ |
| | કુલ. | ૩૮૩ | ૫૧૯૨ |

(૨) આ જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે.

----------

## નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ બજેટમાં જોગવાઈ

અતારાંક્તિ ૭૯૨૯ (૩-૦૩-૦૭)**શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષમાં ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૬ સુધીમાં રાજ્યમાં જીલ્લાવાર કેટલા વૃધ્ધોને કેટલી સહાય ચુક્વવામાં આવી છે અને હજુ કેટલાને ચૂક્વવાની બાકી છે;

(૨) આ યોજના માટે બંન્ને વર્ષોમાં બજેટમાં કેટલી જોગવાઈ કરવામાં આવી હતી; અને

(૩) જોગવાઈના પ્રમાણમાં પુરેપુરો ખર્ચ ન થવાના શા કારણો છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧૩-૬-૦૭) :

(૧) નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭માં રાજ્યમાં જિલ્લાવાર વૃધ્ધોને ૩૧ ડિસેમ્બર સુધીમાં ચુક્વવામાં આવેલ સહાયની વિગત **પત્રક** મુજબ સામેલ છે.

(૨) આ યોજના માટે નીચે મુજબ બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

| નાણાકીય વર્ષ | બજેટ જોગવાઈ |
|---|---|
| | |
| સને ૨૦૦૫-૦૬ | રૂા. ૨૪૪૮.૮૩ લાખ |
| સને ૨૦૦૬-૦૭ | રૂા. ૨૫૦૩.૫૪ લાખ |

(૩) જોગવાઈના પ્રમાણમાં પૂરેપૂરો ખર્ચ ના થવાના કારણો નીચે મુજબ છે :-

(૧) માર્ચ માસની સહાયનો ખર્ચ માર્ચમાં ટ્રેઝરી ધ્વારા બીલો પાસ ન થતાં ચુક્વી શકાતો નથી.

(૨) લાભાર્થીઓના અવસાનને કારણે સંખ્યામાં ઘટાડો થવાથી.

**પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૦૫-૦૬ | | વર્ષ-૨૦૦૬-૦૭ | |
|---|---|---|---|---|---|
| | | લાભાર્થીઓની સંખ્યા | ચુક્વવામાં આવેલ સહાયની રકમ રૂા. લાખમાં | લાભાર્થીઓની સંખ્યા | ચુક્વવામાં આવેલ સહાયની રકમ રૂા. લાખમાં |
| ૧ | અમદાવાદ | ૧૦૬૩૦ | ૨૭૭.૬૪ | ૧૦૬૩૩ | ૧૧૮.૨૨ |
| ૨ | અમરેલી | ૩૯૮૪ | ૯૪.૪૮ | ૩૭૮૪ | ૯૫.૪૮ |
| ૩ | આણંદ | ૩૭૩૭ | ૧૦૪.૦૩ | ૩૮૬૮ | ૫૮.૮૬ |
| ૪ | બનાસકાંઠા | ૨૮૪૧ | ૯૩.૨૫ | ૨૮૬૪ | ૪૫.૫૫ |
| ૫ | ભાવનગર | ૪૦૦૪ | ૧૦૦.૫૩ | ૩૭૯૯ | ૫૮.૦૪ |
| ૬ | ભરૂચ | ૨૮૧૭ | ૬૪.૪૬ | ૨૬૦૫ | ૪૦.૦૫ |
| ૭ | દાહોદ | ૧૨૫૯ | ૩૦.૪૪ | ૧૨૧૬ | ૨૭.૪૭ |
| ૮ | ડાંગ | ૧૮૩ | ૪.૮૦ | ૧૮૩ | ૩.૧૬ |
| ૯ | ગાંધીનગર | ૨૦૮૬ | ૫૪.૩૧ | ૧૯૯૦ | ૩૪.૭૬ |
| ૧૦ | જામનગર | ૪૦૪૩ | ૧૦૧.૦૦ | ૩૯૧૩ | ૭૮.૮૪ |
| ૧૧ | જુનાગઢ | ૪૩૭૬ | ૧૧૨.૧૫ | ૪૨૪૬ | ૬૧.૨૪ |
| ૧૨ | ખેડા | ૪૩૫૬ | ૧૦૪.૪૨ | ૪૨૯૯ | ૯૪.૬૯ |
| ૧૩ | કચ્છ | ૪૦૨૬ | ૧૦૨.૯૪ | ૪૦૦૫ | ૭૦.૧૨ |
| ૧૪ | મહેસાણા | ૨૨૩૨ | ૬૩.૦૯ | ૨૧૭૭ | ૩૧.૮૧ |
| ૧૫ | નર્મદા | ૮૧૩ | ૨૦.૬૫ | ૮૨૬ | ૧૦.૮૬ |
| ૧૬ | નવસારી | ૪૦૭૧ | ૧૦૬.૫૧ | ૪૦૮૮ | ૬૨.૧૧ |
| ૧૭ | પંચમહાલ | ૨૭૩૪ | ૬૫.૭૬ | ૨૭૧૫ | ૩૭.૩૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮ | પાટણ | ૧૪૮૭ | ૩૮.૨૨ | ૧૫૦૩ | ૨૫.૯૮ |
| ૧૯ | પોરબંદર | ૧૪૭૦ | ૩૭.૫૬ | ૧૪૧૨ | ૨૪.૬૬ |
| ૨૦ | રાજકોટ | ૬૦૬૬ | ૧૫૮.૮૬ | ૫૯૩૨ | ૧૦૪.૮૨ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૨૯૫૧ | ૮૮.૩૯ | ૩૨૯૪ | ૪૭.૧૪ |
| ૨૨ | સાબરકાંઠા | ૪૬૩૬ | ૯૯.૮૨ | ૪૮૧૩ | ૮૨.૫૯ |
| ૨૩ | સુરત | ૫૭૩૭ | ૧૭૫.૪૬ | ૫૮૦૨ | ૯૪.૮૧ |
| ૨૪ | વડોદરા | ૬૨૮૭ | ૧૪૦.૨૩ | ૫૯૫૦ | ૯૫.૧૧ |
| ૨૫ | વલસાડ | ૨૮૬૩ | ૭૩.૮૩ | ૨૯૦૩ | ૪૮.૪૩ |
| | **કુલ** | **૮૯૬૮૯** | **૨૩૧૨.૮૩** | **૮૮૮૨૦** | **૧૪૫૨.૧૨** |

---------

**રાજ્યમાં બક્ષીપંચ જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

અતારાંક્તિ ૮૦૧૧ (૧૧-૦૫-૨૦૦૭) **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ધ્વારા બક્ષી પંચના ઓછી આવક ધરાવતા ઉચ્ચ શિક્ષણ મેળવતા વિધ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો નવેમ્બર-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા વિદ્યાર્થીઓને ક્યા અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપેલ છે.?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૩-૭-૦૭) :

(૧) હા, જી.

(૨)

| વર્ષ | અભ્યાસ | વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | સ્નાતક /અનુસ્નાતક | ૧,૨૩,૪૦૪ |
| ૨૦૦૫-૦૬ | સ્નાતક /અનુસ્નાતક | ૯૬,૦૫૬ |
| ૨૦૦૬-૦૭ | સ્નાતક /અનુસ્નાતક | ૧,૨૭,૫૬૩ |
| (નવે.-૦૬ અંતિત) | | |

---------------

**રાજ્યમાં વિધવા બહેનોને અપાતુ પેન્શન**

અતારાંક્તિ ૭૯૨૮ (૨-૦૩-૦૭) **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં વિધવા બહેનોને અપાતુ પેન્શન સમયસર મળતુ નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો કારણો શું છે અને ક્યા ક્યા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલું પેન્શન ચુકવવાનું બાકી છે, અને

(૩) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જિલ્લાવાર કેટલી વિધવા બહેનોને છેલ્લા ત્રણ વર્ષમાં કેટલું પેન્શન ચુકવવામાં આવ્યું ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૬-૭-૦૭) :

(૧) ના, જી, ગ્રાન્ટની ઉપલબ્ધી સામે પોસ્ટ સત્તાવાળાઓ ધ્વારા ડબલ્યુ. એફ. એ. એકાઉન્ટમાં સહાય જમા કરાવવામાં આવે છે.

(૨) સામેલ કરેલ પત્રક-૧ ના કોલમ-૪ની વિગતે તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રૂા. ૮૬૪.૦૭ લાખની સહાય ચૂકવવાની બાકી હતી. જેની ચૂકવણી થઈ ગયેલ છે.

(૩) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જિલ્લાવાર છેલ્લા ત્રણ વર્ષમાં સામેલ કરેલ **પત્રક-૨** મુજબ નિરાધાર વિધવા બહેનોને આર્થિક સહાયની રકમ ચુકવવામાં આવેલ છે.

**પત્રક-૧**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ બાકી ચુકવણીની વિગતો** | |
|---|---|---|---|
| | | **બાકી સહાય ચુકવણીના માસ** | **બાકી ચુકવણીની રકમ** |
| ૧ | અમદાવાદ | ૧૨/૦૬ | ૧૨૨.૮૨ |
| ૨ | અમરેલી | ૧૨/૦૬ | ૧૪.૨૫ |

| | | | |
|---|---|---|---|
| ૩ | બનાસકાંઠા | ૧૨/૦૬ | ૭૫.૮૭ |
| ૪ | ભાવનગર | ૧૨/૦૬ | ૨૮.૩૧ |
| ૫ | ભરૂચ | ૧૨/૦૬ | ૧૫.૮૫ |
| ૬ | નર્મદા | ૧૨/૦૬ | ૫.૩૯ |
| ૭ | ડાંગ | ૧૨/૦૬ | ૩.૦૮ |
| ૮ | ગાંધીનગર | ૧૨/૦૬ | ૧૮.૦૮ |
| ૯ | જામનગર | ૧૧/૦૬ થી ૧૨/૦૬ | ૨૮.૮૬ |
| ૧૦ | જુનાગઢ | ૧૨/૦૬ | ૧૬.૪૦ |
| ૧૧ | પોરબંદર | ૧૨/૦૬ | ૭.૬૮ |
| ૧૨ | ખેડા | ૧૨/૦૬ | ૨૪.૬૧ |
| ૧૩ | આણંદ | ૧૨/૦૬ | ૧૯.૩૦ |
| ૧૪ | કચ્છ | ૧૧/૦૬ થી ૧૨/૦૬ | ૪૨.૦૪ |
| ૧૫ | મહેસાણા | ૧૧/૦૬ થી ૧૨/૦૬ | ૩૪.૨૮ |
| ૧૬ | પાટણ | ૧૧/૦૬ થી ૧૨/૦૬ | ૨૮.૪૮ |
| ૧૭ | પંચમહાલ | ૧૨/૦૬ | ૩૩.૬૫ |
| ૧૮ | દાહોદ | ૧૨/૦૬ | ૧૭.૦૫ |
| ૧૯ | રાજકોટ | ૧૨/૦૬ | ૨૮.૦૫ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૧૨/૦૬ | ૧૦.૫૮ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૨/૦૬ | ૩૬.૭૦ |
| ૨૨ | સુરત | ૧૧/૦૬ થી ૧૨/૦૬ | ૮૬.૪૬ |
| ૨૩ | વડોદરા | ૧૨/૦૬ | ૭૩.૪૯ |
| ૨૪ | વલસાડ | ૧૨/૦૬ | ૪૧.૩૯ |
| ૨૫ | નવસારી | ૧૨/૦૬ | ૫૧.૪૦ |
| | **કુલ** | | **૮૬૪.૦૩** |

**પત્રક-૨**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **લાભાર્થીની સંખ્યા** | **ચુકવણીની રકમ** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | અમદાવાદ | ૧૫૪૦૭ | ૩૮૮૭.૧૧ |
| ૨ | અમરેલી | ૨૩૭૬ | ૫૪૦.૪૩ |
| ૩ | બનાસકાંઠા | ૪૦૭૯ | ૯૪૫.૪૩ |
| ૪ | ભાવનગર | ૪૭૨૪ | ૧૦૨૦.૫૪ |
| ૫ | ભરૂચ | ૨૭૪૭ | ૬૪૯.૯૯ |
| ૬ | નર્મદા | ૮૮૭ | ૧૬૬.૮૦ |
| ૭ | ડાંગ | ૪૭૮ | ૮૧.૬૮ |
| ૮ | ગાંધીનગર | ૨૬૧૧ | ૫૮૩.૦૫ |
| ૯ | જામનગર | ૨૪૦૨ | ૪૨૮.૬૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | જુનાગઢ | ૨૩૬૯ | ૪૩૮.૪૪ |
| ૧૧ | પોરબંદર | ૧૨૮૯ | ૨૮૧.૫૭ |
| ૧૨ | ખેડા | ૩૮૬૦ | ૧૩૨૫.૨૨ |
| ૧૩ | આણંદ | ૩૦૬૩ | ૬૦૬.૪૬ |
| ૧૪ | કચ્છ | ૩૩૩૪ | ૬૮૫.૭૩ |
| ૧૫ | મહેસાણા | ૩૦૪૬ | ૬૭૫.૧૨ |
| ૧૬ | પાટણ | ૨૩૩૮ | ૮૬૨.૭૪ |
| ૧૭ | પંચમહાલ | ૭૫૮૧ | ૧૨૯૧.૨૫ |
| ૧૮ | દાહોદ | ૨૮૪૭ | ૪૯૫.૫૪ |
| ૧૯ | રાજકોટ | ૪૩૩૨ | ૧૩૮૦.૫૪ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૧૭૪૪ | ૧૨૨૮.૪૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૬૦૪૮ | ૯૯૩.૦૦ |
| ૨૨ | સુરત | ૯૪૭૬ | ૧૩૨૨.૨૩ |
| ૨૩ | વડોદરા | ૬૦૨૯ | ૧૭૬૫.૮૪ |
| ૨૪ | વલસાડ | ૩૫૫૯ | ૬૧૭.૪૫ |
| ૨૫ | નવસારી | ૪૪૮૭ | ૮૧૧.૮૧ |
| | **કુલ** | ૧,૦૧,૧૧૩ | **૨૩૦૮૫.૦૬** |

----------

**રાજ્યમાં નિરાધાર વિધવા સહાય**

અતારાંકિત : ૭૯૪૩ (૨૬-૦૨-૦૭) **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજ્યમાં જિલ્લાવાર જાન્યુ. ૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નિરાધાર વિધવા સહાયના કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવેલ છે,

(૨) ચૂકવણી બાકી હોય તો કારણો ક્યા છે, અને

(૩) બાકી ચૂકવણી માટે સરકારે શું આયોજન કરેલ છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૨૬-૪-૦૭) :

(૧) રાજ્યમાં જિલ્લાવાર જાન્યુ. ૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પત્રક-૧ના કોલમ-૩ મુજબ નિરાધાર વિધવા સહાયના કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવેલ છે,

(૨) અને (૩) ગ્રાન્ટ મોડી મળવાને કારણે ચૂકવણાં બાકી રહેતાં હોય છે, પરંતુ ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી તુર્તજ લાભાર્થીના પોસ્ટલ બચત ખાતામાં તે જમા કરવામાં આવતી હોય છે.

**પત્રક-૧**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **તા. ૧-૪-૦૬ થી તા. ૩૧-૧-૦૭ દરમ્યાન ચુકવણીની વિગતો લાભાર્થીની સંખ્યા** |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૧ | અમદાવાદ | ૧૬૫૭૦ |

| | | |
|---|---|---|
| ૨ | અમરેલી | ૨૪૪૧ |
| ૩ | બનાસકાંઠા | ૪૧૩૭ |
| ૪ | ભાવનગર | ૫૦૪૨ |
| ૫ | ભરૂચ | ૨૬૪૪ |
| ૬ | નર્મદા | ૯૪૦ |
| ૭ | ડાંગ | ૪૮૯ |
| ૮ | ગાંધીનગર | ૨૭૫૮ |
| ૯ | જામનગર | ૨૫૪૨ |
| ૧૦ | જુનાગઢ | ૨૫૨૦ |
| ૧૧ | પોરબંદર | ૧૪૨૭ |
| ૧૨ | ખેડા | ૩૬૩૦ |
| ૧૩ | આણંદ | ૨૭૧૯ |
| ૧૪ | કચ્છ | ૩૨૭૮ |
| ૧૫ | મહેસાણા | ૩૯૭૦ |
| ૧૬ | પાટણ | ૨૮૩૮ |
| ૧૭ | પંચમહાલ | ૮૮૨૭ |
| ૧૮ | દાહોદ | ૨૮૯૨ |
| ૧૯ | રાજકોટ | ૪૩૮૫ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૧૮૬૪ |
| ૨૧ | સાબરકાંઠા | ૬૩૦૧ |
| ૨૨ | સુરત | ૮૪૨૬ |
| ૨૩ | વડોદરા | ૫૯૪૬ |
| ૨૪ | વલસાડ | ૩૫૪૭ |
| ૨૫ | નવસારી | ૪૪૮૭ |
| | **કુલ** | ૧૦૪૬૨૦ |

---------

**જૂનાગઢ તેમજ પોરબંદર જિલ્લામાં માલધારીઓને અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો અંગે**

અતારાંક્તિ : ૭૯૪૭ (૧૪-૦૩-૦૭) **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) જૂનાગઢ તેમજ પોરબંદર જિલ્લામાં આવેલ ગીર પૂર્વ વિભાગ તથા પમિ વિભાગ તથા બરડામાં રહેતા કાયમી અને બીન કાયમી માલધારીઓને અનુસૂચિત જનજાતિના ક્યારથી ગણવામાં આવેલ છે,

(૨) જ્યારથી અનુસૂચિત જનજાતિના ગણવામાં આવ્યા છે ત્યારથી વર્ષવાર, તાલુકાવાર તા. ૩૧-૧-૦૭ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા પ્રમાણપત્રો આપવામાં આવ્યા, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે તેના કારણો શાં છે, કેટલા સમયમાં તેનો નિકાલ કરવામાં આવશે ?

**આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** (૧૬-૪-૦૭) :

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલય, નવી દિલ્હીના તા. ૨૯-૧૦-૫૬ ના મોડીફીકેશન ઓર્ડર ક્રમાંકઃએસ.આર.ઓ.૨૪૭૭એ હેઠળ કરવામાં આવેલ જોગવાઈ અનુસાર ગુજરાતના ગીર, બરડા અને આલેચના

નેસ વિસ્તારમાં રહેતા ભરવાડ, ચારણ અને રબારી જાતિના ઈસમોનો અનૂસૂચિત જનજાતિમાં સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં ૧૦૫૯૦ ઈસમોને તથા પોરબંદર જિલ્લામાં ૧૮૫ ઈસમોને અનૂસૂચિત જનજાતિના પ્રમાણપત્રો આપવામાં આવેલ છે. (પત્રક-૧ સામેલ છે.) અને,

(૩) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ૮૬૮ તથા પોરબંદર જિલ્લામાં ૫૩૧ મળી કુલ ૧૩૯૯ અરજીઓ પડતર છે. (પત્રક-૨ સામેલ છે.)

ભારત સરકારશ્રીની સૂચનાઓ મુજબ અનૂસૂચિત જનજાતિનો દાખલો મેળવવા આવનાર ઈસમો વિગત દર્શક કાર્ડ, ઉપરાંત રેવન્યુ રેકર્ડ, ૧૯૫૬નો કાયમી વસવાટનો પુરાવો, જન્મ નોંધણી પ્રમાણપત્ર, મતદાર યાદી, મસવાડીની પહોંચ, રેશનીંગ કાર્ડ, જંગલખાતાની સ્થળાંતર યોજનામાંનું રેકર્ડ વિગેરે જેવા પૂરાવાઓ આધારો રજુ કરવામાં આવ્યા નહીં હોવાથી ઉક્ત અરજીઓ પડતર રહેલ છે.

પડતર અરજીઓની ચકાસણી માટેના જરૂરી પુરાવા મેળવવાની તથા ખરાઈની કાર્યવાહી ચાલુ છે, જે પૂર્ણ થયેથી તાલુકા સમિતિમાં વિચારણામાં લઈને પડતર અરજીઓનો નિકાલ કરવામાં આવશે.

**પત્રક-૧**

| અ.નં. | તાલુકાનું નામ | જુનાગઢ જિલ્લામાં વર્ષવાર તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં આપવામાં આવેલ પ્રમાણપત્રો | | | | પડતર અરજીઓ (તા. ૩૧-૧-૦૭ અંતિત) |
|---|---|---|---|---|---|---|
| | | વર્ષ ૦૪-૦૫ | વર્ષ ૦૫-૦૬ | વર્ષ ૦૬-૦૭ (તા. ૩૧-૧-૦૭ અંતિત) | કુલ | |
| ૧ | જુનાગઢ | ૦ | ૦ | ૧૫૯ | ૧૫૯ | ૫૯ |
| ૨ | વંથલી | ૦ | ૦ | ૮૧ | ૮૧ | ૩૧ |
| ૩ | વિસાવદર | ૦ | ૨ | ૦ | ૨ | ૦ |
| ૪ | માણાવદર | ૦ | ૦ | ૪૦૫ | ૪૦૫ | ૦ |
| ૫ | ભેસાણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | કેશોદ | ૦ | ૦ | ૮૨૪ | ૮૨૪ | ૫૬ |
| ૭ | માગરોળ | ૦ | ૦ | ૪૧૩૯ | ૪૧૩૯ | ૨૫૮ |
| ૮ | માળીયા | ૦ | ૦ | ૮૦૦ | ૮૦૦ | ૮૦ |
| ૯ | મેંદરડા | ૦ | ૦ | ૧૨૪ | ૧૨૪ | ૦ |
| ૧૦ | વેરાવળ | ૦ | ૦ | ૩૯૦૮ | ૩૯૦૮ | ૧૦૧ |
| ૧૧ | ઉના | ૦ | ૧ | ૦ | ૧ | ૮૯ |
| ૧૨ | કોડીનાર | ૦ | ૦ | ૦ | ૦ | ૪ |
| ૧૩ | તાલાલા | ૦ | ૧ | ૧૪૬ | ૧૪૭ | ૧૯૦ |
| ૧૪ | સુત્રાપાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૪** | **૧૦૫૮૬** | **૧૦૫૯૦** | **૮૬૮** |

**પત્રક-૨**

| અ.નં. | તાલુકાનું નામ | પોરબંદર જિલ્લામાં વર્ષવાર તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં આપવામાં આવેલ પ્રમાણપત્રો | | | | પડતર અરજીઓ (તા. ૩૧-૧-૦૭ અંતિત) |
|---|---|---|---|---|---|---|
| | | વર્ષ ૦૪-૦૫ | વર્ષ ૦૫-૦૬ | વર્ષ ૦૬-૦૭ (તા. ૩૧-૧-૦૭ અંતિત) | કુલ | |
| ૧ | પોરબંદર | ૦ | ૨ | ૨ | ૪ | ૪૪ |
| ૨ | રાણાવાવ | ૦ | ૦ | ૧૮૧ | ૧૮૧ | ૨૫૮ |
| ૩ | કુતીયાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૨૨૯ |
| ૪ | કુલ | ૦ | ૨ | ૧૮૩ | ૧૮૫ | ૫૩૧ |

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧. | સામાન્ય વહીવટ વિભાગ | ૮૦૯૮ | ૧ |
| ૨. | કૃષિ અને સહકાર વિભાગ | ૭૩૬૪, ૭૯૧૧, ૭૯૧૬, ૮૦૧૯, ૮૦૨૦, ૮ ૦૨૨ | ૬ |
| ૩. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૭૯૩૧, ૮૦૬૫, ૮૨૫૫ | ૩ |
| ૪. | ગૃહ વિભાગ | ૭૩૦૪, ૭૯૩૪, ૭૯૫૦, ૭૯૭૯, ૭૯૮૧, ૭૯૮૨, ૮૦૩૭, ૮૦૪૦, ૮૦૮૯, ૮૧૦૨, ૮૨૦૮ | ૧૧ |
| ૫. | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૭૯૧૦ | ૧ |
| ૬. | શ્રમ અને રોજગાર વિભાગ | ૭૯૩૮, ૮૦૪૭, ૮૩૪૯ | ૩ |
| ૭. | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૭૯૩૦, ૭૯૫૫ | ૨ |
| ૮. | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૭૯૨૧, ૭૯૪૨, ૭૯૪૯, ૭૯૫૨, ૭૯૫૬, ૭૯૫૮, ૮૦૮૫ | ૭ |
| ૯. | મહેસૂલ વિભાગ | ૭૯૧૮, ૭૯૪૫ | ૨ |
| ૧૦. | માર્ગ અને મકાન વિભાગ | ૭૯૦૧, ૭૯૦૩, ૭૯૦૪, ૭૯૨૦, ૮૦૬૮ | ૫ |
| ૧૧. | સામાજિક, ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૭૨૪, ૭૯૦૫, ૭૯૧૩, ૭૯૧૪, ૭૯૨૯, ૮૦૧૧ | ૬ |
| ૧૨. | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૭૯૨૮, ૬૯૪૩ | ૨ |
| ૧૩. | આદિજાતિ વિકાસ વિભાગ | ૭૯૪૭ | ૧ |
| | | **કુલ** | **૫૦** |

# સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો

**ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ.**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

( આ તબક્કે વિરોધપક્ષ તરફથી સતત સૂત્રોચ્ચારો ચાલુ )

**ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૫-૨૦૦૬નો ઓડિટ અહેવાલ,.**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૫-૨૦૦૬નો ઓડિટ અહેવાલ અને સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ તથા સન ૨૦૦૫-૨૦૦૬ના ઓડિટ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક વહીવટી અહેવાલ.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજય વખાર નિગમનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ.**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વખાર નિગમનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૦૬નો વાર્ષિક અહેવાલ.**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૦૬નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ.**

**શ્રી ભરત બારોટ (રાજયકક્ષાના ગ્રામ વિકાસમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટર અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

( આ તબક્કે વિરોધ પક્ષ સભ્યશ્રીઓ " મોદી ઝીણા ભાઈ ભાઈ " ના સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.)

**નાણા વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,** હું નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની -

(૧) તા.૩૦-૩-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૦૭)વીએટી/૨૦૦૭/એસ ૪૦ (૧) (૩)-ઠ

(૨) તા.૩૦-૩-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન -૦૯) વીએટી / ૨૦૦૭/ એસસીએચ -૨ (૮૭) (૧૨)-ઠ

(૩) તા.૧૬-૫-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૧૬)વીએટી/૨૦૦૭/એસ ૫ (૨) (૧૭)-ઠ

(૪) તા.૨૨-૫-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૧૭) વીએટી / ૨૦૦૬/ એસસીએચ -૨ (૪૨ ક) (૧૩)-ઠ

(૫) તા.૨૨-૫-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૧૮) વીએઆર/ ૨૦૦૭/ (૧૦)-ઠ

(૬) તા.૪-૬-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૨૩) વીએઆર/ ૨૦૦૭/ (૧૧)-ઠ

(૭) તા.૨૧-૬-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૨૫) વીએટી/ ૨૦૦૭/એસ ૫(૨) (૧૮)-ઠ

(૮) તા.૩-૭-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૨૬) વીએટી/ ૨૦૦૭/એસ(૫)(૨) (૧૯)-ઠ

(૯) તા.૧૪-૭-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૨૭)વીએટી/૨૦૦૭/એસ (૫)(૨) (૨૦)-ઠ --સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**માહિતી અને પ્રસારણ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગની -

(ક) સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની -

(૧) તા.૧-૪-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:-જીએચટી-૨૦૦૭-૪-એમએનઆર-૧૦૨૦૦૭-૮૦૩-એ

(૨) તા.૧૩-૬-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:-(જીએચટી-૨૦૦૭-૧૩)એમ એનઆર-૧૦૨૦૦૬-૩૫૦૨-એ,

(ખ) સન ૧૯૭૭ના ગુજરાત સુખસુવિધા કર (હોટેલ અને નિવાસગૃહ) અધિનિયમ અન્વયેની તા.૧-૪-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:-જીએચટી-૨૦૦૭-૫-એસએસ એ-૧૦૨૦૦૭-૮૦૪-એ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**ઉર્જા અને પેટ્રોકેકિમકલ્સ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની -

સન ૨૦૦૩ના કેન્દ્રના ઈલેકટ્રીકસીટી અધિનિયમ અને સન ૨૦૦૩ના ગુજરાત ઉદ્યોગ (પુનઃગઠન અને નિયમન) અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૨૫-૯-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક- જીઈઆરસી- ટેક.૨/૨૦૯૭-૨૦૦૬

(૨) તા.૨૬-૧૦-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક-જીઈઆરસી-ટેક.૧-૨૨૯૬-૨૦૦૬ તથા આ અધિસૂચનાઓને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.--સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

(આ તબકકે સભાત્યાગ કરી ગયેલા સભ્યો હાઉસના દરવાજા આગળ પરત આવી સૂત્રોચ્ચાર કરવા લાગ્યા)

**અધ્યક્ષશ્રી:** જે બોલતા હોય તેમને બહાર કાઢો. (અંતરાય) જે બોલતા હોય તેમને બહાર કાઢો. તેમને બહાર લઈ જાઓ.

આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સતત સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયેલા તે સર્વે સભ્યશ્રીઓ સભાગૃહમાં સૂત્રોચ્ચાર કરતા કરતા પરત ફર્યા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. (સતત સૂત્રોચ્ચાર ચાલુ)

**શ્રમ અને રોજગાર વિભાગની અધિસૂચના**

**શ્રી મુળુભાઈ હ. બેરા (રાજય કક્ષાના શ્રમ અને રોજગારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગની સન ૧૯૪૭ના ઔદ્યોગિક તકરાર અધિનિયમ અન્વયેની તા.૧૩-૪-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક- જીઆરએચ-૨૦૦૭-૩૦-આઈડીએ- ૨૦૦૬ -૨૩૧- એમ ૪ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન કક્રમાંક ૨૩૨૬૨ (અગ્રતાકક્રમ-૧) ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૨૯-૩-૦૭ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્ય ર્ડા. કનુભાઈ કલસરીયાના"ભાવનગર જિલ્લામાં પી.આઈ. અને પી.એસ.આઈ. ની ખાલી જગ્યાઓ " વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૩૨૬૨ (અગ્રતાક્રમ -૧) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**
**(સતત અંતરાય)**

**અધ્યક્ષશ્રી:** હું સભ્યશ્રીઓને સૂચના આપું છું કે મારે નાછૂટકે બહાર મોકલવા પડશે. (અંતરાય) પ્લીઝ, સભાગૃહ ચાલવા દો.(અંતરાય) બળદેવજીને બહાર લઈ જાઓ.

(આ તબકકે બધા વિપક્ષના સભ્યો ઉભા થઈ ગયા)

**અધ્યક્ષશ્રી:** બળદેવજીને બહાર લઈ જાઓ. બળદેવજીને એક દિવસ માટે બહાર કાઢો. (અંતરાય) બળદેવજીને બહાર કાઢો અને હું ગૃહને અરધા કલાક માટે એડજોર્ન કરું છું. (સવારના ૯.૩૮)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સવારના ૧૦-૦૮ કલાકે ફરી મળી.**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**ઈન્ચાર્જ સચિવશ્રી:** વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળોની પેટા બાબત ક્રમાંક.૧૩....

(આ તબકકે શ્રી ભવાનભાઈ ભરવાડે ઉભા થઈને 'સંદેશ' પેપરનું પ્રદર્શન કરતાં)

**શ્રી અશોક ભટ્ટ** : કોઈપણ પ્રકારનું પ્રદર્શન કરી શકાય નહીં. (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** પ્લીઝ, પ્લીઝ, (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈનું માઈક ચાલુ થઈ ગયું હતું. હવે આપને છૂપાવવા જેવું કશું રહયું નથી.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ, બેસો (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમે ઉભા થઈ જવાના ......(અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, જે આ સભાગૃહની કાર્યવાહીનો ભાગ ના હોય...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસો, બેસો...(અંતરાય)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, મને રજૂ કરવા દો ને (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પૂંજાભાઈ, પ્લીઝ, બેસો, (અંતરાય) સાર્જન્ટશ્રી, તેમને બેસાડી દો, તેમને બેસાડી દો. (અંતરાય) પ્લીઝ, બેસો. (અંતરાય) માનનીય અર્જુનભાઈ, મેં તેમને બેસાડવાની વાત કરી છે.

**અધ્યક્ષશ્રી** : બેસો બ્લીઝ, બધા બેસી જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ સાંભળો સાહેબ, તેઓ આપને વિનંતી કરે છે.

**અધ્યક્ષશ્રી** : તમે સાંભળો, મેં બેસવાનું કહ્યું છે, મેં એમને બેસવાનું કહ્યું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આમાં અકળાવાનું હોય તો સરકારને અકળાવું જોઈએ, આપ શું કામ અકળાઓ છો?

**અધ્યક્ષશ્રી** : અકળાવાનો કયાં સવાલ છે? ગૃહનું કામ થવા દો પ્લીઝ, આપ બેસો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : સાહેબ, હું તો આપને વિનંતી કરું છું.

# સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો (ક્રમશ:)

### તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૧૬૩૨ (અગ્રતાક્રમ-૧૩)ના અનુસંધાને વધારાની માહિતી

**શ્રી ભરત બારોટ (રાજયકક્ષાના ગ્રામવિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧૫-૩-૨૦૦૭ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી અનિલકુમાર પટેલના "બારડોલી તાલુકામાં સરદાર આવાસના પૂર્ણ થયેલ કામો" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૧૬૩૨ (અગ્રતાક્રમ-૧૩)ના અનુંસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

### તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૯૧૨૩ (અગ્રતાક્રમ-૧૦)ના અનુસંધાને વધારાની માહિતી.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પંચાયત મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧-૩-૦૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી પ્રવીણભાઈ મારૂના "ભાવનગર જિલ્લામાં તલાટીઓની ઘટ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૯૧૨૩ (અગ્રતાક્રમ-૧૦)ના અનુસંધાને વધારાની માહિતી હું સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# અનુમતિ મળેલાં વિધેયકો

**ઈન્ચાર્જ સચિવશ્રી** :માનનીય અધ્યક્ષશ્રી, અગિયારમી ગુજરાત વિધાનસભાના અગિયારમાં સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૦૭ ના વિધેયક ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬,૨૭, ૨૮, અને ૨૯ ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

(આ તબક્કે માનનીય સભ્યશ્રી બળદેવજી ઠાકોર પોતાની જગ્યાએ ઉભા થઈને કંઈક બોલવા જતા)

**અધ્યક્ષશ્રી** : માનનીય બળદેવભાઈ, આપ બહાર જાઓ, સાર્જન્ટ, માનનીય સભ્યશ્રીને બહાર મુકી આવો, મેં માનનીય બળદેવભાઈને નિયમ ૫૧ મુજબ એક દિવસ માટે સભાગૃહમાંથી બહાર કાઢયા છે, તેથી તેમને બહાર મુકી આવો.

(આ તબક્કે સલામતી દળોએ માનનીય સભ્યશ્રી બળદેવભાઈની સીટ પાસે જઈ અને એમને બહાર જવાની વિનંતી કરી)

**અધ્યક્ષશ્રી** : માનનીય બળદેવભાઈ, આપ બહાર જાઓ, પ્લીઝ, આપ એક દિવસ માટે સભાગૃહમાંથી બહાર છો, બહાર જાઓ, સાર્જન્ટ, એમને બહાર લઈ જાઓ. (અંતરાય-ઘોંઘાટ)

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### સભ્યશ્રીને સભાગૃહમાંથી દૂર કરવા અંગે

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. આપે નિયમ ૫૧નો ઉપયોગ કરીને આ સભાગૃહની અંદર માનનીય સભ્યશ્રી બળદેવજીએ જે પ્રકારનો પ્રયત્ન કર્યો છે એના માટે થઈને આપે એમને બહાર જવાનું કહયું છે. આપનો જયારે આ પ્રકારનો આદેશ હોય ત્યારે માનભેર માનનીય સભ્યશ્રીએ બહાર નીકળી જવું જોઈએ અને સભ્યશ્રીએ પોતે આપના આદેશનું પાલન કરવું જોઈએ. આ સભાગૃહના બીજા સભ્યશ્રીઓ એને રોકવાનો પ્રયાસ કરે છે એ યોગ્ય નથી એટલા માટે ગૃહની ગરિમા જળવાય અને આપશ્રીએ જે આદેશ આપ્યો છે એનું પાલન કરવું જોઈએ અને એ પાલન કરવા માટે વિરોધપક્ષના નેતાશ્રીએ પણ પોતાના સભ્યશ્રીને કહેવું જોઈએ. એકબાજુ અવારનવા સભાગૃહમાં ગેરશિસ્ત કરવી અને સભાગૃહની અંદર કોઈપણ પ્રકારના પ્રદર્શનો થાય નહિ, અખબારો બતાવાય નહિ. અખબારો બતાવવાની કાર્યવાહી થાય અપ્રસ્તુત બિન જવાબદાર નિવેદનો થાય ત્યારે સભાગૃહના સંચાલનની આપની જવાબદારી બને છે. આ જવાબદારીમાં વિરોધપક્ષના નેતાની પણ એ જવાબદારી બને છે કે તેમણે તેમના સભ્યશ્રીને બહાર જવા વિનંતી કરવી જોઈએ અને તેમણે જાતે જ બહાર નીકળી જવું જોઈએ.

**અધ્યક્ષશ્રી**: ભાઈ તેમને મેં, બળદેવભાઈ, એક દિવસ માટે બહાર કાઢયા છે. આજે આપ સભાગૃહમાં આવી શકો નહીં. આપ જલ્દી બહાર જાવ. નહીં તો ઉંચકીને બહાર મૂકવા પડશે. પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારે બોલવું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કોઈને બોલવાનું નથી. પ્લીઝ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અખબાર તો ભવાનભાઈએ બતાવ્યું છે. અશોકભાઈની હિંમત હોય તો ભવાનભાઈને..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કોઈનો પૉઈન્ટ ઑફ ઑર્ડર નહીં, (અંતરાય)

( આ તબક્કે માનનીય સભ્યશ્રી બળદેવજી ઠાકોર હાથમાં અખબાર સાથે વેલમાં ધસી આવતા તેમને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઈ જવામાં આવ્યા.)

( આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા ' મોદી તેરી દાદાગીરી નહીં ચલેગી નહીં ચલેગી' ના સૂત્રોચ્ચાર કરી પાટલીઓ થપથપાવવામાં આવી.) (અંતરાય)

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## વિધેયકોની પુનઃ વિચારણા કરવા માટે રાજ્યપાલશ્રીના સંદેશા બાબત

**અધ્યક્ષશ્રી** : અગિયારમી ગુજરાત વિધાનસભાના અગિયારમા સત્રમાં તા. ૨૯ અને ૩૦મી માર્ચ, ૨૦૦૭ના રોજ સભાગૃહે અનુક્રમે પસાર કરેલ સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૧૫ સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટૅક્નીકલ શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક અને સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૧૬ સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયકને રાજપાલશ્રીની અનુમતિ માટે રજૂ કરવામાં આવતા નામદાર રાજયપાલશ્રીએ આ વિધેયકો ઉપર વિચારણા કરીને ભારતના બંધારણની કલમ-૨૦૦ના પ્રથમ પરંતુકના અનુસરણમાં નિર્દેશ આપીને સદરહુ વિધેયકો ઉપર પુનઃ વિચારણા કરવા અને ખાસ કરીને ઉક્ત બન્ને વિધેયકોની કલમ-૨(થ)માં નિર્દિષ્ટ થયેલ જોગવાઈના સંદર્ભમાં પુનઃ વિચારણા કરવાના તા. ૩૦મી મે, ૨૦૦૭ના સંદેશ સાથે ગુજરાત વિધાનસભાને પરત મોકલ્યા છે. રાજયપાલશ્રીના સંદેશાનો ગુજરાતી અનુવાદ હવે હું વાંચી સંભળાવું છું.

"સંદેશ"

ગુજરાત વ્યાવસાયિક ટૅક્નીકલ શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક, ૨૦૦૭ને મારી સંમતિને લગતા પ્રશ્નની મેં વિચારણા કરી છે. (સતત અંતરાય) પ્લીઝ, મારે બધાને ગૃહની બહાર ન કાઢવા પડે તેની કાળજી રાખો.

(આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા " ૫૦૦ કરોડ ખાઈ ગયા, તેલના ડબ્બા પી ગયા." ના સતત સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

જેનાથી રાજયમાં આવેલી વ્યાવસાયિક ટૅક્નીકલ કૉલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ નિયમન માટે અને આવી કૉલેજો અને સંસ્થાઓમાં ફી નિર્ધારણ માટે અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટે ખાસ જોગવાઈ કરવા ધાર્યું છે.

પરીક્ષણ કરતાં મને જણાયું છે કે, પ્રસ્તુત વિધેયકોના વ્યાપ અને વિસ્તાર સંબંધી, નીચેની જોગવાઈઓમાં, નીચેની બાબતોને ધ્યાનમાં લઈને યોગ્ય સુધારા માટે પુનઃ વિચારણા કરવાની જરૂર છે:

પ્રસ્તુત વિધેયકોની કલમ-૨ની પેટા કલમ-(થ) થી વ્યાખ્યા કર્યા મુજબ ' યુનિવર્સિટી ' એટલે કાયદાથી સ્થાપિત યુનિવર્સિટી અને તેના વ્યાપમાં, પ્રવેશ નિયમન અને ફીનું માળખું નિર્ધારિત કરવાના હેતુ માટે, યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ તે તરીકે જાહેર કરેલી ' ડિમ્ડ યુનિવર્સિટી' ને આવરી લેવાઈ છે.

ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૫ થી સંસદને, ભારતના સમગ્ર રાજ્યક્ષેત્ર અથવા તેના ભાગ માટે કાયદા કરવા સક્ષમ બનાવેલ છે, જ્યારે રાજયના વિધાનમંડળને સમગ્ર રાજય અથવા તેના ભાગ માટે કાયદા કરવાની સત્તા છે. અનુચ્છેદ ૨૪૬ થી, સંસદ દ્વારા કરવામાં આવતા અને રાજય વિધાનમંડળ દ્વારા કરવામાં આવતી કાયદાની વિષયવસ્તુ નિર્દિષ્ટ કરેલ છે. સંવિધાનની અનુસૂચિ ૭માં ૩ યાદીઓનો સમાવેશ થાય છે, (૧) સંઘયાદી (૨) રાજય યાદી અને (૩) સમવર્તી યાદી. અનુસૂચિ ૭ ની યાદી ૧ ની નોંધ ૬૬ ઉચ્ચ શિક્ષણને લગતી છે. આ નોંધ મુજબ ઉચ્ચ શિક્ષણ, સંશોધન, વૈજ્ઞાનિક અને ટૅક્નીકલ સંસ્થાઓના સંકલન અને ધોરણો નિર્ધારીત કરવાને લગતા કાયદાઓ અધિનિયમિત કરવાનું સંસદની સુવાંગ સત્તા હેઠળ આવે છે, જ્યારે અનુસૂચિ ૭ ની યાદી ૩ ની નોંધ ૨૫ મુજબ, યાદી ૧ ની નોંધો ૬૩, ૬૪, ૬૫, અને ૬૬ ની જોગવાઈઓને આધીન રહીને, ટૅક્નીકલ શિક્ષણ, તબીબી શિક્ષણ અને યુનિવર્સિટીઓ સહિત શિક્ષણ અને શ્રમિકોની વ્યાવસાયિક અને ટૅક્નીકલ તાલીમ અંગે કાયદા અધિનિયમિત કરવા માટે સંસદ તેમજ રાજય વિધાનમંડળ એ બંને સક્ષમ છે.

યુનિવર્સિટીઓમાં સંકલન અને ધોરણોના નિર્ધારણ માટે જોગવાઈ કરવા માટે અને તે હેતુ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની સ્થાપના કરવા માટે સંસદે યુજીસી એકટ અધિનિયમિત કર્યો છે. યુજીસી એકટની કલમ- ૩ થી કેન્દ્ર સરકાર ઉચ્ચ શિક્ષણની કોઈ સંસ્થાને યુજીસી એકટના હેતુ માટે ડિમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરી શકે એવા જાહેરનામા માટે જોગવાઈ કરવામાં આવી છે અને આવી જાહેરાત કરવામાં આવ્યે, યુજીસી એકટની જોગવાઈઓ આવી સંસ્થાને તે જાણે કે યુજીસી એકટના અર્થ મુજબ યુનિવર્સિટી હોય તેવી રીતે લાગુ પડશે. વધુમાં

યુજીસી (ખાનગી યુનિવર્સિટીઓમાં ધોરણોની સ્થાપના અને જાળવણી બાબત) વિનિયમ, ૨૦૦૩ના વિનિયમ ૩.૯ હેઠળ કરેલી જોગવાઈ મુજબ, કોઈ ડિમ્ડ યુનિવર્સિટીના કિસ્સામાં પ્રવેશ પ્રક્રિયા અને ફી નિર્ધારણ, યુજીસી અને બીજા સંબંધિત વૈધાનિક મંડળોએ ઠરાવેલા ધારાધોરણો અને માર્ગદર્શિકા અનુસાર હોવા જરૂરી છે.

સંસદે અધિનિયમિત કરેલા યુજીસી એકટની કલમ ૩ ની જોગવાઈઓ હેઠળ ડિમ્ડ યુનિવર્સિટીને આવરી જ લેવામાં આવી છે, એ હકીકત ધ્યાનમાં લેતાં, મારું મંતવ્ય છે કે રાજય વિધાનમંડળ પ્રસ્તુત વિધેયકોના વ્યાપમાં ડિમ્ડ યુનિવર્સિટીને આવરી લેવાની જોગવાઈઓ કરી શકે નહીં. પરિણામે ડિમ્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ આપવા અને ફી નિર્ધારિત કરવાની પ્રક્રિયાની જોગવાઈ કરવા માટે કાયદા ઘડવાની રાજય વિધાનમંડળની ક્ષમતા સામે પણ એ જ પ્રમાણે પ્રશ્ન થશે, ખાસ કરીને જ્યારે યુજીસી અધિનિયમ અને / અથવા તેના વિનિયમથી પણ તે અંગેની જોગવાઈ કરવા ધારેલ છે.

આ સંજોગોમાં, પ્રસ્તુત વિધેયકની કલમ- ૨ ની પેટા કલમ (થ), તે 'યુનિવર્સિટી' શબ્દ પ્રયોગના અર્થમાં ડિમ્ડ યુનિવર્સિટીનો સમાવેશ કરે છે તેટલે સુધી, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૫૪ ની જોગવાઈઓને ધ્યાનમાં રાખતાં, મને ગેરબંધારણીય જણાય છે.

ઉપર્યુક્ત પરિસ્થિતિની કાળજીપૂર્વક વિચારણા કર્યા બાદ મારું મંતવ્ય છે કે વિધેયકોની ઉપર્યુક્ત જોગવાઈઓ અને આનુષાંગિક જોગવાઈઓ, તે ડિમ્ડ યુનિવર્સિટીને લાગુ પડે છે તેટલે સુધી, એવા યોગ્ય સુધારા કરવા ફેરવિચારણા કરવી જરૂરી છે, જે પ્રસ્તુત વિધેયકોના વિષયવસ્તુ અને તેની જોગવાઈઓને રાજય વિધાનમંડળની વૈધાનિક ક્ષમતા સાથે સુસંગત બનાવે.

તદનુસાર, હું આથી ગુજરાત વ્યાવસાયિક ટૅક્નીકલ શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક, ૨૦૦૭ મારા સંદેશ સાથે પરત કરું છું કે, વિધેયકની ઉપર્યુક્ત જોગવાઈઓની અહીં ઉપર ઉલ્લેખ કર્યા મુજબ યોગ્ય સુધારા માટે ફેરવિચારણા કરવામાં આવે, જેથી એવો કાયદો અમલમાં આવે જે તેના ઉદ્દેશો યોગ્ય રીતે સિદ્ધ કરે.

નવલ કિશોર શર્મા
ગુજરાતના રાજ્યપાલ"

રાજ્યપાલશ્રીએ આવો જ સંદેશ આવી જ જોગવાઈઓ ધરાવતા સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક : ૧૬, સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયકના સંદર્ભમાં પણ મોકલ્યો છે.

રાજ્યપાલશ્રીએ સંદેશા સાથે પરત મોકલાવેલા ઉક્ત બન્ને વિધેયકોની નકલો રાજ્યપાલશ્રીના સંદેશ સાથે છપાવીને સર્વે સભ્યશ્રીઓના ટપાલ ખાનામાં મૂકવામાં આવી છે. આ વિધેયકો ઉપર હવે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૪૭ની જોગવાઈ મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

### સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના અહેવાલની રજૂઆત

**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સભ્યશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો સાતમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

### સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના સભ્યશ્રીનો પ્રસ્તાવ

**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સભ્યશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**(વિરામ સવારના ૧૦-૩૦થી ૧૧-૦૦)**

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

**અધ્યક્ષશ્રી** : નેક્સ્ટ.

# સરકારી વિધેયકો

### સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૩૧

# મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૭

### મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ વધુ સુધારવા બાબત વિધેયક.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

### માનનીય અધ્યક્ષશ્રીમાં અવિશ્વાસ વ્યક્ત કરતી દરખાસ્ત એજન્ડા ઉપર લેવા બાબત

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : કંઈ થયું નથી..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પૉઈન્ટ ઑફ ઑર્ડરની શરૂઆત થઈ છે. કોઈ ડીટેઈલ આપે લીધી નથી. આપ સાંભળીને નામંજૂર કરજો મને વાંધો નથી. આ એજન્ડા ઉપરનો એક મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. અમોએ તા. ૧૩-૩-૨૦૦૭ના રોજ અધ્યક્ષશ્રીમાં અવિશ્વાસ વ્યક્ત કરતી એક દરખાસ્ત રજૂ કરી હતી. એ દરખાસ્ત તા. ૨૮-૩-૨૦૦૭ના રોજ દાખલ કરવામાં આવી. એના પછીના મોડામાં મોડી સાત દિવસમાં, અગાઉની પ્રણાલિકા તો એવી છે કે એ જ દિવસે ચર્ચામાં આવવી જોઈએ. પ્રણાલિકા એવી છે કે એ જ દિવસે દાખલ થવી જોઈએ એના બદલે ૧૪મા દિવસે દાખલ થઈ. એ પછી સાત દિવસમાં ચર્ચામાં આવી જોઈએ. એ સાત દિવસમાં ચાર દિવસ પછી ગૃહનું કામકાજ, સત્રનું કામકાજ પૂરું થયું એ કારણોસર ત્યારે આ ચર્ચા હાથ ઉપર લઈ શકાઈ નહિ. આ માનનીય અધ્યક્ષશ્રી સામેનો જે પ્રસ્તાવ છે એ અગાઉના નિર્ણયો મુજબ એ પછીના સબસીક્વન્ટ ટર્મ કે સબસીક્વન્ટ બેઠક છે એમાં લાવવી જોઈએ અને અધ્યશ્રીના નિર્ણયો એવા છે કે જ્યારે દિવસો ગણવાના આવે ત્યારે રજાના દિવસો પણ કાઉન્ટ કરી લેવાના હોય છે. એ રજાના દિવસો કાઉન્ટ ત્યારે પણ કરવામાં આવ્યા હતા. આ વખતે પણ આ ચાર દિવસ અને બાકીનો ઘણો સમય જતો રહ્યો. એટલે આ દરખાસ્ત આજે લેવામાં આવે અને આ એજન્ડામાં એનો સમાવેશ થયો નથી તો એ બાબતે આપનું ધ્યાન દોરું છું. લોકશાહી પરંપરામાં જ્યારે સભાગૃહના અધ્યક્ષ સામેની અવિશ્વાસની દરખાસ્ત હોય અને એના માટે અમારે કારણોની ચર્ચા કરવાની હોય ત્યારે આપશ્રીએ ઉદારતાથી આ બાબતની ચર્ચા કરવાની ગૃહને મોકળાશ આપવી જોઈએ. પહેલી વખત જ્યારે ટૅક્નીકલ કારણોસર એ ઠરાવ આપે છેલ્લા દિવસે નામંજૂર કરીને મોકલ્યો. ફરી પછી આપે કહ્યું એ સ્વરૂપમાં મોકલ્યો છે અને એ સ્વરૂપ બરાબર છે. ૧૪ દિવસ પૂરા થઈ ગયા, ૭ દિવસના બદલે ૭૦ દિવસ કરતાં વધારે સમય થઈ ગયો છે. ગઈકાલના એજન્ડામાં આ બાબત હોવી જોઈતી હતી. (અંતરાય) ગઈ કાલે ચાલી જ હતી અને એ આપણી પરંપરા મુજબ આપણે બંધ રાખી હતી. ગૃહની સંમતિથી બંધ રાખી હતી. ગઈકાલના એજન્ડામાં હોવું જોઈતું હતું. એના કારણો અમારી પાસે છે જ. કારણોની ચર્ચા કરવી અત્યંત જરૂરી છે. એ કારણોની ચર્ચા માટે થઈને આપે અમને મોકળાશ આપવી જોઈએ.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીમાં ગૃહ છે એ સર્વોપરી છે અને ગૃહના અધ્યક્ષ મહોદય એ ખૂબ જ સન્માનનીય પાત્ર છે. જ્યારે એમના સામે અવિશ્વાસની દરખાસ્ત આવી હોય ત્યારે ગંભીર બાબત હોય ત્યારે જ સામાન્ય રીતે આવી દરખાસ્ત આવતી હોય છે. અમુક કારણોના લીધે જ આવી હોય તો એની ચર્ચા-વિચારણા ટાળવા માટેનું કોઈ કારણ ન હોવું જોઈએ. ગયા સત્રમાં સમયસર આપણે ચર્ચા આપી શક્યા હોત.

પણ છતાંય એ ના આવે તો આ સત્ર પછી તો કયારેય પાછા આપણે આ વિધાનસભા પુરતા મળવાના નથી. જ્યારે આવું હોય ત્યારે આ બાબત જે ટાળવામાં આવી રહી છે એ ભવિષ્ય માટે ગુજરાતની જે ઉચ્ચ કોટીની સંસદીય બાબતોની પ્રણાલિકા છે તેને લાંછનરૂપ બાબત બનતી હોય એવું અમે પોતે જાણીએ છીએ ત્યારે અમારી ખાસ વિનંતી છે કે જ્યારે આપ આ સ્થાન ઉપર બિરાજમાન છો અને સરકાર જ્યારે કિલઅરકટ મેજોરિટીમાં હોય, જો સરકારને ડાઉટ હોય એની બહુમતિ ઉપર, સરકારને એના સભ્યો ઉપર વિશ્વાસ ના હોય અને જો સરકાર આવું જો કરતી હોય તો એ આ લોકશાહી માટે ઘણી ગંભીર બાબત કહી શકાય. એટલે અમારી તો વિનંતી છે કે આપે તો ખેલદિલીપૂર્વક આપના સ્થાનેથી કહે દેવું જોઈએ કે ચાલો તપાસ કરાવવી હોય તે પૂરેપૂરી મારા સામેની અવિશ્વાસની દરખાસ્તના જે કોઈ કારણો હોય તો તમે લાવો. કારણ કે મારા નિર્ણયો એ હંમેશા ન્યાય સુસંગત રહ્યાં છે. મારા નિર્ણયો હંમેશા સભ્યશ્રીઓના અધિકારને અબાધિત રાખવાના ઉદ્દેશથી રહ્યો છે, એટલે મારે કોઈ ડરવાની જરૂર હોય નહિ, એટલે માટે કોઈ ચિંતા કરવાની હોય નહિ તમતમારે જે તપાસ કરવી હોય તે કરી લ્યો અને જે પરિણામ આવશે એ પરિણામ ભોગવવા માટેની તૈયારી છે. મને એ સમજાતું નથી કે સરકાર તરફથી પણ કેમ આ બાબતની અંદર કાર્યવાહીની અંદર મૂકવામાં આવતી નથી અને મને તો એવું જાણવા મળ્યું છે કે કામકાજ સલાહકાર સમિતિના અભિપ્રાય વગર, એના નિર્ણય વગર આ બે દિવસની બેઠક બોલાવવામાં આવી છે આ પણ દ ણી ગંભીર બાબત ગણી શકાય. કારણ કે લોકશાહીની અંદર જેટલી સત્તાધારી પક્ષને સત્તા બક્ષવામાં આવી છે એને કંટ્રોલ કરવા માટે એટલીજ સત્તા વિરોધપક્ષને આપવામાં આવી છે કે જેના લીધે લોકશાહીનું સુચારુરીતે તેનું સંચાલન થાય. મનસ્વી અને આપખુદશાહી રીતે ના ચાલે, એકતરફી ના ચાલે એટલા માટે અમે આપને વિનંતી કરીએ છીએ કે આ ગુજરાતની સંસદીય પ્રણાલિકા આખા દેશમાં આપણે ગૌરવ લઈ શકીએ એ રીતની બાબત છે ત્યારે આવી બાબતને લાંછન ના લાગે એવું એક પણ કૃત્ય ના થાય અને આપે ખેલદિલી બતાવી અવિશ્વાસની દરખાસ્ત છે એના માટે મોકળો રસ્તો કરી દેવો જોઈએ એવું મારું પોતાનું માનવું છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણો નિયમ-૧૦૩ બહુ સ્પષ્ટ છે અને આ નિયમની અંદર ૧૪ દિવસની મુદત પૂરી થયેથી ૭ દિવસ કરતાં મોડો નહિ એવો દિવસ ઠરાવશે. એટલે સાહેબ, ૭ દિવસની વિધાનસભાની અંદર આપણે કરવાનું હોય. પરંતુ સાહેબ, આ ૨ દિવસનું સત્ર છે એટલે સાતમા દિવસે શક્ય નથી. ૭ દિવસનું સત્ર હોત તો સાહેબ ચોક્કસ એમાં ચર્ચા લઈ શકાત. ૭ દિવસનું સત્ર નથી અને એટલે ૨ દિવસની અંદર જ આપણું કાર્ય છે. ૨ દિવસનું કાર્ય છે એટલા માટે સાહેબ, કેમ કે બે બિલો આપણી પાસે છે.

સરકાર પાસે જેટલા દિવસનું કામ હોય એટલા દિવસ માટે જ એ સત્ર બોલાવે એ સરકારને લાગે છે. વીના કારણ સત્ર બોલાવવાની સભ્યશ્રીઓને પણ એ હોય એટલા માટે આપણે જેટલા દિવસનું કામ છે એટલા દિવસ માટે જ સત્ર બોલાવવામાં આવે છે અને એટલે ૭ દિવસ કરતા મોડું નહિ એવો દિવસ ઠરાવશે. આ દિવસ ૭ દિવસ હતા નહિ અને ૨ દિવસનું સત્ર હતું એટલા માટે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી જાણે છે કે વચેના ૭૦ દિવસ એમણે જે કહ્યાં એ તો સત્ર મુલતવી પછીના રહેલા. માનનીય રાજ્યપાલશ્રી જ્યારે સત્ર મુલતવી રહ્યાંની જાહેરાત કરે પછી સાહેબ એ દિવસ ગણાય નહિ. ફરીથી સત્રનું આહવાન થયું એટલે વચેના ૭૦ દિવસ એ ગણે છે એ એમની ગણતરી ખોટી છે. એટલે મારે એમને કહેવું છે કે એ ૭૦ દિવસ કેવી રીતે ગણ્યા છે એ ગણાય જ નહિ એટલે એ ગણતા નથી. ૨ દિવસનું સત્ર છે. ૨ દિવસના સત્ર માટે કામકાજ સલાહકાર સમિતિને બોલાવ્યા વિના પણ સત્રની કાર્યવાહી મૂકી શકાય છે એ પણ દિનેશભાઈ જાણે છે. ટૂંકા સત્રની અંદર (અંતરાય) ૨૪ કલાકમાં જરૂર હોય તોને, દિનેશભાઈ જરૂર પડે તો એ ચોક્કસ લઈ શકાય અને જરૂર પડે તો તાત્કાલિક બોલાવીને પણ શકાય એની ના જ નથી. પ્રશ્ન એટલો જ છે કે ૭ દિવસની અંદર રજૂ કરવાનું એટલે ૧૦૩નો નિયમ બહુ સ્પષ્ટ છે અને ૧૦૩ નિયમની સ્પષ્ટતા પછી આપના સામેની અવિશ્વાસની દરખાસ્ત આ નિયમના આધારિત રહીને અમે ચર્ચા કરવા તૈયાર છીએ અને આવનારા સત્રની અંદર જ્યારે સત્ર મળશે ત્યારે આપણે એની ચર્ચા કરીશું.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના ખૂબ ઉદાર મતના કારણે મને લાગે છે કે, આ ફરીથી પ્રશ્ન આવ્યો છે. જ્યાં સુધી સંસદીય ઉચ્ચ પ્રણાલિકાઓને સંબંધ છે ત્યાં સુધી કોંગ્રેસને સન્નાન સૂતકનો ય સંબંધ નથી. આજ ગૃહમાં બે-બે વખત માઈકો ઉછાળીને કામ કરવાવાળા લોકો ઉચ્ચ પ્રણાલિકાની વાતો કરે એ ઠીક નથી અને એટલા માટે જ અત્યાર સુધીમાં જે થયું છે એ બિલકુલ નિયમાનુસાર થયું છે એટલા માટે આ પૉઈન્ટ ઑફ ઑર્ડર રહેતો નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય મંત્રીશ્રી અશોકભાઈ સાહેબે હમણાં વાત કરી એમાં એવું સ્પષ્ટ લખ્યું છે કે, અધ્યક્ષ જાહેર કરે અને સૂચનાથી ચૌદ દિવસની મુદત થયે અને સાત દિવસ ઓછા કરતાં મોડું નહીં તેવા દિવસ ઠરાવેલ. જે દિવસે પ્રસ્તાવ ઉપર ચર્ચા કરવામાં આવે જો ૧૭ કરતાં ઓછા સભ્યો ઊભા થાય તો તેની અનુમતિ મળતી નથી તેવું અધ્યક્ષ જાહેર કરી શકે. આમાં એવું ક્યાંક નથી બતાવ્યું કે, આટલા દિવસનું સત્ર હોઈ શકે, માત્ર ને માત્ર જે દિવસે રજૂ કર્યું એના પછીના સાત દિવસ કે ચૌદ દિવસ ગણી શકાય એવું ૧૦૩માં સ્પષ્ટપણે બતાવેલ છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર રેઈઝ કર્યો છે એમાં સુર પુરાવતાં મારે સ્પષ્ટપણે કહેવું છે કે, આ દેશમાં

**અધ્યક્ષશ્રી** : આજે બધાએ સ્પષ્ટ બોલવું, અસ્પષ્ટ નહીં બોલવું આમાં.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં લોકશાહી પદ્ધતિથી ચૂંટાતા પ્રતિનિધિઓ ધ્વારા આ સન્નમાનીય ગૃહની અંદર બધા જ પ્રતિનિધિઓને પોતાનો અવાજ રજૂ કરવાની છૂટ હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના બંધારણમાં કરેલી જોગવાઈ મુજબ આ દેશનું બંધારણ એના કાયદાઓ, નિયમો અને કામકાજની કાર્યરીતિઓ, આની મર્યાદામાં રહી અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોદ્દાની રૂએ ગૃહે નક્કી કરેલા કાયદા, નિયમો અને કાર્યરીતિઓને અનુસરવાનું આ ગૃહે બંધારણમાં સ્વીકાર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પાંચ વર્ષના મારા કાર્ય કાળ દરમિયાન વિધાનસભાના સભ્ય તરીકે આ સભાગૃહ જ્યારે સર્વોચ્ચ ગૃહ છે ત્યારે સભાગૃહે નક્કી કરેલા કાયદાઓ, નિયમો અને કાર્યરીતિ, આ કાર્યરીતિઓનું જ્યારે આ સન્નમાનીય સભાગૃહમાં ઉલ્લંઘન થવાનો કોઈ સભ્યશ્રીને અહેસાસ થતો હોય તો માનનીય અધ્યક્ષશ્રી, એ સભ્યશ્રીને આ સર્વોચ્ચ સભાગૃહ ગૃહ સમક્ષ આવવાનો સંપૂર્ણ અધિકાર છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમણભાઈએ પણ એમના મંતવ્યો રજૂ કર્યા પરંતુ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે તો બંધારણને વરેલી લોકશાહીને વરેલી વિચારધારા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે કોઈ રાજકીય અવલોકન નથી કરવાનું, કોઈ અવલોકન નથી કરવું ( અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ સન્નમાનીય ગૃહમાં આ દેશે સ્થાપેલી લોકશાહીમાં પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિઓને સન્નમાનીય સભાગૃહ સમક્ષ એની વાત કરવાનો અધિકાર પ્રાપ્ત ન થાય ત્યારે આ ગૃહની અંદર આ બંધારણનું, કાયદાનું, નિયમોનું અને કાર્યરીતિઓનું ક્યાંક અવમાન, સત્તાનો દુરુપયોગ થઈ રહ્યો હોય એવું આ સભાગૃહ અહેસાસ કરે છે અને આ જે અહેસાસ છે માનનીય અધ્યક્ષશ્રી એ

**અધ્યક્ષશ્રી** : ચાલો હવે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : કોઈ રાજકીય અવલોકન નથી, કોઈ રાજકીય અવલોકન કરવા નથી માગતો.

**અધ્યક્ષશ્રી** : આપને કહેવું હોય તો કહી શકો છો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઑફ ઑર્ડર વસ્તુ એવી છે કે, આપ સેટીસફાય થાવ ત્યાં સુધી બોલવાનું પછી આપને નિર્ણય લેવાનો હોય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપે ત્યાંથી સૂચના લેવાની છે.

**શ્રી વજુભાઈ વાળા** : સૂચના નહીં, હું નિયમોની વાત કરું છું ( અંતરાય ) સાંભળવું હોય તો...

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારે નિયમોની વાત કરવાની છે.

**શ્રી વજુભાઈ વાળા** : આજે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવી જ ન શકાય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારે નિયમની જ વાત કરવાની છે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈને બધું યાદ આવતું નથી. ધીમેધીમે યાદ આવે છે. એટલે યાદ આવે એટલે ઊભા થઈને બોલી જાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, મને બધું યાદ છે પણ કોઈએ અકળાવું જોઈએ નહીં. લોકશાહીમાં અમારો અધિકાર છે એ અધિકાર મુજબ વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપ તો ખુરશી ઉપર બિરાજમાન છો ત્યારે આપે ઉદારતાથી આ વાતને લેવી જોઈએ. માનનીય અશોકભાઈ બોલતા હતા ત્યારે તેમણે એમ કહ્યું કે સાત દિવસથી મોડા નહીં ત્યાં સુધીમાં આ દરખાસ્તને હાથ પર લેવી જોઈએ. આ ગૃહની નહીં પરંતુ અહીંયા આ દેશની અંદર જે આપણી સર્વોચ્ચ સંસ્થા છે લોકસભા એની અંદર પણ જયારે માનનીય અધ્યક્ષશ્રી સામે એમને દૂર કરવાનો ઠરાવ આવ્યો છે ત્યારે દાખલ કરવામાં અને ચર્ચા કરવામાં એમણે કયારેય એક કલાકનો વિલંબ કર્યો નથી. બધું કામ મુલતવી રાખીને આ કામ હાથ પર લેવામાં આવ્યું છે. હાઉસ ઓફ કોમન્સ બ્રિટનમાં ઈતિહાસમાં એક જ વખત અવિશ્વાસની દરખાસ્ત આવી હતી. જેની જુનામાં જુની લોકશાહી છે. જયારે દરખાસ્ત આવી ત્યારે આ દરખાસ્ત પાસ થાય તેમ નહોતી છતાં પણ હાઉસ ઓફ કોમન્સના અધ્યક્ષશ્રીએ ત્યારે અવિશ્વાસની એક સભ્યને લાગણી ઉભી થઈ એટલે માનનીય અધ્યક્ષશ્રીએ રાજીનામુ આપ્યું હતું. એવી અપેક્ષા અમે નથી રાખતા પણ અમે મોડામાં મોડા સાત દિવસની વાત કરીએ છીએ. (અંતરાય) સુજલામ સુફલામનો અહેવાલ અટકાવ્યો એની આટલી બધી પીડા રહેવા દો. અમને બોલવા દો. તમે ૫૦૦કરોડ ખાઈ ગયા (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપે પોઈન્ટ ઓફ ઓર્ડરના સંદર્ભમાં બોલવાનું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એના વિશે જ બોલું છું.

**અધ્યક્ષશ્રી** : નથી બોલતા. પોઈન્ટ ઓફ ઓર્ડર પર બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ ઓર્ડર પર જ હું બોલું છું. મારા મિત્રો આટલા બધા અકળાઈ જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી સામે બોલો છો એના બદલે સામે જોઈને બોલો.

**અધ્યક્ષશ્રી** : પોઈન્ટ ઓફ ઓર્ડર પર બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું એના ઉપર જ બોલું છું. પોઈન્ટ ઓફ ઓર્ડર પર બોલતા હોઈએ ત્યારે અકળાવું ન જોઈએ.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ જયારે બીજી વાત બોલતા હોય ત્યારે આપને અટકાવવા પડે. પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલાય. બીજા ઉપર ન બોલાય. અર્જુનભાઈ બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં આ સિમ્બોલીક છે. અવિશ્વાસનો પ્રસ્તાવ આવે પણ ઉદાર એટલા માટે થવું જોઈએ કે અમારા ઠરાવથી આપના પદને આંચ આવવાની નથી. આપનું પદ સલામત રહેવાનું છે પણ અમારી લાગણી, એના કારણો જાણવાનો ગૃહને પણ અધિકાર છે અને એની ચર્ચા થવી જોઈએ. સાત દિવસથી મોડા નહીં એ રીતે તો છે. લોકશાહીની અને ગૃહની બંનેની પરંપરા છે કે જે દિવસે ગૃહમાં અવિશ્વાસનો પ્રસ્તાવ આવ્યો હોય એ દિવસે ગૃહનું બધું કામકાજ મુલત્વી રાખીને એની ચર્ચા થવી જોઈએ. આપશ્રીએ પણ એવી હિંમત રાખવી જોઈએ. હું હાઉસ ઓફ કોમન્સ જેવી અપેક્ષા રાખતો નથી કે આપની સામે પ્રસ્તાવ આવે અને આપ રાજીનામુ આપો.

**અધ્યક્ષશ્રી** : તમારે પોતે પણ સલાહ લેવાની જરૂર નથી. બધે સલાહ આપવાની જરૂર નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપે અકળાવવાની જરૂર નથી. માનનીય અધ્યક્ષશ્રીને અમારે શિખામણ નથી આપવી. શિખામણ ભલે અહીથી લે. અમે શિખામણ નથી આપતા. અમારે વાત રજૂ કરવી જોઈએ ને. શિખામણ તમે આપજો. શિખામણ અહીથી લેજો, ભલે ત્યાંથી લે. અમારી વાત સાંભળે. ગૃહની અંદર એકાદ વખત વાત મુકવાનો અધિકાર છે અને ગૃહની ઉચ્ચ પ્રણાલિકા છે. આજે નિયમોનુસાર ૭ દિવસ નહિ ૭૦ દિવસ થઈ ગયા છે. રજાઓના દિવસો કાઉન્ટ કરાવી શકાય. રજાના દિવસો અને બીજા દિવસો આની અંદર ગણાય. આવો નટવરલાલ શાહનો નિર્ણય છે અને આપ એ નિર્ણયને અનુસરો. અત્યારે ચર્ચા કરવાની મંજૂરી આપો એવી અમારી વિનંતી છે.

**શ્રી અશોક ભટ્ટ** : મારે બે જ મુદા ઉપર વિપક્ષના નેતાશ્રીનું ધ્યાન દોરવાનું છે. સંસદીય કાર્યરીતિ અને પ્રણાલિકાઓ ભાગ-૧ પાના ૧૩૩ લોકસભાના નિયમ-૨૦૦ અને ૨૦૧ (અંતરાય) ગુજરાત વિધાનસભાના નિયમો-૧૦૩માં એક મહત્વનો તફાવત છે. ૧૦૩ માં એવો પ્રબંધક છે કે અધ્યક્ષ કે ઉપાધ્યક્ષને તેમના પદ ઉપરથી દૂર કરવાના પ્રસ્તાવની સૂચના આપવી હોય તો તે સૂચનાની મુદત પૂરી થયા પછી જેમ બને તેમ જલ્દી અધ્યક્ષે વાંચવાની રહેશે, તે વાંચી સંભળાવી છે. તે અધ્યક્ષશ્રીના પ્રસ્તાવને ૧૦૩ સંબંધિત એ થાય, એટલે ૧૩૩ માં પાના ઉપર જે લોકસભાનો નિયમ ટાંકયો છે અને આપણો ૧૦૩ નિયમ છે, એ બંને વચ્ચે તફાવત છે. એ

તફાવત પ્રમાણે આપે જે કાર્યવાહી કરી છે, તે ૧૦૩ નિયમ મુજબ અત્યાર સુધીની કાર્યવાહી સંપૂર્ણ રીતે વિધાનસભાના નિયમ પ્રમાણે થયેલ છે એ પણ વિરોધ પક્ષના નેતાશ્રીએ સમજવી જોઈએ. સવાલ માત્ર ૭ દિવસનો છે. સત્ર ૨ દિવસનું કરેલ છે. ૭ દિવસનું સત્ર હોત તો ચર્ચા લઈ શકાત.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બંને બેસી જાઓ.(અંતરાય) પોઈન્ટ ઓફ ઓર્ડર અંગે બધી ચર્ચા થઈ ગઈ છે. તે અંગે સમજવાની જરૂર નથી. બેસી જાઓ. હવે હું આ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર જે મુદા ઉપસ્થિત કર્યા છે, તે તરફ હું આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું.(અંતરાય) મારે કઈ જોવું નથી. ગૃહનું ધ્યાન દોરવા માગું છું. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ એમાં નિયમ-૧૯ (અંતરાય) પ્લીઝ બેસો બધા. હવે એમાં ૩ માં જોગવાઈ છે. વિધાનસભાના નિયમોના નિયમ જે આપણી બધાની પાસે છે. એમાં નિયમ-૧૯ એમાં નિયમ નં. ૩ છે. એ ૩ માં જે સૂચના છે એ સૂચના આપની સમક્ષ વાંચું છું દરેક સૂચનાની મુદત, જે દિવસે તે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં મળી હોય તે દિવસ પછીના તરતના દિવસથી ગણવામાં આવશે. સૂચનાની મુદત ગણતી વખતે રજાઓ ગણતરીમાં લેવામાં આવશે નહીં. આ એક મુદો છે. રજાની બાબતમાં મુદો હતો, તે આ નિયમ-૧૯(૩) મુજબ ગણતરીમાં લેવામાં આવતા નથી.

હવે હું નિયમ-૧૦૩ સભાગૃહ સામે મૂકું છું. અહીં વિધાનસભાના નિયમોના નિયમ અને તેનો નિયમ-૧૦૩ હું સભાગૃહ સામે મૂકું છું. આ નિયમમાં જે જોગવાઈ છે તે જોગવાઈની કોઈપણ વાત કરતાં પહેલાં સમજવી પડે. અધ્યક્ષ કે ઉપાધ્યક્ષને તેમના પદ પરથી દૂર કરવાનો પ્રસ્તાવ કે જે માટે બંધારણની કલમ-૧૭૯ અન્વયે આપવી જોઈતી ૧૪ દિવસની સૂચના આપવામાં આવી હોય, અને તે સૂચનાની મુદત પૂરી થતાં વહેલામાં વહેલી તકે અધ્યક્ષ તેને સભાગૃહમાં વાંચી સંભળાવશે. આવો પ્રસ્તાવ રજૂ કરવા માટે અનુમતિ આપવાની તરફેણમાં જેઓ હોય તેઓને પોતાની જગ્યા ઉપર ઊભા થવાનું કહેશે અને તદ્દનુસાર ઓછામાં ઓછા જો ૧૭ સભ્યો ઊભા થશે તો અનુમતિ મળી છે તેવું અધ્યક્ષ જાહેર કરશે. સાંભળો પ્લીઝ. સૂચનાની ૧૪ દિવસની મુદત પૂરી થયેથી સાત દિવસ પ્લીઝ સાંભળો. સાંભળો. સૂચનાની ૧૪ દિવસની મુદત પૂરી થયેથી સાત દિવસ કરતાં મોડો નહીં એવો દિવસ ઠરાવશે. જે દિવસે પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવશે. જો ૧૭ કરતાં ઓછા સભ્યો ઉભા થાય તો અનુમતિ મળી નથી તેવું અધ્યક્ષ જાહેર કરશે. આ બધા નિયમો છે તેના ઉપર પૉઈન્ટ ઑફ ઑર્ડરનો નિર્ણય આપું છું. હવે મારો નિર્ણય પૉઈન્ટ ઑફ ઓર્ડર ઉપર આપું છું. નિયમ-૧૦૩માં સાત દિવસ કરતાં મોડા નહી તેવી જોગવાઈ છે. આ સાત દિવસની ગણતરીમાં સત્રના દિવસોની જ ગણતરી કરવાની છે. માત્ર સત્રના દિવસોની ગણતરી કરવાની છે. માટે ગયા સત્રના ફકત ત્રણ દિવસ અને આ સત્રના બે દિવસ તેમ મળીને કુલ પાંચ દિવસ થાય છે અને સાત દિવસનો સમય થતો નહીં હોવાથી આ પ્રસ્તાવ ઓર્ડર ઑફ ધી ડે માં છાપવાની જરૂર નથી તેવો મારો નિર્ણય છે. નેકસ્ટ.

# સરકારી વિધેયકો

### સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩૧

## મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૭ (ક્રમશ:)

### મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૩૧-સન- ૨૦૦૭ મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છુ.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૩૧-સન- ૨૦૦૭ મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે વિધેયક આ સન્માનનીય ગૃહ સમક્ષ લઈને હું ઉપસ્થિત થયો છું. આ વિધેયક સુપ્રીમ કોર્ટની અંદર શ્રી પ્રકાશસિંહ, નિવૃત્ત આઈ પી એસ અધિકારીએ કરેલી એક રીટપીટીશનના ઈન્ટ્રીમ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે જે લાગણી વ્યક્ત કરી છે એ લાગણીના અનુસંધાને બૉમ્બે પોલીસ એકટમાં કેટલાક જે સુધારા કરવાનું સુપ્રિમકોર્ટે સૂચન કર્યુ છે એના માટે આ વિધેયક લઈને આ ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટે જે સુધારા સૂચવ્યા છે એમાં સ્ટેટ સીકયોરિટી કમિશનની રચના કરવાનો એક સુધારો સૂચવ્યો છે. એક, ડીજીપીની જે નિમણૂક અને એનો કાર્યભાર છે એમાં લઘુત્તમ કાર્યભાર નિશ્ચિત કરવાનો એક સુધારો સૂચવ્યો છે. બધા પોલીસ અધિકારીઓનો લઘુત્તમ કાર્યભાર નિશ્ચિત કરવાનો એક સુધારો સૂચવ્યો છે. લો એન્ડ ઑર્ડર અને ઇન્વૅસ્ટીગેશન એનું જુદી જુદી વિન્ગ બનાવવાનો એક સુધારો સૂચવેલો છે, આ

---

* વિધેયક સન ૨૦૦૭ના જુલાઈ મહિનાની ૧૩મી તારીખે ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે.

ઉપરાંત પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ બોર્ડની રચના માટે એક સુધારો સૂચવેલો છે અને એક પોલીસ કમ્પલેઈન ઓથોરિટીની રચના કરવા માટેનો સુધારો સૂચવેલો છે, આ બધા સુધારાઓ આ બિલમાં સમાવિષ્ટ થાય છે. આ બિલમાં સ્વયં સ્પષ્ટ રીતે આ સુધારાઓનો ઉલ્લેખ કરેલો છે. હું આશા રાખું છું કે, સુપ્રીમ કોર્ટની ભાવનાને માન આપી આ સભાગૃહ આ બિલને સર્વાનુમતે સ્વીકારે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે અને ખાસ કરીને એમણે જે હેતુ બતાવ્યો છે, સુપ્રીમ કોર્ટની જે વાત કરી છે, મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧-૩૨(ઠ)ની જોગવાઈ મુજબ અને સલામતી આયોગ બોર્ડ અને સત્તા મંડળ પોતાના કાર્યો અદા કરવાના હેતુથી અને રાજય સરકાર નાણાકીય જોગવાઈ કરવા માટેની અને ખાસ કરીને તપાસ પોલીસ વિન્ગ અને કાયદો અને વ્યવસ્થા અલગ કરવા માટેની વાત માનનીય ગૃહ મંત્રીશ્રીએ કરી છે એની અંદર હું ચોક્કસપણે અમુક સુધારાઓ રજૂ કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, ૫ક (૧)માં બતાવવામાં આવ્યું છે કે, પોલીસ દળના સંપૂર્ણ અનુશાસન અને નિરીક્ષણ માટે, રાજય સરકાર, એક પોલીસ ડિરેક્ટર જનરલ અને પોલીસ ઇન્સ્પેક્ટર જનરલ નીમશે, એમ કરીને બે જણાને નીમશે, માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભાગૃહને કહેવું છે કે, હંમેશાં આ સરકાર જ્યારે જ્યારે આવા કંઈક સુધારાઓ લાવતી હોય છે ત્યારે એકને બદલે બે જણાને મૂકવાથી ઘણીવાર અસમાનતા ઊભી થતી હોય છે, એકબીજા ઉપરની જવાબદારી એક બીજા ઉપર નાખી દેતા હોય છે માટે માનનીય અધ્યક્ષશ્રી, હું ૫(ક)માં સુધારો મૂકવા માગું છું કે હાલના તબક્કે જે બે પોલીસ અધિકારી જનરલની નિયુકિત વધારે થવાથી રાજયના ગુનાની પરિસ્થિતિ નિવારવા માટે સમયસર નિર્ણય લેવા માટે એકબીજાને વિફળ થશે એના કારણે માત્ર એક જ અધિકારીને સોંપવામાં આવે એવી હું વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ૫-ક-૨માં ડિરેક્ટર જનરલ ઑફ પોલીસ અને ઇન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ, જે રીતે અખિલ ભારતીય સેવા અધિનિયમ, ૧૯૫૧ની જોગવાઈ આધારિત કરવાની છે તે પ્રમાણે એડિશનલ ડિરેક્ટર જનરલ ઑફ પોલીસ રાજયની પૅનલ કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણીવાર એડિશનલ જનરલ ઑફ પોલીસની જગ્યા ભરવામાં આવે તેના દ્વારા રાજયમાં ન્યાય પદ્ધતિને અને લોકસેવાના આધારે લોકસેવાનું એનું વજન રહેતું હોય છે અને આજે પોલીટીકલ દુનિયામાં જોતાં પોલીસ ઉપર સંપૂર્ણ સરકારનો કન્ટ્રોલ રહેતો હોય છે અને એના કારણે આ જે પરિસ્થિતિનું નિર્માણ થતું હોય છે ત્યારે આ તબક્કે તમામ પ્રકારના ડિરેક્ટર ઓફ પોલીસ ઈન્સ્પેક્ટરની જનરલની પસંદગી અખિલ ભારતીય અધિનિયમ પ્રમાણે કરવામાં આવે કે આજે જે સ્થિતિ છે, આ જે સ્થિતિ હોય છે કે જ્યારે નિયુકિત કરવાનું સુપ્રીમ કોર્ટે ખાસ કરીને આ પરિસ્થિતિનું નિર્માણ એટલા માટે કરવામાં આવ્યું કે જે તે સરકારો નિયુકિત કરતી હોય છે.
નિયુક્ત કરતા હોય છે અને નિયુકિતના કારણે તમામ પોલીસ અધિકારીઓ છેલ્લે ગુજરાતમાં પાંચ વર્ષથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ આપણે જોઈએ છીએ એવી સ્થિતિ થતી હોય છે. માટે જે અખિલ ભારતીય પસંદગી નિયુકિત છે એ મુજબ કરવામાં આવે એવી મારો આ પ્રસંગે સુધારો મૂકું છું.

૫-ક-(૩)માં પોલીસ ડાયરેકટર ઓફ જનરલ, પોલીસ ઈન્સ્પેકટર ઓફ જનરલની મુદત ઓછામાં ઓછી બે વર્ષની રાખવાની રહેશે એ મુજબ એમાં કહેવામાં આવ્યું છે. ઘણી વખત એવું થાય છે કે, આની મુદત બે વર્ષ રાખવામાં આવે તો અનેકવાર નિયુકિત એ પ્રમાણે થાય તો અધિકારીશ્રીઓને એવું થાય કે ૨ વર્ષ સુધી મને કોઈ બદલનાર નથી એના કારણે ઘણી અવ્યવસ્થા થશે. સાચો ન્યાય મળવાની અંદર ગુજરાતની પરિસ્થિતિ છે એ કઈ ટાઈપની છે એ સમગ્ર સાડા પાંચ કરોડની જનતા જાણે છે માટે હું એમ કહું છું કે, આ મુદત એક વર્ષની હોવી જોઈએ. અથવા બદલીમાં એવી જોગવાઈ હોવી જોઈએ કે કદાચ બે વર્ષ પહેલા પણ એના માટે કોઈ ફરિયાદ ઊભી થાય તો એની બદલી કરી શકાય. આવી જોગવાઈ કરવી જોઈએ.

૭-(ક)માં 'રાજય સરકાર કોઈ પણ વિસ્તારમાં વસતિના ધોરણે અથવા આ વિસ્તારના પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં લઈને' આમ વસતિનો આધાર એમાં કહ્યો છે આ બિલમાં આ કલમમાં કોઈ જોગવાઈ એવી સ્પષ્ટ કરવામાં આવી નથી કે વસતિના ધોરણ સિવાય પણ ઘણા બધા સંજોગો હોય છે દા. ત. કોઈ વિસ્તાર એવો હોય અનુસૂચિત જનજાતિનો, પછાત લોકોનો હોય, બક્ષીપંચની વસતિ વધારે હોય એના કારણે અત્યાચાર બહુ થતો હોય ત્યાં પણ આ જોગવાઈ કરવી જોઈએ. મહિલાઓ પર અત્યાચાર થતો હોય ત્યાં પણ આ જોગવાઈ કરવી જોઈએ. માત્ર એક ધોરણ નહીં પણ બીજા ધોરણો પણ એમાં બહુ સ્પષ્ટ રીતે બતાવવા જોઈએ જેથી ગુનાનું પ્રમાણ વાધારે હોય તો એમાં બદલાવી શકાય. એજ પ્રમાણે ૩૨ (ક)૨ માં રાજય સલામતી કમિશનની રચનામાં મુખ્યમંત્રીશ્રી, ગૃહ મંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી, ગૃહ સચિવશ્રી, પોલીસ ડાયરેકટર ઓફ જનરલ અને બે અન્ય બિન સરકારી સભ્યોને કમિશનના સભ્ય તરીકે રાખવાનું જણાવ્યું છે. આજે આપણે બહુ સારી રીતે જાણીએ છીએ કે, સરકારમાં બેઠેલ સત્તાધારી પક્ષ માત્ર આમાં રહે અને એ સિવાય કોઈ ન રહે તો આમાં પણ જે સુપ્રીમ કોર્ટનો હેતુ છે એ હેતુ માર્યો જાય છે. માટે એમાં સુધારો કરવા માટે કહું છું કે, આ કમિશન જે બનાવવામાં આવે એમાં વિરોધ પક્ષના નેતા પણ હોવા જોઈએ જેના કારણે આ કમિશનમાં જેમ મુખ્યમંત્રી હોય, ગૃહ મંત્રી હોય, એની સાથે સાથે વિપક્ષના નેતાનું સ્થાન પણ એમાં હોવું જોઈએ એ બહુ જરૂરી છે. જેના કારણે બે સમાંતર ધોરણો ચાલી શકે અને બાકીના બે સભ્યો કોણ હોય કે જે રાજયમાં કાયદો અને વ્યવસ્થાના પાસા યોગ્ય રીતે સમજતા

હોય જે અંગે પણ આમાં જણાવવું જોઈએ. આમાં તો એવું થાય છે કે એક જ સત્તાધારી પક્ષ પાસે આ સત્તા રહેશે અને એમાં વિપક્ષની ભૂમિકા આડકતરી રીતે કાઢી નાંખવાની પરિસ્થિતિ થતી હોય ત્યારે આવા સંજોગોમાં વિપક્ષના નેતા કે બીજા કોઈ સભ્ય નહીં મૂકવામાં આવે તો એ આખા બોર્ડનો કન્ટ્રોલ જ એમના હસ્તક રહેવાનો છે અને સુપ્રીમ કોર્ટનો જે હેતુ છે એ હેતુ ફળવાનો નથી. ૩૨ (ક) ૫ માં બે બિન સરકારી સભ્યોની મુદ્રિત ત્રણ વર્ષ બતાવી છે. ત્રણ વર્ષ જો મૂકવામાં આવે તો એના કારણે આ બોર્ડ માટેની એવી પરિસ્થિતિ નિર્માણ થશે કે ત્રણ વર્ષ માટે જે કમિશને/બોર્ડે કરવું હોય તે કરી શકશે. તો આમાં ઓછામાં ઓછી એક વર્ષની જ મુદત રાખવી જોઈએ એવી મારી ખાસ કરીને વિનંતી અને સૂચન છે.

૩૨ (ઘ)માં આ જોગવાઈ હેઠળ રાજય પોલીસ મહેકમ બોર્ડની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ફક્ત બોર્ડના અધ્યક્ષ તરીકે પોલીસ ડાયરેકટર ઓફ જનરલને રાખવામાં આવશે એવું જણાવવામાં આવ્યું છે. મારું ખાસ કરીને સૂચન છે કે પોલીસ ડિપાર્ટમેન્ટમાં આપણે અધિક મુખ્ય સચિવ (ગૃહ) હોય છે એજ આખા ડિપાર્ટમેન્ટનું હેન્ડલીંગ કરતા હોય છે. તો અધ્યક્ષ સ્થાને ગૃહ સચિવશ્રી હોવા જોઈએ એવું મારું ખાસ કરીને આમાં સૂચન છે. પોલીસ મહેકમ બોર્ડ દ્વારા પોલીસ ઈન્સ્પેકટર અને પોલીસ સબ ઈન્સ્પેકટરની બદલી અને બઢતીનું કાર્ય કરવામાં આવે ત્યારે ખરેખર આ બોર્ડના નિયમ છે એમાં ખરેખર આજની સ્થિતિમાં જે થઈ રહ્યું છે, બદલીઓ અને બઢતી તેની ઉપર તો આ આખું તંત્ર ચાલતું હોય છે અને બોર્ડ બનશે તેના નિયમો જે છે તે નિયમો પણ ફરીથી જો આ રીતે નક્કી કરવામાં નહીં આવે તો આખી સ્થિતિ જુદી ઉભી થવાની છે. તેની અંદર સ્પષ્ટ બતાવ્યું નથી જૂના નિયમો મુજબ ચલાવવાના છે એવું આ બિલમાં મારી જે સમજ છે તે મુજબના છે. તેની અંદર નવા નિયમ જે સુપ્રીમ કોર્ટ જે ઇચ્છતી રહી છે તે મુજબના કોઈ સ્પષ્ટ નિયમો આમાં બતાવ્યા નથી એટલે તે પણ આ બિલની અંદર સ્પષ્ટતા કરવી જોઈએ. ૩૨(ઙ) ક રાજય સરકાર પોલીસ ફરિયાદ સત્તા મંડળની સ્થાપના આ કલમના આધારે અને કલમ ચાર સભ્યો મૂકવામાં આવે તેમાં ચોથી વ્યકિતનું નામાંકિત વ્યકિત તરીકે રહેવું તેવું જણાયું છે. નામાંકિતની વ્યાખ્યા સ્પષ્ટ કરી શકાતી નથી અને સ્પષ્ટ વ્યાખ્યા ના થાય તો આજની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં જે કાયદો તોડવાવાળા લોકો છે તેનું પણ નામ કદાચ આની અંદર આવે એવી સ્થિતિ થાય માટે આ સરકારે બિલની અંદર સ્પષ્ટતા કરવી જોઈએ કે નામાંકિત વ્યકિતની જે વ્યાખ્યા છે તે કઈ પ્રકારની વ્યાખ્યા છે તે ચોક્કસપણે કરવી જોઈએ. અને છેલ્લે ૩૨જ માં કહ્યું છે કે રાજય પોલીસ ફરિયાદ સત્તા મંડળ અને કાર્ય બાબતમાં મુખ્યત્વે પોલીસ અધિકારી વિરુદ્ધની ફરિયાદોના સંબંધ કાર્ય કરવામાં જણાય છે. રાજયની પોલીસ ફરિયાદ સત્તા મંડળ તે જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ કદાચ જિલ્લામાં ન્યાય પણ ના મળે તો રાજયે તેનો સંપૂર્ણ વ્યૂહ જોઈને અને છેક સુધી માણસને સંતોષ થાય જેની સામે જે વ્યકિતએ પોલીસ ડિપાર્ટમેન્ટ જે વ્યકિતની સામે પોલીસ ફરિયાદ કરી છે તેને પૂરેપૂરો સંતોષ થાય તેને માટે રાજયનું સત્તા મંડળે તેમાં જોવું જોઈએ. આવા મારા સૂચનો છે અને ખાસ કરીને જ્યારે આવું પંચ બનવાનું હોય ત્યારે તેની જાહેરાત અને ફરીથી સુપ્રીમ કોર્ટનો જે હેતુ છે તે બિલની અંદર માત્ર વિધાનસભા અને મિડિયા દ્વારા પણ જે ગામડાં સુધી પહોંચવું જોઈએ તેની પણ કોઈ જોગવાઈના પગલાં આમાં લીધાં નથી. માટે સરકારને હું વિનંતી કરું કે આના પર જે નિયમો સ્પષ્ટ બને તે છેવાડાના માનવી સુધી પહોંચે એવું મારું આ બિલની અંદર સૂચન છે. મને આશા છે કે ચોક્કસ મેં જે સૂચનો કર્યા છે તે માનનીય ગૃહ મંત્રીશ્રી આનો સ્વીકાર કરશે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મુંબઈ પોલીસ સુધારા વિધેયક લઈને જે આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરું છું. આ એક એવી ઘટના છે કાયદો અને વ્યવસ્થા ખાસ કરીને ગૃહ વિભાગના ઈતિહાસની અંદર એક ઐતિહાસિક ઘટના ગણાશે. અનેક રાજયની અંદર આપણે જોયું છે કે પોલીટીકલી ઈન્ટરફિયરન્સ વધારે હોવાને કારણે પોલીસ સ્વતંત્રતાથી જે પ્રમાણે કામ કરવું પડે તે ના કરી શકે આવી અનેક ઘટનાઓ આપણે અનેક રાજયોની ઉત્તર પ્રદેશ હોય બિહાર હોય આવા રાજયોની આપણે જોઈ છે. તેની સામે પોલીસ અહીંયા સ્વતંત્રતાથી કામ કરી શકે તેને માટેનું કામ સાથે સાથે પોલીસ ઉપર પણ વ્યકિતગત રીતે જોઈએ તો મોનીટરીંગની વ્યવસ્થા થાય. જિલ્લા કક્ષાએ પોલીસની સામેની કેટલીક ફરિયાદો મળતી હોય પોલીસ ઉપર જ્યારે આક્ષેપો થતાં હોય તેની સામે એક જિલ્લા કક્ષાનું પણ પોલીસ ફરિયાદ માટેની વ્યવસ્થા કરી છે. જેની અંદર એક પ્રતિનિધિ હોય અને એક જિલ્લાના મેજીસ્ટ્રેટ હોય અને બાકીના જે પોલીસના વડા હોય જિલ્લા કક્ષાના. આ એક મોનીટરીંગની પણ વ્યવસ્થા થઈ છે જેના કારણે પોલીસ ઉપર પણ ત્યાં આગળ પબ્લિકની જે ફરિયાદો આવે તેની ઉપર સીધે સીધું મોનીટરીંગ થઈ શકે. દેખરેખ થઈ શકે. બીજી સૌથી અગત્યની વાત લો એન્ડ ઓર્ડર. કાયદો અને વ્યવસ્થા અને તપાસ. આ બન્ને વિષયો અત્યાર સુધીમાં ભેગાં છે. અનેક વખત ચર્ચા ચાલી કે આ બન્નેને અલગ કરવા જોઈએ. આ કાયદાને કારણે આ બન્ને વાતો અલગ અલગ થશે જેના કારણે તપાસની બાબતો અનેક વર્ષોથી પડી હોય અને તેનો ઉકેલ ના થઈ શકતો હોય તેની જગ્યાએ આ ઝડપી કાર્યવાહી થશે અને કાયદો અને વ્યવસ્થાનું કામ જે લોકોને સંભાળવાનું છે તે પણ સારી રીતે થઈ શકશે. રાજયની અંદર પોલીસની ભરતી, બઢતી તેની બદલી તેના માટેના પણ કેટલાંક નોર્મ્સ નક્કી કર્યા છે. કાયદો કાયદાની રીતે જ ચાલતો હોય છે. આપણી કલ્પના એવી છે કે "ન રાજા ન રાજયમ્ ન દંડો ન દંડીત" પરસ્પર ધર્મનું આચારણ કરીને પ્રજા જીવતી હોય, આવતી કાલની આ દિશાનું એ સૌથી સારામાં સારું પગલું આ ગણશે. કાયદાનું પાલન

થાય, અનુશાસનના આધાર ઉપર પ્રજા ચાલે અને જેને જેને કાયદાનું પાલન કરવાનું છે એને પૂરતા પ્રમાણમાં સ્વતંત્રતા મળે. આ કાયદો ૫-૧૦ વર્ષ પછી હિન્દુસ્તાનના દરેક રાજયે બનાવવો પડશે અને જે રીતે બાકીના દેશો આગળ વધ્યા છે એ રીતે આપણે પણ કાયદાની દિશામાં આગળ વધી શકીશું. માનનીય મંત્રીશ્રી આ બિલ લઈને આવ્યા છે તેમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

## સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બન્ને વિધેયક પરની ચર્ચા પૂરી થાય અને તેના ઉપર નિર્ણય લેવાય અને ત્યારબાદ છેલ્લા દિવસના પ્રસ્તાવ પરની ચર્ચા પૂરી થાય ત્યાંસુધી ગૃહનો સમય લંબાવવા માટે હું દરખાસ્ત કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આવતીકાલ ઉપર રાખજો ને.

**ડૉ. દિનેશ પરમાર** : આવતા સોમવાર પર રાખો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સભાગૃહ એક દિવસ વધારી દેજો ને.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય દંડકશ્રીએ કહયું એ વાત સાચી છે કે આ બધું પૂરું કરવામાં આવે, પરંતુ અમને એમ લાગે છે કે એના માટે એક દિવસ સભાગૃહ લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી**: આ તો સભાગૃહનો દિવસ વધારવાની વાત કરે છે. (અંતરાય) ચાલો, છેલ્લા દિવસના પ્રસ્તાવ પરની ચર્ચા પૂરી થાય ત્યાં સુધી આજની સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

**ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૦૭ નું વિધેયક ક્રમાંક-૩૧-સન ૨૦૦૭ નું મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયક, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ વધુ સુધારવા બાબત લઈને આવ્યા છે એની ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ બિલ અધિનિયમ સુધારણા માટેનું બિલ છે, પરંતુ મેં જે આ છેલ્લા પાંચ વર્ષમાં અભ્યાસ કર્યો છે એ ઉપરથી સમગ્ર પોલીસ તંત્રની સુધારણા કરવી જોઈએ એવું મારું પોતાનું માનવું છે કારણ કે હવે જયારે એમને એમનું પોલીસ તંત્ર કામ કરે છે એની ઉપર ભરોસો ના હોય એ રીતે એ લોકો કેવી જાતનું આ લાવવા માટે છે? એમણે રાજય સલામતી કમિશનની વાત કરી છે. તો આ રાજય સલામતી કમિશન છે કે રાજય સરકારની સલામતી માટેનું કમિશન છે એ સમજાતું નથી. જે રીતે રાજયમાં લૂંટ, ખૂન, બળાત્કાર, ધાડ, ખંડણી, અપહરણ એવા પ્રકારના ગુનાઓ દિનપ્રતિદિન વધતા જાય છે અને જે રીતે આ સરકાર પણ નાસીપાસ થઈ રહી છે (અંતરાય) જે રીતે સમગ્ર હન્દુસ્તાનમાં ગુજરાતની સરકાર બદનામ થઈ રહી છે....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, દિનેશભાઈ, વન મિનિટ પ્લીઝ, (અંતરાય) ભવાનભાઈ, પ્લીઝ, (અંતરાય) માનનીય દિનેશભાઈ, આમાં સ્પષ્ટ વાત છે કે આ બિલ છે એ સુધારણા અંગેનું બિલ છે.

**ડૉ. દિનેશ પરમાર** : હું સરકારના ઉદેશની વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : આ બિલ સુધારણા અંગેનું બિલ છે અને એટલે એમાં જે સુધારો કર્યો હોય, જે પોઈન્ટ સુધાર્યો હોય એની ઉપર આપ વાત કરો.

**ડૉ. દિનેશ પરમાર** : એમાં સરકારનું ધ્યાન ના દોરાય? બિલમાં કયાંક કોઈ કચાશ રહી ગઈ હોય અને એમાં સુધારો કરવાની ઈચ્છા હોય તો...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આખા બિલની કોઈ ચર્ચા કરવાની નથી. જે આઈટમોમાં સુધારો હોય એ આઈટમ ઉપર તમે વાત કરો.

**ડૉ. દિનેશ પરમાર** : સરકારના જ્ઞાનમાં વધારો થાય, સરકારને વિચાર આવે કે આમાં કયાંક નવું કાંઈક ઉમેરવા જેવું છે, એમાં કાંઈ કચાશ ના રહે એના માટે પુનઃવિચારણા કરવા માટેની સદ્‌બુદ્ધિ સૂઝે એના માટે હું વાત કરવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય દિનેશભાઈ, આપ સુધારા ઉપરની જ વાત કરો.

**ડૉ. દિનેશ પરમાર** :રાજય સલામતી કમિશન એ મને લાગે છે કે રાજય સરકારની સલામતી માટેનું કમિશન હોય એવું લાગે છે. એના મળતિયા અધિકારીઓ, એના યસમેન જેવા અધિકારીઓ, હાજી હા કરવાવાળા અધિકારીઓને યોગ્ય જગ્યાએ મૂકવા માટેની આ વ્યવસ્થિત કાર્યરીતી હોય એવું મને પોતાને લાગે છે. અને કેટલા મહેરબાન એવા લોકો ઉપર કે એમની વયમર્યાદા પણ જોવામાં આવશે નહીં. સરકારશ્રીના નોકર હોય એમને એની બધી જ નોકરીના કાયદા કાનૂન લાગુ પાડવા જોઈએ, પરંતુ આ એક ક્ષેત્ર એવું છે કે એમાં તો વયમર્યાદાનું કોઈને લાગેવળગે નહીં એવા માણસોને મૂકવામાં આવશે જેના લીધે એ એમની પસંદગીનું ઈન્વેસ્ટીગેશન કરી શકે, આનાથી યોગ્ય ઈન્વેસ્ટીગેશન કરવાને બદલે આ સરકાર ધારે એવું ઈન્વેસ્ટીગેશન કરવાવાળા અધિકારીઓનું લંગર ચાલુ કરવા માટેનો પ્રયત્ન હોય એવું મને લાગે છે. હમણાં હમણાં તાજેતરમાં સુપ્રીમ કોર્ટમાંથી જે આદેશો આવ્યા અને જે તપાસ આવી અને એમાં તપાસ અધિકારીઓએ તપાસ કરી એ તપાસ સરકારને ખૂંચે છે અને આ

સરકારને એનાથી સમગ્ર હિન્દુસ્તાનમાં બદનામી મળી છે. આ સરકારને એવી બદનામી ન મળે, અને પોતાના પાપ પોતે જ ઢાંક પીછોડો કરી શકે, એટલા માટે તેમના પસંદગીના અધિકારીઓને મૂકવા માટેનું આ વ્યવસ્થિત કાર્ય હોય તેવું મને લાગે છે. અને મારે કહેવું છે, બીજું એક પોલીસ મહેકમ દળ બનાવવા માગે છે, અરે ૧૯૬૦ થી તમે જે મહેકમ વધારવાની તમારી ક્ષમતા ન હોય, પોલીસ તંત્રની અંદર પોલીસનું શોષણ કરી પૂરતો પગાર આપવાના બદલે લીમીટેડ પગારો કરી લઘુતમ વેતન પણ ન મળે એટલા પૈસા આપી અને તમે શોષણ કરવા વાળા માણસ પાસે કઈ જાતની અપેક્ષા રાખો છો? કઈ જાતની કાયદો વ્યવસ્થાની અપેક્ષા રાખો છો? અને ત્રીજું બનાવે છે પોલીસ ફરિયાદ સત્તા મંડળ, માનનીય અધ્યક્ષશ્રી, મેં શહેરી વિકાસ સત્તા મંડળોના નામ સાંભળ્યા છે, અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીના નામો સાંભળ્યા છે, પણ પોલીસનું કામ કરવા માટેનું સત્તા મંડળ? અરે પોલીસ પાસે તો એટલી બધી બિન જવાબદાર સત્તાઓ છે કે પ્રજાને પરેશાન કરવામાં કંઈ બાકી રાખતા જ નથી. અને તેને તમે સત્તા મંડળ જેવી હવા આપી અને તેને સત્તાની ખોટી હવા ભરવાનું કામ બંધ કરો. અને તેને કન્ટ્રોલમાં રાખવાનું કામ કરો તો પણ ઘણું છે. અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી હોય, શહેરી વિકાસ સત્તા મંડળ હોય તેમને તો જે તે એરિયા ઉપર કામ કરવા માટેની સત્તા પ્રસ્થાપિત કરવાની હોય ત્યાં એ સત્તા મંડળો હોય, પણ અહીં તો ફક્ત વહીવટ કરવાનો છે, અને વહીવટમાં સત્તા મંડળ ઉભા કરીને કઈ જાતની સત્તા પ્રસ્થાપિત કરવા માગો છો? કઈ જાતના સત્તા મંડળો ઉભા કરો છો? કલમ ૩૨(ક) મુજબ રાજય સલામતી સમિતિની સ્થાપના કરાશે. વર્ષો સુધી તમે ડી.જી.પી.ની જગ્યા ચાર્જમાં રાખો છો, ડી.જી.પી.ની જગ્યા ભરવાનો ટાઈમ તમને મળતો નથી. કારણ કે મન પડે તેવા હોદા કરી શકાય, તેના ઉપર લટકતી તલવાર રાખી શકાય એટલે અધિકારીઓને કાયમી જે અભય બનાવવાનું કામ હતું તે કરવાનો ટાઈમ તમને નથી. અને નવા હોદા ઉભા કરવા છે. પસંદગીના લોકોને ત્યાં મુકવા માટેનું કામ કરવું છે. અધિકારીઓમાં પણ કેવા ડિસ્ક્રીમીનેશન? ગુજરાતનો અહીંનો વહીવટ એટલો વખણાય છે, કે અહીંના અધિકારીઓ ગમે એટલું સારું કામ કરે છતાં તેને આઉટ સ્ટેન્ડીંગ કે એકસેલન્ટ સી.આર. આપવામાં આવતા નથી, આપણું ગુજરાત થોડું કન્ઝરવેટીવ છે. ગુજરાત બહાર દિલ્હીમાં જવા વાળા અધિકારીઓ ગુજરાતની સેવા નથી કરતા, ગુજરાતમાં કંઈ કામ ન કર્યુ હોય પણ ત્યાંના એકસેલન્ટ સી.આર. લઈ આવે, આઉટ સ્ટેન્ડીંગ રિપોર્ટ લઈ આવે અને અહીં આવીને પ્રમોશન મેળવે છે. અને અહીં તૂટી મરવા વાળા અધિકારીને વેરી ગુડ મળ્યું હોય તો પણ તેને પ્રમોશન આપવામાં આવતું નથી. આવા સુધારા કરવાનો પ્રયત્ન કરો. અધિકારીઓને અન્યાય થતો હોય તે બંધ કરો. અને માનીતા અધિકારી મન માની કરે અને જે અધિકારીઓ લો એન્ડ ઓર્ડરમાં એક્સ્પર્ટ હોય, તેવા ઓફિસરો કાયદામાં પણ એક્સ્પર્ટ હોય અને ઈન્વેસ્ટીગેશનમાં પણ તે એક્સ્પર્ટ હોય, તેમ છતાં તમે લો એન્ડ ઓર્ડર વાળાને જુદા રાખો, ઈન્વેસ્ટીગેશન વાળાને જુદા રાખો, તો તમે એમની એક્સ્ટ્રા ઓર્ડીનરી સેવાઓ લઈ શકવાના નથી. અને તમે ઈન્વેસ્ટીગેશન અલગ પાડી આ ખાતાની અંદર બે ભાગ પાડી અનેક લોકોને દબાવવા, ધમકાવવા, અને હપતા ખાતા લોકો ઉપર તમે લટકતી તલવાર રાખવાના હો તો તો અમને વાંધો નહોતો, પણ ન્યાયપ્રીય અને પ્રમાણિક એવા અધિકારીઓ ઉપર લટકતી તલવાર રાખી અને સાચી ખોટી ઈન્કવાયરીઓમાં ફીટ કરવા વાળું આ તંત્ર હોય અને સરકારને ઈશારે જે કામ કરવાના છે તેમના માટે આ થતું હોય તો મને લાગે છે કે સરકારે ફેર વિચારણા કરવી અતિશય જરૂરી છે. અને આ સરકાર જયારે જયારે સુધારા બિલ લઈને આવી છે ત્યારે એટલી બધી ઉતાવળમાં બિલ લઈ આવે છે કે એમાં કયાંક ને કયાંક ભૂલો રહી જાય છે. ચર્ચાને જોઈએ એટલો અવકાશ મળતો નથી. એક જ દિવસમાં આઠ આઠ બિલો પસાર કરવામાં આવતા હોય, અને અમારા જેવા વાત કરે તેને મગજ ખુલું રાખી અને સ્વીકાર કરી અને કંઈક સુધારો કરવા માટેનો પ્રયત્નો કરવા જોઈએ, તેના બદલે મગજના દરવાજા બંધ કરીને બેઠા હોય, જેથી યોગ્ય સૂચનોની નોંધ પણ થતી ન હોય, મેં બિલ ઉપર બોલતી વખતે એક પણ પ્રધાનને પેન લઈને લખતા જોયા નથી. કારણ કે તેમણે નકકી જ કરી લીધું છે કે અમે જે કંઈ કરીએ છીએ તે જ બરાબર છે, વિરોધપક્ષ જે સૂચનો કરે છે તે સૂચનો ઉપર કોઈ ધ્યાન આપવાની જરૂર જ નથી. જયારે મૂલ્યવર્ધિત વેરામાં પણ આ જડખા થયા હતા હાઉસ ટેકસના બિલ વખતે આકારણી બાબતનું બિલ હતું તે પણ વટહુકમ ખોટો બહાર પાડયો, અને બિલ પણ ખોટું આવ્યું, લોકોને હેરાનગતિ થઈ, એ જ રીતે આ બિલમાં પણ લોકોને હેરાનગતિ ન થાય, એટલા માટે હું એમ કહું છું કે આ બિલ અત્યારે પડતું મુકો અને પુખ્ત વિચારણાને અંતે બિલ લાવવા માટેના પ્રયત્નો કરવામાં આવે તો સાચા અર્થમાં કામ થઈ શકે. માનનીય અધ્યક્ષશ્રી, આને ધારાકીય સંવિધાનીક સત્તાઓ આપવાની કઈ જરૂર છે? મુખ્ય મંત્રી તો જે હોદાના વડા હોય, ગૃહ વિભાગનો હવાલો ધરાવતા મંત્રી પણ પોતે જ હોય, ત્યારે તેને પણ સાથે રાખી શકે. સીમ્પલ સરકારના જી.આર. થી સામાન્ય સરકયુલરથી જે કામ થઈ શકે તેને કાયદાનો દરજ્જો આપી અને કાયદાનું જંગલ ઉભું કરવા માટેની કોઈ જરૂર નથી. એમાં ગુજરાત સરકારના મુખ્ય સચિવ પણ હોય, ગુજરાતના ગૃહ સચિવ પણ હોય, અને પોલીસના ડિરેકટર જનરલ ઓફ પોલીસ કે ઈન્સ્પેકટર જનરલ પણ હોદાની રૂએ એમાં હોય, અને બે એક્સ્પર્ટ લેવામાં આવે. બે એકસપર્ટ લેવામાં આવે. એ લેવામાં આવે તો તમે એનો સુધારો જી.આર. બહાર પાડીને કે પરિપત્ર કરીને કામ કરી શકવાના હતા. એ કામ કરવાને બદલે તમે બિલની અંદર જઈને જાતજાતના કાયદા બનાવીને ગૌરવ લેવાની જરૂર નથી કે મારા સમયમાં આટલા કાયદા પસાર કરાવ્યા આટલા બિલ પસાર કરાવ્યા એવું કરવાની જરૂર નથી. રાજય સરકારને નીતિ વિષયક માર્ગદર્શન અને સૂચન

આપવાનું કામ કરશે. તો શું માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે શું એને કોઈ સલાહ આપવાવાળા નથી. સલાહ લઈને સ્વતંત્ર નિર્ણય લઈ શકે તેમ નથી કે જેથી એના માટે સ્વતંત્ર બોર્ડ ઊભું કરવું પડે? વિજ્ઞાન અને ટેકનોલોજીના જમાનામાં ઈન્ફરમેશન એન્ડ ટેકનોલોજીનામાં આટલી બધી માહિતી ઉપલબ્ધ છે. માત્ર ઈન્ટરનેટ એન્ડ વેબસાઈડ તમે જુઓ એટલે માહિતી મળી જાય એના માટે નવા કાયદા કરવાની જરૂર નથી. પોલીસદળની કામગીરી સમયાંતરે પુનઃઅવલોકન થાય. આજની તારીખે થઈ રહ્યું છે? એના માટે સત્તા વાપરીને કરવાનું છે એના માટે નવુ તંત્ર ઊભું કરવાની જરૂર નથી. તમારુ તંત્ર નિયમિત પોલીસ સ્ટેશનો ચેક કરે. રેગ્યુલર અધિકારીઓ ફરજ ઉપર હાજર રહે છે કે કેમ, સવાર સાંજ પરેડ કરાવવાની જરૂર છે જેથી વધારે પડતાં પેટવાળાને ફીટ કરવાનું કામ કરે તો એ પણ ઘણું છે. કારણ કે શરીર સારું હશે તો એ ગુનેગારની પાછળ દોડીને પણ એને પકડી શકશે. પરંતુ જો પોલીસવાળા જ ગુનેગારોને ખભે હાથ નાખીને ફરતાં હોય તો તમે ગમે તે કરશો તો પણ તંત્ર સુધરવાનું નથી. આ ઉપરાંત બીજી પણ અનેક બાબતો જે હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે તપાસ અમુક કરાવવાની છે. ગાઈડ લાઈન છે એ પ્રમાણે આગળ વધવા માગીએ પરંતુ એમાં આપણા મગજનો ઉપયોગ કરીને બિલ બનાવવું જોઈએ. (અંતરાય) સુપ્રીમ કોર્ટે આ બિલ બનાવવાનું કહ્યું એટલા માટે આપણે આ બનાવ્યું પરંતુ એની ગાઈડ લાઈન વિવેકબુદ્ધિથી સમજણપૂર્વકથી કરવી જોઈએ. વહીવટમાં ભેદભાવ ઊભો કર્યા વગર કામ કરવું જોઈએ. પોલીસને સુધારવાની જરૂર છે. પોલીસ સ્ટેશનોમાં અત્યારે ૪૦ ટકા એફ.આઈ.આર. નોંધાતી નથી. ફરિયાદી આવે એટલે પોલીસવાળા કહે કે અમને એક અરજી લખીને આપો. એ ફરિયાદી અરજી આપે એટલે પોલીસવાળા જે પાર્ટી સામે અરજી કરી હોય એની પાસે જઈને તડજોડ કરીને આવે અને કહેવામાં આવે કે સમાધાન કરી લો. આ રીતે મોટા ભાગના એફ.. આઈ.આર. નોંધાતા નથી. એના બદલે પહેલી વખત ફરિયાદી આવે તરત જ એની એફ.આઈ.આર. નોંધાવી જોઈએ. અરજીનો આગ્રહ ન રાખવો જોઈએ. જે અધિકારીઓ આ રીતે એફ.આઈ.આર. ન નોંધાતા હોય તેવા બે-ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરી દો તો તરત જ વહીવટમાં સુધારો થઈ જશે.

કસ્ટડીમાં હિંસા થાય ત્યારે એની તપાસ પોલીસવાળા કરવાના હોય તો ક્યાંથી એને ન્યાય મળવાનો છે. આ તો દંડારાજ જેવું કામ છે. જે લોકો મારે છે એની તપાસ પણ એ જ લોકો કરે એ યોગ્ય નથી. ફરિયાદી અને ભોગ બનનાર વ્યકિત પાસે ધાકધમકીથી પૈસા પડાવશે. ઘણા પોલીસ સ્ટેશનોમાં નહિ મારવાના નાણાં લે છે. તને નહિ મારવામાં આવે એના માટે પૈસા આપી દો. પોલીસને મારવાનો કોઈ અધિકાર જ નથી. પહેલા આવા પોલીસ અધિકારીઓને સુધારવાના પ્રયત્ન કરો એ પછી બિલ લઈને આવજો. એ લોકોને તાલીમ આપો, ટ્રેનિંગ આપો કે પબ્લિક સાથે કેવી રીતે વર્તવું, પ્રજાના પ્રતિનિધિઓ સાથે કેવી રીતે વર્તવું. સામેથી પોલસવાળા કહે કે હું આપને શું મદદ કરી શકું આ રીતની ટ્રેનિંગ આપવાની ખાસ જરૂર છે. પીધેલી હાલતમાં પોલીસવાળા બેઠા હોય છે. એની સામે લખવામાં આવે તો કોણ જાણે શું છે કે આ સરકારે દારૂબંધીને છૂટ આપી છે કે પોલીસવાળાને છૂટ આપી છે કે કેમ એ કંઈ નક્કી કરી શકાતું નથી. જનતા સાથેના વર્તનમાં આમૂલ પરિવર્તન લાવવાની જરૂર છે. મોટા ભાગના પોલીસ તંત્રના માણસોને મહેસાણામાં નોકરીમાં મોકલો ત્યાંના લોકો પોલીસવાળાને સીધા દોર કરી દે છે. ત્યાં છ-બાર મહિના થઈ જાય એ પછી બીજા ફિલ્ડમાં મોકલો તો એ સારુ કામ કર્યુ ગણાશે એટલા સુધારા સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ મારું માઈક છે તેનું વોલ્યુમ ઈરાદાપૂર્વક ધીમું રાખવામાં આવે છે. (અંતરાય) હું આપને નથી કહેતો, માનનીય અધ્યક્ષશ્રીને કહું છું.

**અધ્યક્ષશ્રી** : તેમના માઈકનું વોલ્યુમ ચેક કરી લો પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ બિલ રજૂ થયું, રાજય કક્ષાના ગૃહમંત્રી આદરણીય અમિતભાઈએ બિલ રજૂ કર્યું. પોલીસ સુધારા માટેનું બિલ રજૂ કર્યું એ ગુજરાતની વિધાનસભાનું જબરજસ્ત આશ્ચર્ય છે. તેનાથી મોટું આશ્ચર્ય મને મારા યુવાન સાથી મિત્ર શંકરભાઈ ચૌધરી તેમને ટેકો આપવા ઉભા થયા ત્યારે થયું. બહુ સારા વક્તા છે. સારી વાત કરી કે બિહારમાં રાજકીય લોકો કારણે બદલીઓ થાય છે. કોઈને ફીટ કરાય છે. કોઈને પૂરી દેવાય છે. કોઈને ધમકીઓ આપે છે. આ વાત કદાચ મારા મિત્ર, એક વખતના ગૃહમંત્રી ગોરધનભાઈએ કરી હોત તો હું માનત, પણ આપે કરી છે, આપે કરવી પડી છે અને મારે એટલું જ કહેવું છે શંકરભાઈ, કે આપના જિલ્લાના એક ધારાસભ્યને પકડવાનો હુકમ સતીષ વર્મા નામના અધિકારીએ આપ્યો. બૉર્ડર રેન્જના એ એ વખતે ડી.આઈ.જી. હતા. જાંબાઝ અધિકારી હતા અને પોલીસ અધિકારીઓ કેવું પૂણ્યનું કામ કરી શકે એ કામ મેં જોયું છે. કારણ કે રાજય પ્રેરિત જ્યાં ગુંડાગીરી છે તે પોરબંદરથી હું આવું છું. ત્યાં સતીષ શર્મા કામ કરી ગયેલા છે અને એને આજે પોલીસ ટ્રેનિંગ સ્કૂલની અંદર ચોકી, જુનાગઢની બાજુમાં મૂકી દેવામાં આવ્યા છે. એટલે તમને આનંદ થયો હોય, શંકરભાઈ મને એમ હતું કે આ બિલ આવું કંઈક કામ કરતું રોકશે. મને એમ હતું કે આ બિલની જે ત્રણ-ચાર કલમો છે એ હું જોતો હતો. ૩૨ (ક)(અંતરાય) હા, પણ હું કહું છું. હું એ વાત સ્વીકારું છું. હું એવા અધિકારીઓને સલામ કરું છું. હું ભલે વિરોધપક્ષનો નેતા રહ્યો હોઉં. એવા એ હસમુખ પટેલ હોય, સતીષ વર્મા હોય, અતુલ કરવલ હોય, નીરજા ગોટરુ હોય, આ બધાને હું સલામ

કરું છું. ભલે હું વિરોધપક્ષનો નેતા હોઉં. આવા અધિકારીઓએ સારું કામ કરેલ છે. ગૃહની અંદર કહું છું. જે સરકારોએ મૂક્યા હોય તેનો વાંધો નથી. હું તેને પણ બિરદાવું છું. પણ મારે એટલું કહેવું છે કે મારે ત્યાં આ સરકારે એવા અધિકારીને મૂક્યા હતા કે જેણે મને એમ કહ્યું હતું કે તમારું એન્કાઉન્ટર કરી નાખીશ. મેં આ ગૃહમાં કહ્યું હતું અને ત્યારે મેં આ ગૃહનું રક્ષણ માગ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી પાસે રક્ષણ માગ્યું હતું. મને મળ્યું નહોતું અને એ અધિકારી ફેઈક એન્કાઉન્ટરના મામલામાં પકડાયા. આજે જેલમાં બેઠાં છે. પાપનો ઘડો ગમે ત્યારે પોકારવાનો છે. એટલે મારે તેનાથી આગળ કહેવું છે કે ૩૨(ક), ૩૨ (ગ), ૩૨(છ) આ કલમો છે એ આવું કામ અટકાવશે, મને એમ હતું કે ક્યાંક અટકાવી શકાશે. પણ એક પોલીસ અધિકારી એક ક્રિમિનલ કેસમાં કોઈ મંત્રીનું નામ ખોલે એટલે તેને કરાઈ પોલીસ ટ્રેનિંગ સ્કૂલમાં મોકલી દેવામાં આવે છે. આ સરકાર એમ કહેતી હતી કે અધિકારીઓ એ જાંબાઝ અધિકારીઓ છે. આજે એ જાંબાઝ અધિકારીઓ કયાં છે? ભાવનગરમાં હસમુખ પટેલ નામના એક ડી.એસ.પી. એમ કહેતા હતા કે સારામાં સારા અધિકારી, તેને બદલવામાં આવ્યા. કોઈક જગ્યાએ ખૂણામાં બેસાડી દેવામાં આવ્યા. આવું કામ આ બિલની અંદર, બિલ આવવાથી રોકાશે એવું કયાંય દેખાતું નથી. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : જેઠાભાઈ, તમે તો સલાહ આપતા હતા.• (xxxxxxx) (xxxxxxx) (xxxxxxx) (xxxxxxx) જરા સાંભળો. કાંઈ અટકવાનું નથી. (અંતરાય) મારે માત્ર એટલી જ વાત કરવી છે. સાચું સાંભળવાની તૈયારી રાખવી પડે.

**અધ્યક્ષશ્રી** : આપ બિલ ઉપર બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્રો કોણ કોણ ઊભા થયા છે એની નોંધ રાખજો. (અંતરાય) (xxxxxxx) (xxxxxxx) આ સરકારે ઇન્વૅસ્ટીગેશન વિંગને જુદી કરી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપના નેતાશ્રીએ બિલ ઉપર આવવું જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ મને કહો છો પણ સામે કહેવાની કોઈક દિવસ હિંમત કરો. સાચું સાંભળવું પડશે. હું સાચું કહીશ અને સાચું સાંભળવાની તૈયારી રાખવી પડશે.

**અધ્યક્ષશ્રી** : બિલ ઉપર બોલો. રાજકીય આક્ષેપો ચાલે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ રાજકીય આક્ષેપો નહીં પણ વાસ્તવિકતા છે.

**અધ્યક્ષશ્રી** : જેઠાભાઈ, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એ સૂચન લેવા ગયા હતા. ઇન્વૅસ્ટીગેશન વિંગને અમે દૂર કરીશું. મને એમ હતું કે ઇન્વૅસ્ટીગેશન સારું થાય એવી જોગવાઈ હશે. કારણ કે ઇન્વૅસ્ટીગેશન કેવી રીતે થાય છે? રજૂ કેવી રીતે થાય છે? એ આખું ગુજરાત જાણે છે. આ રાજય સરકારે ૩ કેસની અંદર નાર્કો એનાલિસિસ ટેસ્ટ કરવાની માગણી કરી, ત્રણેયની અંદર અલગ અલગ સ્ટેન્ડ એક કિસ્સો તો શિલા રાવલનો છે. એની અંદર નાર્કો એનાલિસિસનો વિરોધ કરવા માટે રાજય સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઈ. સંતોકબેન માટે માગણી કરી અને ડી.જી. વણઝારાના કેસમાં મૌન છે.

**શ્રી અશોક ભટ્ટ** : આ કેસો કોર્ટમાં છે એટલે એ સબ જયુડિશ છે. એની અહીંયાં ચર્ચા ન થઈ શકે. આ સબ જયુડિશ મેટરની વાત છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારું માઇક વારેઘડીએ બંધ કરી દે છે, ઇરાદાપૂર્વક બંધ કરી દે છે, વોલ્યુમ ઓછું કરી દે છે. (અંતરાય) આ બાબતો વારંવાર અહીં મૂકી છે ત્યારે આપે એમને અહીં રોક્યા નથી.

**અધ્યક્ષશ્રી** : નો, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એ તો ક્રિમિનલ હતા. કોર્ટની અંદર જે કેસો ચાલતા હોય એ ક્રિમિનલોના જ હોય. અમને રોકો છો અને એમને રોક્યા નથી. ટેરરિઝમ એકટની અનેક વિગતો અહીં આપી છે. એનું ડિસ્ક્રિમિનેશન ન થઈ શકે અને મને એમ હતું કે આપ બધું રોકી શકશો પણ રોકી શક્યા નહીં. મને એવું હતું કે, પોલીસ અધિકારીઓને કેવી રીતે ખોટું બોલાવવા, પંચ પાસે કેવી રીતે ખોટું બોલાવવું, કોર્ટ પાસે કેવી રીતે ખોટું બોલાવવું, એના માટે ટયુટર રાખીને કલાસીસ ચલાવે છે. એની આખી વિગતો બહાર આવી. મને એમ હતું કે આને રોકવા માટેનો પ્રયાસ આ બિલમાં કોઈ જગ્યાએ હશે. (અંતરાય) આપને કડવું લાગે પણ સાંભળવું પડે. સાંભળવાની તૈયારી રાખવી પડે. સુપ્રીમ કોર્ટ કહે એ પણ માનવું પડે. એમ નહિ ચાલે. (અંતરાય) બિલ ઉપર જ બોલું છું. (અંતરાય) મુખ્યમંત્રીની બ્રિફ આપ પકડી શકો. હું મારા પ્રમાણે ચાલવાવાળો માણસ છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ. બધા માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે અહીંયા માત્ર બે બિલો છે. દરેક સભ્યશ્રીએ બિલનો અભ્યાસ કરીને બિલમાં જે વિગતો આવતી હોય એના ઉપર બોલે. ગમે તે માનનીય

• (xxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સભ્યશ્રી હોય, વિરોધ પક્ષના નેતા હોય કે મંતીશ્રી હોય. (અંતરાય) બિલ ઉપર જ બોલવાનું છે અને બિલ બહાર જે બોલશે એને મારે બેસવાનો આદેશ કરવો પડશે. હું વિનંતી કરું કે બધા જ બિલ ઉપર બોલે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે વખાણ કરવા હોય, સમર્થન આપવું હોય તો છૂટ છે. પણ મારી પાસેથી બિલના સમર્થનમાં બોલવાની અપેક્ષા રાખે એ ચાલે નહિ. મારે તો મને યોગ્ય લાગશે એ બિલમાં જે જોગવાઈઓ નથી, જે જોગવાઈઓ જરૂરી હતી અને નથી એ બાબતમાં બોલવાનું છે. (અંતરાય) તમારે તો કોઈની જરૂર નથી. ત્યાં છે એની પણ જરૂર નથી અને પ્રજાના સમર્થનની પણ જરૂર નથી. છ મહિના પછી ખબર પડવાની છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું બિલમાં જે કારણે આ બિલ લઈ આવવું પડ્યું છે એ કારણો દૂર નથી થયા એના દાખલા-દલીલો સાથે કહેવું છે. મને એમ હતું કે જે કારણો ઊભા થયા છે અને જેના કારણે સુપ્રીમ કોર્ટે આ બિલ લાવવા માટે દરેક રાજ્ય સરકારને આદેશ આપ્યો છે. આ બિલમાં જે ભલામણો અને જોગવાઈઓ કરી છે એનાથી આ કારણો દૂર થશે એવું માનવાને કોઈ કારણ નથી. સુપ્રીમ કોર્ટે તો ઘણા વખત પહેલા કહ્યું છે. પણ છેલ્લી ડેડલાઈન આવી ગઈ એટલે સરકારે લાવવું પડ્યું છે. કલમ-૩૨ (ગ) માં માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદ હેઠળ સલામતી કમિશન રચવાની વાત કરી છે. સરકારે તો પોલીસની અંદર પ્રોફેશનલીઝમ દાખલ કરવાની વાત કરી હતી. ડી.એસ.પી. અને એની ઉપરના અધિકારીઓ છે એની બદલી અત્યારે મુખ્યમંત્રીશ્રીના આદેશથી થાય છે અને આ બિલ આવ્યા પછી પણ એમના આદેશથી જ થવાની છે. આ જોગવાઈ નથી. એ જોગવાઈ આની અંદર આવી નથી. પોતાના લાડકા અધિકારીઓને રાજ્ય સરકાર અત્યાર સુધી પ્રાઈમ પોસ્ટીંગ ઉપર મૂકતી હતી એ આ બિલથી અટકાવાનું નથી. એનાથી લાકડા અધિકારીઓની હાલત કેવી થાય છે એ આ એન્કાઉન્ટરે સાબીત કરી દીધું. સાબરમતી જેલમાં આજે મજા મજા કરે છે. એનાથી અટકવાનું નથી. (અંતરાય) બહુ ચિંતા કરો નહિ. ભલે લાકડા અધિકારીએ અમુક લોકોને બચાવી લીધા હોય. પણ એનાથી આ સરકારનો જે ઈરાદો છે એ ઈરાદો ફરી પાછું પુનરાવર્તન થાય એ પ્રકારનો એનો ઈરાદો છે. એમ કહ્યું છે કે પોલીસ કૉન્સ્ટેબલથી શરૂ કરીને ડી.વાય.એસ.પી. સુધીની બદલી છે એનું ડી.જી. કક્ષાનું કમિશન-બોર્ડ રચ્યું છે એ બદલીઓ કરશે. અત્યારે પણ ડી.વાય.એસ.પી. સિવાયની બદલીઓ તો એ જ કરતું હતું અને જે અધિકારીઓની વાત લખી છે એ અધિકારીઓ તો સરકારે નીમેલા હોય છે. એ શું કરી શકવાના છે? એ તો બ્લૉક નં. ૧ માંથી જે ચિઠ્ઠી જાય એનો જ અમલ કરવાના છે. (અંતરાય) અમે આવીશું ત્યારે કેવો અમલ થશે એની રાહ જોજો. એટલે જ મેં અવાર-નવાર કહ્યું છે કે વી.આઈ.પી. જેલ તૈયાર રાખજો. વી.આઈ.પી. જેલ છ મહિના પછી તૈયાર રાખજો અને પાઠ્યપુસ્તકોના કૌભાંડ કરવાવાળા ક્યાં જાય છે એ સાંભળી લે. માનનીય અધ્યક્ષશ્રી, મેં તો વીઆઈપી જેલોની વાત કરી છે. કારણકે આજે પણ જે લોકો વીઆઈપી લોકો જેલમાં છે તેમને બહુ તકલીફ પડે છે. સાહેબ જે લોકો એસી ગાડીમાં, એસી બંગલામાં અને એસી ઑફિસોમાં બેસતા હતા તે આજે બહુ દુ:ખી છે. આપણા ઘણા મિત્રો ત્યાં ખબર કાઢવા જાય છે એટલે તે ફરિયાદ કરે છે. એટલા માટે તેમને તકલીફ ન પડે એટલા માટે વીઆઈપી જેલો તૈયાર રાખવાનું કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર રાજ્ય સરકારના હુકમથી રાજય પોલીસ ફરિયાદ સત્તા મંડળની રચના કરવામાં આવી છે. કેવું લુફોલ્સ રાખ્યું છે. હાઈકોર્ટના નિવૃત્ત જજ અથવા તો રાજય સરકારના અગ્ર સચિવશ્રીના દરજજાથી ઉતરતા ન હોય તેવા અધિકારી તેના અધ્યક્ષ ગણાશે. રાજય સરકારના ગૃહ વિભાગના અગ્ર સચિવ હોદ્દાની રૂએ અધિક ડિરેક્ટર જનરલના દરજજાથી ઉતરતા ન હોય એવા રાજય સરકારે નામ નિયુકત કરેલા અધિકારી હોદ્દાની રૂએ સભ્ય સચિવ ગણાશે. માનનીય અધ્યક્ષશ્રી આની નિમણૂક કરવાની સત્તા કોની છે? રાજય સરકારની છે, મુખ્યમંત્રીશ્રીની છે. તે પણ પાછા નિવૃત્ત અધિકારીની કરવાની છે. હાઈકોર્ટના જજની વાત હોય તો વાત જુદી છે પણ અથવા લખી નાંખ્યું એટલે તે જ આવવાના છે. તે નિમણૂક કરે તેને તો રાજય સરકારે પ્રાઈમ પોસ્ટીંગ આપશે. તેની ઈચ્છા પ્રમાણે કરવાનું અને અધિક ડિરેક્ટર જનરલથી ઉતરતા ન હોય તેવા એટલે કે આવા અધિકારીઓ તો પ્રાઈમ પોસ્ટીંગ માટે મરી જાય છે કે જે અંદર કરે, બહાર લઈ આવે અને કોઈની લોકપ્રિયતા વધારવા માટે બે-ચાર જણાને મારી નાંખે આવા અધિકારીઓ જો આજે મળતા હોય તો આના પછી નહીં મળે? અધિકારીઓ છે તેને કેમ કંટ્રોલમાં રાખવા તેના માટેની બિલમાં જોગવાઈ હોવી જોઈતી હતી, તે નથી. તો આ રીપીટેશન ન થાત. કોઈ બાળકી ઉપર બળાત્કાર થાય, કોઈનું અપહરણ થાય, વેપારીઓના ખંડણી ઉઘરાવવા માટે અપહરણ થાય આવા લોકો ના મળે પણ જે લોકો મુખ્યમંત્રીશ્રીને મારવા આવે, તેના ખિસ્સામાંથી ચિઠ્ઠી નીકળે કે આ મુખ્યમંત્રીશ્રીને મારવા આવ્યો હતો. આઈ.એસ.આઈ.નો એજન્ટ હતો. દાઉદ સાથે મળેલો હતો. મારવા આવ્યા હતા અને એની પાસેની નીકળ્યું શું? દેશી તમંચો. મોટર સાયકલ ઉપર જતા હતા એટલું જ નહીં એને મારી નાખે વાંધો નહીં પણ એના સાક્ષીઓને મારી નાખે? આવા લોકો જે કામ કરે છે એને અટકાવવાની બીલમાં કોઈ જગ્યાએ જોગવાઈ નથી. (અંતરાય) આતંકવાદીઓની વાત નથી, આ આતંકવાદીઓની વાત નથી, આતંકવાદીઓને તો કંદહારમાં મૂકી આવે છે, નવસો કરોડની થેલી લઈને એને કોઈ વાંધો નથી, આતંકવાદીઓને વાંધો નથી. આતંકવાદીઓને મારે તો ગૃહ એને અભિનંદન આપશે પણ આતંકવાદીઓ બતાવી અને ગમે તેને પતાવી દેવાય (અંતરાય )

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : કાશ્મીરમાં જે મરે છે એ તમામ હિન્દુઓ મરે છે એના માટે બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હા, આપની સરકાર હતી ત્યારે આપ એ બોલતા હતા અને અત્યારે અમે કહીએ છીએ કે આતંકવાદીઓને ગોળીઓનું નિશાન આપવું જોઈએ એમાં કોઈ સવાલ નથી. પણ મેં કહ્યું એમ અહીંયા તો એવા (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અરે, તાકાત હોય તો હરેન પંડયાની પુન:તપાસની માગણીમાં અમારી સાથે જોડાવ, શું વાંધો છે? ભડકો છો શું કરવા ? એમાં હિંમત નથી બોલવાની અરે તમારામાં ( અંતરાય )

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, મૂળ વાત ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :મને ડિસ્ટર્બ કરે છે એ બધા.

**અધ્યક્ષશ્રી** : પૂરું કરો પ્લીઝ. ( આ તકે સભ્યશ્રી સી.ડી.પટેલ બેઠાબેઠા કાંઈક બોલતાં)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સી.ડી. આપ બોલો નહીં, આપે બોલવાની જરૂર નથી. આપને બોલવાની એટલા માટે જરૂર નથી કે, આપના ગામનું બૅન્ક કૌભાંડ છે એ આખું ગુજરાત જાણે છે. આપે બોલવાની જરૂર નથી. મારી પાસે એકે એકની હિસ્ટ્રી છે. કોઈએ બોલવાની જરૂર નથી એવી રીતે. આપનો વારો આવે ત્યારે બોલજો, મને વાંધો નથી પણ અત્યારે મને બોલવા દો. માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ મને શાંતિથી બોલવા દે તો હું બરાબર મુદ્દાસર જ બોલું છું. મને ધરાર ઉશ્કેરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતની ચૂંટણી આવે, (અંતરાય) ચાંદનીનું નામ દઈશું તો આ મારા મિત્રોને તકલીફ પડે એટલા માટે હું ચાંદનીનું નામ નથી દેતો. (આ તકે શ્રી સી.ડી.પટેલ બેઠાબેઠા સંતોકબેનનું નામ આપો એમ બોલતાં) તમારી સરકાર છે સંતોકબેનનું પણ નામ દેવાશે, હરેન પંડયાનું નામ દેવાશે, ડી.જી.વણઝારાનું નામ દેવાશે, તમારામાં તાકાત હોય તો ગુનેગારોને પકડીને ફાંસીની સજાએ ચઢાવી દેવા જોઈએ અને હું તો ત્યાં સુધી કહું છું કે, શિલા રાવત નામની એક મહિલાનું મર્ડર થયું, એના પતીને પકડ્યો, એના પતી એમ કહે છે કે, મારું નાર્કો એનાલીસીસ ટેસ્ટ કરાવો. હાઈ કોર્ટ એમ કહે છે કે, એનું નાર્કો એનાલીસીસ ટેસ્ટ કરાવો. તમે સુપ્રિમ કોર્ટમાં શું કરવા ગયા ? સુપ્રિમ કોર્ટમાં અપીલ શું કરવા કરી આપે ? એવું શું છુપાવવા જેવું છે તમારે? એક બાજુથી તમે બીજા કેસોમાં ના પાડો છો.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, બીલની ચર્ચા ખૂબ જ મર્યાદિત છે. મર્યાદિત વિષયો ઉપર અમે બધું જ સાંભળવા તૈયાર છીએ ( અંતરાય ) અમે આ સભાગૃહમાં બીલની સંપૂર્ણ ચર્ચા થાય એમ ઇચ્છીએ છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એ લોકો શાંતિ રાખે હું પાંચ મિનિટમાં મારી વાત પૂરી કરી દઈશ પણ એમણે કોમેન્ટ કરવી અને મારે મૌન લેવાનું ? કોમેન્ટ કરશે તો હું એનો જવાબ આપીશ. જ્યાં વાંધો હોય ત્યાં મારું ધ્યાન દોરો પણ તમારી ઇચ્છા મુજબ નહીં બોલાય.

**શ્રી અશોક ભટ્ટ** : વિરોધપક્ષના દંડકશ્રીએ સંપૂર્ણ મુદ્દાવાર ચર્ચા કરી એને અમે સંપૂર્ણ રીતે સાંભળી છે. દિનેશભાઈએ ચર્ચાની મર્યાદામાં રાજકીય આક્ષેપો કર્યા એને અમે સાંભળ્યા છે. સાહેબ જે વિષય જ ચર્ચામાં નથી. જે મુદ્દો ચર્ચાની અંદર નથી, જે નામ ચર્ચાની અંદર નથી એના ઉપર વિપક્ષના નેતા જે બોલે તો અમારી આપના દ્વારા એમને વિનંતી છે કે બીલની ચર્ચાની મર્યાદામાં રહીને બીલની જે જોગવાઈઓ છે એની અંદર બળવંતસિંહભાઈએ જે રીતે વાત કરી એ રીતે કરે અને ન ફાવે તો બળવંતસિંહ પાસેથી શીખી લે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એ મને ડીસ્ટર્બ ન કરે. હું મુદ્દાસર જ બોલું છું.

**અધ્યક્ષશ્રી** : એમનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ ઓર્ડર આપ કહો છો. પોઈન્ટ ઓફ ઓર્ડર શાનો છે? પોઈન્ટ ઓફ ઓર્ડરની વાત જ નથી કરી. તમે કેવી વાત કરો છો? પોઈન્ટ ઓફ ઓર્ડરની વાત જ નથી કરી.

**અધ્યક્ષશ્રી** : એમણે કહયું પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે અને પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર હું બોલ્યો છું. મારો પોઈન્ટ ઓફ ઓર્ડર એ છે કે બીલની....

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ તપાસી જુએ નથી બોલ્યા એ.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત એ છેકે વિરોધ પક્ષના નેતાએ આપની સાથે વાત કરતા શીખવું જોઈએ. વિવેકની મર્યાદા હોય છે. વિરોધ પક્ષના નેતાએ ગઈકાલે વિવેકની વાત કરી હતી તો અધ્યક્ષશ્રી પ્રત્યેનો વિવેક હોવો જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વિવેક શીખવાડવા માટે પાત્રતા જોઈએ.

**શ્રી અશોક ભટ્ટ** : પાત્રતાનો પ્રશ્ન નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પાત્રતા જોઈએ. (અંતરાય) કલમ-૩૦૭ના ગુનાની અંદર હોય એ મને શીખવાડી ન શકે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચાની અંદર ધમકીઓ અપાય, વી.આઈ.પી.જેલ આ કયાં ચર્ચાનો મુદ્દો છે? અમે કયારેય આ રીતે ચર્ચા સાંભળી નથી. જે મુદ્દા ઉપર ચર્ચા કરી, બળવંતસિંહભાઈએ ચર્ચા કરી એમને

એક પણ સભ્યશ્રીએ દખલ નથી કરી. મુદ્દાસર હતું. દિનેશભાઈ બોલ્યા એમાં કોઈ બોલ્યું નથી. વિપક્ષના નેતા જાહેર મંચનો ઉપયોગ ન કરે. મર્યાદામાં રહીને વાત કરે. બીલની ચર્ચા કરે એ મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કડવું લાગે તો પણ સાંભળવું પડે. ભૂતકાળ તપાસી જુઓ. રેકર્ડ તપાસી જુઓ આપ શું બોલ્યા છો.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, પાંચ મિનિટમાં પૂરું કરો નહીંતર પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર મારે નિર્ણય આપવો પડશે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલવું છે.

**અધ્યક્ષશ્રી** : ના. પતી ગયું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પોલીસ કમિશ્નર (અંતરાય) હું અપેક્ષા રાખું છું કે હું પાંચ મિનિટમાં પૂરું કરવાનો છું અને બિનજરૂરી કોમેન્ટ ન થાય એવી હું વિનંતી કરું છું અને કોમેન્ટ થશે તો હું કોમેન્ટનો જવાબ આપીશ. હું મુદ્દા ઉપર કોઈ પાસેથી શીખામણ લેતો નથી. મને આવડે છે શું બોલવું એ એટલે જ મારા પક્ષે અને મિત્રોએ મને વિરોધ પક્ષનો નેતા બનાવ્યો છે. કોઈની દયા ઉપર નથી. તમારા મુદ્દા શું છે એ તમારા સાથી મિત્રો સમજી શકતા નથી. એમને સમજાવી જુઓ. પહેલા એમને ગળે ઉતરાવી જુઓ.અમારે શીખવાની જરૂર નથી તમારી પાસે અને એવા એકાઉન્ટરથી ડરી જઈએ તેવા અમે નથી.મેં કહ્યું મને એકાઉન્ટરની ધમકી આપવામાં આવી હતી. આ ગૃહની અંદર અધ્યક્ષશ્રીને ફરિયાદ કરી પણ રક્ષણ અપાયું નથી અને એમને એ.ટી.એસ.માં મુકી દીધા અને પછી જેલમાં ગયા એટલે મને શીખામણ ન આપતા. મારે તો આટલી જ વાત કરવાની છે. (અંતરાય) હા એ તમારી વાત સાચી છે ચૂંટણીમાં એકાઉન્ટર છે એ યાદ રાખો. એટલી હિંમત કરો એક નંબર ઉપર બેઠા છે એમને કહો. એમાં છે ચૂંટણીમાં એકાઉન્ટર છે એ પણ સમજો. હું મૂરખ શબ્દ નહીં વાપરું પણ જયાં અહંકારી લોકો હોય છે એને કોનું એકાઉન્ટર થવાનું છે એની ખબર હોતી નથી. હવે આ તો આઈ.કે. જાડેજા બોલ્યા એટલે કહું છું. હિટલરને ખબર નહોતી, રાવણને ખબર નહોતી.

**અધ્યક્ષશ્રી** : પાંચ મિનિટ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને કયાં બોલવા દે છે. આ બિલ છે. હું આપને વિનંતી કરું છું કે દર વખતે મને આપ સૂચના ન આપો. હું આપની સૂચનાનું પાલન કરીશ. કોઈક દિવસ એકાદ વખત મને સંતોષ થાય ગૃહને નહિ, એટલા માટે સામે સૂચના આપો કે હું પાંચ મિનિટમાં પૂરું કરું, એટલા માટે મને શાંતિથી સાંભળે. બાકી હું કોમેન્ટનો જવાબ આપીશ. આમાં કોઈ સત્તાનું વિકેન્દ્રીકરણ નથી. આમાં કોઈ પ્રોફેશનાલિઝમને, મહત્ત્વ પોલીસનું પ્રોફેશનાલિઝમ છે. પોલીસને સત્તા આપવાની વાત છે. એ એક પણ કલમમાં કયાંય સત્તાઓ અપાઈ નથી. એના કારણે સત્તાનો કેવો દુરુપયોગ થાય છે, એ આપણે ભૂતકાળમાં જોયું છે. માનીતા પોલીસ અધિકારીને લઈ જવાના. આ કે તે પક્ષની વાત નથી. એ અત્યારનો સૌથી મોટો રોગ છે અને એના કારણે આ અત્યારે જે વાતાવરણ ડહોળાયું છે, એનું કારણ આ છે. મને આશા હતી કે સુપ્રીમ કોર્ટના ડાયરેક્ટિવ આવ્યા છે, એના પછી રાજ્ય સરકાર આ બાબતમાં હિંમત કરી અને પોલીસની અંદર પ્રોફેશનાલિઝમ દાખલ થાય. એના ડી.જી.પી. છે. આપણને આટલું મોટું પોલીસ દળ છે. એમાં કહ્યાગરા અધિકારીઓ તો ઘણા મળે, પણ બે-ત્રણ અધિકારીઓ તો એવા હશે, જે પોતાના પ્રોફેશનને કમિટેડ હોય. એવા અધિકારીઓને શોધી મુકવાની વાત હતી. એકાદ અધિકારીની અહીયા આ જોગવાઈઓ થઈ છે. એની અંદર કોઈ જગ્યા એવી નથી કે અધિકારી એસ.પી., આઈ.જી. કે ડી.જી.પી. એના અધિકારોની અંદર વધારે સારા અધિકારો મળે. એની અંદર કોઈ જગ્યાએ પ્રયત્ન થયો નથી. એના વિરુદ્ધની ફરિયાદો માટેનું તંત્ર છે, એ પણ રાજ્ય સરકારની દયા ઉપર ચાલનારું છે. એ કોઈ સ્વતંત્ર એજન્સી નથી. જો એ થયું હોત તો પણ હાઈકોર્ટની અંદર, સુપ્રીમ કોર્ટની અંદર જે આપણા લોકોનો સમય બગડે છે, એ સમયને પણ બચાવી શક્યા હોત, ખર્ચ પણ બચાવી શક્યા હોત. હું દાખલાઓ અમુક આપું છું તો મારા મિત્રોને ગમતું નથી. ઊભા થઈ જાય છે, પણ હકીકતોને આધારે દાખલો આપું છું. એમાંથી બોધપાથ લેવાની જરૂર છે અને બોધપાથ એટલા માટે લેવાની જરૂર છે કે એકાદ ઘટનાની અંદર તો આપણા પોતાના અધિકારીઓને તપાસ સોંપી અને આપણે આપણી જાતને બચાવી લીધી હશે. માનનીય ગૃહમંત્રી એકાદ મહિના બહાર નહોતો નીકળ્યા, પછી લાગ્યું કે વાંધો નથી, ત્યારે બહાર નીકળ્યા. આપણા અધિકારીઓ હતા, એટલે બચી ગયા, પણ આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય, એટલા માટે આપણી સત્તાઓ આપણા હાથમાં રાખવાનો મોહ રાખીએ છીએ, એના બદલે એ અધિકારીઓને જવાબદારી સોંપી હોત તો આપણે હાથ ઊંચા કરી શક્યા હોત કે આ અધિકારીઓને સત્તા હતી. એમણે કર્યુ હતું. એમાં અમારો કોઈ દોષ નથી. આજે કહી શકું એમ નથી, કારણ કે બધા જ માનીતા અધિકારીઓ હતા. પ્રાઈમ પોસ્ટિંગ લેનારા હતા. કહેવા પ્રમાણે કોઈને પકડે, છોડે એવા હતા. કહેવા પ્રમાણે કોઈને અંદર મોકલી દે, કોઈને ઉપર મોકલી દે એવા હતા. એને બચાવી શકાય તેવી કોઈ જોગવાઈ નથી, એટલે માનનીય દિનેશભાઈએ વાત કરી છે એ સાચી વાત છે. આ બિલ પ્રવર સમિતિને સોંપી અને પ્રોફેશનાલિઝમ, આજે આ સરકાર છે, એના પછી બીજી આવશે. (અંતરાય) મને નવાઈ લાગે છે કે આ કનુભાઈ ભાલાળા બોલે છે. એની મને નવાઈ લાગે છે. પણ આ મે કહ્યું એમ આવી આશા કોણ રાખે? રાવણ અને હીટલર રાખે, આપણે થોડી રાખવાની હોય. તમારા જેવા માણસ આવી આશા રાખે છે

એટલે આ પ્રવર સમિતિને સોંપાય અને એમાં ફરી પાછી આ પ્રકારની ઘટનાઓનું પુનરાવર્તના ના થાય. ઘ ટનાઓના દાખલ ભલે મારા મિત્રોને ગમ્યા ના હોય પણ મિત્રોને એટલા માટે આપ્યા છે કે ફરી પાછા આવા લોકો જે કમિટેડ છે એના પ્રાઈમ પોસ્ટીંગ ના થાય. જે ઝાંબાજ અધિકારીઓ છે આ રાજ્યના એને પનીશમેન્ટ પોસ્ટીંગ ના થાય. ટ્યુટર કરવાવાળા લોકો છે એના ઉપર કોક તેત્ર એવું હોય કે જે બ્રેક મારે. આ બધી જ ઘટના રોકવા માટેની આ બિલની અંદર કયાંય જોગવાઈ નથી. એટલા માટે મેં વિનંતી કરી છે કે આ બિલ પ્રવર સમિતિને સોંપાય અને જે સારા પોલીસ અધિકારી છે એમની સલાહ લઈને વધારે સત્તા સાથેનું બિલ લઈ અવાય એવી વિનંતી સાથે આપ સૌનો આભાર.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સમય નથી, બસ, બસ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ બિલની ઉપર બોલવા દેવું જોઈએ. અમે તો ટાઈમની છૂટ આપી છે. બોલવાની કેવી રીતે ના પાડો?

**શ્રી અમિત અ. શાહ** : આપે મને મંજૂરી આપી દીધી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :નહિ, સાહેબ, બિલની અંદર હું રેકર્ડ ઉપર કહું છું કે બધા સભ્યોને, સામેના મિત્રોને અને આ મિત્રોને બોલવાની છુટ હોવી જોઈએ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ આપને શું કહેવું છે?

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય ગૃહ મંત્રીશ્રી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ વધુ સુધારવા માટેનું જે વિધેયક લઈને આવ્યાં છે. આ વિધેયક ઉપર વિસ્તૃત ચર્ચા અમારાં સન્માનનીય વિરોધપક્ષના નેતા મુરબ્બી અર્જુનભાઈ, મુરબ્બી દિનેશભાઈએ કરી છે. કલમોમાં હું પડવા માગતો નથી. પરંતુ આખા બિલનો અભ્યાસ કરતા આમાં એક જોગવાઈ કરવાની રહી ગઈ છે. મુંબઈ પોલીસ સુધારા વિધેયક જ્યારે આ ગૃહ સમક્ષ આવ્યું હતું ત્યારે આ બહુમતિ પક્ષના જે સભ્યો છે એને આની અંદર બખતર વસાવવાની કયાંક જોગવાઈ કરી હોત તો વધુ સારું હતું. આખા બિલમાં કયાંય પોલીસ સુધારા વિધેયક છે પણ બખતર વસાવવાની જોગવાઈ કરી નથી. હું આપના મારફત માનનીય ગૃહ મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે જો થોડા બખતર પણ વસાવી લે. ૬ મહિનામાં પ્રજા પાસે જવાનું છે ત્યારે બહુ જરૂર પડશે અને ઢાલ તરીકે કામ આવશે.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું આ બિલ લઈ સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું એના પર શંકરભાઈ, બલવંતસિંહજી, દિનેશભાઈ પરમાર, માનનીય અર્જુનભાઈ મોઢવાડિયા, પરેશભાઈ ધાનાણી સર્વે સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે. જેમણે બિલ ઉપર વાત કરી છે અને બિલમાં જેણે સુધારા સુચવ્યા છે એનો હું જવાબ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બલવંતસિંહજી આમ તો દર વખતે બિલનો અભ્યાસ કરે છે અથવા તો કરાવે છે, પરંતુ ગૃહમાં જે બોલે છે એ બરાબર બોલતા હોય છે. પરંતુ આ વખતે કંઈ એમની ચેનલમાં ચૂક થઈ ગઈ છે. DGP નું IGP થઈ ગયું. સાહેબ હું સ્પષ્ટતા કરી દઉં. DGP રેંક છે અને IGP ફોર્સ છે. બીજું એમણે કહ્યું સુપ્રીમકોર્ટે નિયમોની જોગવાઈ કરી છે, દાખલ કરાવી છે તો સુપ્રીમકોર્ટે નિયમોની કોઈ સુચના એના ચુકાદાની અંદર આપી નથી. નામાંકિત વ્યકિતની વ્યાખ્યા પણ બિલમાં કરેલ છે અને બિલની અંદર જે જોગવાઈ છે એ અખિલ ભારતીય સેવા અધિનિયમ ૧૯૫૧ મુજબ કરવાની જ જોગવાઈ છે. એટલે એમાં ૪ સુધારા બિલની અંદર ઈનબિલ્ટ જ છે. દિનેશભાઈ પરમારે કહ્યું સલામતી કમિશન બરાબર છે. એટલે કે સલામતી કમિશન શું તપાસ, સલામતી કમિશને તપાસ નથી કરવાની એમણે એના ઉદ્દેશો, આશયો વાંચ્યા નથી. વાંચ્યાં હોત તો કદાચ આવું ના બોલત અને પોલીસ ફરિયાદ સતામંડળ એ પોલીસ સામેની ફરિયાદની વિચારણા કરવા માટેનું સત્તા મંડળ છે. ગુનેગારની તપાસ કરવા માટેનું સત્તા મંડળ નથી અને માનનીય દિનેશભાઈ, આખું બિલ ઉપરનું તમારું જે ભાષણ છે એફિડેવિટ સ્વરૂપે આપ સુપ્રીમ કોર્ટમાં રજૂ કરો એવી હું પણ આપને મિત્ર ભાવે સલાહ આપું છું કારણ કે આ તમે જે ભાષણ કર્યુ છે એ મારી સામે નથી કર્યુ કે મારી સરકાર સામે નથી કર્યુ પણ આપનું ભાષણ આખું સુપ્રીમ કોર્ટના ઑર્ડર સામેનું છે, મારી સામે કે મારી સરકાર સામેનું નથી, આ સુધારાઓ બધા જ સુપ્રીમ કોર્ટે એક ઈન્ટરીમ ચુકાદામાં આપેલા છે. એટલા માટે હું આ સભાગૃહ સમક્ષ લઈને આવ્યો છું અને મારી વિનંતી છે કે આ સભાગૃહ આ સુધારાઓને સ્વીકારી લે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ જે વાત કરી એ એમની વાત રાજકીય હતી, રાજકીય પ્રવચન હતું તો મારે એનો વધારે જવાબ આપવો નથી. માનનીય અર્જુનભાઈએ કહ્યું કે અમે બદલાવાના છીએ, આમ થવાનું છે, તેમ થવાનું છે, પેલા દલા તરવાડીની જેમ વિચારો કર્યે જ જાય છે, કર્યે જ જાય છે પણ સાહેબ, પરમ દિવસે જ ગુજરાતની દશ નગરપાલિકાઓના પરિણામો આવ્યાં, એમાં નવમાં ભાજપ જીત્યુ છે, એટલું જ નહીં પણ, સાહેબ, નવમાં ભાજપ જીત્યુ છે એટલું જ નહીં પણ કોંગ્રેસની ત્રણ જગ્યાએથી ડીપોજીટો ગઈ છે,

ડીપોજીટો ગઈ છે એ જોઈને અર્જુનભાઈ શીખો, અર્જુનભાઈ, સરકાર બદલવા કરત તમે જ ત્યાં ફરી આવો, એની ચિંતા કરો એટલે ઘણું છે. અને અમને એ સુપ્રીમ કોર્ટના ભાષણો આપે છે, સુપ્રીમ કોર્ટે અફજલખાનને ફાંસી આપી છે એનો અમલ એ નથી કરતા મતોની લાલચની અંદર અને આતંકવાદીઓને બતાવે છે અને અમને સુપ્રીમ કોર્ટના ભાષણો આપે છે અને ભાઈ, સુપ્રીમ કોર્ટના ભાષણો આપવા હોય તો તમે કેન્દ્ર સરકારને આપો, માનનીય મનમોહનસિંહને આપો, માનનીય શિવરાજ પાટીલને આપો, આ ગૃહને સુપ્રીમ કોર્ટના આ ઑર્ડરના અમલ કરવા માટે આપે ભાષણ આપવાની જરૂર નથી, અફજલખાનને ક્યારનીય ફાંસી કરી છે અને એના ઉપર સાપ થઈને બેસી ગયા છો, સાપ થઈને બેસી ગયા છો, પહેલાં અફજલને ફાંસીએ ચડાવો પછીની વાત કરજો. હું તો આખું એમનું ભાષણ સાંભળતો હતો ત્યારે ડાળ ઉપર બેસી પોતાની ડાળ કાપતો કઠિયારો મને યાદ આવતો હતો, જે રીતે અહીયાં આતંકવાદીઓનું ઉપરાણુ લેતા હતા, આતંકવાદીઓને બચાવવા માટે વકીલાત કરતા હતા પણ જ્યારે ગુજરાતની જનતાની અદાલતમાં જશો માનનીય અર્જુનભાઈ ત્યારે આપે એનો જવાબ આપવો પડશે અને અત્યારે જેટલા આવ્યા છોને એમાંથી અડધા થઈ જવાના છો અને કરતાં કરવું હોયને તો, જનતાની વચ્ચે ચર્ચા કરવી હોય તો હું તૈયાર છું. અમદાવાદમાં જાહેર સભા રાખીએ, હું પણ જાઉ અને અર્જુનભાઈ પણ જાય અને ત્યાં ચર્ચા કરીએ. સૌરાબુદ્દીન કેસની, અમદાવાદમાં જાહેર સભા રાખીએ હું અને એ બંને હાજર રહીએ અને સૌરાબુદ્દીન કેસની ચર્ચા કરે, હું જાહેર પડકાર ફેંકવા માગું છું, માનનીય અર્જુનભાઈ એ ઉપાડી લે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સમગ્ર સભાગૃહને એટલી જ વિનંતી છે કે આ સુપ્રીમ કોર્ટના ઈન્ટરીમ આદેશ મુજબ હું આ જે બિલ લઈને આવ્યો છું એને સ્વીકારી લે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, મને જે ચિંતા હતી કે ઉશ્કેરાયા વગર બધા બોલે એટલે બધાએ શાંતિ રાખવાની જરૂર છે, પ્લીઝ. માનનીય મંત્રીશ્રી...

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી રજૂઆત પૂરી થઈ છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અમિત અ. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૩૧નું બીજું વાચન કરવામાં આવે.

**કલમ ૨ થી ૪, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અમિત અ. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૩૧નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક- ૩૧નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક:૩૦.

## મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૦૭

### મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *[1]રાજય પત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૦૭નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

* વિધેયક તા.૫મી જુલાઈ ૨૦૦૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૦૭નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનીય ગૃહ સમક્ષ સમગ્ર ગુજરાતની એક ઐતિહાસિક પ્રક્રિયા હાથ ધરવા માટેનું મહાનગરપાલિકાઓમાંથી ઑકટ્રૉય નાબૂદીનું વિધેયક લઈને હું આવ્યો છુ. માનનીય અધ્યક્ષશ્રી ભારતીય જનતા પાર્ટીની સરકારે ચૂંટણી સમયે જે વચન આપ્યા હતા એ વચન મુજબ ભારતીય જનતા પાર્ટીની સરકારે નગરપાલિકાઓમાંથી ઓકટ્રોય નાબૂદી કરી અને એની સાથે સાથે મહાનગરપાલિકાઓમાંથી પણ આ સરકારે અનેકવિધ પ્રગતિશીલ ગુણાત્મક સુધારાઓ જે છેલ્લા પાંચ વર્ષમાં કર્યા છે એ સુધારાઓમાં વધુ એક સુધારો ઓકટ્રોય નાબૂદીનો કરીને ભારતીય જનતા પાર્ટીએ આપેલ વચન પૂર્ણ ર્ક્યું છે. (અંતરાય)

(આ તબક્કે વિપક્ષના સભ્ય શ્રી ભવાનભાઈ ભરવાડ વેલમાં આવી જતા)

**અધ્યક્ષશ્રી :** વેલમાં આવેલ સભ્યશ્રી ભવાનભાઈ ભરવાડને સભાગૃહમાંથી આજના દિવસ માટે બહાર લઈ જવામાં આવે.

(આ તબક્કે વિપક્ષના સભ્ય શ્રી ભવાનભાઈ ભરવાડને સારજન્ટ દ્વારા સભાગૃહની બહાર લઈ જવામાં આવ્યા)

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી આ સરકાર દ્વારા શહેરોની માળખાકીય સુવિધા અને જન સુખાકારીના કામોને પ્રાથમિકતા આપીને અનેક વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા છે. રાજય સરકારે સાત મહાનગરપાલિકાઓમાંથી ઑકટ્રૉય નાબૂદ કરવાનો નિર્ણય કરી મંત્રી મંડળની પેટા સમિતિની રચના કરવામાં આવી અને સાત મીટિંગોમાં એનું નિરાકરણ કરીને સમગ્ર ગુજરાતમાંથી ઓકટ્રોય પ્રથા નાબૂદ કરવાનો એક ઐતિહાસિક નિર્ણય આ ભારતીય જનતા પાર્ટીની સરકારના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યો છે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## અપમાનિત શબ્દો અંગે

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે પોઈન્ટ ઓફ ઓર્ડર એટલા માટે ઉઠાવવો પડયો છે કે આ સરકારના ખૂબ જ સિનિયર અને વિધાનસભાના નિયમોના જાણકાર એવા ખૂબ જ વિદ્વાન (અંતરાય) લોક લાડીલા તમારા માટે. અમારે મતે • (xxxxx) એવા કાયદા મંત્રી તેમણે શું કામ કર્યા છે તેની વિગતમાં હું પડવા નથી માગતો. પણ જ્યારે ભવાનભાઈ પેપર વાંચતા હતા અને તેમણે (xxxxx) શબ્દ પેપર જોયું અને જ્યારે તેમણે (xxxxx) શબ્દ પ્રયોગ કર્યો ત્યારે આપના દ્વારા માનનીય સરકારશ્રીને અને માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માંગુ છું કે, સાહેબ બીજાનું તો એક વાંકુ આપના તો અઢારેય વાંકા હોય છે. એટલે આપણે આપણું જોવું જોઈએ. અને આ બાબત ખૂબ ગંભીર હોય આવા બનાવો ના બને, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને વિપક્ષમાં બેઠેલાં લોકોનું પણ માન સન્માન જળવાય એવી આપની પાસેથી સરકાર પાસેથી અપેક્ષા રાખું છું.

**અધ્યક્ષશ્રી** : મને એવું લાગે છે કે અહીંયા પોઈન્ટ ઓફ ઓર્ડર છે જ નહી. ઉભો જ નથી કર્યો માટે ચર્ચા ન કરીએ, પ્લીઝ. ચાલો આગળ. ( અંતરાય ) નથી ઉભો કર્યો તેમણે મેં જગદીશભાઈને બોલવાનું કહ્યું પણ તેમણે પોઈન્ટ ઓફ ઓર્ડરની વાત જ ના કરી. પ્લીઝ, બેસી જાવ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ સભ્યશ્રી માટે છાપાના (xxxxx) શબ્દ વાપરી શકાય નહીં.

**અધ્યક્ષશ્રી** : તે શબ્દ આપણે દૂર કરીએ છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપે તેમને ઠપકો આપવો જોઈએ. આ અપમાનિત શબ્દ છે. તેને ઠપકો આપવો જોઈએ અને અમારા સભ્યશ્રી તો માત્ર જે પબ્લિક એકાઉન્ટ સમિતિનો અહેવાલ જે આપ અહીંયા રજૂ થવા દેતા નથી તેની વિગત છાપામાં આવી છે તે બતાવી છે. તેના કરતાં આ પુંજાભાઈને વિનંતી કરી દે કે તે રજૂ કરી દે તો વાત પૂરી થઈ જાય.

**અધ્યક્ષશ્રી .** : કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર રહેશે નહીં બેસી જાવ.

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ઓકટ્રોય નાબૂદીનો મકકમતાપૂર્વકનો નિર્ણય તે આ સરકારની વચનબધ્ધતાની નિશાની છે. ગુજરાતના વેપાર ઉદ્યોગ આલમે પણ આ નિર્ણયને આવકાર્યો છે. ઓકટ્રોય નાબૂદી પછી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સે તેનો પ્રતિભાવ આપતાં જણાવેલ છે ગુજરાત સરકાર તરફથી રાજયની સાતેય મહાનગરપાલિકામાંથી ઓકટ્રોય નાબૂદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તે માટે અમો આપનો ગુજરાતના વેપાર ઉદ્યોગ આલમ વતી ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. રાજય સરકાર દ્વારા તમામ રજૂઆતોને હકારાત્મક રીતે લઈ મંત્રી મંડળની પેટા સમિતિએ ખૂબ જ ટૂંકાગાળામાં અહેવાલ આપ્યો. રાજય સરકારના પગલાંને પરિણામે રાજયની આર્થિક ઔદ્યોગિક વિકાસથી ગુજરાતને નવું જોમ પ્રાપ્ત થશે. ગ્લોબલ ગુજરાતનું સ્વપ્ન આગામી વર્ષોમાં સાકાર થવા માટેની ભૂમિકા બનશે. આ ગુજરાતનો ઉદ્યોગ આલમ કહે છે ઓકટ્રોય નાબૂદ થવાથી વેપારમાં સરળીકરણ થશે એટલું જ નહીં પરંતુ વેપારની ગતિ તેજ બનશે. વધુ વેપાર થવાથી રાજયની વેરાની આવકો વધશે. શહેરીકરણનો વ્યાપ વધશે. ટ્રાન્સપોર્ટેશનનાં સેકટરનાં ઈંધણમાં વપરાશમાં ઘટાડો થવાથી તેનો લાભ પણ રાજય સરકારને મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારનો નિર્ણય, જે પેટા સમિતિની સાત મિટિંગો કરી એના અનુસંધાને એક ઝડપી નિર્ણય અને કાર્યવાહી કરવા માગીએ છીએ. હું આ સાતેય મહાનગરપાલિકાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓનો પણ આ સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓ વતી આભાર માનું છું કે તેમણે પણ આ સરકારનો નિર્ણય સામૂહિક રીતે વધાવીને લાભ પાંચમના દિવસથી શૂન્ય જકાત કરવા માટે સામૂહિક ઠરાવ કરીને આ સરકારના નિર્ણયને અનુમોદન આપેલ છે. મહાનગરપાલિકાઓને આ સરકારે જે વેગ આપ્યો છે, મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં જે પ્રકારે વિકાસનાં કામો હાથ ધરાયાં છે એના કારણે છેલ્લા ૩-૪ વર્ષમાં નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓના વિકાસના કામોમાં એક પ્રકારની નવી સક્ષમતા આપણે જોઈ શકયા છીએ. જે પ્રકારે રાજય સરકારે છેલ્લા કેટલાક વર્ષોથી નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને આર્થિક મદદ કરી છે એના કારણે આપણી મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના વિકાસમાં ખૂબ મોટો વેગ અને નવી સક્ષમતા આપણે પ્રાપ્ત કરી શકયા છીએ. આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે ૨૦૦૭-૦૮ માં રાજયની મહાનગરપાલિકાઓનું કુલ બજેટનું કદ રૂા. ૫૨૨૩.૯૪ કરોડ જેટલું થયું છે જે ભૂતકાળના વર્ષોમાં કયારેય પણ ના હોય એ પ્રકારનાં વિકાસનાં કામો મહાનગરપાલિકાઓમાં જુદા જુદા સ્વરૂપે આ સરકારના શાસનમાં હાથ ધરવામાં આવી રહયાં છે. જે પ્રકારે નગરપાલિકાઓમાંથી ઓકટ્રોય નાબૂદીના નિર્ણયને કારણે ગુજરાતમાં એક અલગ પ્રકારની વેપાર ધંધા માટેની એક આગવી પધ્ધતિ ડેવલપ થઈ છે એ જ પ્રકારે એક અનેરી તાકાત આ મહાનગરપાલિકાઓના ઓકટ્રોય નાબૂદીને કારણે હાથ ધરાવાની છે. ઓકટ્રોય નાબૂદીનો સૈધ્ધાંતિક નિર્ણય રાજય સરકારે કર્યા પછી તબકકાવાર કાર્યવાહી હાથ ધરેલી છે. કેટલાક મિત્રો જે રાજકીય નકારાત્મકતા ધરાવતા છે તેમને ઉંટના લાંબા હોઠની માફક કયાંક કયાંક એમાંથી લાળ પડે અને એમાંથી લાલચ ઉભી થઈ અને લોકોને ઉશ્કેરવાના કયાંય પ્રયત્નો થયા, પરંતુ ગુજરાતના સમજુ નાગરિકો, ગુજરાતના વેપાર ધંધા સાથે સંકળાયેલા લોકોએ સરકાર સાથે વાટાધાટો કરી અને એ વાટાધાટોને કારણે એક અલગ સ્વરૂપમાં કાર્યપધ્ધતિ દ્વારા આ ઓકટ્રોય નાબૂદીનો નિર્ણય સામૂહિક રીતે પ્રાપ્ત કરી શકયા છીએ. કયાંક કેટલીક બાબતોને ટેકો આપવા માટે મારા વિપક્ષી મિત્રોએ આંદોલન સમયે પ્રયત્નો કર્યા છે ત્યારે મારે વિશેક કોઈ ટીકા કરવી નથી, પરંતુ એટલું જ કહેવું છે કે સમગ્ર દેશમાં આર્થિક સત્તા કહેવાતું મુંબઈ કે જયાં કોંગ્રેસનું શાસન છે અને આજે પણ ત્યાં છેલ્લા કેટલાય વર્ષોથી ઓકટ્રોય નાબૂદીની વાત ચાલે છે, પરંતુ મહારાષ્ટ્રની ૨૨ જેટલી નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને મુંબઈમાંથી આજે પણ કોંગ્રેસનું શાસન આ ઓકટ્રોય નાબૂદ કરી શકતું નથી. જયારે ગુજરાતના ભારતીય જનતા પાર્ટીની સરકારે આ સત્વરે નિર્ણય કરીને ગુજરાતના વેપાર ધંધાને આર્થિક વેગ આપવા માટેનો પ્રયત્ન કર્યો છે. આ સરકાર વિકાસને વરેલી સરકાર છે અને એની કાર્યપધ્ધતિ દ્વારા નગરપાલિકા અને મહાનગરપાલિકાઓના વિકાસ માટેની કાર્યપધ્ધતિ અપનાવી છે ત્યારે મારે આ સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર એટલી જ વાત મૂકવી છે કે જે પ્રકારની એક આગવી સક્ષમતા સાથે રાજય સરકારે નિર્ણય કર્યો છે, ગુજરાતના તમામ લોકોના સાથ સહકાર સાથે નિર્ણય કર્યો છે. ત્યારે નગરપાલિકાઓમાંથી ઓકટ્રોય નાબૂદી અને હવે મહાનગરપાલિકાઓમાંથી ઓકટ્રોય નાબૂદી અને સામૂહિક રીતે આખાય ગુજરાતમાંથી ઓકટ્રોય નાબૂદી સ્વીકારીને ગુજરાતના વિવિધ ધંધા રોજગાર, ઉદ્યોગોને આગવું સ્વરૂપ આપીને ગુજરાતનો વિકાસ થાય, ગુજરાત સુખ અને સમૃધ્ધિના માર્ગે આગળ વધે એ પ્રકારની કાર્યવાહી રાજય સરકારે હાથ ધરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલાય દિવસોથી ટોલ શબ્દની મારામારી કરી આ ટોલ શબ્દની વાત કોઈના મોંઢામાં મૂકીને એનો મીસયુઝ કરવા માટેના પ્રયત્નો કરવામાં આવી રહયા છે. આની સ્પષ્ટતા હું એટલા માટે કરવા માગું છું કે જયારે આ બિલ ઉપરની ચર્ચા થાય ત્યારે આ ટોલ શબ્દનો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરે તો હું એમના ધ્યાન ઉપર સાચી વિગતોની સ્પષ્ટતા કરવા માગું છું કે આ ટોલ એકટ ૧૯૪૯ માં અમલમાં આવ્યો છે અને ત્યારે ૧૨૭ (૨) (ક) અને ૧૨૭(૨) (ચ) એ બન્ને સાથે રહેલી કલમો છે. આપણે આ ઓકટ્રોય નાબૂદી ૧૨૭ (૨) (ક) હેઠળ ઓકટ્રોય નાબૂદી કરવાનો નિર્ણય કર્યો છે ટોલની વ્યવસ્થા કોઈ ઓકટ્રોયના વિકલ્પે કયારેય

સ્વીકારી નથી, સમગ્ર દેશમાં તમામ રાજયોમાં આ એકટ રહેલો છે. ગુજરાતમાં આ એકટ વર્ષોથી રહેલો હોવા છતાં ટોલ શબ્દનો ઉપયોગ કર્યો નથી, પરંતુ હવે જે પ્રકારે પબ્લિક અને પ્રાઈવેટ પાર્ટનરશીપ ડેવલપ થઈ રહેલ છે, જે પ્રકારે કાર્યપધ્ધતિ ડેવલપ થઈ રહેલ છે, ટોલ ફકત પશુ અને વાહનો ઉપર જ લાદીને ઉઘરાવી શકાય.
આ પ્રકારની સ્પષ્ટતા આની અંદર રહેલી છે, કયારેય કોઈ બ્રીજ બાંધવાનો હોય પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપથી હજારો કરોડો રૂપિયાનો બ્રીજ ઉભો થતો હોય, મુંબઈમાં પણ કેટલાક આ પ્રકારના કાર્યો થયા છે, ત્યારે આમાં આના ઉપરની જે કાર્યપધ્ધતિ છે તેમાં એ ટોલનો ઉપયોગ કરી શકાય છે, એટલા માટે હું આ સ્પષ્ટતા કરવા માગું છું કે કયાંય કોઈના મનમાં એવું ન રહે કે આ ઓકટ્રોય નાબૂદ કરીને ટોલ શબ્દ ચાલુ રાખવામાં આવ્યો છે તો તેનાથી ભવિષ્યમાં કોઈને હેરાનગતિ થશે, એવી કોઈ શંકા ન રાખે કે આ સરકાર એવી ટોલની હેરાનગતિ કરવા માગે છે, સરકારનો વિકાસના કામો માટેનો જે સંકલ્પ રહેલો છે તેના માટે આ ઓકટ્રોય નાબૂદીનું પગલુ લઈ રહી છે અને માનનીય સભ્યશ્રીઓને પણ હું વિનંતી કરું છું કે આખા ગુજરાતના વિકાસના હિતો માટેનું આ વિધેયક છે અને તેને સર્વસંમત્તિથી મંજૂર કરવામાં આવે અને ગુજરાતના સુખ અને સમૃદ્ધિ વધારવામાં મદદરૂપ બને.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બિલ ઉપર બોલતા એક વિશિષ્ટ ભાષણ આપતા હોય તેવું લાગ્યું, માનનીય અધ્યક્ષશ્રી, ખાસકરીને મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે જયારે ગુજરાતની સાડા પાંચ કરોડની વસતિને આ ભારતીય જનતા પાર્ટીએ ૩૭૭ વચનો આપ્યા હતા, એમાનું એક આ વચન, કે અમે ઓકટ્રોય નાબૂદ કરીશું. અને તેના નેજા નીચે વેપારી ભાઈઓ પાસેથી વોટ લઈ અને સત્તા ઉપર બેઠા છે, તે વાત એટલા માટે યાદ દેવડાવવા માગું છું કે આ બેન્ચ ઉપર બેઠેલા તમામ વિદ્વાનોએ અવાર નવાર આ વાત યાદ કરાવી હતી અને છેલ્લા ચાર વર્ષથી અમે કહેતા હતા કે ઓકટ્રોય નાબૂદ કરો, મહાનગરપાલિકાઓમાં રહેલી ઓકટ્રોય નાબૂદ કરો. સાત ટકા વધારો આપ્યો, અને આજ દિવસ સુધી આ સરકારને જેમ જેમ લોકોના વોટની જરૂર પડતી ગઈ એ રીતે નિર્ણયો કરવામાં આવ્યા છે. આજે આવનારા ત્રણ મહિનામાં ચૂંટણીઓ આવવાની છે અને સમગ્ર ગુજરાતમાં આંદોલને વેગ પકડયો, અને શહેરી વિકાસમાં ભારતીય જનતા પાર્ટી સારી રીતે જાણતી હતી અને લોકોને વચન આપ્યું હતું, તે એમણે હમણાં જેમ શબ્દ વાપર્યો કે હોઠની લાળ, એમ આ લાળ ટપકતી હોય તે રીતે આનો અમલ કરવાના છે, આ તમે બિલ લાવ્યા છો ઓકટ્રોય નાબૂદી માટે તેને અમે આવકારીએ છીએ, ભૂતકાળમાં પણ અમે આવકારતા હતા. અને એ જ વાત કરતા હતા પણ મારે સરકારને કહેવું છે કે જયારે આજે વેટ લાગી ગયો હોય, ૧૫૦ દેશોમાં વેટ હોય, અને ત્યારપછી કદાચ આ ઓકટ્રોય મહાનગરપાલિકાઓમાં ચાલુ રહી હોય તો ગુજરાત માટે તે અતિશયોકિત ગણાય. વેટનો મિનિંગ એ થાય કે વેટ લાગ્યા પછી તમામ ટેકસ ઓટોમેટીક નાબૂદ થઈ જાય છે. તેથી હું વિનંતી કરું છું કે વિકાસની અને ઓકટ્રોય નાબૂદ કરવાની જયારે તમે વાત કરો છો ત્યારે તેનો અમલ લાભ પાંચમથી નહીં પણ તેનો અમલ ૧-૮-૨૦૦૭ થી કરવો જોઈએ. તેની સાથે સાથે વેટની અંદર જે પૈસા ઉઘરાવ્યા છે, તે વેપારીઓએ ડબલ પૈસા ભરવા પડયા છે. તમામ વેપારીઓએ ૧-૪ થી જે પૈસા ભર્યા છે અને સરકારે ઉઘરાવ્યા છે તે તમામ સાતે સાત મહાનગરપાલિકાઓના પૈસા તેમને પરત કરવા જોઈએ. તેથી એ બાબતની પણ હું સરકારને વિનંતી કરું છું. એટલા માટે કે વેટમાં આટલી મોટી આવક થઈ હોય અને વેટના હિસાબે વેપારીઓને ડબલ ટેકસના પૈસા ભરવા પડયા હોય અને નાનામાં નાના ગરીબ માણસો જે શહેરોમાં રહે છે તેમને એ ભરવા પડયા હોય, ત્યારે સરકાર ભલે એમ કહે કે આ બિલ લાવ્યા છે તેનું ગૌરવ અનુભવીએ છીએ, પણ અમે એમ કહીએ છીએ કે ખરેખર વેપારીઓને ઓકટ્રોય નાબુદીનો જે લાભ આપવો હોય તો તે ૧-૮ થી આપવો જોઈએ. અને ચૂંટણી આવ્યા પછી આનું આ જ ફરીથી આ બિલ પાછું જશે અને ફરીથી સાડા ચાર વર્ષ પછી આ વાત ભારતીય જનતા પાર્ટી યાદ કરાવશે, એટલા માટે સરકારને મારે વિનંતી કરવી છે કે ૩૭૭માં ઘણાં વચનો આપ્યા છે કે જે તમે પાળ્યા નથી. પણ આ વચન પાળવામાં અમે તમને અહીં ટેકો કરીએ છીએ, ત્યારે તેનો અમલ ૧-૮ થી કરવામાં આવે તેવી વિનંતી કરું છું. અને જે પૈસા વેટને કારણે વધારાના ઉઘરાવ્યા છે તે તમામ પૈસા પાછા આપવા જોઈએ. અને એની સાથે સાથે ભૂતકાળમાં જે નગરપાલિકાઓમાં ૭ ટકા અને ૧૦ ટકા વધારો આપ્યો હતો અને હમણાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૦ ટકા કરીને ૧૫૦ કરોડ રૂપિયા જે પગાર ચૂકવવા માટે આપણો પરિપત્ર થયો છે. જે નગરપાલિકાઓ પાસે પગાર કરવા માટેના પૈસા નથી, પાંચ-સાત મહિનાથી પગારો થયા નથી એના માટે પરિપત્ર થયો હોય એના માટેના ૧૫૦ કરોડ રૂપિયાનું સેટલમેન્ટ કરીને લાઈટ બિલ અને બીજામાં આપ્યા એના બદલે ખરેખર આ પરિપત્ર મુજબ પૈસા આપ્યા હોત તો સારુ લાગત.

છેલ્લે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે તેઓ જાહેરાત કરે કે આનો અમલ ૧-૮-૨૦૦૭થી કરીશું અને જે પૈસા ઓકટ્રોયના ઉઘરાવ્યા છે એ પૈસા પરત કરીશું તો મને એમ લાગે કે આજે જે બોલ્યા છે એ ગૌરવથી બોલ્યા છે એને ચોક્કસપણે આવકારીશ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય મંત્રીશ્રી જે સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૦૭નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત દ્વિતિય સુધારા) વિધેયક લઈને આવ્યા છે એને અનુમોદન કરવા માટે અને મારી વાત મૂકવા માટે ઊભો થયો છું.

ગુજરાતમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે છેલ્લા પાંચ વર્ષની અંદર ૧૨૦૦ કરોડ રૂપિયાની કર રાહતો આપીને આ દેશની અંદર સૌથી વધારે કર રાહતો આપનારમાં ગુજરાત પ્રથમ સ્થાને રહ્યું છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ જ્યારે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો ત્યારે કહેવામાં આવ્યું હતું કે અમે તબક્કાવાર ઓકટ્રોય નાબૂદ કરીશું. ગુજરાતની સાત મહાનગરપાલિકાઓની વાર્ષિક ઓકટ્રોય ૧૫૦૦ કરોડ રૂપિયા થાય છે. આ નિર્ણય લેવો એટલે ૧૫૦૦ કરોડ રૂપિયાની મહાનગરપાલિકાઓને મદદ કરવી. આ કોઈ નાનો સૂનો નિર્ણય નથી આ ઐતિહાસિક અને દૃઢ ઈચ્છા શકિતવાળો નિર્ણય છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે પહેલા નગરપાલિકાઓમાંથી ઓકટ્રોય નાબૂદ કરી. માત્ર ઓકટ્રોય નાબૂદ કરી એટલું જ નહિ પરંતુ એમને મળતી ગ્રાન્ટમાં દસ ટકાનો વધારો કર્યો હોય તો એ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યો છે.

જ્યારે કેટલાક આંદોલનકારીઓ આંદોલન કરતા હતા ત્યારે કોંગ્રેસના મિત્રોના મનમાં એમ કે ચાલોને આપણે ગુજરાતી પ્રજાની વચ્ચે જઈને ઊભી થયેલી લાગણીનો લાભ લેવા પ્રયત્ન કરીએ. કયાંક કોઈક વેપારીઓને ઉશ્કેરવા માટેનો પ્રયત્ન કર્યો પરંતુ વેપારીઓ એમની ચાલમાં ફસાયા નહિ, એ અખબારોમાં હેડલાઈન લેવા ગયા પરંતુ આવતા દિવસોમાં કોંગ્રેસની ડેડ લાઈન થવાની નિશ્ચિત છે.

ગુજરાત એ વિકસતું રાજય છે. ગુજરાત એ સમગ્ર દેશની અંદર નંબર વન રાજય છે. આગામી દિવસોમાં ગુજરાતમાં છ લાખ કરોડ કરતાં પણ વધારે મૂડી રોકાણ ઉદ્યોગકારો કરવાના છે. ગુજરાત એક એવું રાજય છે કે જેમાં અર્બન સમિટ થયું એમાં બે લાખ કરોડના એમ.ઓ.યુ થયા છે. આવા ગુજરાત રાજયમાં વેપાર ઉદ્યોગના વિકાસ માટે, ગુજરાતના વેપારીઓને તકલીફ ન પડે એની તકલીફનું નિવારણ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે નાકા ઉપર થતી વેપારીઓને હેરાનગતિ, એના બગડતા માનવ કલાકો, ફયુઅલનો ખોટો બગાડ થતો હતો, નોન પ્રોડકટીવ ટાઈમ બચાવવા માટે આ એક નિર્ણયથી મૂડી રોકાણ આપણે ત્યાં વધશે. વેપાર ઉદ્યોગ ફૂલે ફાલશે. ઓકટ્રોયથી ઈમ્પોર્ટ-એકસપોર્ટમાં રૂકાવટ થતી હતી એનું હવે નિવારણ થશે. સમગ્ર સાત મહાનગરપાલિકાઓનો એક સરખો વિકાસ થશે. નગરપાલિકાઓમાં ઓકટ્રોય નીકળી ગઈ હતી. મહાનગરપાલિકાઓમાં ઓકટ્રોય હતી એના કારણે અનેક વિસંવાદીતાઓ હતી એ આ બિલથી દૂર થશે. ઓકટ્રોયના કર્મચારીઓ રસ્તાઓ ઉપર ચેકિંગ કરે, કયારેક આખી ગાડીનો માલ ઉતરાવે અને વજન કરે, કયારેક રેડ પાડવા જાય અને બિન જરૂરી માગણી કરે, આડેધડ વેલ્યુએશન કરે. આને કારણે વેપારીઓને અનેક મુશ્કેલીઓ અને અનેક વિટંબણાઓનો સામનો કરવો પડતો હતો. હમણાં જ માનનીય બલવંતસિંહજીએ કહ્યું કે ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણી ઢંઢેરામાં કહ્યું પણ આજ દિવસ સુધી કર્યું નથી. ગુજરાતમાં ૧૯૯૫ સુધી કોંગ્રેસે શાસન કર્યું પણ કયારેય તેને આ વેપારીઓની ચિંતા નથી થઈ. કયારેય ઑકટ્રોય નાબૂદ કરવાની દિશામાં વિચાર નથી આવ્યો. કયા મોઢે વેપારીઓના હિતોની વાત કરે છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે, આ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની સરકાર વેપારીઓની સમસ્યા સમજી છે. વેપારીઓની સમસ્યાનો ઉકેલ લાવવા માટે જે રીતે પ્રયત્નો કર્યા. મને ખબર છે કે પાંચ મંત્રીઓની કમિટી રાત-દિવસ ઉંઘ્યા વગર, વેપારીઓને કારણે તેમની ઉંઘ ખરાબ થઈ હતી કે ગમે તેમ કરીને ઑકટ્રૉયનું સોલ્યુશન લાવો. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં એક મિત્ર મળ્યા કે માનનીય વડાપ્રધાનશ્રીની ઉંઘ ખરાબ થઈ. પેલો બેંગ્લોરનો હનીફ, તેની માતાને ટી.વી. ઉપર રડતા જોઈને તેમની ઉંઘ ખરાબ થાય છે. ગુજરાતના વેપારીઓની ચિંતા કરતી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. આપણે સૌ જાણીએ છીએ કે ૨૦૦૦-૨૦૦૫માં કેટલીક મહાનગરપાલિકાઓમાં ભૂલથી કોંગ્રેસનું શાસન આવી ગયું. તેના કારણે એ મહાનગરપાલિકાઓની જે બદતર હાલત થઈ તે બદતર હાલતમાંથી મુકિત માણવા માટે થઈ ચૂંટણીના પરિણામો આવ્યા. એ ચૂંટણીમાં અમદાવાદમાં ૧૨૯માંથી ૯૬ સીટ ભારતીય જનતા પાર્ટીને મળી. સુરતમાં ૧૦૨માંથી ૯૨ સીટો મળી. ભાવનગરમાં ૫૧માંથી ૩૯ સીટ મળી. જામનગરમાં ૫૧માંથી ૩૭ સીટ મળી. રાજકોટમાં ૬૯માંથી ૫૯ સીટ મળી. તે જ રીતે વડોદરામાં ૮૩માંથી ૭૬ સીટ મળી. આમ ભારતીય જનતા પાર્ટીનો ભગવો માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ સમગ્ર સાતેય મહાનગરપાલિકામાં ફરક્યો છે. હમણાં જેમ અમિતભાઈએ કહ્યું કે નટવરસિંહભાઈ, ૧૦ નગરપાલિકાની સીટમાં એક તમારી ડિપૉઝિટ પણ જતી રહી છે. તમારા પૂર્વ ધારાસભ્ય નગરપાલિકાની સીટમાં હાર્યા. પ્રજાની અંદર તમારો જનાદર જતો રહ્યો છે. એવા સંજોગોમાં આ જે નિર્ણય કર્યો છે એ નિર્ણય ગુજરાતની પાંચ કરોડની જનતાના હિતરક્ષક તરીકે ગુજરાતની પ્રજાને માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે સુશાસન આપ્યું. સલામતીનું શાસન આપ્યું અને ગુજરાતને સમૃદ્ધ કરવા માટેનો, વેપારી આલમ માટે આવકારદાયક નિર્ણય છે. ગુજરાતના ગરીબોને અને ખાસ કરીને જે સ્લમ વિસ્તારમાં રહે છે તેના માટે ગરીબોની સમૃદ્ધિ માટેની ૧૩,૦૦૦ કરોડ રૂપિયાની યોજના ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવી છે. ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય, શહેરનો વિકાસ થાય, ગામડાંનો વિકાસ થાય. એ અમદાવાદ શહેરમાંથી હું આવું છું. અમદાવાદ શહેરમાં જે સાબરમતી રીવર ફ્રન્ટની ડિઝાઇન છે એ ડિઝાઇનને આ દેશના વડાપ્રધાનશ્રીએ શ્રેષ્ઠ ડિઝાઇનનો એવોર્ડ આપ્યો છે. બી.આઈ.પી.એસ. યોજના આખા દેશમાં સૌ પ્રથમવાર કયાંય થતી હોય તો અમદાવાદ શહેરમાં થાય છે. ૯ જેટલા

ફલાય ઓવર બ્રિજ અને ૨૩ જેટલા બાગ-બગીચા એક સાથે જો થતાં હોય તો એ અમદાવાદ શહેરમાં થઈ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર અમદાવાદ શહેર, તેની સાથે રાજકોટ, વડોદરા, સુરત, જામનગર, ભાવનગર, જ્યારે ગુજરાત એક ગ્લોબલ ગુજરાત બનતું જાય છે, ગોલ્ડન ગુજરાત બનતું જાય છે ગુજરાતમાં, ગુજરાત ઈઝ અ ગ્રોથ એન્જિન ઑફ ઇન્ડિયા. એવા સંજોગોમાં રાજય સરકારે ઑક્ટ્રૉયની નાબૂદી કરીને અને ઑક્ટ્રૉયની નાબૂદીને કારણે જે જરૂર પડશે એ પૈસા મહાનગરપાલિકાઓને રાજય સરકાર ચૂકવીને સમગ્ર ગુજરાતમાં મહાનગરપાલિકાઓનો પણ વિકાસ કરવા માટેની નેમ છે અને સાથે ગુજરાતના વેપારી આલમને અને ગુજરાતના વેપાર, ધંધા, ઉદ્યોગ વધે એવા શુભ આશયથી માનનીય નરેન્દ્રભાઈ મોદીએ જે ઑક્ટ્રૉય નાબૂદીના બિલનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે તેને હું અભિનંદન સાથે સમર્થન કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ નં.૩૦- ૨૦૦૭ લઈને આવ્યા છે એ ઑક્ટ્રૉય શબ્દ કાઢી નાખવા માટેનું બિલ છે. એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી ૧૯૯૫ પછી વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનમાં આપણે જોડાયા અને એના કારણે વિશ્વભરના જે ટેક્સ ઉઘરાવવા માટેના જે ધોરણો છે એ એક સરખા હોવા જોઈએ એ મુદ્દાનો સ્વીકાર થયો અને એના પછી વેટની વ્યાખ્યા સ્વીકૃત થઈ એટલે એક જ ટેક્સ ઉઘરાવવાનો હોય અને બીજા ટેક્સ નાબૂદ કરવા માટેના રીફોર્મ આ ગુજરાતે ૧૯૯૭થી શરૂ કર્યા. આપણો ટર્ન ઓવર ટેક્સ હોય, બીજા ટ્રાન્સફરન્શી સાથેના વેરા ન હોય અને એ વેરાને બિલમાં જુદા લખતા ન હોય અને એને કારણે ખરીદનારાઓ એનો ભોગ બનતા હોય એના માટેના રીફોર્મનો અમલ કર્યો અને એ ગુજરાતે કર્યો. એટલે એના અંતર્ગત આ પ્રકારના ઑક્ટ્રૉયની નાબૂદીની વાત છે. એ બિલ રજૂ કરતા માનનીય જાડેજા સાહેબે આના કારણે રાજયની પ્રગતિ, શહેરોની પ્રગતિ વધવાની છે એ વાત કરી એ વાત સાથે હું સંમત થતો નથી. આ ઑક્ટ્રૉયની આવકો જતી કરીશું. તો એ શહેરી વિસ્તારોમાં આવક આપવા માટે રાજયમાં ક્યાંકથી તો આવક ઊભી કરવા માટે બીજું કરવું પડશે. અને રાજયનો વિકાસ કરવો હશે તો પૈસાની જરૂર પડવાની. એટલે આ ઑક્ટ્રૉય માફી કરી દઈએ છીએ. શહેરોની અંદર કદાચ ઑક્ટ્રૉય ભરવી નહીં પડતી હોય પણ બીજા વેરા મારફતે રાજયનો વહીવટ કરવા માટે થઈને પ્રજાએ બીજા ટેક્સ મારફતે યોગદાન આપવું પડતું હોય છે. જે જોગવાઈ પ્રમાણે વેટ હોય એ પ્રમાણે જ્યારે વેટની અંદરના વેરાઓ આવે ત્યારે આપણે સીંગ-ચણા ઉપર પણ આપણે વેરો ઉઘરાવતા હોઈએ ત્યારે આપણે પ્રજાને રાહત આપી દઈએ છીએ એવો જે દેખાવ ઊભો કરવામાં આવે છે એના માટે સ્પષ્ટતા કરવી જરૂરી છે. વહીવટ ચલાવવો હોય તો પૈસાની જરૂર પડવાની. ૧૫૦૦ કરોડ રૂપિયાની આવકો ઑક્ટ્રૉય મારફત જતી કરીશું. પરંતુ શહેરી વિસ્તારોને રાજય સરકારે કોઈને કોઈ રીતે આપવું પડશે. શહેરીકરણ વધી રહ્યું છે ત્યારે એના અંદરની સગવડો, પ્રજાકીય જે પ્રાથમિક સગવડો આપવા માટેનો જે ખર્ચ થતો હોય છે એ ખૂબ મોટો થતો હોય છે. એની અંદર આંતરરાષ્ટ્રિય રીતે પણ શહેરીકરણને મદદો મળતી હોય છે. યુનિસેફ તરફથી, બીજી સંસ્થાઓ તરફથી, વર્લ્ડ બેંક તરફથી ઓછા વ્યાજે લોન મળતી હોય છે. ભારત સરકારે અમદાવાદને મેગા સીટી જાહેર કર્યું એટલે એમણે પણ સારી એવી રકમ ફાળવી છે. એટલે શહેરોના વિકાસની અંદર કેન્દ્ર સરકારનો પણ ફાળો છે. રાજય સરકાર કે કેન્દ્ર સરકાર એ બે વચ્ચે જુદાઈ હોઈ શકે નહીં. આપણે તંત્રના એક ભાગી છીએ. રાજયમાં જુદી સરકાર હોય અને કેન્દ્રમાં સરકાર જુદી હોય. પરંતુ જે પ્રજા છે એ ભારતીય પ્રજા છે. એના માટે એને સગવડ આપવા માટે દરેક સરકારો બંધાયેલી છે. લોકલ સેલ્ફ ગવર્નમૅન્ટની અંદર ગ્રામ પંચાયત હોય, નગરપાલિકા હોય, મહાનગરપાલિકા હોય અને એમની જે કામગીરી છે એની જુદી સોંપણી થઈ છે એને માટેનું તંત્ર જુદું છે, એના ખર્ચને પહોંચી વળવા માટે રાજય સરકાર પર એના માટેની જવાબદારી હોય છે એ રાજય સરકાર ઉપર વધવાની છે. એ પ્રમાણે નહીં પણ એ સગવડ એક હાથે આપીને બીજા હાથે લેવું પડતું હોય છે. બીજા હાથે લઈને એ આખરે તો પ્રજાને જ આપવાનું હોય છે. એટલા માટે થઈને વચ્ચે જે અડચણો ઊભી થતી હતી. એવો એક સર્વ વ્યાપી મત હતો. અને ખાસ કરીને ભારતીય જનતા પાર્ટીએ આ વચનો આપેલા એટલે લોકોની અપેક્ષાઓ ખૂબ વધેલી હતી. પરંતુ મેં કહ્યું એમ વિશ્વભરમાં જે રીફોર્મ થઈ રહ્યા છે એના ભાગ તરીકે આ થઈ રહ્યું છે એટલી સ્પષ્ટતા થઈ હોત તો વધુ આવકાર્ય બનત. પરંતુ આને પોલિટિકલ ઓબ્ઝર્વેશન કરીને માનનીય પ્રદિપસિંહજીએ ખૂબ વાતો કરી. જાડેજા સાહેબે એમ કહ્યું કે, મહારાષ્ટ્ર રાજયની અંદર આ નથી થતું. મુંબઇની બાબતમાં કહું તો મહાનગરપાલિકામાં સત્તા ભારતીય જનતા પાર્ટી અને શિવ સેનાની છે અને સરકાર છે એ કોંગ્રેસની છે. જ્યારે કોંગ્રેસ મહાનગરપાલિકામાં હતી ત્યારે સરકાર શિવ સેના અને ભારતીય જનતાપાર્ટીની હતી. આમાં આપણે નહીં પડીએ, કોની સરકાર છે અને કોણ કરી રહ્યું છે? પરંતુ આ જરૂરી છે અને અમે માન્ય કરી રહ્યા છીએ એટલી વાત કરી હોત તો આવકારતા. પરંતુ એના માટે પોલિટિકલ ઓબ્ઝર્વેશનો કરીને રાજકીય આક્ષેપબાજી કરવી ઉચિત નથી. કદાચ આ વિધાનસભાનું છેલ્લું સત્ર છે. હવે પછી ચૂંટણીઓ આવશે. એના પહેલા સત્ર બોલાવવામાં આવે તો આવકારપાત્ર છે પણ આ સરકારની એવી કોઈ દાનત દેખાતી નથી. એટલે છેલ્લા સત્રમાં જુદા પડીએ ત્યારે કોઈ રચનાત્મક અભિગમ અને સારું થઈ રહ્યું હોય એનું એપ્રિશિએશન લઈને જઈએ એવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હોત તો એનો અમે આનંદ વ્યક્ત કરતા, એને આવકારતા. પણ દરેક બાબતમાં અમે કર્યું, અમે કર્યું? કેટલીય સરકારોએ

પગલાં ભર્યા છે. ૧૯૯૭માં જ્યારે આ રિફોર્મ આવ્યું ત્યારે સેલ્સ ટેક્સમાં ૧૭માંથી ૬ સ્લેબ કર્યા. ૧૨૦૦ કરોડની ટેક્સમાં ઘટાડાની વાતો કરે છે પણ ટર્ન ઓવર ટેક્સ બંધ કરેલો એનો હિસાબ કરીએ તો ૩૦૦૦ કરોડ રૂપિયા ઈનવિઝિબલ ટેક્સ તરીકે માફ કરવાની પહેલ ૧૯૯૭માં લઈ આવ્યા હતા. આ બધું પ્રજાના હિત માટે છે એટલે ઑક્ટ્રૉય નાબૂદ થઈ છે એટલે રાજ્યની પ્રજાને ૧૫૦૦ કરોડ રૂપિયાની માફી આપતા નથી. શહેરમાંથી ઑક્ટ્રૉયની આવક ઓછી થશે તો રાજ્ય સરકારે શહેરની વ્યવસ્થા ચલાવવા માટે ક્યાંકથી ઉઘરાવીને આપવા પડશે. એ વહીવટ ચલાવવા માટે આપણે આપવાના છીએ એટલે મહેરબાની કરીને આ બિલમાં મહેરબાનીની વાત કરવામાં આવી છે એ મહેરબાનીની વાતના શબ્દો આવવા જોઈએ નહિ. આ વ્યવસ્થાના ભાગ રૂપે આપણે આવી રીતે કરી રહ્યા છીએ. આટલા વિચારો બિલ ઉપર રજૂ કર્યા છે અને ખૂબ સારા વાતાવરણમાં આપણું આ સત્ર પૂરું થશે અને ગૃહના કામકાજનો છેલ્લો દિવસ છે એટલા માટે થઈને આ સમયગાળા દરમિયાન, સત્રો દરમિયાન ચર્ચાઓમાં કેટલીય વાતો આવી હશે. ક્યાંક કડવી વાતો હશે તો ક્યાંક મીઠાશ પણ હશે એને આવકારી હશે. અણગમતી વાત હશે પરંતુ રાજ્યના હિતમાં આ ગૃહમાં વાત થઈ હોય એના અંદર સત્તાધારી પક્ષ આત્મમંથન કરે કે વિરોધ પક્ષના સૂચનો હોય એને હકારાત્મક રીતે રાજ્યના હિતમાં જો લેવામાં આવે તો હજી આના કરતાં વધુ સારું વાતાવરણ બની શકે. આટલા શબ્દો સાથે આ બિલ અંગેનો જે અભિગમ છે એ ઑક્ટ્રૉય નાબૂદીનો છે એ આવકાર્ય છે પરંતુ એની સાથે જે રાજકીય અવલોકનો છે એની સાથે હું સંમત થઈ શકતો નથી. ધન્યવાદ.

**પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૭નું વિધેયક ક્રમાંકઃ ૩૦- સન ૨૦૦૭નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કૉર્પોરેશન (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સારી અને ઘણી વાતો વિધેયકના સંદર્ભમાં માનનીય મંત્રીશ્રીએ કરી છે. મારે એ કહેવાનું છે કે પ્રજાને આપેલું વચન પાળવું એ કોઈપણ શાસકની ફરજ છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ પ્રજા અને વેપારી આલમને આપેલું વચન પૂરું પાડ્યું છે. ભારતીય જનતા પક્ષ રાજકીય પાર્ટીની સાથોસાથ એક વિચારધારાને આધીન અમારી સરકાર કામ કરી રહી છે એનો અહેસાસ પ્રજાજનોને છે જ. આગામી લાભ પાંચમથી સાત મહાનગરપાલિકાઓમાંથી ઑક્ટ્રૉય નાબૂદીનો સૈદ્ધાંતિક સ્વીકાર રાજ્ય સરકારે કર્યો હતો. આજે આ વિધેયક લાવીને એક હિંમતપૂર્વકનું કાર્ય સરકારશ્રીએ કર્યું છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીને અને મંત્રીશ્રી આઈ.કે.જાડેજાને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. ઑક્ટ્રૉય નાબૂદી અંગે વેપારી આલમ તેમજ ઉદ્યોગકારોની માગણી હતી. જે માટે અમારી સરકારે નિર્ણય લઈ વેપાર ગૃહોના વિકાસ માટે થઈને એક મહત્ત્વનું આ પગલું લીધું છે, જે ખરેખર આવકારદાયક જ છે. નગરપાલિકાઓની ઑક્ટ્રૉય નાબૂદીનું બિલ જ્યારે ગૃહમાં લાવ્યા ત્યારે આ જ ગૃહના વિરોધ પક્ષના નેતાશ્રી અને મિત્રોએ જોર શોરથી કહ્યું હતું કે નગરપાલિકાઓનો વિકાસ અટકશે. પગાર નહિ થાય, ગ્રાન્ટ નહિ મળે, અવ્યવસ્થા થશે તો પણ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ અને સરકારે આ નિર્ણય હિંમતપૂર્વકનો કર્યો હતો. વેપારીઓના હિતમાં જ આ નિર્ણય લીધો હતો. ઓકટ્રોય નાબુદી એ મારી સરકારે આપેલું વચન લગભગ ૮૦ ટકા પૂરું થઈ ગયું હતું ઓકટ્રોય તો રદ થઈ ગઈ હતી. અમારો સંકલ્પ અને વચન હતું કે મહાનગરપાલિકામાંથી પણ આ કરવાનું છે. આપેલા વચન મુજબ સરકારશ્રીએ આ કર્યુ. નગરપાલિકાનો વહીવટ ખૂબ સારો ચાલ્યો. નગરપાલિકાનો વિકાસ કયાંય અટક્યો નહિ, આ બધું જ વિપક્ષના લોકોએ જોયું અને આ વાત અમારા સંકલ્પની હતી એ પોતે પોતાના હાથમાં લઈ લીધી. શહેરી વિકાસ વર્ષ દરમિયાન તાલુકા કક્ષાએ નાના નાના ગામડાનો વિકાસ અને નગરોનો વિકાસ કરવાનું કામ પણ કર્યુ છે. તાલુકા કક્ષાએ વેપાર વધ્યો. ઓકટ્રોય રદ થાય એના માટે મહાનગરોમાં નાટકો શરૂ કર્યા. મારી જામનગર મહાનગરપાલિકા છે ત્યાં પણ વેપારીઓને અને નાના વેપારીઓને ખોટા ખોટા પ્રલોભનો આપી, વાત કરી અનેક આંદોલનો કરાવવાની ભૂમિકા કોંગ્રેસના લોકોએ ત્યાં પણ કરી છે. (અંતરાય) હું બિલ ઉપર જ બોલું છું. એટલે જ ત્યારે તો એમ પણ કહ્યું હતું કે, લાભપાચમ માટે દૂર ઠેલી બિલ નહિ લાવે. આજે આ બિલ આવ્યું એ સારી વાત છે. અમે જે કહ્યું છે એ જ કર્યુ છે એનો અહેસાસ પ્રજાને છે તમને નથી. એટલા માટે જ નગરપાલિકાના પરિણામો બે-ચાર દિવસ પહેલાના જોઈને જરા આત્મમંથન કરો તો ફાયદો થશે. અન્ય આવકની વ્યવસ્થા વિચારીને વહીવટ, વિકાસ અને શાસન યોગ્ય દિશામાં થાય એ માટે વચ્ચે સમય આપી લાભપાચમે ઓકટ્રોય નાબુદ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. ઓકટ્રોય નાબુદીના કારણે પ્રજા, વેપારી અને શાસન એટલે કે મહાનગરપાલિકામાં ફાયદો થવાનો જ છે. મારે એ કહેવું જોઈએ કે આખા દેશની પ્રજા આ મોંઘવારીમાં પિસાઈ રહી છે. UPA ની સરકાર નિષ્ફળ ગઈ છે.

**અધ્યક્ષશ્રી** : બિલ ઉપર વાત કરો, પ્લીઝ.

**પ્રો. વસુબેન ન. ત્રિવેદી** : ગરીબી હટાવવાની વાત બોલનારાઓના મોઢા બંધ થઈ ગયા છે. મધ્યમવર્ગના લોકો, ગરીબો અને નાના વેપારીઓને આના કારણે ફાયદો થવાનો છે. નાના મોટા સર્વ વેપારીઓને ખાસ કરીને મહાનગરપાલિકાના વેપારીઓને માટે આજનું વિધેયક સૂવર્ણ અક્ષરે લખાવાનું છે. વેપારી સવારે દુકાનનો ધંધો શરૂ કરે ત્યારથી લઈને સાંજે જ્યારે દુકાન વધાવે ત્યાં સુધી ઓકટ્રોય માટે કરવી પડતી મથામણ અને દોડાદોડીની કડાકૂટમાંથી મુકત થશે અને ધંધામાં વધુ ધ્યાન આપી શકશે. વહીવટી, મહેકમ ખર્ચમાં અને બિનઉત્પાદક ખર્ચમાં

ઘટાડો થવાનો છે અને એનો સીધો લાભ મહાનગરને થવાનો છે. કાયદો હોય ત્યાં નીતિ-નિયમો પણ હોય એનું પાલન કરનાર પોતાની વિવેકબુદ્ધિ કાયદાની છટકબારી આ બધુ માનવ સહજ હોય છે. આમાં વેપારી પણ કયાંક દંડાતો હોય, કયાંક લાભ મેળવતો હોય એમાંથી મુકિતનો અહેસાસ જરૂર વેપારીને થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકાની ઓકટ્રોય રદ થવાના કારણે તાલુકાના વેપાર વધ્યા હતા અને મહાનગરપાલિકાના વેપાર ઘટ્યા હતા. હવે વેપાર સમતોલ થવાનો છે. પ્રજાભિમુખ વહીવટની દિશામાં સૂવર્ણપૃષ્ટ ઉમેરાવાનું છે એવું વેપારી અને અમે સહુ માનીએ છીએ નાકા ઉપર થતી હેરાનગતિ નિવારી શકાવાની છે. માનવ કલાકો અને બિનઉત્પાદકીય ખર્ચ અટકવાનો છે. ટ્રાફિક નિયમન નાકા ઉપર થતું હતું એ મારા મહાનગરમાં ૧૯૮૯ થી ૧૯૯૦માં ૪.૯ ટકા ઓકટ્રોયની આવક હતી એ ૨૦૦૩-૦૪માં ૬ ટકા, અને આઠમાં ૨૧.૮૦ ટકા ઉત્તરોત્તર વધારે થતી હતી. છતાં પણ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને આઈ.કે.જાડેજાએ આ નિર્ણય કર્યો છે એ કેટલો હિંમતપૂર્વકનો નિર્ણય કર્યો છે એ આપણે સૌ સમજીએ છીએ. પરંતુ આ આવક ઘટીને જેમ નગરપાલિકા વખતે વાત કરતા હતા કે વિકાસ નહિ થાય એ વાત માનવાને કોઈ કારણ નથી. ૨૦૦૫ શહેરી વિકાસ વર્ષ અંર્તગત આ રાજ્ય સરકારે મહાનગરપાલિકાનો જે વિકાસ કર્યો છે એમાં અમારું એક મહાનગર મોટું ગામડું લાગતું હતું. એને સૌરાષ્ટ્રના પૅરીસ તરીકે ઓળખાણ ઊભી થઈ એવું અમારી મહાનગરપાલિકાને પણ કર્યુ છે. વધારે વાત મારે એ કહેવાની કે જામનગરમાં ઇન્ડસ્ટ્રીયલ ડૅવલપમેન્ટ ઘણું બધું થઈ રહયુ છે ત્યારે કુદરતી આફતો અને ઔદ્યોગિક અકસ્માતોને પહોંચી વળવા માટે એક કરોડ તેવીસ લાખ જેટલી રકમ મહાનગરપાલિકાના ફાયર સ્ટેશનોને પણ અપ ગ્રેડ કરવા માટે આ રાજય સરકારે આપી છે. મલ્ટી ડિસિપ્લીનરી રેસ્કયુ વાન, ફોમ ટૅન્કર, મીની હાઈ પ્રૅશર ફાયર ટૅન્કર જેવા સાધનો અમારા મહાનગરપાલિકામાં રાજય સરકારના સહયોગથી અમે વસાવી શક્યા છીએ. વિશ્ર્વની નજર આપણા દેશ ઉપર છે તો વિશ્ર્વની નજર ગુજરાત ઉપર પણ છે. ગુજરાત વિશ્ર્વના વિકાસની સમકક્ષ ઊભો રહી શકે તે માટેના અનેક પ્રયત્નો સરકારશ્રીએ કર્યા છે ત્યારે કોઈપણ કામો વગર વિચાર્યે કરવા કે ઉતાવળિયે કરવા એ ઉચિત નથી અને એટલા માટે જ આટલો સમય ગાળો ઑક્ટ્રૉય નાબૂદી માટે આપવામાં આવ્યો છે. વર્ષો સુધી કોંગ્રેસનું શાસન હતું આ બધું ત્યારે કેમ ન કર્યુ ? એ પ્રજા તો સમજે જ છે. અહીંયા કાલથી જ શરૂ કરવાની વાત જે થાય છે એ કરવાની વાત સાથે અનુમોદન આપી શકાય નહીં. લોકો આ બધું જ વિચારે છે. ઑક્ટ્રૉય નાબૂદીનો સંકલ્પ અમારો હતો, તમારે યાદ કરાવવાની કંઈ જરૂર નહતી. કરવું હતું તો ૧૯૯૫ પહેલાં કરવાની જરૂર હતી. માનનીય અધ્યક્ષશ્રી, અમે કર્યુ, અમે કર્યુ, એમ અમે કયારેય કહ્યું નથી. અમારી કરેલી વાતને, અમારી સંકલ્પ કરેલી વાતને અમે કહ્યું એવી વાત ખોટી કરીએ તો મને લાગે છે કે, લોકો પણ આપની કાર્યપ્રણાલીથી આપ સૌને ઓળખી ગયા છે. જરાક નગરપાલિકાના પરિણામ ઉપર નજર કરીશું તો જાતે જ તમે બધા ઓળખાઈ જશો. માનનીય અધ્યક્ષશ્રી, અંતે એક વાત મારે કહેવી છે. રાજય એ રાષ્ટ્રના રક્ષણ માટે સર્જાતો હોય છે. રાષ્ટ્રના આદર્શોને અને વ્યવહારિકતાની ભૂમિ પર લાવવાની સ્થિતિ સર્જવામાં અને એ સ્થિતિ ટકાવી રાખવામાં પણ રાજય મદદરૂપ થતું હોય છે અને એની અભિવ્યકિતમાં અને વ્યવહારના નિયમોને રાષ્ટ્ર ધર્મ કહેવામાં આવે છે. રાજયના મુખ્ય મંત્રીશ્રીએ આ રાષ્ટ્ર ધર્મ બજાવી રહ્યા છે. આ રાષ્ટ્ર ધર્મ માનનીય મુખ્યમંત્રીશ્રી બજાવી રહ્યા છે. રાજયના સર્વાંગી દૃષ્ટિકોણથી સરકાર ચાલી રહી છે. આમાં સહભાગી થઈ આવા વિધેયકોને અનુમોદન આપવું જોઈએ આપ સૌએ. આ વિધેયકને હું હૃદયપૂર્વક અનુમોદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, વિશેષ વાત યાદ કરાવવાની આવશ્યકતા નથી લાગતી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી ઑક્ટ્રૉય વેરા વસૂલ કરવાની જે જોગવાઈ હતી એ રદ કરવાનું જે બીલ લઈને આવ્યા છે એના ઉપર વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજી અને માનનીય બેનશ્રી જ્યારે બોલતા હતા ત્યારે હું બહુ શાંતિથી એમના વિચારો સાંભળતો હતો. ભારતીય જનતા પાર્ટીનું વચન હતું એ ઑક્ટ્રૉય નાબૂદ કરવાનું, વેપારીઓ પાસે એક વખત નહીં પચાસ વખત આ મુદ્દા ઉપર ઑક્ટ્રૉય નાબૂદ કરીશું એવા વચન સાથે ગયેલા અને એ પ્રક્રિયા વિકલ્પ મળશે ક્યારેક એમ કહ્યું કે, આવતી વિધાનસભામાં વેટ આવશે ત્યારે વેટ વખતે નાબૂદ કરીશું. વેટ વખતે નાબૂદ ન થઈ પછી એમ કહ્યું કે, એનો યોગ્ય વિકલ્પ મળશે ત્યારે અમે નાબૂદ કરીશું. વિકલ્પ શોધવા માટેની માનનીય નાણા મંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિ નિમાઈ. વિકલ્પ શોધવાનું કામ એમને સોંપાયું અને જ્યારે વિકલ્પ શોધતા હતા ત્યારે ભા.જ.પ.ના અધ્યક્ષે એવી જાહેરાત કરી કે, સાત કોરપોરેશનોમાંથી ઑક્ટ્રૉય નાબૂદ થશે જ. કારણ કે, ઑક્ટ્રૉય નાબૂદ થાય તો વિકાસ કાર્યો અટકી પડે તેમ છે અને જ્યારે આ જાહેરાત અને વેપારીઓને એમ લાગ્યું કે હવે આ સરકાર એમના વચનમાંથી ખસી રહી છે. એટલે વેપારીઓએ આંદોલન શરૂ ક્હયું અને આંદોલનનો પડકાર એટલો જબરજસ્ત આવ્યો કે આ સરકારે એક ચાલ રમીને ઓકટ્રોયનું બીલ લાવીશું અને લાભપાંચમથી તમને એનો લાભ આપીશું એવી જાહેરાત કરવાની ફરજ પડી. માનનીય પ્રદિપસિંહ અને આદરણીય વસુબહેન બંનેએ બહુ સાચી, સારી વાત કરી કે ઓકટ્રોયથી ટ્રાફિક જામ થઈ જાય છે. એનાથી વેપારીઓને ખૂબ કનડગત થાય છે. એનાથી ઈન્સ્પેકટર રાજ, ત્રાસ થાય છે પણ મારે એમને પૂછવું છે કે આપના અધ્યક્ષશ્રીને આ વાત કેમ ન સમજાઈ આપનો કાન પકડીને કહ્યું કે ઘરભેગા કરી દઈશું પછી

નિર્ણય લેવાની ફરજ પડી. જો બ્રહ્મજ્ઞાન થયું હોત પહેલેથી તો આપને આ સમિતિ વૈકલ્પિક આવક કેવી રીતે ઉભી થાય એના અહેવાલની રાહ જોઈ હોત અથવા તો એવું કીધું હોત કે વિકલ્પની કાંઈ જરૂર નથી અમે વચનબદ્ધ છીએ પણ આપ મૂંઝવણમાં હતા. મૂંઝવણ એ હતી કે પાંચ કરોડપતિ કાંઈક જુદુ કહેતા હતા અને પાંચ કરોડમાં સમાયેલા નાના વેપારીઓ જુદુ કહેતા હતા. પાંચ કરોડપતિ આપને કાંઈક જુદી સલાહ આપતા હતા અને કહેતા હતા કે ખબરદાર આ નિર્ણય કર્યો તો. વિકલ્પ આપવાની વાત કરશો તો અમને તકલીફ પડશે તો અમે તમને ફંડ નહીં આપીએ અને પેલા લોકો કાંઈક બીજી વાત કરતા હતા. અમારા વજુભાઈ ખૂબ હોંશિયાર માણસ છે. એમની પાસે બહુ સારી ટીમ પણ છે કે આમાંથી કઈ રીતે નીકળવું કારણકે મુખ્યમંત્રીશ્રીને મૂંઝવણ હતી (અંતરાય) સી.એમ. તો રાજીનામુ ન આપ્યું હોત તો ત્યારે જ થઈ ગયા હોત પણ એમાં મુશ્કેલી થઈ હવે સલાહ ન આપતા બીજી વખત ત્યાં ચૂંટણી લડવાની. આ વખતે ખૂબ અઘરૂ છે. (અંતરાય) અઘરૂં ન હોય તો મારે પહેલી હરોળવાળાને કહેવું છે કે તમે તમારી સીટ છે ત્યાં જ લડજો. બીજે જતા નહીં. બીજી સીટ શોધતા નહીં. (અંતરાય) મને બોલવા દો. મેં પહેલેથી કહ્યું છે હું મારી લાઈન ઉપર જઉ છું. વજુભાઈને કહ્યું હશે આનો રસ્તો કાઢવાનો છે વિકલ્પ વગરનો અત્યારે પણ નગરપાલિકામાં ભા.જ.પા.નું શાસન છે એમણે પણ કેટલાય વચનો આપ્યા છે. એમણે વચનો એવા આપ્યા છે કે અમે આટલું આટલું કરવાના છીએ એટલે એમણે પણ ઠરાવ કર્યો બધી જગ્યાએ કે ઓકટ્રોયનો વિકલ્પ આપી અને ઓકટ્રોયની નાબૂદી કરો. આપના પક્ષે તો નકકી કરી નાખ્યું હતું કે ઓકટ્રોય નાબૂદ નથી કરવી અને ત્યારે પણ પ્રદિપસિંહ આવી બધી તકલીફો હતી. ઈન્સ્પેકટર રાજ તમે પણ મત મેળવીને આવ્યા છો એટલે કહું છું આજે નહીં ૧૯૯૫થી આ ખબર હતી કે તકલીફ છે પણ અમે તો કોઈ દિવસ વેપારી પાસે લઈને ગયા નથી કે અમે તમને આ કરી દઈશું તમને આદત છે. ખેડૂતને કહો છો ૧૪ કલાક વીજળી આપીશું અને ૬ કલાક પણ ન આપે એવી વાત અમે કરતા નથી. તમારા વચન કેવા છે કે કસમ રામ કી ખાતે હૈં મંદિર બનાયેંગે અને શાસન આવે એટલે કસમ રામ કી ખાતેં હૈં મંદિર નહીં બનાયેંગે. જયારે ચૂંટણી આવે ત્યારે મિંયા મુશર્રફની વાત કરે અને ચૂંટણી ન હોય ત્યારે મહંમદઅલી ઝીણા મહાન બિન સાંપ્રદાયિક હતા એવી વાત કરે. તમારા મેગેઝિનોમાં તેના વખાણ આવે. આ તો યુ.પી.એ. સરકાર આપે તો આ આવે. રાજકીય અવલોકન કરે તો રાજકીય વાત સાંભળવાની તૈયારી રાખો. તમને અફઝલની ફાંસીની વાત યાદ આવે. અમે તો ફાંસી આપવાની કોઈ ના પાડતા નથી અને દેવાના છીએ, પણ પેલા અઝહર મસુદને જસવંતસિંહ ૯૦૦ કરોડ રૂપિયા સાથે મૂકી આવ્યા. એનું શું કરવાનું છે? એની કોઈક દિવસ વાત કરજોને. એની વાત નહિ કરે. હું મારી વાત ઉપર આવું. માનનીય વજુભાઈ બહુ હોંશિયાર છે. એમણે કહ્યું કે આ નિયત મહિના પૂરતો મામલો છે. સાચવી લેવું જોઈએ. ઑક્ટ્રૉય નાબૂદ કરી દો. કેવી રીતે? તો અત્યારે વેપારીઓને વચન આપી દો. તમારી ઑક્ટ્રૉય નાબૂદ થઈ જશે, એટલે ભરોસો બેસતો નહોતો, પછી કહ્યું ના અમે બિલ લઈ આવીને નાબૂદ કરી દઈશું. વેપારીઓને થયું કે હવે થશે. વેપારીઓની માગણી એવી હતી કે વિકલ્પ વગર અમારે આ ઑક્ટ્રૉય નાબૂદ કરવી છે અને પેલા કરોડપતિઓ જુદી વાત કરતા હતા અને આ તરફ જે મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ભારતીય જનતા પાર્ટી બેસે છે, એ એમ કહેતી હતી કે વિકલ્પ વગર તો બધું બંધ થઈ જવાનું છે, કારણ કે વર્ષની ૨૩૦૦ કરોડની આવક ઑક્ટ્રૉયમાંથી થાય છે, એટલે વજુભાઈએ કહ્યું કે હમણા અમે વિકલ્પ નહિ શોધીએ. ગણતરી એવી કરી કે લાભપાંચમ એટલે કઈ તારીખ? તો કહે કે ૧૫ મી નવૅમ્બર. જે દિવસે ચૂંટણીનું જાહેરનામું થાય, એ દિવસ અને ક્યારે પ્રક્રિયા પૂરી થાય તો? ૧૫ મી ડિસેમ્બર. એક મહિના માટે કોઈ વિકલ્પ નહિ, એટલે જેમ ખેડૂતોને ૧૪ કલાકનું વીજળીવાળું વચન છે, એવું આ વૈકલ્પિક આવક વગરનું ઑક્ટ્રૉય બિલ છે. જ્યારે એક મહિનો પૂરો થશે અને પછી જે નવી સરકાર આવશે એ વૈકલ્પિક વ્યવસ્થા કરશે. આપણે ક્યાં ન્હાવા નિચોવવાનું છે? જેટલા વધારે મતો ખંખેરી શકો, એટલા ખંખેરી લો, પણ વેપારીઓને ખબર છે કે આ વચન છે, એ કસમ રામકી ખાતે હૈ, મંદિર વહી બનાએંગે. એના જેવું વચન છે. કસમ ખાઈને કહ્યું હતું. આ તો કસમ ખાઈને કહ્યું નથી. અડવાણીજી નાયબ વડાપ્રધાન થઈ ગયા. આ એક કસમમાં આટલું મળી ગયું તો આ કસમ ખાધા વગરનું છે. કાંઈ વાંધો નહિ. કરી નાખો. એક મહિનાની ખોટ એ થોડી ઘણી આવક ઊભી કરીને કરીશું. આવો ઈરાદો, આવી ચાલ આ રાજ્ય સરકાર લઈને આવી છે. ૧૫ મી નવૅમ્બર લાભપાંચમ શું કરવા. ૧૯૯૫ થી બહેન વાત કરે છે, વસુબેન. પહેલા ન કર્યુ, વાંધો નહિ, ન કર્યુ. ૯૫ પછી ભલે ન કર્યુ, પણ હવે કાલથી તો રહેવા દો, પણ ૧લી ઑગસ્ટથી શું કરવા નહિ? બલવંતસિંહે કહ્યું અગાઉની વાત જવા દો. આ સરકાર તો કરોડપતિઓ કહે એમ કરે છે, એટલે નહિ થઈ શકે, કારણ મારી પાસે માહિતી છે પાંચ વર્ષમાં પાંચ કરોડપતિઓને ૧૫,૦૦૦ કરોડની ટેક્સની રાહત આપી છે. એની માહિતી મારી પાસે છે, પણ આ ૨૩૦૦ કરોડ માટે થઈને આ ૫ વર્ષ સુધી નાબૂદ કરીશું, વિકલ્પ આપીશું, નાબૂદ કરીશું, વિકલ્પ આપીશું. આવી વાત ચલાવીએ રાખીએ છીએ. વચનની વાત હોય તો અમારા નટવરસિંહ એકલા બસ છે. એમની સલાહ લો કે વચન કેવી રીતે પાળી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી નવેમ્બરની વાત, લાંભપાંચમનો દિવસ એના બદલે ૧લી ઓગસ્ટની જાહેરાત કરો કે અમે પહેલી ઑગસ્ટથી તેનો અમલ કરી દેવાના છીએ અને કોઈપણ વિકલ્પ નહીં. આ ઑક્ટ્રૉય અમે વિકલ્પ વગર કાઢવાના છીએ તેવી સ્પષ્ટ જાહેરાત કરે. વેપારીઓને છેતરવાની, નાના વેપારીઓને છેતરવાની કારણકે નાના વેપારીઓની પાસે પોતાનું ખાનગી પ્લેન નથી, આપવા માટે ફંડ નથી. તેમની પાસે સ્વીટઝર્લેન્ડ જવું

હોય તો ચાર્ટર આપી શકે તેમ નથી. તેઓ સવાર સાંજ દુકાને બેસીને વેપાર કરવાવાળા લોકો છે. *(xxxxx) કરવા માટે ફંડ આપી શકે તેમ નથી. ઉપર પહોંચાડવું હોય તો તેના માટે તેમની પાસે પૈસા નથી. ખેલ કરવા તમાશો માટે.

**અધ્યક્ષશ્રી** : (xxxxx) શબ્દ કાઢી નાંખો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તેવી અપેક્ષાઓ પૂર્ણ નહીં થાય. માનનીય અધ્યક્ષશ્રી, એટલે એમની પાસે નથી એટલા માટે એના માટે કંઈ કર્યુ નથી અને રાજય સરકાર સમજે છે મોટા લોકોને ફાયદો આપીએ તો ફાયદો થાય. એટલા માટે ફાયદો કરવાની વાત હોય તો ડી.એલ.એફ.ને થાય અને બીજાઓને થાય પણ નાનાને ન થાય. શહેરી ગરીબોની વાત આવી. પ્રદિપસિંહજી તમે ઉલ્લેખ ન કર્યો કે જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મિશન છે તેમાં આખા દેશમાં ગુજરાતને સૌથી વધારે આપ્યું છે. તમે કદાચ તેને એમ કહેશો કે તે પણ ગુજરાતને અન્યાય છે, તે પણ ગુજરાતને અન્યાય છે. અમદાવાદને મેગાસિટી બનાવ્યું તો તમે કહેશો કે તે પણ ગુજરાતને અન્યાય છે. વાંધો નહીં તમારું ગાણું છે ચાલુ રાખશો મને વાંધો નથી. પણ તમે ૧૩ હજાર શહેરી ગરીબોને આપવાના છો અને હમણાં અમદાવાદની અંદર ૧૫ હજાર મકાનો બનાવવા માટે ખાત મુર્હૂત મુખ્યમંત્રીશ્રીએ કર્યુ અને હું ગૃહના રેકર્ડ ઉપર કહેવા માગું છું કે આ વખતના બજેટમાં અને આ વખતના બજેટના પ્રવચનમાં તમારી ૧૩ હજાર કરોડ રૂપિયાની શહેરી ગરીબોની યોજના, ૧૫ હજાર કરોડની સાગરખેડુ યોજના અને વનબંધુ યોજના અરે ભાઈ તમે બોલીને રાજી થાઓ પણ તેના માટે એક રૂપિયાની જોગવાઈ હોય તો હું ધારાસભ્ય તરીકેથી રાજીનામું આપી દઉં. એક રૂપિયાની જોગવાઈ નથી. નિયમ-૪૪ હેઠળ મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી અને અમે પ્રશ્નો પૂછયા તો માનનીય અધ્યક્ષશ્રીએ એવો ખુલાસો કરી દીધો અને અમને ન બોલવા દીધા અને કહ્યું કે આ તો પાંચ વર્ષની યોજના છે. આ વર્ષે નહીં હોય તો આવતા વર્ષે બજેટમાં આવશે. આ આવતા વ ર્ષના બજેટ જેવું વિકલ્પવાળું અને વિકલ્પ વગરનું ઑકટ્રૉયનું કામ છે. એક પાના ઉપર વનબંધુ કલ્યાણ યોજનાની વાત હોય, બજેટના એક પાના ઉપર પણ જ્યાં મુખ્યમંત્રીશ્રીના નામે પૅકેજો આપ્યા છે હું કહું છું અને રેકર્ડ ઉપર કહું છું મારા ઉપર વિશેષાધિકારભંગની દરખાસ્ત લાવજો. બજેટના એક પાના ઉપર નથી. મુખ્યમંત્રીશ્રીને કોઈકે કહ્યું હશે કે બજેટ વગરની યોજનાઓ જાહેર કરીએ છીએ તેનું શું? તો કહે કે છાપાઓમાં હેડલાઈન આવી જાય પછી ખુલાસા આટલા જ આવશે. મોટી હેડલાઈન આવે પછી ખુલાસા આવશે. અસત્ય બોલો, વારંવાર બોલો, જોરથી બોલો એ તો આ સરકારનો નિત્યક્રમ છે. જો આ સરકાર રાજયપાલશ્રી તુરત જ મંજૂરી આપે અને તેનો અમલ કરે અને પોતાની નિષ્ઠા છે તે નિષ્ઠા બતાવે અને એવી જાહેરાત કરે અને ચૂંટણી ઢંઢેરામાં પણ લઈ આવે કે અમે આના વિકલ્પ માટે વેપારીઓ ઉપર કે આમજનતા ઉપર એક પૈસાનો બોજો નહીં નાંખીએ. તો એમ માનીશું કે તેમની નિષ્ઠા સાચી છે. પણ આ એક મહિનાની ચાલ છે. એ રામ મંદિર જેવી, ખેડૂતોને ચૌદ કલાક વીજળી આપવા જેવી, સુજલામ સુફલામ યોજના જેવી, આ યોજના જેવી ચાલમાં હવે લોકો ફસાવાના નથી અને આપનો મકસદ એવો હશે તો હવે લોકો આપના કરતાં પણ હોશિયાર થઈ ગયા છે એટલે (અંતરાય) માનનીય ભરતભાઈ, આપનું અને પ્રદિપસિંહનું ગોઠવાઈ ગયું છે, મને ખબર છે, ગોઠવાઈ ગયેલું છે એ બરોબર છે, ચિંતા ન કરો એમાં, અને પ્રજાએ ગોઠવવું પડશે એટલે હું કહું છું, જેનું ગોઠવાયું નથી એનું કદાચ પ્રજા સાથે ગોઠવાયેલું છે, ઘણા મિત્રોનું પણ ગોઠવાયું હોય એક જગ્યાએ એનાથી કંઈક ત્યાં ગોઠવવું બહુ અઘરું છે અને એટલા માટે ઘણા લોકો માંડલથી પાટણ અને પાટણથી અમદાવાદ શોધે છે. એટલે એવું છે. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) હવે માનનીય સભ્યશ્રી, આપ શું કરવા ગુસ્સે થાઓ છો? બહુ કહી દીધું, એટલે આવી સ્પષ્ટ જાહેરાત કરો એવી વિનંતી સાથે હું મારું પ્રવચન પૂરું કરું છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ઑકટ્રૉય નાબૂદી બિલ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઑકટ્રૉય નાબૂદી માટે ઘણા બધા પ્રવચનો થયાં, પણ એક વિષય ઉપર સભાગૃહનું ખાસ ધ્યાન દોરવા માગું છું કે, આ પ્રશ્ન કોઈ પાંચ વર્ષ કે દશ વર્ષ કે પચ્ચીસ વર્ષનો નથી પણ વર્ષોથી ઑકટ્રૉય નાબૂદ માટેની વેપાર ઉદ્યોગની માગ હતી, હું ગઈ કાલે બેઠાં બેઠાં વિચારતો હતો કે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનમાં ઑકટ્રૉય ક્યારથી લેવાય છે તો અધિકારીશ્રીઓને મેં ફોન કર્યો તો એમણે મને કહ્યું કે ૧૯૨૬થી ઑકટ્રૉય લેવાય છે, એની પહેલાં પણ કદાચ લેવાતી હશે પણ એની કોઈ માહિતી અમારી પાસે નથી એટલે ૧૯૨૬થી તો અમદાવાદમાં ઑકટ્રૉય લેવાતી હતી, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીને આ હિંમતપૂર્વકના નિર્ણય માટે આ સભાગૃહે ખૂબ ખૂબ અભિનંદન આપવા જોઈએ અને હું દાખલા આપવા માગું છું કે કેમ આ અગત્યના નિર્ણય ઉપર માનનીય મુખ્ય મંત્રીશ્રીને આખા સભાગૃહે અભિનંદન આપવા જોઈએ, તો માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૨૪-૨૫ની અંદર ભારતીય કરવેરા તપાસ સમિતિએ ઑકટ્રૉય પ્રથા આખા દેશમાં નાબૂદ કરવા માટે અભિપ્રાય આપ્યો હતો અને એમણે એ વખતે કહ્યું હતું કે દેશ પ્રગતિ કરી શકશે નહીં. આ તો ૧૯૨૪-૨૫ની વાત કરું છું. આપણે અહીંયા જે જે બેઠા છીએ એમાંથી કોઈનો જન્મ પણ નહોતો થયો એટલે એ

* માનનીય અધ્યક્ષશ્રીના આ શબ્દો આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

પહેલાંથી આ પ્રશ્ન સળગતો હતો. ૧૯૫૦માં મોટર વાહન કરવેરા તપાસ સમિતિએ અહેવાલ આપ્યો કે માલ હેરફેરમાં કરવેરા વેપારી પાસેથી લેવા ન જોઈએ અને આની અસર માઠી થાય છે, આ ૧૯૫૦ની વાત છે. એ જ રીતે ૧૯૫૯માં એમ. આર. મસાણી સમિતિએ અહેવાલ આપ્યો, મીનુ મસાણીએ કે બીજા કોઈ વેરામાં ભેરવી દેવો જોઈએ અને ઑક્ટ્રૉય નાબૂદ કરવી જોઈએ. ૧૯૭૦માં શ્રી ઓડેરા ઑક્ટ્રૉય તપાસ સમિતિ રચી અને એણે અહેવાલ આપ્યો કે ઑક્ટ્રૉય કૃત્રિમ અવરોધો ઊભા કરે છે અને એ રીતે વેપાર વાણિજ્યનો વિકાસ રૂંધાય છે. આ બધા જ સમયની અંદર આઝાદી પછી આખા દેશમાં કોંગ્રેસની સરકારો જ રાજ કરતી હતી અને આ બધા મોટા આગેવાનો કોગ્રેસને સમર્થન આપતા હતા. કોંગ્રેસ સરકાર દ્વારા આ સમિતિઓની રચના કરવામાં આવી હતી. ૧૯૯૪માં ગુજરાત રાજય નાણાપંચમાં જે લોકોએ અહેવાલ આપ્યો કે ૩ વર્ષમાં તબક્કાવાર રીતે ઓકટ્રોય નાબૂદ કરવી જોઈએ. એ વખતે ૧૯૯૪માં કોની સરકાર હતી? એવી જ રીતે પબ્લિક ફાઈનાન્સ રિફોર્મ્સ  કમિટીએ પણ આ વિષયમાં ખૂબ માહિતી આપી હતી. આ વિષય ઉપર આપના નેતા દેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ આપને કોઈને ખ્યાલ નહીં હોય પણ સૌથી પહેલા ૨૦ મુદ્દાના કાર્યક્રમમાં એમણે ઓકટ્રોય નાબૂદીના કાર્યક્રમનો સમાવેશ કર્યો હતો. પણ પછી કોગ્રેસની હાલત જુઓ, ઈન્દિરાજીએ સમાવેશ કર્યા પછી એમને લાગ્યું કે, સળગતું પકડયું છે હાથમાં એટલે એમણે એ પછીના દિવસોમાં આ ૨૦ મુદ્દાના કાર્યક્રમમાંથી ઓકટ્રોય નાબૂદીના કાર્યક્રમને કાઢી નાખ્યો. આ એ વખતે ઈન્દિરાજીએ કર્યું હતું. આપના બીજા નેતા સ્વ. શ્રીમતી ઈન્દિરાજીના પુત્ર રાજીવ ગાંધી  જનરલ સેક્રેટરી હતા તેમણે ઓલ ઈન્ડિયા બિઝનેશમેન્ટ કન્વેન્શન, નવી દિલ્હીમાં ૧૯૮૪માં સંબોધન કર્યું ત્યારે એમણે એમ કહ્યું હતું કે, તાત્કાલિક આ દેશમાંથી ઓકટ્રોય નાબૂદી થવી જોઈએ. પણ ન થઈ શકયું. ૧૯૮૬માં તેઓ દેશના વડા પ્રધાન થયા ત્યારે પણ આ વાતની હાકલ કરી હતી. પણ કૉન્ગ્રેસમાં નિર્ણય લેવા માટે નિર્ણય શકિત ન હતી, તાકાત ન હતી અને એજ સમયમાં અહીંયા જેટલા મુખ્યમંત્રીશ્રીઓ ગુજરાતમાં બેઠા હતા જેઓ ચાર ચાર દિવસ સુધી દિલ્હીમાં બેસતા હતા પણ એ સમયમાં જ્યારે પ્રધાનમંત્રી કહેતા હતા એ માત્રને માત્ર વેપારીઓને ખોટું માર્ગદર્શન આપવા અને ખોટી દિશા બતાવવા માટે વચનો આપતા હતા પણ હકીકતમાં કૉન્ગ્રેસ પાસે આ નિર્ણય લેવાની તાકાત ન હતી. આપના અનેક આગેવાનો છે એમાં એક કે. સી. પંત છે એમણે ૧૯૭૯માં એમ કહ્યું હતું કે એક હજાર કરોડનું નુકસાન થાય છે તાત્કાલિક ઓકટ્રોય કાઢો. કે. સી. પંત જેવા આગેવાનનું નથી એ લોકો સાંભળ્યા. આમ તેઓ નિર્ણય ન લઈ શકયા અને અમદાવાદ કોરપોરેશન, વડોદરા, રાજકોટ, સુરત એ બધામાં કૉગ્રેસના મુખ્યમંત્રીઓના સમયમાં ઓકટ્રોય લેવામાં આવતી હતી. ગુજરાત ચેમ્બરમાં પ્રવચનો થતા હતા, ગુજરાત ચેમ્બરમાં વાતો કરવામાં આવતી હતી પણ નાબૂદ કરવાની હિંમત ન હતી. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને ૧૯૯૮માં અમે છેલ્લા દસ વર્ષથી આવ્યા છીએ આ દસ વર્ષમાં પહેલા નગરપાલિકાઓમાંથી પહેલી મેં ૨૦૦૦ની સાલમાં ઓકટ્રોયની નાબૂદી કરી અને પછી પાંચ વર્ષ પહેલા જ્યારે મૅનિફૅસ્ટો બનાવ્યો હતો ત્યારે એમાં લખ્યું હતું કે પાંચ વર્ષમાં અમે સંપૂર્ણ ઓકટ્રોય નાબૂદ કરીશું, આ મુખ્યમંત્રીશ્રીની હિંમતને દાદ દેવી પડે કે એક જ સાથે ૫-૭ શહેરોમાં ઓકટ્રોય નાબૂદ કરી.  આ લોકો તો વાતો કરે છે, ૧૯૯૫માં શ્રી ચિદમ્બરમ અમદાવાદમાં આવ્યા હતા ત્યારે એમણે એમ કહ્યું હતું કે બ્રિટિશરોએ ભારતના વેપારને રૂંધવા માટે આ કર દાખલ કરેલ, આ ઓકટ્રોય નાબૂદી જવી જ જોઈએ. આ ચિદમ્બરમે કહ્યું હતું તેઓ અત્યારે આપણા નાણામંત્રી છે અને જ્યારે તેઓ નાણા પ્રધાન હોય અને એમણે મદદ કરવી હોય તો કાઢો ઓકટ્રોય મહારાષ્ટ્રમાંથી તાકાત હોય તો. ઓકટ્રોય નાબૂદ કેમ નથી કરી શકતા મહારાષ્ટ્રમાંથી? માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા બેઠેલા વ્યકિતઓ વાતો કરે છે જ્યારે ઓકટ્રોય નાબૂદીની વાત ચાલતી હતી ત્યારે સામે બેઠેલ સભ્યો એમ કહેતા હતા કે, અમે જેલ ભરોનું આંદોલન કરીશું. મારે એમને વિનંતી કરવી છે કે, જેલ ભરોનું આંદોલન કરવું હોય તો મહારાષ્ટ્રમાં જાવ. તેઓ એમ કહેતા હતા કે કોંગ્રેસ સતા ઉપર આવશે તો અમે ઓકટ્રોય નાબૂદ કરીશું. આ કૉન્ગ્રેસના નેતાઓ છાપામાં નિવેદનો કરે છે પણ અમને વિચાર આવ્યો કે અમારે વેપારીઓને વધારે દુ:ખી નથી કરવા જો તમારા ઉપર રાહ જોશે તો બીજા ૨૦ વર્ષ સુધી નંબર નથી લાગવાનો તમારો. આજની તારીખ સુધીમાં આ લોકોએ ઘણા બધા વચનો આપ્યા છે. ઓકટ્રોય મામલે પ્રજા મોદીનો વિકલ્પ શોધી લેશે. અરે વાહ, આ દસમાંથી નવ આવી એના ઉપરથી તો કંઈ શીખો અને એક એક જિલ્લામાં આટલું મોટું સેમ્પલીંગ તો આખા દેશમાં નથી થયું. ૧૧ જિલ્લાની અંદર ૧૧ સીટો અને તેની અંદર સેમ્પલીંગ થયું. આટલુ બધું સેમ્પલીંગમાં તમે દશમાંથી ત્રણ તો ઘરે મોકલ્યાં. ડિપોઝીટ વગર. એટલે આમાં તમે થોડું શાંતિથી વિચારો. પ્રજાએ વિકલ્પ તો તમને કાઢી નાંખવાનું નક્કી જ કર્યુ છે. હું એક બીજી વાત કરી લઉં કે આજની તારીખમાં દેશની અંદર માત્ર ચાર રાજયોની અંદર ઓકટ્રોય બાકી છે. માત્ર ચાર અને તે ચારેય રાજયો છે તે કોંગ્રેસ શાસિત રાજયો છે. મહારાષ્ટ્ર કોંગ્રેસ રાજય, જમ્મુ એન્ડ કાશ્મીર કોંગ્રેસ. ગોવા કોંગ્રેસ. મણિપુર કોંગ્રેસ. જવાબ આપો ? આંખે પાટા લોકોને ખોટું કેવું ભરમાવે છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીએ જ્યારે વેપારીઓએ વાત કરી ત્યારે સમિતિની રચના કરી અને સમિતિની રચનામાં ઈમ્પોર્ટન્ટ ઈમ્પોર્ટન્ટ સભ્યોની નિમણૂક કરી અને નિમણૂક કર્યા પછી સમિતિએ ૨૦મી મે, ૨૦૦૬નો અહેવાલ આપેલો છે. ૨૦૦૬ની આ ૨૦૦૭ થઈ છે તાકાત સ્વીકારવાની? તો કરો નાબૂદ આ રહ્યો અહેવાલ. અને અહેવાલની અંદર ઓકટ્રોય નાબૂદી માટે હિંમત નથી મહારાષ્ટ્રની અંદર કરવાની. સલાહ આપવી, ભાષણો કરવા, સૂચનો કરવા પણ અમલીકરણમાં મીંડુ. એટલે હું કહું છું ૭૫, ૮૦, ૯૦, ૧૦૦ વર્ષ જૂનો

પ્રશ્ન ઓકટ્રોય જે બિટિશર્સનાં ટાઈમમાં ચાલતું હતું બધા લોકો માને છે કે ઓકટ્રોયથી હેરાનગતિ થઈ. ઓકટ્રોયમાં દૂષણ આવ્યું. આ આવ્યું, પણ નિર્ણય લેવાની તાકાત નથી. કોઈ તાકાત નથી અને હું આપને એક વસ્તુ કહું કે આ સરકારમાં કરવેરો, ટેકસીઝ ઘટાડ્યા. પચાસ વર્ષમાં જેટલાં કોંગ્રેસે ટેકસીઝ વધાર્યા છે ભારતીય જનતા પાર્ટીની સરકારે ટેકસીઝ ઘટાડ્યા છે અને આવકમાં વધારો કર્યો છે. આ રાજયની અંદર વિકાસ આટલો બધો કેન્દ્રનો અન્યાય થયા પછી પણ વિકાસ? આટલો બધો અન્યાય કયારેય આવો અન્યાય નથી થયો. એન.ડી.એ.ની સરકાર જ્યારે દિલ્હીમાં હતી, બાજપાઈજી જ્યારે પ્રધાન મંત્રી હતા, જશવંતસિંહ જ્યારે નાણામંત્રી હતા અને રાજયની અંદર ભૂકંપ આવ્યો. તે ભૂકંપની અંદર નાણામંત્રીએ બજેટ પ્રવચનની અંદર કહ્યું કે બે ટકા ઈન્કમટેક્ષ જે દેશની અંદર ઉઘરાવે છે તે ભૂકંપમાં ગુજરાતને આપીશ. ટેકસનો આંકડો ચોખ્ખો હોય. બે ટકાનો સરવાળો કરીએ તો એક હજારના બે ટકા તરત ખબર પડી જાય કે આટલા. અને આ પ્રમાણે આખો હિસાબ કાઢયો. આજની તારીખમાં ગુજરાતના રૂપિયા પચાવીને બેઠાં છે અને આપતાં નથી. ભૂકંપના પૈસા બોલો ? અને બીજા ખૂબ ખૂબ અન્યાયો.

**અધ્યક્ષશ્રી** : ટૂંકાવો, સમય નથી.

**શ્રી સૌરભ પટેલ** : પાંચ મિનિટ. બીજી બધી વાત કરું. અમે લોકો આવકની ચિંતા કરતાં નથી. અમે લોકો સારા વહીવટની વાત કરીએ છીએ. અને સારા વહીવટની અંદર વીજળીની સીંડેજી જે દિવસે ઊર્જા ખાતું લીધું તેના દશમા દિવસે તેમણે ૨૦૦ મેગાવોટ કાપીને આપી દીધા અને મહારાષ્ટ્રને અને બોમ્બેને આપી દીધાં.

**અધ્યક્ષશ્રી**: આ નહીં આવે.

**શ્રી સૌરભ પટેલ** : તેમણે કેટલી બધી વાત કરી. પચ્ચીસ વાત કરી. તેમણે વીજળીની વાત કરી સાહેબ.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બહુ આવકાર્ય મુદ્દો માનનીય સૌરભભાઈએ રેઈઝ કર્યો છે. જે ભૂકંપ વખતે પૈસા નથી અપાયા તેનો અને કેન્દ્ર સરકાર કેટલી વીજળી આપે છે તેનો હું આપને વિનંતી કરવા માગું છું કે, આ મુદ્દાની ચર્ચા માટે આપ અલગથી ટાઈમ ફાળવો. કારણ એટલા માટે આ ચર્ચા થાય છે ઓકટ્રોયના મુદ્દાની અને ઓકટ્રોયના મુદ્દાની અંદર આ કરવી હોય તો આ ના થઈ શકે. એટલા માટે કે હું પણ કહી શકું તેમ છું. કે કેન્દ્ર સરકાર પાસેથી આ વીજળી લઈને સસ્તા ભાવે એટલે કે ૧.૩૭ પૈસે બીજા રાજયોને વેચી નાંખે, એસ્સાર કંપનીને વેચી નાંખે, એસ્સાર સાથે તમારે કેવી સાંઠગાંઠ છે એનો હું પર્દાફાશ કરી શકું તેમ છું. મારી એટલી જ વિનંતી છે કે આ વાતની ચર્ચા થાય.... (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : તમને ના ગમતું હોય એવું પણ સાંભળવું પડે. અમે પણ સાંભળ્યું છે. આ કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર ના કહેવાય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમે પણ સાંભળવા તૈયાર છીએ, માનનીય અધ્યક્ષશ્રી, આના માટે ચર્ચાનો મુદ્દો ઉભો થવો જોઈએ. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા:** આ પોઈન્ટ ઓફ ઓર્ડર ના કહેવાય, ધારાસભાના નિયમો પ્રમાણે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો થઈ શકે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે.. મોઢવાડીયા:** તો આપે આ એલાઉ ના કરવા દેવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, હવે ગૃહનો સમય એના એન્ડ ઉપર છે, ૨-૫ મિનિટમાં (અંતરાય) છેલ્લે આ ના હોય પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પરંતુ આ સિવાયનો જે મુદ્દો નથી એમાં પણ બોલે છે.

**અધ્યક્ષશ્રી** : મુશ્કેલી એ છે કે બધા આ રીતે જ બોલે છે, દરેક સભ્યશ્રી આ રીતે કરે છે (અંતરાય) ચાલો, હવે પૂરું કરો, જલદી, પૂરું કરો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરરોધપક્ષના નેતાશ્રી એક જવાબદાર વ્યકિત છે એવી જ રીતે કેન્દ્રના ઉર્જામંત્રીશ્રી શિંદે પણ એક જવાબદાર વ્યકિત છે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હજુપણ ઉર્જાની જ વાતો કર્યા કરે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એક જ પોઈન્ટનો જવાબ આપવા માગું છું કે (અંતરાય) મારે પૂરું નથી કરવું, આ વિશેની મારે વાત કરવી છે, પરંતુ તમે સાંભળો ને (અંતરાય) હું તમને જવાબ આપું છું, હું આ સભાગૃહની અંદર એમ કહેવા માગું છું કે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કોઈપણ માણસે રાજકીય અવલોકન કરવાનું નથી, પ્લીઝ.

**શ્રી સૌરભ પટેલ** : મારે જવાબ આપવો છે, માનનીય અધ્યક્ષશ્રી, જો આપ મને પરવાનગી આપો તો બધા જ માનનીય સભ્યશ્રીઓને માનનીય શિંદેજી પોતાના મોંઢે બોલ્યા છે કે મેં ૨૦૦ મેગાવોટ વીજળી લઈ લીધી છે, એ બધાને આપી દઉં. બધા સભ્યોને એ આપવા તૈયાર છું કે શિંદેજી વડોદરા આવ્યા અને પ્રેસ કોન્ફરન્સમાં બોલ્યા કે બોમ્બેને આપવા માટે મેં ૨૦૦ મેગાવોટ વીજળી લઈ લીધી છે એ હું ગુજરાતને આવતા દિવસોમાં પાછી આપીશ. આવું તેઓ બોલ્યા છે અને એ લાઈવ રેકોર્ડિંગ મારી પાસે છે અને હું ચેલેન્જ કરવા માટે તૈયાર છું. હું

ફરીથી વિનંતી કરવા માગું છું કે મારી પાસે આ લાઈવ રેકોડિંગ છે અને હું એ લાઈવ કરવા માટે તૈયાર છું. લોકસભામાં પ્રશ્નના જવાબમાં પણ તેમણે આ માહિતી આપેલ છે. તો તમારી પાસે માહિતી ના હોય તો બોલવાનું બંધ કરો, પરંતુ ખોટી વાતો ના કરો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય ઈન્દ્રવિજયસિંહજી, આપ આપનો વિધેયક ઉપરનો જવાબ આપો.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મહાનગરપાલિકાઓમાંથી ઓકટ્રોયની નાબૂદી કરવા માટેના વિધેયક ઉપરની ચર્ચામાં આ સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓ માનનીય બલવંતસિંહ રાજપૂત, શ્રી પ્રદિપસિંહજી જાડેજા, શ્રી બાબુભાઈ શાહ, પ્રે. વસુબેન ત્રિવેદી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે તેમના વિચારો વ્યકત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કોઈ રાજકીય અવલોકન કરવા માગતો નથી, પરંતુ મારા સાથી મિત્રોએ એમના પ્રવચનમાં જે મુદ્દા ઉભા કર્યા છે એના માટેના જે વિચારો વ્યકત કર્યા છે એના માટે હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે આ ગૃહમાં વિચારો વ્યકત કર્યા છે એ મુજબ ભારતીય જનતા પાર્ટીની રાજકીય ઈચ્છાશકિતને કારણે જ મહાનગરપાલિકાઓમાંથી ઓકટ્રોયની નાબૂદી થઈ શકી છે અને એક નિર્ણય કે જે નિર્ણય આગામી દિવસોમાં ખૂબ મોટી અસરકારકતા ગુજરાતના સુખ અને સમૃધ્ધિ માટે પૂરવાર થવાની છે. મોડા નિર્ણય માટેની તમે વાત કરતા હશો. બાકીની બાબતોની વાત કરતા હશો. પણ આ ગુજરાત ઉપર ૩૦ વર્ષ સુધી શાસન કોંગ્રેસે કર્યુ છે. મારા મિત્ર સૌરભ ભાઈએ કહયું તે મુજબ કેન્દ્ર અને બીજા રાજયોએ અનેક વખત આના વિચારો વ્યકત કર્યા પણ કયારેય ગુજરાતમાં આ અંગેની ખેવના કોંગ્રેસે કરી નથી. મારે કહેવું નહોતું પરંતુ વેપારીઓએ જયારે જયારે આંદોલનો કર્યા હતા અને સ્વાભાવિક માગણી કરી ત્યારે અમારા પ્રતિ પક્ષના મિત્રો, છાપામાં હેડ લાઈન માટેના નિવેદનો કોણે કર્યા છે? કોણે ભાષણો કર્યા છે તે આખું ગુજરાત જાણે છે. આ લોકશાહી પધ્ધતિથી લેખા જોખા કરવામાં આવશે ત્યારે મેં વેપારીઓનો અહેવાલ હતો તે વાંચ્યો છે. અને વેપારીઓ પણ ચોકકસપણે તેના લેખા જોખા કરશે. વિકલ્પ વગરની વાતનો માનનીય અર્જુનભાઈએ વિચાર વ્યકત કર્યો છે. વેપારીઓ કયાંય એવું બોલ્યા નથી. જયારે જયારે આદરણીય નાણા મંત્રીશ્રીની અધ્યક્ષતામાં બેઠકો થઈ નાના મોટા વેપારીઓ સાથે અને ચેમ્બર સાથે બેઠકો થઈ અને રજુઆતો આવી ત્યારે એમની માગણી એ હતી કે ઓકટ્રોય નાબૂદ થવી જોઈએ, વિકલ્પ વ્યવહારુ કોઈપણ હશે તો તે સ્વીકારવા માટેની તૈયારી છે. મહાનગરપાલિકાઓનો જે પ્રકારે વિકાસ થઈ રહ્યો છે, પાંચ હજાર કરોડથી પણ વધારે રૂપિયાનું બજેટ સાત મહાનગરપાલિકાઓનું હોય ત્યારે રાજય સરકાર ચોકકસ પણે તેના વિકાસને આગળ વધારવા માગે છે. અને એટલા માટે અત્યારે એ જવાબદારી અમે લીધી છે અને તે જવાબદારી લઈને વિકલ્પ માટે યોગ્ય નાણાકીય વ્યવસ્થા પૂરી પાડી શકાય તેવા પ્રકારની કાર્યવાહી કરવાનું પણ રાજય સરકારે સ્વીકાર્યુ છે, અને એ સ્વીકારીને આગળ વધશે. હું ચોકકસપણે જણાવવા માગું છું કે છેલ્લા પાંચ વર્ષથી જે પ્રકારનો વિકાસ થયો છે, મારે એમાં બહુ પડવું નથી એટલા માટે કે કેન્દ્રની યુ.પી.એ.ની સરકારે લોકસભામાં અને રાજય સભામાં પણ આનો ઉલ્લેખ કર્યો છે. પણ પાંચ વર્ષમાં એક પણ રૂપિયાનો નવો ટેકસ આ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે નાખ્યો નથી, અને છતાં યોગ્ય સ્વરૂપે આ ગુજરાતનો વિકાસ જાળવી શકયા છીએ. અને તે જ પ્રમાણે વ્યવહારુ પદ્ધતિ સાથે આ મહાનગરપાલિકાઓનો વિકાસ પણ યોગ્ય સ્વરૂપનો હાથ ધરી શકાય તે દિશામાં આગળ વધીશું, માનનીય મુરબ્બી શ્રી બાબુભાઈએ કહયું કે મુંબઈ મહાનગરપાલિકામાં શાસન બીજાનું છે અને મહારાષ્ટ્રમાં સરકાર કોંગ્રેસની છે, પરંતુ આ બિલ વિધાનસભામાં લાવવાનું છે, ઓકટ્રોય નાબૂદીનું કાર્ય રાજય સરકારે કરવાનું છે, મહાનગરપાલિકાએ કરવાનું નથી. મારે એટલી વાત કરવાની છે કે ગુજરાતમાં જે પ્રકારના આંદોલન કરવા માટે જેમણે નાની મોટી કાર્યવાહી કરી, પ્રતિ પક્ષના મિત્રોએ અને બીજાએ જે ઉચ્ચારણો કર્યા એમાં હું પડવા માગતો નથી પણ જો કોઈ રાજય સરકારે સંકલ્પબદ્ધ રીતે ચૂંટણી ઢંઢેરાના વચનો પૂર્ણ કર્યા હોય તો કોઈ પણ રાજયમાં સૌથી વધારે વચનોની પૂર્તતા કરવા વાળી આ માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યા છે. અને એવા સ્વરૂપમાં લોકોની સમક્ષ જતા પહેલા અમારા વચનો અમે પૂર્ણ કર્યા છે. મારા મિત્ર શ્રી બલવંતસિંહે વેટ આવ્યા પછીની વાત પણ કરી છે. કયાંક કોઈ બાબત નિવેદનમાં હશે, પણ મારી પાસે તમામ આંકડાઓ છે, આંકડાઓમાં હું અત્યારે પડવા માગતો નથી. પણ ચોકકસપણે આ સભાગૃહના સભ્યશ્રીઓ થકી ગુજરાતના લોકોને કહેવા માગું છું, જયારે સેલ્સટેકસ હતો ત્યારે પણ ૧૫ ટકા ૧૭ ટકા ૧૮ ટકા આવકનો વધારો થતો હતો. વેટ આવ્યો છે ત્યારે એમા પણ એ પ્રમાણેનો વધારામાં કોઈ મોટો વધારો થઈ ગયો નથી. એટલે વેટ આવ્યો અને એકાએક રાજય સરકારની આવકમાં બહુ મોટો વધારો થઈ ગયો છે એવું કોઈના મનમાં ન ઉદભવે, પણ નિયમિત જે પ્રકારનો વધારો હોય તે પ્રકારની આવક અમે યોગ્ય સ્વરૂપમાં જાળવી અને આ એક હિંમતભર્યુ પગલું ભરી અને નિર્ણય કર્યો છે. મારા સાથી પક્ષના મિત્રોએ કહ્યું કે નગરપાલિકાઓમો પગારો મળતા નથી. મારે તેમને પણ કહેવું છે અને હું આ સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓને જણાવવા માગું છું કે જયારે પણ નગરપાલિકાઓની ઓકટ્રોય નાબૂદ કરવામાં આવી ત્યારે નિયમિત પણે ૨૦૦૧ થી માંડીને ૨૦૦૭ અને ૮ સુધીના આંકડાઓ મારી પાસે છે. અને નિયમિત

પણે પૈસા ચૂકવવામાં આવ્યા છે. ૨૦૦૨ પહેલા ૭૮ એવી નગરપાલિકાઓ હતી કે જેમના પગારો નિયમિત પણે થતા નહોતા, આજે મારે ગૌરવ સાથે કહેવું છે કે આ સરકારના વહીવટના કારણે એક પણ નગરપાલિકા એવી નથી કે જેમના પગારો માટેની તેમને તકલીફ રહેવા દીધી હોય. માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકાઓની અંદર ઓકટ્રોય નાબૂદ કર્યા પછી સરકારે સાત ટકાનો વધારો જાહેર કર્યો હતો એ આપવામાં આવ્યો છે. હમણાં જ છ મહિના પહેલા સરકારે વધારાના સાત ટકા આપવાના હતા પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો, કેબીનેટે નિર્ણય કર્યો કે સાત ટકા નહિ પરંતુ દસ ટકાનો વધારો આપવો. આ તમામ નગરપાલિકાઓને પૈસા ચૂકવવામાં આવ્યા છે.

ઓકટ્રોય નાબૂદી માટેનું બિલ લાવ્યા છીએ, આ ઓકટ્રોય નાબૂદી માટેના બિલથી ઓકટ્રોય નાબૂદ થશે અને આગામી દિવસોમાં ગુજરાતમાં વિકાસ માટેની અનેરી તકો પૂરી પડવાની છે. અમે કયારેય પણ આ બાબતને રાજકીય રીતે અવલોકન કર્યુ નથી અમે આ બાબતને ગુજરાતના વિકાસ માટે અવલોકન કર્યુ છે અને ગુજરાતમાં જે મહાનગરપાલિકાઓમાં ઓકટ્રોય નાબૂદી માટેનો ઐતિહાસિક નિર્ણય છે એને સન્માનનીય સભાગૃહના સૌ સભ્યશ્રીઓ એને આવકારે અને વિપક્ષના જે સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો છે એમનો સૂર મહદઅંશે હકારાત્મક રહ્યો છે અને ઓકટ્રોય નાબૂદ થવી જોઈએ ત્યારે સૌ સભ્યશ્રીઓ સર્વાનુમતે આ બિલને મંજૂર કરે.

**અધ્યક્ષશ્રી** : હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૦૭નું મુંબઈ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે. જેઓ સંમત હોય તે હા કહે અને જેઓ વિરુદ્ધમાં હોય તે ના કહે. હા કહેનારની બહુમતી છે, હા કહેનારની બહુમતી છે. (અંતરાય) અહીંયા મને અવાજ આવ્યો છે . (અંતરાય) ચાલો વિના વિરોધે. (અંતરાય) કયાંકથી અવાજ આવ્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ તમારા જેવા ખોટું બોલે. અહીંયા પૂછો આ લોકોને પૂછો ત્યાં એ લોકોને શું પૂછો છો?

**અધ્યક્ષશ્રી** : એમની લાગણી એવી છે કે એમણે હા માં હા પાડી પરંતુ ભૂલથી ના પાડવાની ટેવ પડી ગઈ છે એટલે આપણે (અંતરાય) ત્યાંથી અવાજ આવ્યો, ના બોલ્યા હોય તો પણ એમની લાગણી છે.(અંતરાય) વિના વિરોધેની એમની લાગણી છે. કોઈ વ્યકિતની ભૂલ થઈ હોય (અંતરાય) રેકર્ડમાં આવશે. ત્યાંથી અવાજ આવ્યો છે. (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અમે ભાષણમાં પણ વાત કરી છે.

**અધ્યક્ષશ્રી** : કેટલાક મિત્રો ભૂલથી બોલી ગયા હોય. બેસો, દોલતભાઈ, પ્લીઝ. (અંતરાય) હવે જ્યારે ગૃહ છે,.. કોઈ ધમકી નથી. કયાંય ધમકી નથી પણ આપણે ક્યાંક આવી ક્ષતિ હોય તો તેને સુધારી લેવી જોઈએ અને એકી અવાજે ફરીથી હું આ માટે મતદાન લઉં છું. એકી અવાજે હા થાય એવું કરો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૩૦નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨થી ૯, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંક ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૩૦નું ત્રીજું વાચન કરવામાં આવે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : રમત નહીં કરો પ્લીઝ. આ રમત કરવામાં આવું થાય કોઈ દિવસ. પ્રશ્ન કેટલો મોટો થઈ જાય?

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૩૦નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## વિશેષાધિકાર ભંગનો મુદ્દો ઉઠાવવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું ધ્યાન દોરવા માગું છું. નિયમ-૨૪૯, આપને વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૨૪૯ આપના ધ્યાને મૂકું છું. આપને વિનંતી છે કે, નિયમ ૨૪૯માં એવી જોગવાઈ છે કે, વિશેષાધિકારભંગ અથવા અવમાન જ્યારે સભાગૃહની નજર સમક્ષ કરવામાં આવ્યું હોય તો કોઈ સભ્ય તે બાબત ઔપચારિક રીતે સભાગૃહના ધ્યાન ઉપર લાવે તે સિવાય સભાગૃહ તે બાબતમાં પગલાં લઈ શકશે. એટલે હું સભાગૃહના ધ્યાન ઉપર એક વાત લાવવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : છોડો એ વાત. એ વાત પતી ગઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એક જ મિનિટમાં વાત પૂરી કરીશ. આજના સંદેશની અંદર આખો પબ્લિક એકાઉન્ટ કમિટિનો અહેવાલ છપાયો છે. એટલે આ સંદેશ સામે વિશેષાધિકારભંગ દાખલ કરવો જોઈએ. એમની સામે વિશેષાધિકારભંગનો મુદ્દો હું આપના ધ્યાન ઉપર લાવું છું.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, કારણ કે, આ અંગે પી.એ.સી.ના ચેરમેનને અહેવાલ રજૂ કરવા દેતા નથી અને આ છાપું આખે આખું લઈને આવ્યું છે. તો એમની સામે વિશેષાધિકારભંગનો મુદ્દો ઉઠાવવો જોઈએ અને માનનીય અધ્યક્ષશ્રીએ આ અહેવાલ રજૂ કરવા માટે પરવાનગી આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** :નો, પ્લીઝ, એવું કાંઈ નથી આવતું, ગૃહ સામે નથી આવતું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે નાની સરખી બાબતમાં પગલાં લઈએ છીએ અને આ આવડો મોટો અહેવાલ લેવા આખું ગુજરાત આંદોલન કરે છે અને આપ એને રોકો છો. આ પેપરે આખેઆખું આપી દીધું છે. એમની સામે વિશેષાધિકારભંગનો મુદ્દો લઈ આવવો જોઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું મારો નિર્ણય આપું છું. પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એમાં શું વાંધો આવે છે?

**અધ્યક્ષશ્રી** : કાંઈ નથી થયું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, તો પછી એ * (xxxxxx) (xxxxxx) (xxxxxx) (xxxxxx) (xxxxxx) (xxxxxx)

**અધ્યક્ષશ્રી** :આ બધું રેકર્ડ ઉપર નથી લેવાનું. પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અરે સાહેબ, રેકર્ડ ઉપર નથી લેતો આપનું ધ્યાન દોરું છું.

**અધ્યક્ષશ્રી** : એ કાંઈ નથી. ગૃહ બહાર બનેલી વાત જુદી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) (xxxxxx) (xxxxxx) એના કરતાં તો અમારું વિરોધપક્ષનું આખું વક્તવ્ય જ કાઢી નાંખોને.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસો. આ ગૃહ બહાર બનેલી બાબત જુદી છે. આમાં પેપરની વાત આવતી નથી. પ્લીઝ બેસી જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમે આપને રૂબરૂમાં ધ્યાન દોર્યું છે. (xxxxxx) (xxxxxx) (xxxxxx) (xxxxxx) (xxxxxx)

**અધ્યક્ષશ્રી** : બેસો, પ્લીઝ. નેક્સ્ટ.

# છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ-૧૦૨)

### ભારે વરસાદને કારણે થયેલ નુકસાન સામે વળતર ચૂકવવા બાબત

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, " તાજેતરમાં રાજયમાં પડેલા ભારે વરસાદના કારણે ડેમો છલકાતાં તેમાંથી અચાનક પાણી છોડવાથી હજારોની સંખ્યામાં માનવીઓએ હિજરત કરવી પડી છે, હજારો કાચા-પાકા મકાનો પડી ગયાં છે, ખેડૂતોના ઉભા પાક અને ફળદ્રુપ જમીનોનું મોટા પ્રમાણમાં ધોવાણ થયેલ છે વળી બિયારણ-ખાતર પણ ધોવાઈ જતાં ખેડૂતો પાયમાલ થઈ ગયા છે અને પશુધનને પણ ભારે નુકસાન થયેલ છે. આવા અસરગ્રસ્તોને રાજય સરકાર તરફથી ચૂકવાતી કેશકોલ્સ તથા ઘરવખરીની રકમો સમયસર મળેલ નથી. કેશડોલ્સ મળેલ છે તે પણ ઓછા દિવસો માટે ચૂકવવામાં આવી છે. કાચા-પાકા મકાનો, ઊભો પાક, ખાતર અને બિયારણ, જમીન ધોવાણ અને નાના ધંધા-રોજગારને થયેલ ભારે નુકસાન સામે વળતર આપવાની કામગીરી ખૂબ જ ધીમી છે, જેના કારણે પૂરથી અસરગ્રસ્ત પરિવારોને ભારે હાડમારી વેઠવી પડે છે. ત્યારે કુદરતી આપત્તિ સમયે રાજય સરકારે અસરગ્રસ્તોને પૂરતી સહાય ચૂકવવા, તેઓને પુન: થાળે પાડવા તથા આવી હોનારતો ફરીથીના ઉદ્ભવે તે સંબંધમાં આ સભાગૃહ ચર્ચા-વિચારણા કરે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** :માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જે ભૌગોલિક પરિસ્થિતિ છે, ઉત્તર ગુજરાતમાં સીપુથી માંડીને સરસ્વતી, બનાસ, ખારી, રૂપેણ અને પુષ્પાવતી. મધ્ય ગુજરાતની નદીઓ અને દક્ષિણમાં તાપી અને અંબિકા અને પૂર્ણા નદી સુધી પહોંચીએ તો આ બધા વિસ્તારોમાં નદીના જે વહેણ વહે છે એ વરસાદી પાણીના કારણે કિનારામાં આવનાર ગામો અને એના વિસ્તારમાં આવનાર વિસ્તારોને ભારે મોટું નુકસાન થાય છે. એટલું જ નહિ, આ બધું સમયસર રાજ્ય સરકાર જાણ ન કરી શકે અને અચાનક ડૅમના પાણી છોડે અને એના કારણે આ પ્રજાને જે રીતે હાલાકીમાં મૂકવામાં આવે. જે પરિસ્થિતિ સર્જાઈ એ આપણે જોઈ છે. છેલ્લા બે વર્ષથી આપણે જોઈ રહ્યા છીએ કે ગયા વખતે ઉકાઈનું પાણી છોડ્યું અને સુરત જે રીતે બેહાલ થયું એ સમગ્ર ગુજરાત જ નહિ પણ સમગ્ર હિન્દુસ્તાન જાણે છે. આ પરિસ્થિતિમાં આજે પણ ૨૪ કલાક જે વરસાદ થયો અને એના કારણે સમગ્ર

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ડેમો જે છલકાયા એના કારણે જે પરિસ્થિતિ પેદા થઈ એ પરિસ્થિતિના કારણે કેટલાક વિસ્તારોમાં પશુધનનું નુકસાન થયું. ૨૪-૨૪ કલાક અને ૪૮-૪૮ કલાક સુધી લોકોને ધાબાઓ ઉપર, મકાનો ઉપર રહેવું પડ્યું. ઉત્તર ગુજરાતના માસા ગામનો એક જ દાખલો આપીને મારી વાત આગળ લઈ જઈશ. માસા ગામમાં સદ્‌ભાગ્યે દિવસે પૂર આવ્યું. ૧૦ ફૂટ સુધીના પાણી સમગ્ર ગામમાં ફરી વળ્યા અને આપણી નર્મદાની મેઈન નહેર પાણીના રોકાણનું મુખ્ય કારણ બની. જો એ નહેર ન તુટી હોત તો મને લાગે છે કે ગુજરાતમાં બહુ મોટી જાનહાની થઈ હોત. સદ્‌ભાગ્યે નહેર તુટી ગઈ અને પાણીના વહેણ ફરી ગયા અને લોકો બચી ગયા. દિવસ હતો એટલે લોકો પોતાના બાળ-બચ્ચાને લઈને બીજી જગ્યાએ જઈને પોતાનું જીવન બચાવી શક્યા સરીયદ ગામ પાસેના વાડામાં લોકો ફસાયા, માલધારીઓ ફસાયા અને હજારોની સંખ્યામાં માલધારીઓનું પશુધન ખલાસ થઈ ગયું. એના પૂરમાં તણાઈ ગયું અને કેટલાય લોકો ઝાડ ઉપર રહ્યા. ૪૮-૪૮ કલાકે નીચે ઉતારવામાં આવ્યા અને એ પણ અમદાવાદ અને ગાંધીનગરથી બોટ સાથેના તરવૈયાઓ પહોંચ્યા ત્યારે એ લોકોને સહાય મળી શકી. આવી સ્થિતિમાં આપણે બરાબર જાણીએ છીએ કે ઉત્તર ગુજરાતની બનાસ, સરસ્વતી, ખારી અને રૂપેણનો વિસ્તાર, અમદાવાદ જિલ્લાની પશ્ચિમે ભાલનો સમગ્ર વિસ્તાર, સૌરાષ્ટ્રનો ઘેડ વિસ્તાર અને નીચેના વિસ્તારો મહી સાગરથી માંડીને ભરુચનો એ વિસ્તાર છે ત્યાં આપણે જાણીએ છીએ કે દર વર્ષે પાણીના વહેણ પૂર્વથી પશ્ચિમમાં વહે છે. ફક્ત એનો ભોગાવો જ જુદો પડે છે. બાકી સમગ્ર ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ એવી છે કે પૂર્વમાંથી પશ્ચિમમાં પાણી જાય છે. એની અગમચેતી માટે આપ પણ જૂના વડોદરા રાજ્યના છો અને મારો જન્મ પણ એ રાજ્યમાં થયેલો છે. એ પરિસ્થિતિમાં જે કાંસ નીકળેલો એ કાંસ આજે પણ મહેસાણા અને એ વિસ્તારને બચાવે છે. એવું કોઈ આયોજન આપણે આજ સુધી કરી શક્યા નથી. પરિસ્થિતિ એવી નિર્માણ થઈ છે કે આપણે પુલો બાંધ્યા, આપણે મોટા મોટા રસ્તાઓ બાંધ્યા, આપણે નર્મદાની મોટી નહેર નાખી, એની સબ કેનાલોના ખોદકામ શરૂ કર્યા પણ એનો કેચમેન્ટ એરિયા ન જોયો, એના કન્ટુર ન લીધા અને લેવલ ન લીધું. સાચું કુદરતી વહેણ ક્યાં છે એની કોઈ દરકાર કરી નહિ એના કારણે આ સમગ્ર વિસ્તારો, એ રસ્તાઓ હોય, કેનાલો હોય એ બધું પૂર લાવવાના મુખ્ય સાધનો બની ગયા છે. અને પાણી તો એનું જ્યાં વહેણ મળે એ બાજુ એટેક કરે એ વખતે વધુને વધુ નુકસાન કરે છે. આ બધી પરિસ્થિતિમાંથી નિકાલ કરવો હોય તો અદ્યતન રીતે આ વસ્તુનો વિચારવાની ખૂબજ આપણે જરૂર છે. આપણે આપત્તિ વ્યવસ્થાપનતંત્ર ઊભું કર્યુ છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ તો મને એમ લાગે છે કે આ મેનેજમેન્ટ ડિઝાસ્ટર છે કે ડેંજર છે, એની શું પ્રવૃત્તિ ચાલે છે તેની મને ખબર નથી. પરંતુ મારે એ પણ કહેવું છે કે, હવામાનની આગાહી અગાઉથી થતી હોય તો મને લાગે છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી પાંચ ઉદ્યોગપતિઓને લઈને સ્વિટ્ઝરલેન્ડ ના ગયા હોત અને આ લોકોને બચાવવા અહીંયા રહ્યાં હોત, એમને ખબર પણ હતી કે આટલું આટલું પાણી આવી શકે તેમ છે. આપણી અગમચેતીથી માહિતી જો આપણી પાસે હોય તો આ બધી જ માહિતી મળી શકે તેમ છે પણ રાજતંત્ર આંખો બંધ કરીને પોતાનો વહીવટ કરી રહ્યું છે. દિવસે આંખો બંધ કરી દઈએ એટલે રાત પડતી નથી. આ તંત્ર એ રીતે ચાલ્યું છે અને સમગ્ર રાજ્યની અંદર સામાન્ય લોકો ઈન ટુ ધ લાસ્ટ છેવાડાના માણસો, નાના ખેડૂતો, મજૂરો, ઝૂંપડાવાસીઓ આ બધા એના ભોગ બન્યાં છે અને એની કોઈ કાળજી લેવાતી નથી. એટલું જ નહિ એમને જે કેશડોલ્શ ચૂકવવામાં આવે છે . આપણા મેન્યુઅલમાં નક્કી છે કે પ્રથમ દિવસે એને ૧૫ દિવસના કેશડોલ્શ ચૂકવવા જોઈએ. હું આ રાજ્યને પૂછવા માગું છું કે તમે કેટલા દિવસે કેશડોલ્શ ચૂકવ્યા? મારી પાસે જે માહિતી છે એ મુજબ ૩ દિવસથી વધારે ચૂકવ્યાં નથી. એક જ માસા ગામની અંદર મેં જિલ્લા વિકાસ અધિકારીને વાત કરી આ ગામમાં ભયંકર નુકસાન થયું છે એટલે ૧૫ દિવસના ત્યાં ચૂકવ્યાં, બાકીનાના બે-ત્રણ દિવસે. ઘરવખરીમાં ૧૨૫૦ રૂપિયા માણસની મશ્કરી સમાન છે. બે સારા ગાદલા પણ આવી શકે નહિ. પાંચ વર્ષમાં ૧૨૫૦ છે એ કેટલા વખત પહેલાનું આ મેન્યુઅલ છે એ સુધારવાની તમે ૧૦-૧૨ વર્ષથી બેઠા છો છતાં એ સુધારવાની તમને ચિંતા નથી. મને તો હસવું આવે છે અને એમ થાય છે કે પશુધનને જે સહાય આપવામાં આવે છે એમાં ઘેટા-બકરાંને ૧૮૦ રૂપિયા, ગધેડાને ૩૫૦ રૂપિયા, ઉપેન્દ્રસિંહ બાપુ બેઠા નથી નહિંતર વૌઠાના મેળામાં ગધેડાની કિંમત કેટલી છે તેની તપાસ કરાવજો. કેટલી મોટી કિંમત આવે છે, આવી પરિસ્થિતિમાં આ રાજ્યનું વ્યવસ્થા તંત્ર ચાલે છે. મારે સમય ઘણો બધો થયો છે એટલે થોડાક સૂચનો કરવા છે. વહેલામાં વહેલી તકે ઉત્તર ગુજરાતની જે નદીઓ છે એ નદીઓની અંદર ગાંડા બાવળ એટલા મોટા પ્રમાણમાં છે કે એના કારણે પાણીના વહેણ બદલાઈ જાય છે, કિનારાના ગામના લોકોની જમીનોને ભારે મોટું નુકસાન થાય છે. એટલું જ નહિ એના પટ વિસ્તારમાં જે રેતીના ઢગલા છવાય છે તેના કારણે પાણી સ્પ્રેડ થાય છે જેના કારણે પણ ભારે મોટું નુકસાન થાય છે. આ રેતી અને બાવળને દૂર કરવાનો કોઈ કાર્યક્રમ અદ્યતન અને ટેકનીકલ રીતે વિચારવાની હું આ રાજ્યને વિનંતી કરું છું. વરસાદની ચોક્કસ આગાહી અને આગાહી કરતી વખતે આપણો પાણીનો જે ડૂબાણનો વિસ્તાર છે એ પણ રાજ્યમાં નક્કી છે એના સ્પોટ ઉપર, એની નજીકના હેડકવાર્ટર પર તરવૈયા રાખવામાં આવે, એની બોટો રાખવામાં આવે એ અત્યંત જરૂરી છે. આજે જ્યારે મેં સરિયતનો પ્રસંગ સાંભળ્યો કે બોટો અમદાવાદથી બોલાવવી પડી, ૪૮ થી ૫૨ કલાક એટલે એક દિવસ અને એક રાત પછી બીજા દિવસે ૧૦ વાગે એ લોકોને ઝાડ પરથી તરવૈયાઓ અહીંયાથી ગયા ત્યારે એને નીચે ઉતારવામાં આવ્યાં, આવી પરિસ્થિતિમાં આપણે જીવી રહ્યાં

છીએ ત્યારે જિલ્લા મથકો આવા જે પૂરગ્રસ્ત વિસ્તાર છે એ રેકર્ડ ઉપર છે. છેલ્લા ૨૫ વર્ષના તમે વરસાદી પાણીનો અભ્યાસ કરો અને કયા વિસ્તારમાં પૂરથી નુકસાન થયું છે એ વિસ્તાર તમે નક્કી કરો.એકલા પાટણ જેવા વિસ્તારમાં ૧૯ માણસોના મૃત્યું થયા, એકલા પાટણ જિલ્લાના. એટલું જ નહીં અગાઉ જે રસ્તાઓ બંધાયા છે એ પાણીના વહેણ માટેના ડીપ છે એ ડીપમાં જે પાણી વહે છે એના કારણે બે દિવસ, ત્રણ દિવસ, ચાર દિવસ, પાંચ દિવસ એ ગામોનો વ્યવહાર તૂટી જાય છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે, આપણે જૂના જમાનામાં રેલવેની લાઈનો જોઈએ તો રેલવેના નાળાના એના જે સ્ટેપ ડ્રેપ મૂક્યા છે એ જાતનાં સ્ટેપ ડ્રેપ આપણા હાઈ-વે. ઉપર, આપણા સ્ટેટ હાઈ-વે ઉપર, આપણા વિલેજ એપ્રોચ રસ્તા ઉપર આપણે મૂકવા જોઈએ અને જે નહેરો થઈ છે એ નહેરો જ્યાં જ્યાં પાણીનું વધારે એટૅક થયું છે એના કેચમેન્ટ એરિયાનો અભ્યાસ કરાવો અને એના વહેણ માટેના પાણી જવાના રસ્તાઓ ખુલ્લા કરો એ એક સૂચન છે.

બીજું સૂચન મારું એ છે કે, નદી વિસ્તારના ગામોમાં ખાસ કરીને જે વિસ્તારોને નુકસાન થાય છે એની નજીકમાં નજીક એના બચાવ માટેના સાધનો વસાવવા એ બહુ અતિ મહત્ત્વનું કામ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ લોકો અને આપના મંત્રીશ્રીઓ તો એર કન્ડીશન ગાડીઓમાં ફરો છો, ગાડી બંધ હોય છે. હાઈ-વે ઉપર મૃત: ઢોરો જે પડ્યા છે એની વાસ એમને અડતી નથી. એનું કોઈ મેનેજમેન્ટ નથી. આ રાજયમાં જે કાંઈ પશુધન રોડ ઉપર મૃતઃ પડી રહ્યા છે કૂતરા છે, ઊંટ છે, ગધેડા મર્યા છે, એના નિકાલ કરવાની કોઈની જવાબદારી નથી. એ કુદરતી રીતે એનો સમય હોય ત્યારે એ નીકળી જાય. એના માટે કાયમી તંત્ર એના વિલેજ એપ્રોચ ઉપર એના એમ.ડી.આર. રોડ ઉપર એના સ્ટેટ હાઈ-વે અને નેશનલ હાઈ-વે ઉપર આની વ્યવસ્થા કાયમ ગોઠવાય એવું મારું ખાસ સૂચન છે.

બીજું જે પાકો નિષ્ફળ જાય છે, આજે પણ હું પાટણ જિલ્લાનો દાખલો આપી શકુ તેમ છું કે મારા ખ્યાલ મુજબ, મારી માહિતી મુજબ આજે પણ વીસ ટકા લોકોના જમીન ધોવાણના પૈસા ચૂકવાયા નથી. તો એવું તંત્ર ગોઠવવું જોઈએ કે પાંચ હજાર રૂપિયા સુધી એમને તમે કેશમાં એટલે કે રોકડમાં આપો અને પાંચ હજાર ઉપરની રકમ વધારે હોય તો એને બેન્કેબલ યોજના બનાવી ઝીરો બેલેન્સથી એનું ખાતું ખોલાવો. કેટલો બધો સમય પસાર થયો, આખું વર્ષ નીકળી ગયું, તો એ પણ વિચારવું ખૂબ જરૂરી છે. અને આ બધી બાબતોમાં એક સર્વગ્રાહી નીતિ નક્કી થાય અને પાણીના વિસ્તારો જે નક્કી છે એ વિસ્તારોમાં કાયમી વ્યવસ્થા કરી આ ગરીબ લોકોને વધારે સહાય મળે એને ઉદારતાથી મદદ મળે, આ કેશ ડોલ્સમાં સુધારો થાય અને પશુ સહાય આપવામાં વધારો થાય એ જાતના પગલા લે એવી હું આપના ધ્વારા આ સભાગૃહને અને આ રાજય સરકારને વિનંતી કરું છું એની ગંભીરતાથી નોંધ લઈ આવનારા દિવસોમાં આમાંથી બહાર નીકળીએ, આવનારા દિવસોમાં આમાંથી પ્રશ્નો ઓછા ઉદ્દભવે એવા પગલા આપણે લઈએ એટલી વિનંતી સાથે વિરમું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના આદરણીય સભ્યશ્રી માલજીભાઈ જે છેલ્લા દિવસનો સંકલ્પ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી જુલાઇની રાત્રીએ મારી ઉંમરમાં તો નહીં પણ અમારા વડીલો એવું કહે છે કે, કયારેય ન આવ્યો હોય એટલો વરસાદ માત્ર બાર કલાકના સમયમાં આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, બાર વાગ્યા સુધી વરસાદ નહતો પરંતુ માત્ર બાર વાગ્યાથી સવારના આઠ વાગ્યા સુધીમાં આટલા માત્ર ગણતરીના કલાકમાં બાવીસ ઈંચ જેટલો વરસાદ અમારા ઉત્તર ગુજરાતના પાટણ અને બનાસકાંઠા જિલ્લાના અનેક સ્થાનો ઉપર થયો. માનનીય અધ્યક્ષશ્રી, એની ભયાનકતા ધ્રુજાવી દે એવી છે. બનાસ નદી, આખી ઉપરના ભાગમાં જોઈએ તો ડીસા પાસે એ બિલકુલ કોરી હતી, અમે ફોન કરીએ કે ડીસામાં શું છે? તો ડીસામાં બનાસ ઉપર બિલકુલ કોરી, પાણી નહતું. ઘણી વખત વાતો થતી હોય છે કે, ડૅમમાંથી પાણી છોડયું આવું, પણ ડૅમમાં પણ પાણી નહતું પરંતુ લોકલ કક્ષાએ જે પાણી આવ્યું માનનીય અધ્યક્ષશ્રી, રાત સુધીમાં મોટરો, પંપ, કૂવા આ બધું નદીમાં ચાલતું હતું પરંતુ સવારે જોવા ગયા તો માત્ર ૬ કલાકના ગાળામાં ઘોડાપુર નદી બે કાંઠે વહેતી હતી. બનાસ જેવી નદીની અંદર એક લાખ કયુસેક પાણી આવે એટલે બે કાંઠાની બહાર નીકળે એની જગ્યાએ પાંચ લાખ કયુસેકથી વધારે પાણી એક સાથે ત્યાં વહેતુ હતુ. સિદ્ધપુરમાં આભ ફાટયુ હતું. સિદ્ધપુરના પાટણના વિસ્તારને ઘમરોળતું હારીજ, સમી, ચાણસ્મામાં સરસ્વતિ, બનાસ, રૂપેણ નદી ગાંડી થઈ હતી. નદી અને બહારનો ભાગ એક જેવો લાગતો હતો. ૮-૧૦ ફૂટ પાણી એક સાથે ધુસી ગયું હતું. હું માલજીભાઈ સાથે સંમત થઉં છું પાણીના વહેલ બદલાયા અતિવૃષ્ટિ આવી કયારેય થઈ નથી આને કારણે ૭૦ જેટલા ગામો બિલકુલ માત્ર ૬ કલાકના ગાળામાં સંપર્ક વિહોણા થઈ ગયા. નદીના પૂરને કારણે નહીં લોકલ વરસાદ વરસ્યો અને આજુબાજુના જિલ્લાનું પાણી આવ્યું એને કારણે એની ચિંતા એટલા માટે થાય કે એક ગામની અંદર એક સાથે ૬-૮ ફૂટ પાણી એકદમ ધસમસતુ આવે અને જે વચ્ચે આવે એની શું સ્થિતિ થાય? રાતના સમયે માલધારી પશુઓ ચરાવવા ગયા હોય એમને ખબર પણ ન હોય કે આટલું પાણી આવશે અને ફસાઈ ગયા. આગલા દિવસે રસ્તો હોય અને બીજા દિવસે નદી થઈ ગઈ હોય. નેશનલ હાઈવે ઓથોરીટીએ ૮-૧૦ ફુટ ઊંચો નેશનલ હાઈવે બનાવ્યો છે એની સ્થિતિ એવી હતી કે આગલા દિવસે ત્યાં મોટો હાઈવે હતો અને બીજા દિવસે ત્યાં દોઢ કિલોમીટરના અંતરમાં માત્ર નદી, માત્ર પાણી. આપણે કલ્પના કરી શકીએ કે પાણીનું પ્રમાણ કેટલું મોટું હશે. બીજી ચિંતા એ છે કે સભાગૃહના માધ્યમથી જણાવું છું કે ઉપરવાસના

ભાગમાં બનાસકાંઠા અને પાટણ આ તમામ પાણી સરસ્વતિનું પાણી, બનાસનું પાણી, દાંતીવાડા ડેમ, સીપુ ડેમ, મોકેશ્વરનું પાણી આગળ વરસતા વરસતા છેલ્લે રાધનપુર આવે છે અને રાધનપુરમાં બનાસ નદીનું પાણી વહન કરવાની ક્ષમતા બે લાખ કયુસેક વધુમાં વધુ છે. ત્યાં પાંચ કે સાત લાખ કયુસેક પાણી આવ્યું છે જેને કારણે ૮-૧૦ કિલોમીટરમાં બનાસ નદી ફેલાઈ ગઈ છે. એને કારણે ૪૦ થી વધારે રસ્તા હતા ત્યાં નદી થઈ ગઈ છે. ૪૦-૫૦ ફુટ ઊંડા ખાડા પડી ગયા છે. જેને પુરવા મુશ્કેલ છે. કેટલી ભયાનકતા હતી. ૪૦ ગામના રસ્તા બિલકુલ તુટી ગયા. ૧૫ ગામની અંદર ૮-૧૦ ફુટ પાણી ફરી વળ્યા. પીવાનું પાણી પણ ૧૩૦ ગામનું બંધ થઈ ગયું. ઉમરીનું પાણી આવે છે એ પાઈપલાઈન તુટી ગઈ જેના ઉપર ૩૦-૪૦ ફુટ પાણી વહેતુ હતુ. એનું રીપેરીંગ કઈ રીતે કરવું. ૪૦ ગામના વીજળીના થાંભલા એક સાથે તુટી ગયા પણ મારે રાજયના વહીવટીતંત્ર, બધા વિભાગોને અભિનંદન આપવા છે. માત્ર ૪૮ કલાકમાં તમામેતમામ ગામમાં વીજળી પહોંચાડી. માત્ર ત્રીજા દિવસે આ પાઈપલાઈન પાણીની અંદર જઈને પાણી પુરવઠા તંત્રએ રીપેરીંગ કરી ૧૩૦ ગામમાં પાણી પહોંચાડયું. ૪૦ ગામના રસ્તા તુટી ગયા હતા. ચોથા દિવસે અમે ચકાસ્યું ત્યારે માત્ર ૬ ગામ એવા હતા કે જયાં મોટા પ્રમાણમાં તુટયા હતા એટલે રિપેરીંગ તાત્કાલિક ન થઈ શકયું. હજારો ટ્રક ત્યાં માટી, મલબો લાવી રસ્તાની અવરજવરની વ્યવસ્થા કરી. ભયાનકતા એવી હતી કે અનેક લોકો ફસાઈ જાય. વાસ્પાની બાજુમાં આખી બસ ફસાઈ ગઈ. ૮-૧૦ ફુટનું દ ાોડાપુર એકદમ આવી ગયું. ૪૦ મુસાફરો એમાં બેઠેલા હતા. આગળ અને પાછળ ૧૦-૧૦ ફુટ પાણી જયાં આખી બસ ઉભી હતી ત્યાં. તાત્કાલિક પોલીસ કન્ટ્રોલને જાણ કરી. આપણું વહીવટીતંત્ર ત્યાં પહોંચ્યુ અને સહી સલામત બધા પેસેન્જરોને બહાર કાઢયા. માસા ગામ પાસે ૧૨૫ લોકો ફસાઈ ગયા હતા. વહીવટીતંત્ર દ્વારા બોટ, હૅલિકૉપ્ટરના માધ્યમથી માણસોને મરતા બચાવ્યા છે. શરિયત પાસે ૧૨૫ લોકો ફસાયા હતા એમને સલામત બચાવ્યા. મંકોડીયા ગામ પાસે ૯ લોકો ફસાયા હતા. બિલકુલ ઝાડની અંદર, ઝાડ પકડીને બેઠા હોય આવી સ્થિતિ હતી. પાલડી પાસે બે લોકો ફસાયા હતા. આ તમામ ૨૭૭ લોકોને જો વહીવટી તંત્ર સમયસર ન પહોંચ્યું હોત તો ૨૭૭ લોકોની જાનહાનિ થાત, એની જગ્યાએ વહીવટી તંત્રે તાત્કાલિક પગલાં લીધાં અને ૨૭૭ લોકોને બચાવ્યા છે, એના માટે રાજ્ય સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. મારે એક-બે સૂચન કરવાનાં છે. મોટા પ્રમાણની અંદર જમીનની અંદર જોવા જઈએ તો આખે આખા ખેતરની અંદર પાણીના વહેણ પડ્યા છે. એટલે જમીન ધોવાણ માત્ર કોઈ ભેખડ પાડે તેટલા માત્ર ૫-૧૦ ફૂટના નહિ, પણ આખાને આખા ખેતરો ધોવાઈ ગયા છે. ગઈ વખત નુકસાન હતું, એના કરતા અનેકગણું નુકસાન જમીનનું ધોવાણ અને પાક નિષ્ફળ ગયો તેનાથી થયું છે. વ્યક્તિગત રીતે એને સહાય આપીએ છીએ, એની જગ્યાએ વોટર શેડ કમિટી જે બનાવેલી હોય છે, એ ટાઈપ દરેક ગામનો સરવે કરી ગામની કમિટી અને ગામના સરપંચ કે બાકીના લોકો હોય એમને સાથે રાખી એકી સાથે ગામની તમામ જમીનોનું લેવલિંગ, પાળાનું કામ, ધોવાણના કામની વ્યવસ્થા થાય, તો હું માનું છું કે સારી રીતે થઈ શકશે. બીજા જે ૧૯ જેટલા મૃત્યું થયા છે. અમારો એક નવયુવાન કાર્યકર ભારતીય જનતા પાર્ટીનો અમરસિંહભાઈ કરીને કાર્યકર્તા હતો જેઓ ડૂબતા હતા તેઓને બચાવવા માટે ગયો અને બચાવતા બચાવતા છેલ્લે એ પણ મૃત્યું પામ્યો હતો. અનેક લોકો આ સરકારી તંત્રની સાથે જોડાયા, સેવાભાવી સંસ્થાઓ પણ જોડાઈ. અનેક લોકોને ફુડ પૅકેટ આપવાની વ્યવસ્થા થઈ. ખાસ કરીને એસ.આર.પી. જવાનોને અને જિલ્લાના વહીવટી તંત્રને અભિનંદન આપવા છે કે રાધનપુરની અંદર આવી શકાય એવા રસ્તા નહોતા. મહેસાણા હાઈવે એની ઉપર ૧૦-૧૫ ફૂટ જેટલા પાણી. આ બાજુથી પાલનપુરનો નેશનલ હાઈવે તૂટી ગયો. ૧૦ થી ૧૨ ફૂટ જેટલા પાણી કોઈ આવવાનો રસ્તો નહોતો. એની વચ્ચે પાલનપુર-ડીસા તરફથી એસ.આર.પી., પોલીસ તંત્ર અને જિલ્લાના વહીવટી તંત્રએ ત્યાં આગળ રહીને મોટી જાનહાનિ થતી બચાવી છે. એ સમયે પાણીનો નિકાલ કર્યો છે. રાજ્ય સરકારને અભિનંદન આપવા છે કે રાધનપુર, પાટણ બંનેની અંદર પાણીનો નિકાલ કરવા માટે લગભગ એક કરોડ જેટલી યોજના તાત્કાલિક મંજૂર કરી અને આવતા પાણીને રોકવા અને નિકાલ કરવા માટેની જે વ્યવસ્થા કરી છે, એના માટે પણ અભિનંદન. વીજળી મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે માત્ર ૨૪ કલાકની અંદર લાઈટ ચાલુ કરી. આરોગ્ય મંત્રીશ્રીએ તાત્કાલિક એક ટીમ બોલાવી અને કલોરિનેશનને માટે તાત્કાલિક રોગચાળો ન ફાટે એના માટેની વ્યવસ્થા કરી, પાણીના નિકાલ માટેની વ્યવસ્થા કરી અને માર્ગ મકાન વિભાગે ખૂબ સારી રીતે કામ કર્યુ છે એના માટે સૌને અભિનંદન આપું છું. ફરી જમીન ધોવાણ બાબતમાં એક અલગ પ્રકારની નીતિ બનાવવી પડશે, એવું લાગે છે બસ આટલી વાત કરીને મારો વિચાર પૂરો કરીશ.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં અતિવૃષ્ટિને કારણે જે હોનારત સર્જાઈ, તેમાં મારા મત વિસ્તારમાં ગઢડા અને ઉમરાળા કે જેમાં કુદરતી આફત નહિ કહું, એટલા માટે કે માનવ સર્જિત માનવીની, કર્મચારીની ભૂલના કારણે જે હોનારત સર્જાઈ છે અને આ હોનારતની અંદર ગઢડા અને ઉમરળા વિસ્તારની અંદર ઉપરવાસના ડેમો છે એ ડેમોમાં માલપરા, લીંબાળી, ઈતરિયા, ઘેલો અને કાળુભાર ડેમ જે કાળુભાર ડેમની અંદર પાણી આવ્યું. ત્યાંની પરિસ્થિતિ એવી હતી કે રાતના પાણી આવ્યું ત્યારે માત્ર ચોકીદાર હાજર હતો અને ચોકીદાર દ્વારા ફોન કરી અધિકારીને જાણ કરવામાં આવી, જાણ કરવા છતાં ત્યાંની પ્રી-મોન્સુન કામગીરી જે કરવાની થાય છે, એ પ્રી-મોન્સુન કામગીરી નહિ કરવાના કારણે ત્યાં ઈલેક્ટ્રિક વાયરિંગ સળગી

જવાના કારણે ત્યાં જે ડીઝલ એન્જિન માટે કેરોસીન હાજરમાં નહોતું. કેરોસીન લેવા માણસને મોકલ્યો, પરંતુ આ દરવાજા નહિ ખુલવાના કારણે જે ઓવરફલો થયો અને એમાં આ ડેમના ત્રણ દરવાજા તૂટી જવાથી, જો ડેમ તૂટયો હોત તો ઘણા બધાની જાન જઈ શકત, પરંતુ આ ત્રણ દરવાજા તૂટી જવાથી કુદરતી આ લોકોનો બચાવ થયો છે, પરંતુ આ વિસ્તારની અંદર વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું છે. તે બે ગામની અંદર ૯૦ ટકા મકાનો સાફ થઈ ગયા છે. તેના પાણી છેક ભાવનગરના કુંભારવાડામાં પહોંચ્યા હતા. અનેક લોકો તેમાં ફસાયા હતા. આ બનાવ બન્યો ત્યારે મેં સવારના ૭.૩૦ કલાકે કલેકટરશ્રીનું ધ્યાન દોર્યુ કે અગિયાર લોકો લીંબાડી ડેમ ઉપર ફસાયા છે. ગઢડા શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં સાત લોકો ફસાયા હતા તે લોકો ઝાડ પર બેઠા હતા અને મેં વારંવાર વિનંતી કરી કે હૅલિકૉપ્ટરની તાકીદે જરૂરિયાત છે. મેં સવારે આઠ વાગે મંત્રીશ્રીનું ધ્યાન દોર્યુ હતું અને ફોન કરીને કહ્યું હતું કે તાત્કાલિક હૅલિકૉપ્ટર મોકલવામાં આવે. રાત સુધી હૅલિકૉપ્ટરની રાહ જોઈ રહ્યા પણ હૅલિકૉપ્ટર ન આવ્યું ત્યારે ત્યાંના સ્થાનિક લોકોએ પોતાની કામગીરી કરીને તે લોકોને દોરડા દ્વારા બચાવી લીધા. પાણી ઓછુ થવાથી આ લોકો બચી ગયા. આવી પરિસ્થિતિમાં જે અધિકારીઓની બેદરકારી છે તેની સામે પગલાં લેવાવવા જોઈએ તે પગલાં લેવામાં આવ્યા નથી. માત્ર બે ચોકીદારની બદલી કરવામાં આવી છે. જવાબદાર અધિકારીઓ છે શ્રી આર.બી. સરવૈયા તેના દ્વારા દરવાજાની કામગીરી કરવામાં આવતી હતી. બે દિવસ પહેલાં રજૂઆત કરવામાં આવી હતી છતાં તેની બદલી થઈ નથી. આજની તારીખે શું છે તેની ખબર નથી. માનવસર્જિત હોનારત હોય અને જવાબદાર વ્યકિત હોય તો તેને સસ્પેન્ડ કરવા જોઈએ. તેની સામે કોઈ જાતના પગલાં લેવામાં આવ્યા નથી. કાર્યપાલક ઈજનેર પી.એમ.ભટ્ટ, નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી ઓઝા અને મદદનીશ ઈજનેર શ્રી જી.જે.પારેખ છે તે બધા આજે ત્યાં મજા કરી રહ્યા છે. તેમની સામે પગલાં લેવા જોઈએ. સસ્પેન્ડ નહીં હું તો એમ કહું છું કે ડીસમીસ કરવા જોઈએ. સ્થાનિક લોકોની જુબાની લેતાં એમ જણાય છે કે વ્યવસ્થિત આયોજન કર્યુ હોત તો આ ન થાત. ૭૬ ગામો છે તેમાં ગઢડાના ૭૦ ગામને અસર થઈ છે અને અને ઉમરાળા તાલુકાના ૪૩ ગામો છે તેમાંથી ૩૫ ગામોમાં નુકસાન થયું છે. લાખો કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. ખેતીનું ધોવાણ થયું છે. બે વર્ષ ખેડૂત મજૂરી કરે તો સારુ ન થાય તેવું નુકસાન થયું છે. માટી લાવવી હોય તો કયાંથી લાવે તે એક પ્રશ્ન છે. કેશ ડોલ્સ જે ચૂકવવામાં આવે છે તે માત્ર પાંચ દિવસનું જ ચૂકવવામાં આવે છે. કેન્દ્ર સરકારની ગ્રાન્ટ આવે છે તેમાંથી મિનીમમ પંદર દિવસનું ચૂકવવું જોઈએ તેવું છે. પણ અહીં માત્ર પાંચ દિવસનું ચૂકવવામાં આવે છે. વારંવાર બે દિવસથી ફોન આવે છે અને યોગ્ય વ્યકિતઓને પૈસા મળ્યા નથી. અસરગ્રસ્તોને પૈસા મળતા નથી. માત્ર સાંઘણાવદર ગામમાં ૯૦ ટકા મકાનો પડી ગયાં છે અને ૨૫ હજાર મણ ઘઉં નાશ પામ્યા છે. ઘરવખરીના ૧૨૫૦ રૂપિયા ચૂકવવામાં આવે છે. આમ સરકાર ગરીબોની મજાક કરતી હોય તેવું લાગે છે. આ વિસ્તારમાં ખેતીને મોટાપાયે નુકસાન થયું છે તેના માટે તાત્કાલિક પગલાં લેવા જોઈએ. તેની ગામમાં બેસીને તપાસ કરવામાં આવે છે. તેની રૂબરૂ સ્થળ પર તપાસ થવી જોઈએ. ખેડૂતોને જે ન્યાય મળવો જોઈએ તે ન્યાય મળતો નથી. જે લોકોના ઢોર તણાઈ ગયા છે તેમાં અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવે છે તો તેમની પાસેથી પોસ્ટ મોર્ટમ રિપોર્ટ માગવામાં આવે છે. હવે સાહેબ ઢોર જ તણાઈ ગયા હોય તો પોસ્ટ મોર્ટમ રિપોર્ટ કયાંથી લાવી શકે. આજે કોઈપણ કેશડોલ્સ લેવા જાય અથવા સહાય લેવા જાય તો તેની પાસે રૅશનકાર્ડ માગવામાં આવે છે. જે લોકોના મકાનો પડી ગયા છે અને પંદર વીસ ફૂટ પાણી ભરાયા હોય તેવા વ્યકિતઓના રૅશનકાર્ડ માગી ગરીબ લોકોની મજાક કરી રહ્યા છે. તેના માટે આવા અધિકારીઓને સસ્પૅન્ડ કરવા જોઈએ. હું તો કહું છું કે ડીસમીસ કરવા જોઈએ. કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. માનવસર્જિત હોનારત છે તેની ઉપર પગલાં લેવા જોઈએ. મેં માનનીય મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને કાગળ લખીને ધ્યાન દોર્યુ છે. જે સહાય ચૂકવવામાં આવે છે તેમાં પંદર દિવસની સહાય ચૂકવવામાં આવે. ૧૨૫૦ રૂપિયાના બદલે કેંદ્ર સરકારે જે નોટિફિકેશન કર્યુ છે તે મુજબ વધારેમાં વધારે મકાન પડી ગયું હોય તો દસ હજાર થી પંદર હજાર રૂપિયા ચૂકવવા જોઈએ તેના બદલે અત્યારે માત્ર પાંચ હજાર થી સાત હજાર રૂપિયા ચૂકવવામાં આવે છે. તો તેમાં વધારે સહાય આપવી જોઈએ. માનનીય મંત્રીશ્રીએ પણ આ વિસ્તારની મુલાકાત લીધી નથી. મુખ્યમંત્રીશ્રી હૅલિકૉપ્ટરમાં આવીને ઉપર ઉપર જોઈને જતા રહ્યા હતા. અમારા વિપક્ષના નેતા અર્જુનભાઈ અને ભરતભાઈ મુલાકાત લઈ ગયા છે. મારી વિનંતી છે કે કેશડોલ્સ ચૂકવવામાં આવે છે તેમાં લોકોને ન્યાય મળે. બધા લોકોને તાત્કાલિક રૅશનકાર્ડ આપવાના થાય છે તેને આપે અને એટલા માટે મારી વિનંતી છે કે આ અધિકારીઓ સામે તાકીદે પગલાં લેવામાં આવે.

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે છેલ્લા દિવસનો પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી લઈને આવ્યા છે એમાં હું મારી વાત રજૂ કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) હવે મને એમ છે કે માનનીય માલજીકાકાને ખબર જ નહીં હોય, એ એમ કહે છે કે પાણી નથી તો મારે કહેવું છે કે, મારા જિલ્લામાં ચૂડા તાલુકામાં કે લીમડી તાલુકા અને વઢવાણ તાલુકામાં.. દસાડામાં ન હતું, ધ્રાંગધ્રામાં ન હતું, હળવદમાં ન હતું. માનનીય અધ્યક્ષશ્રી, આવી જયારે કુદરતી આફત આવે ત્યારે, અને આ તો એવી આફત છે કે કોઈ ચાંપ દબાવે અને એ આવે એવું નથી પણ જયારે કુદરતી આફત આવે ત્યારે હું એમ માનું છું કે, અહીયાં બેઠેલા ગૃહના તમામ સભ્યશ્રીઓની જવાબદારી જેટલી રાજય સરકારની જવાબદારી છે એટલી જ જવાબદારી આ વિરોધપક્ષની પણ છે. સ્વાભાવિક છે એ પેપરમાં હેડ લાઈન આપે કે આમ થયુ, તેમ થયું, ફલાણું થયું, આ

નિવેદનબાજી જે છે. હું મારા જિલ્લાના ચાર થી પાંચ તાલુકામાં જે પરિસ્થિતિ અને જેમ માનનીય શંકરલાલે કહયું કે બાર કલાકમાં ચૌદ-ચૌદ, પંદર- પંદર ઈંચ વરસાદનું પાણી પડી જાય ત્યારે પાણીના વેણ પણ એ બદલી નાખે છે, આપણે કલ્પના પણ ન કરી હોય કે ગમે તેટલો વરસાદ પડશે તો પણ અહીં પાણી નહીં આવે પણ જયારે એવી પરિસ્થિતિ નિર્માણ થાય અને અમારા જિલ્લાના માનનીય પ્રભારી મંત્રીશ્રીએ એકે- એક તાલુકામાં મામલતદાર સાથે લાયઝનમાં રહી, ડેપ્યુટી કલેકટર અને મહેસૂલ વિભાગનું તંત્ર છે એ તંત્રએ એકેએક જગ્યાએ, મારા જિલ્લામાં મને ખબર છે કે અમારા જિલ્લામાં ભાજપના કાર્યકર્તાઓ એટલે કે હળવદના કાર્યકર્તાઓ હતા એ કાર્યકર્તાઓની સાથે અમે એક હજાર કીટ્સ બનાવી અને અમે તાત્કાલિક લીમડી ગયા, એક કલાકમાં તો આ કામગીરીમાં જે કંઈ લોકો કહી રહયા છે કે આ નથી આવ્યું તે નથી આવ્યું, તો માનનીય અધ્યક્ષશ્રી, ભૂકંપની પરિસ્થિતિ હતી કે સુરતમાં પૂરની પરિસ્થિતિ ઉભી થઈ કે આ અતિવૃષ્ટિની પરિસ્થિતિ નિર્માણ થઈ એમાં, માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારી તંત્રએ જે મારા જિલ્લામાં કામગીરી કરી છે, આજે લીમડી હોય કે વઢવાણ હોય કે મૂળી તાલુકાની પરિસ્થિતિ અને સાહેબ, મારા મૂળી તાલુકાની પરિસ્થિતિ ખરાબ હતી, એ જગ્યાએ અમે અહીંયાં બેઠા બેઠા એકેએક ગામના લાયઝનમાં રહયા છીએ અને સરકારી તંત્ર અમારી સાથે લાયઝનમાં રહયું છે, પણ આનંદની વાત એ છે કે, એકેએક કર્મચારી, પોતાના ગામમાં એવી પરિસ્થિતિ હોય તો પણ એ કર્મચારીઓએ આ કામગીરી ઉપર જઈને કામ કરેલ છે, હું તો એમ કહું કે, વીજળી, ઉર્જા વિભાગ છે, મારા જે હળવદના સબડિવિજનમાં અધિકારીઓનો ફોન આવ્યો મને કે, જયંતિભાઈ, અમને બધાને સાયલા બોલાવ્યા છે, આ એક વહીવટી તંત્રની વાત છે, આજે આપણે જોઈએ છીએ કે હળવદમાં કોઈ નુકસાન નથી, તો તમામ સ્ટાફ સાયલા તાલુકામાં આવી અને દરેક ગામમાં વીજળી ચાલુ કરેલ છે, હળવદ તાલુકો અને મૂળી તાલુકામાં આવી પરિસ્થિતિ હતી છતાં મૂળી તાલુકામાં આઠ કલાક ૧૪ ગામોમાં વીજળી બંધ રહી છે, મારા જિલ્લાના માનનીય પ્રભારી મંત્રીશ્રી બેઠા છે કે જે વીજળી ( અંતરાય) માનનીય કુંવરજીભાઈ, રેકર્ડ સાથે મારે કહેવું છે કે મારા મૂળી સબડિવિજન જોઈ આવે, ૧૪ ગામોમાં આઠ કલાક વીજળી બંધ રહી છે અને આઠ કલાકમાં જ ત્યાં વીજળી ચાલુ કરી દીધી છે. આજે આ કામગીરી કરવામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ છે એની વાત થઈ. આપણા રાજયનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ ગુજરાતમાં જ નહીં પણ સમગ્ર ભારતમાં નમૂનારૂપ છે. જેની કામગીરી આપણે જ નહીં અન્ય રાજયોએ પણ બિરદાવી છે. એથી આગળ જઈને વાત કરું તો વિદેશમાં જ્યારે અમને રાજય સરકારે મોકલ્યા ત્યારે ડિઝાસ્ટર મેનેજમેન્ટના ત્યાંની સંસ્થાઓએ પણ વખાણ કર્યા છે. આજે આ કામગીરી થઈ રહી છે એમાં આ કામગીરીના આધારે જે કોઈ પરિસ્થિતિ નિર્માણ થાય એમાં તમામ લોકોનો સહયોગ જોઈએ. બાકી આવી પરિસ્થિતિ નિર્માણ થાય એમાં રાજકીય રોટલા શેકવા અને મતોનું રાજકારણ ખેલવું એટલી કક્ષાએ નીચા જવું એ ગુજરાતના હિતમાં નથી. આજે તમે વિચાર કરો કે કોઈ આપત્તિના સમયે નિવેદન બાજી કરવી કે આમા મોડું થયું એટલે આમ થઈ ગયું, તેમ થઈ ગયું ત્યારે મારે કહેવું છે કે આવા આફતના સમયમાં આ ગૃહના તમામ સભ્યશ્રીઓની જવાબદારી છે. સરકારી તંત્ર કામગીરી કરી રહ્યું છે એ સારી કામગીરી કરતું હોય તો એને બિરદાવવું જોઈએ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રસ્તાવ માલજીભાઈ લઈને આવ્યા છે તેમાં સૂર પુરાવું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી આફત આવે અને એ કુદરતી આફતના સમયે જે કાંઈ નુકસાન થયું માનવ, જમીન, પશુ એ બધાનું રક્ષણ કરવાની, સહાય આપવાની જવાબદારી જે તે સરકારની છે. ઘણા મિત્રોએ કહ્યું કે, કુદરતી આફત આવે છે ત્યારે એ આફતના સમયમાં અગર તંત્રને અગાઉથી સાવચેત રાખ્યું હોત તો કેટલો વરસાદ આવવાનો છે, કયાં વધારે પડતો વરસાદ થવાનો છે એ જાણી શકાયું હોત એ ટેકનોલોજી આપણી પાસે છે પરંતુ કયાંકને ક્યાંક આપણે માર ખાઈ ગયા છીએ. અથવા એ જોવામાં તંત્રમાં ઢીલાશ છે. જ્યારે રાતોરાત આટલો વરસાદ પડ્યો કોઈને ખબર પણ ન રહી એ દુ:ખની વાત છે. વરસાદ પુષ્કળ થવાથી હું મારા જ જિલ્લાનો દાખલો આપીને વાત કરું તો પાલનપુર તાલુકામાં ૭ માણસોમાંથી એક જ કુટુંબના પાંચ માણસો તણાઈ ગયા. જે ડિઝાસ્ટર મેનેજમેન્ટની હમણા મારા મિત્રોએ વાતો કરી એ ડિઝાસ્ટર મેનેજમેન્ટ છે એ બરાબર છે પણ એની હું વાત કરું તો મારા જિલ્લામાં જે લોકો મરી ગયા એમાં મારા જ વિસ્તારના વાસણા ગામના ત્રણ જણા પાટણના દવાખાને જતા હતા ત્યારે રસ્તામાં સરીયદ ગામ પાસે ગાડી આખી પાણીમાં તણાઈ ગઈ એમાં ત્રણ માણસો મરી ગયા અને બે ઝાડ પર ટીંગાઈ રહ્યાં. એની સાથે સાથે મારા મિત્ર શંકરભાઈએ ખૂબ સારી વાત કરી પણ જે વખાણ કર્યા એ મને લાગે છે કે, એ સરકારમાં છે એટલે કર્યા હશે. રાધનપુરના જે માલધારી લોકો હતા એમના સાંજે સાડા છ વાગ્યે તમામ પશુઓ તણાઈ ગયા અને દસ બાર જણાનું આખું કુંટુંબ ઝાડ ઉપર ટીંગાઈને રાડો પાડતું હતું એની ફરિયાદ મારી પાસે આવી એટલે મેં વારંવાર ફોન કર્યા અને રાત્રે ૧૦ વાગ્યે પાટણના કંન્ટ્રોલ રૂમમાં ફરિયાદ લખાવી કે પેલા માણસો મરી રહ્યાં છે કંઈક કરો. પહેલા કહે અત્યારે અમારી પાસે કોઈ વાહન નથી, હોડકું નથી કઈ થઈ શકે નહીં. બીજા દિવસે સવારના ૫ વાગ્યે એ કુટુંબને અમારા માણસોએ આટલા આટલા પાણીમાં જઈને બચાવ્યું હતું. એમાં બે-ત્રણ વાસણ ગામના તો મરી ગયા, એના તમામ પશુઓ તણાઈ ગયા તો પણ મારા મિત્રો કહે છે કે ડિઝાસ્ટર મેનેજમેન્ટના વખાણ થાય છે. કોણ વખાણ કરે છે? માણસો ૧૨-

૧૨ કલાક સુધી ઝાડ ઉપર ટીંગાઈને રહે અને ધારાસભ્ય તરીકે ફરિયાદ આપીએ, કંટ્રોલને લખાવીએ કે કોઈ હોય તો બચાવો માણસ મરી રહ્યો છે તેમ છતાં કોઈ પણ બચાવવા વાળું ન આવે એ તંત્ર કેવું કહેવાય? એટલું જ નહીં પણ ડીસામાં ત્રણ માણસો મારા વિસ્તારના જે પાટણ જિલ્લામાં સરીયદ ગામ પાસે મરી ગયા એને હમણા પાંચ દિવસ પહેલા ચેક આપ્યો હતો, અહીંથી મેં અમારા પ્રભારી ભરતભાઈને પણ ફોન કર્યો હતો કે આ મરી ગયા છે એની કોઈ સહાય નથી આપી અને ચેક આપ્યા પછી પાછળથી ફોન આવ્યો પાટણ કલેકટરનો કે એમને બોન્ડ આપવાના છે એટલે ચેક પાછો મોકલો. પતિ પત્ની અને છોકરાને દવાખાને લઈ જતા ત્રણે મરી ગયા અને ઘરે એક છોકરું આટલું નાનું છે. છતાં પણ તેને પૈસાની જરૂર હોય ચેક હોય તો પણ કહે કે તેને બોન્ડ આપવાના છે પાછાં મોકલો ફરીથી મેં મંત્રીશ્રીને કહ્યું કે ૫૦ ટકા બોન્ડ ૫૦ ટકા ચેક આપો ઘરે કશું રહ્યું નથી. ઘર તણાઈ ગયું, મા-બાપ તણાઈ ગયા છતાં પણ કહે ડિઝાસ્ટર જાગૃત છે. તો જેનો માલ પશુ તણાઈ ગયા છે તેને એક પણ પશુનું વળતર આપ્યું નથી. જેમ માલજીભાઈએ કહ્યું તેમ ગધેડાનું વળતર આપ્યું પણ પેલા ઘેટાં બકરાંને પશુમાં ગણતાં નથી. તે તેની રોજી છે. જેની ગાયો તણાઈ ગઈ, ભેસોં તણાઈ ગઈ તેમની રોજી ધંધો જે ગણો તે તેમનો ઉદ્યોગ ગણો તે જ છે. તે બધું જ તણાઈ ગયું. તેનો કોઈ નથી કે તેનું શું પ્રૂફ છે. હવે જે કુદરતી જમીનમાં તેને કયુ પ્રૂફ લાવવું. તે જ માંડ બચ્યો બધું જ તણાઈ ગયું. તો કહે કે પ્રૂફ લાવો તો વળતર મળે. હવે તેના બધા તણાઈ ગયા છે નજરે જોયાં તો કહે એક રૂપિયો પણ વળતર નહીં છતાં કહે ડિઝાસ્ટર જાગૃત છે, બધું જ વળતર આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, આવા હજારો માણસો અને ખાસ કરીને મોટાભાગનાં મારા મિત્ર શંકરભાઈના વિસ્તારના રાધનપુરના સાંતલપુરના કેટલાય માલધારીઓ એકદમ બેરાહત થઈ ગયા. એક રૂપિયાની આવક નથી. તેમના દ ારમાં પાણી ભરાઈ ગયું. તેમણે વાત કરી ૧૨-૧૨ ફૂટ ઘરોમાં પાણી ભરાઈ ગયું છે. તેમના ઝૂંપડા પડી ગયા, માલ તણાઈ ગયો કશું જ નથી. કપડાં સહિત તણાઈ ગયુ. હજુ સુધી કોઈ વળતર નથી. ઘરવખરી કયાં છે? ઘર તો ગયું. છાપરું હતું, ઘર છે જ નહીં. વગડો તે જ તેમનું ઘર. તો કહે કે તમારા ઘર વગર વખરી શેની? હવે આને કઈ રીતે સમજાવવા. તેમની વીસ વીસ ગાયો એકસામટી તણાઈ ગઈ. આખું ગામ કહે છે તેમની ગાયો તણાઈ ગઈ છે. તો પણ કહે છે પ્રૂફ લાવો? પેલો ડોકટર કહે પોસ્ટમોર્ટમ રિપોર્ટ લાવો. હવે ગાય જ તણાઈ ગઈ તો શેનું પોસ્ટમોર્ટમ લાવે? જે માણસો મરી ગયા છે તેની કહે ફરિયાદ લાવો? એફ.આઈ.આર.લાવો. અંબાજીની અંદર બે આદિવાસી તણાઈ ગયા. તો કહે કે એફ.આઈ.આર.ફડાવી નથી. હવે એફ.આઈ.આર.કયાં ફડાવે? બે છોકરાં તણાઈ ગયા તો પણ પત્તો નથી. તો તેની અંદર કોઈ વળતર નહીં. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે..

**અધ્યક્ષશ્રી** : ચાલો, નેકસ્ટ બાબુભાઈ.

**શ્રી બાબુભાઈ જ. પટેલ (દસક્રોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો હું બોલતો નથી પણ મારા વિસ્તારના આગેવાનોએ મને વાત કરી છે કે તમે હાઉસમાં જઈ અને ધન્યવાદ અને અભિનંદન આપજો. મારા વિસ્તારમાં ત્રણ નદીઓ છે. સાબરમતી, ખારી અને મેશ્વો. મારો વિસ્તાર દર વર્ષે પાણીમાં હોય છે. બીજા અભિનંદન આપું આ કોંગ્રેસના માજી ધારાસભ્ય ફતેસિંહે મને કહ્યું કે સાહેબ આ તો અમારી પરંપરા છે પાણી આવે છે અને જાય છે. કોઈ માઈનો લાલ અમારા વખતે આવ્યો નહોતો અને તમારા વખતે ત્રણ કૅબિનૅટ મંત્રી માનનીય અશોકભાઈ, બીજા મારા વિસ્તારના પ્રભારી મંત્રી આનંદીબેન અને કૃષિ અને સહકાર મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા. મારા ગામ છબી ગામ પાણીની અસરમાં છે. મારા માલજીકાકાને ત્યાં લઈ જાઉં આ માનનીય, આદરણીય માલજીકાકા તેમને વંદન કરું છું પણ જો માલજીકાકાને મારા વિસ્તારમાં લઈ જાઉં અને તેમને એમ કહું કે આ કોંગ્રેસના છે તો સાહેબ, ધોતિયા કાઢ્યાં વગર રહે નહીં. ચાર-પાંચ ગામ એવા હતા કે જે દશ ફૂટ, પાંચ ફૂટ, સાત ફૂટ પાણીમાં બાવળા, ભૂવા જેતીયા, કામતપણ, કુવાલડી અને ચૌલજ. આનંદીબહેન જ્યારે મારા વિસ્તારમાં બાવલામાં આવ્યા ત્યારે હું નહોતો પણ મારે કલકેટરને, સરકારને અને મહેસૂલ વિભાગને અભિનંદન આપવા જોઈએ કે એક કલાકની અંદર આર્મી આવી ગઈ અને મારા ૨૦ લોકોને બચાવ્યા હતા તેના ગામ લોકોએ અભિનંદન આપ્યાં. આ પાણી હું સવારના પાંચ વાગ્યાનો વિસ્તારમાં હતો રાત્રે બે વાગ્યા સુધી મારા વિસ્તારમાં હું કેડ સમા, છાતી સમા પાણીમાં ચાલ્યો છું. ગયા વખતે પણ મારા વિસ્તારની અંદર સાબરમતીના પાણી છોડ્યાં ત્યારે ૧૬ ગામ પાણીમાં હતાં. આ સામે બેસવાવાળા • (xxxxxx) ગઈ સાલ એક પણ માઈનો લાલ આવ્યો નથી. આવ્યો હોય તો હું રાજીનામું આપી દઉં. **સાહેબ મને કહેવા દો. આમ તો ખૂબ ખૂબ કહેતા હતા, પરંતુ એકપણ માઈનો લાલ આવ્યો નથી.**

**અધ્યક્ષશ્રી** : (XXXX) એવું ના બોલાય, પણ "કોંગ્રેસી મિત્રો" એમ કહેવાય. એ શબ્દો દૂર કરું છું.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : સાહેબ, સોરી, "કોંગ્રેસી મિત્રો" એમ કહું છું. સાહેબ, એ લોકોના દુઃખની વાતો હું આ લોકોને કરું છું. એમના દુઃખની વાતો આ સુખી લોકો નહીં સમજી શકે. એમના દુઃખની પીડા વખતે આ સરકાર એમની પડખે ઉભી છે ત્યારે મારે માનનીય માલજીભાઈને કહેવું છે કે મારા વિસ્તારમાં ૩ જ દિવસમાં કેશડોલ્સ વહેંચાઈ ગઈ છે, એકપણ જગ્યાએ કેશડોલ્સ વહેંચવાની બાકી નથી અને જયારે કોઈ નોંધારાંના આધાર

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

બનનારી કોઈ સરકાર હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. મિત્રો, મારા અશોકભાઈ ભટ્ટ, સાહેબે તાત્કાલિક આવીને આરોગ્યની ટીમ પણ મોકલી હતી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી માલજીભાઈ દેસાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારાં સૂચનો કરવા માટે અને રાજય સરકારનું ધ્યાન દોરવા માટે ઉભો થયો છું.

**અધ્યક્ષશ્રી** : આ ગૃહમાંથી મોટાભાગના સભ્યશ્રીઓ આ પ્રસ્તાવની ચર્ચામાં ભાગ લેવા માગતા હોવાથી દરેકને ફકત ૪ મિનિટનો જ સમય મળશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૨ જી જુલાઈએ વહેલી સવારે અતિવૃષ્ટિને કારણે અમારા રાજકોટ જિલ્લાના જસદણ અને ગઢડા વિસ્તારમાં જે નુકસાન થયું છે એમાં ખૂબ મોટા પાયા ઉપર જમીનનું ધોવાણ થયું છે, ૩ જી અને ૪ થી જુલાઈએ મેં આ વિસ્તારનો પ્રવાસ કર્યો, જયાં જયાં વધારે નુકસાન થયું હતું એની તમામ વિગતો સાથે ૫ મી તારીખે માનનીય કૃષિમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચૂડાસમા સાહેબને ૫-૦૦ વાગ્યે ફેકસ કરીને મેં મારી બધી વિગતો મોકલી આપી હતી. જે ખેડૂતોની જમીનોનું ધોવાણ થયું છે એ ખેડૂતો તો પાયમાલ બની ગયા છે એમને હવે બે ચાર પાંચ વર્ષ સુધી ગમે તેટલી મહેનત કરે તો પણ જમીન સરખી થઈ શકે તેમ નથી. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આજની તારીખ સુધીમાં જસદણ અને ગઢડા વિસ્તારની એ જમીનોનું સરવે થયું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ કરવી છે કે આ જસદણ અને ગઢડા વિસ્તારમાં જયાં મકાનોને ખૂબ મોટા પાયા પર નુકસાન થયેલ છે એ મકાનોનો સરવે કર્યા પછી મારા જસદણ તાલુકામાં એક પૈસાની પણ ગ્રામ્ય વિસ્તારમાં કેશડોલ્સ અને મકાન સહાય કે ઘરવખરીની સહાય ચૂકવાઈ નથી. મારા સાથી મિત્ર શ્રી જયંતિલાલ ગર્વથી કહેતા હતા કે તુરત જ વીજળી ચાલુ કરી દેવામાં આવી છે, પરંતુ અમારાં જયોતિ ગામોમાં પણ આઠ આઠ દિવસ સુધી લાઈટો ચાલુ થઈ નથી એવા દાખલાઓ પણ મારી પાસે છે. ફકત સરકારની વાહ વાહ કરવા માટે, આ સરકાર ગરીબોની છે, આ સરકાર ગરીબોનાં આંસુ લૂછવાવાળી સરકાર છે એવી મોટી વાતો કરે છે, પરંતુ ત્યાં આગળ જઈને વાસ્તવિક શું પરિસ્થિતિ છે એ જુઓ તો ખબર પડે કે ૮-૮ દિવસ સુધી ચકકીઓ બંધ હતી અને લોકોને ખાવા માટેનો લોટ પણ નહતો. બીજા દિવસે પાવર શરૂ થવાની વાતો કરે છે એ બરાબર નથી. માલધારીઓ અને ખેડૂતોનાં ઢોર તણાઈ ગયાં છે અને પશુ ડોકટર એમ કહે કે તમારા પશુઓનાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ લઈ આવો, તો એ કયાં દરિયામાં એ પોસ્ટમોર્ટમ રિપોર્ટ લેવા જવાનો હતો? એને કેવી રીતે એની સહાય મળવાની છે? મારે એમ કહેવું છે કે જેમનાં મકાન પડી ગયાં હતાં, જયાં રહી શકે એવી બિલકૂલ સ્થિતિ નથી અને મેં જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીનું ધ્યાન દોર્યુ કે એના માટે તાત્કાલિક કાંઈ નહીં તો તાડપત્રીની વ્યવસ્થા થવી જોઈએ. તો એવા ૫-૬ ગામોમાં તાડપત્રી પણ પહોંચી નથી.એ તો સારું છે કે કુદરતની મહેરબાનીથી વધારે વરસાદ ચાલુ ન રહ્યો, નહીંતર એ કુટુંબોની હાલત શું થઈ હોત? આપણે અહીં બેઠા બેઠા વાહ વાહ કરીએ છીએ, પણ ફિલ્ડમાં, એ ગામડાંમાં રૂબરુ મુલાકાત લઈને પછી આંકડા જોઈએ તો ખયાલ આવી શકે. મારે બીજી વાત એ કરવી છે કે જે ખેડૂતોનો પાક ધોવાઈ ગયો છે, ઘરવખરી પણ સાફ થઈ ગઈ છે તેવા ગઢડા તાલુકાના ૩ ગામ અને જસદણ તાલુકાનું એક ગામ, કે જેમાં ઘરમાં રહેલ હજારો મણ અનાજ સડી ગયું છે અને ખાવા માટે એમના ઘરમાં લોટ પણ નથી, આજની તારીખ સુધી એમને કોઈ સહાય મળી નથી. મેં ૩ કાગળો મંત્રીશ્રીને ફેકસથી મોકલ્યા છે તેનો જવાબ તો ઠીક છે પણ તેનો સરવે કરવાની પણ આજ સુધી કોઈએ તસ્દી લીધી નથી. છતાં મારા મિત્રો અહીં વાહ વાહ કરે છે

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી માલજીભાઈ દેસાઈએ, તાજેતરમાં ગુજરાતમાં અતિ વૃષ્ટિ થઈ તેનું દુ:ખ અને વેદના આ સભાગૃહમાં રજૂ કરી છે. આ અસરગ્રસ્ત વિસ્તારની મેં પણ રૂબરૂ મુલાકાત ચારેક જિલ્લાઓની લીધી છે. એક વસ્તુની આપણને જયાં જરૂર પડે ત્યાં સરાહના કરવી પડે, તે વાત સાચી છે. રેસ્કયુ તરીકે જે બચાવ કામગીરી કરી તેને અભિનંદન આપીએ. પણ મારે એ કહેવું છે કે સાચા અર્થમાં ખરેખર આ ગરીબ માણસો પછીથી બેઠા થશે કે કેમ? હાલમાં પ્રવર્તમાન સહાયના ધોરણો છે, અને માત્ર કેન્દ્ર સરકાર કે આ કાયદાની જડતામાં તેને મુકી દઈશું? ગુજરાત સમૃધ્ધ રાજય છે અને સમૃધ્ધ રાજયનો છેવાડાનો માણસ આવતી કાલે બેઠો ન થાય તો આપણે અહીં ગાંધીનગર આવી અને અહીં બેસવાની કોઈ જરૂર નથી. જે પ્રકારની જમીન ધોવાઈ ગઈ છે, એક વિઘા, ૧૬ ગુંઠામાં માટી કામ કરવાનું હોય, જયાં પત્થરો નીકળ્યા છે ત્યાં, તો ઓછામાં ઓછા સો ટ્રેકટરો માટી જોઈએ, અને ૨૦૦ રૂપિયાના ભાવે ગણીએ તો એક વિઘા જમીન માટે ૨૦ હજાર રૂપિયા નાખીએ તો પણ ફળદ્રુપ જમીન તેને પાછી મળવાની નથી, આપણી પાસે જમીન વિકાસ નિગમના સંશાધનો છે. મારી પાસે જે પ્રકારની ગામડાંના લોકોની રજૂઆતો આવી છે તે રીતે ખેડૂત પાસે ખેતરના માત્ર ૭/૧૨ના ઉતારા છે, પણ તેમની પાસે જમીનમાં એક કણ પણ માટીનો રહ્યો નથી. આવી હજારો હેકટર જમીનની પરિસ્થિતિ આખા ગુજરાતમાં થઈ છે. હું માલજીભાઈ દેસાઈને એટલા માટે અભિનંદન આપું છું કે આ વાત આપણા હૃદય સુધી પહોંચે, માત્ર કેન્દ્ર સરકાર કે તેના નીતિ નિયમો અને નોર્મ્સ કે આપત્તિ વ્યવસ્થાપનના આધારે જોડી દઈશું અને માત્ર ઘર વખરીની વાતમાં, ૧૨૫૦

રૂપિયા કેન્દ્રએ ભલે આખા દેશમાં નકકી કર્યા હોય પણ જયારે ભીખ માગવા નીકળીએ તો ઝોળી ભરાઈ તેવું આપણું ગુજરાત, અને તેનો કોઈ માણસ ભૂખ્યો સૂઈ જશે? તેના બાપ-દાદાની સંપત્તિ અને આખી જિંદગીની ભેગી કરેલી મૂડી તેમની ધોવાઈ ગઈ છે અને તેનો આખો ચિતાર મેં માનનીય મુખ્ય મંત્રીશ્રીને પણ ગામડાંની અને સરપંચોની વિગતો સાથે ત્રણ દિવસમાં આપ્યો હતો. ભાવનગર, જુનાગઢ અને અમરેલી જિલ્લાના કલેકટરોને આખી માહિતી આપી, હું માત્ર ભાવનગર જિલ્લાના કલેકટરને અભિનંદન આપું છું કે તેમણે મને એવો ઉત્તર આપ્યો છે કે નીચેના અધિકારીઓને તાકીદ કરી અને જે કોઈ ચૂકવવાની બાકી થતી હોય તે દિન ૪ માં ચૂકવી દેવું તેવો આદેશ કર્યો છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ તે આગોતરી કામગીરી છે, બચાવની કામગીરીમાં લાઠીના પી.એસ.આઈ.એ ૧૨૫ માણસોને બચાવ્યા તેને અભિનંદન આપવા જ જોઈએ. જયારે અમરેલી અને સાવરકુંડલાની વચ્ચે આખી બસ ફસાઈ ગઈ હતી અને તેના માણસોને બચાવ્યા તેમને પણ અભિનંદન આપું છું. પણ એ બધી માનવતા એક સમય પૂરતી હોય છે. પણ જેમની જેમની બાપ દાદાની જમીન ગઈ છે જયાં માત્ર પત્થરો સિવાય કંઈ બચ્યું નથી, દસ ફૂટના ખાડા પડી ગયા છે અને એમાં જવાબમાં એમ કહીએ કે આ કેન્દ્ર સરકારના નોર્મ્સ છે તો મને લાગે છે કે આપણે માનવતા ચૂકી ગયા છીએ. હું હૃદય પૂર્વક કહું છું કે સાચા અર્થમાં આ ગુજરાતના ખેડૂતો ખેતી કરે તેવું કરવું જોઈએ. અને તે માટે જી.એલ.ડી.સી. મારફત તેમની જમીન લેવલ કરી આપવી જોઈએ. અથવા તો લેવલ કરવા માટે જેટલો ખર્ચ થાય તે રાજય સરકારે ભોગવવો જોઈએ. અને ૧૨૫૦ રૂપિયાને બદલે એના પેટને રોટલો મળી શકે તેટલા સંસાધન ઘરવખરી આપવી જોઈએ અને તૂટેલા મકાનોની વાત કરીએ તો સૌથી વધારે મકાનો કોના તૂટે? મફત પરામાં જે મકાનો આવેલા છે જે મોટે ભાગે નદીના વહેણમાં આવેલા હોય છે. ભૂતકાળમાં કે અમારી સરકારે પણ આપ્યા હશે. આ વહેણ નજીક હોવાથી સૌથી પહેલા એ અસરગ્રસ્ત થાય છે. ગરીબ માણસોને સૌથી વધારે નુકસાન થાય છે એમાં પણ સુધારો કરવા માટે સરકારને વિનંતી કરુ છું. આમાં રાજય સરકાર પોતાના પૈસા પણ ઉમેરે અને ફરીથી એક વર્ષમાં ખેડૂત બેઠો થાય તેવું કરવા સરકારને વિનંતી કરુ છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : મુરબ્બી માલજીભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં માનનીય કૌશિકભાઈ સાહેબને વિનંતી કરું કે ૧૪-૭-૨૦૦૭ની વિગતો મારી પાસે છે. એમાં ૨૫ જેટલા જિલ્લાઓને આની અસર થઈ છે. એક કરોડની વસતિને આની અસર થઈ છે. કુલ ૧૯૧ માણસોના મોત થયા છે. આજે મારી પાસે ૧૪મી તારીખ સુધીના આંકડા છે એમાં ૮૨ લોકોને મૃત્યુ સહાય આપવાની બાકી છે. મૃત્યુ સહાય આપણે એક લાખ રૂપિયા ચૂકવવી એવા આદેશ કરેલા છે એમાં ફક્ત ૭૧,૪૨૨ રૂપિયા જ ચૂકવાય છે. પશુધન છે તે આંકડા મુજબ ૮૫૨૧ છે પરંતુ ૭૪ ટકાને હજુ પૈસા આપવાના બાકી છે. ખાસ કરીને ૨૦૦૨નો પરિપત્ર છે એમાં જે રાહત આપવાની બાબત છે. હમણાં માનનીય સભ્યશ્રી ગોરધનભાઈએ ૧૨૫૦ રૂપિયાની વાત કરી. કેસ ડોલ્સ ૧૫ રૂપિયા અને વધુમાં વધુ ૧૫૦૦ રૂપિયા, જો કાચુ મકાન તૂટી જાય અને જો એને બાંકોરુ પડે તો એક હજાર રૂપિયા અને જો આખું તૂટી જાય તો ચાર હજાર રૂપિયા આપીએ છીએ. ૨૦૦૬નો પરિપત્ર તૈયાર થયો છે. સરકારની તિજોરીમાં ૩૫૦ કરોડ રૂપિયા પડેલા છે અને આ ૧૪ તારીખ સુધીમાં ૮ કરોડ ૯૮ લાખ રૂપિયાની જ રાહત આપી છે. ફક્ત ૯ કરોડ રૂપિયા જ રાજય સરકારે ચૂકવ્યા છે. ત્યારે મારે માનનીય કૌશિકભાઈ સાહેબને વિનંતી છે કે અહીંયા બેઠેલા સૌ સભ્યશ્રીઓની વિનંતી છે કે ૨૦૦૨ના પરિપત્રને બદલે ૨૦૦૬નો પરિપત્ર લાગુ કરવામાં આવે જેથી ગરીબ લોકોને આર્થિક ફાયદો થાય તેવી મારી હૃદયપૂર્વકની માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. પાટણ જિલ્લાની પણ વાત કરવામાં આવી એટલે વિશેષ નહિ કહું, તંત્ર તકેદારી રાખે તો ઘણા બધાને બચાવી શકતું હોય છે. આપણી પાસે બે-ચાર હોડી હોય અને ફોન કરે ત્યારે એ આ વિસ્તારમાથી બીજા વિસ્તારમાં જાય છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : આ વરસે ભારે વરસાદને કારણે જે પરિસ્થિતિ ઊભી થઈ તેમાં રાજય સરકારે સહેજે પાછી પાની કરી નથી. હું મારા વિસ્તારની વાત કરું તો મારા વિસ્તારમાં ૨૫ જેટલી ડ્રેનેજો આવેલી છે. મારે રાજયના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે. જ્યારે જ્યારે વરસાદ આવે ત્યારે પહેલો ભોગ ખેડૂત બને એની જમીનનું ધોવાણ થાય એના પાકનું ધોવાણ થાય પરંતુ ભૂતકાળના ૫૦ વર્ષના શાસનમાં ત્યારના શાસકોએ એનું નિદાન નથી કર્યુ કે આ ખેડૂતોને નુકસાન કેવી રીતે જાય છે એ ન થાય એના માટે એનો ઉપાય શું? એના માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ નિદાન કર્યુ કે વરસાદી પાણીના નિકાલ માટે જે ગટરો કરી હોય મારા વિસ્તારમાં ૨૫ જેટલી ગટરો આવેલી છે જે બાવળ અને માટીથી પુરાઈ ગયેલ હતી, પાણી એમાં વહેતું નહોતું એના લીધે ખેડૂતોને નુકસાન થતું હતું આ વરસે ૫૦૦ લાખના ખર્ચે આ ગટરોની અંદરથી બાવળો સાફ કર્યા એના લીધે મારા વિસ્તારમાં ખેડૂતોને નુકસાન નથી થયું એના કારણે પાણીનું વહેણ ઝડપી થયું પરંતુ મુશ્કેલી એ છે કે મારા વિસ્તારમાં નદીઓ નથી આવેલી. ડ્રેનેજો છે એની ઉપર પાંચ જેટલા નાળા આવેલા છે. આ વધારે સ્પીડથી પાણી આવવાને કારણે કોંગ્રેસ શાસનના પાંચે નાળા તણાઈ ગયા, કોઈ નિશાની ન રહેવા દીધી તેમના શાસનની. કોઈ નિશાની નહીં. મને એમ થયું કે આ તો ચૂંટણીમાં અમારા મુખ્યમંત્રીશ્રીએ આ નિશાની મિટાવવાનું કામ કરવાનું હતું. ભગવાને કેમ કર્યું? માંડલમાં ચાર-ચાર ફૂટ પાણી હતા. હું એ દિવસે માંડલમાં ગયો હતો. બીજી એક દુકાનની અંદર ટોળું વળેલું, તેના શેડ નીચે. મને એમ થયું કે

કોંગ્રેસના કોઈ આગેવાન આવ્યા હશે. તપાસ કરાવી તો ખબર પડી કે તિજોરી ઉપર સાડા છ ફૂટનો સાપ બેઠો હતો તેને જોવા માટે ભેગા થયા છે. કોઈ કોંગ્રેસનો આગેવાન ગામની અંદર ખબર કાઢવા આવેલ નથી. જ્યારે જ્યારે સરકાર રાહતના પૅકૅજ જાહેર કરે, ગયા વર્ષે અતિ ભારે વરસાદના કારણે સરકારે રાહત આપી હતી. ખેડૂતોને પૅકૅજ આપ્યું હતું અને ચાર મહિનામાં આ પૅકૅજ આપ્યું. અમદાવાદ જિલ્લાની વાત કરું તો ૩૩ કરોડ રૂપિયા અમદાવાદ જિલ્લામાં, ૭૦,૦૦૦ ચેક આપ્યા છે. મારે દાવા સાથે કહેવું છે કે ૭૦,૦૦૦ ચેકમાંથી એક રુપિયાની ચા પિવડાવવી પડી હોય, ચેક લેવામાં તો આગળી ઉંચી કરે અને તપાસ કરે. અમદાવાદ જિલ્લામાં ૧૦૦ ગણા પૈસા આપવા તૈયાર છું. ૭૦,૦૦૦ ચેક, આ રાજય સરકારને અને રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બી શ્રી માલજીભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને અનુમોદન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

તાજેતરમાં પડેલા ભારે વરસાદને કારણે રાજયમાં જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે તેમાં મોટા ભાગના માનનીય સભ્યશ્રીઓએ અહીં રજૂઆત કરી છે. એટલે એ વાતને હું દોહરાવીશ નહીં, પણ રાજય સરકારનું આપના મારફત ધ્યાન દોરવા માગું છું કે રેવન્યુ, પંચાયત અને કૃષિ મંત્રી ભેગા થઈને જે લોકોના મકાનો સંપૂર્ણ પડી ગયા છે અને એ મકાનોને જ્યારે ફરી વખત બનાવવાના છે ત્યારે આવા લોકોના મોટા ભાગે બી.પી.એલ. યાદીમાં તેમના નામો નથી અને ત્યારે તેને મકાન ફાળવણી કરવાની વાત આવશે ત્યારે તેને મકાન મળી શકશે નહીં. માનનીય મંત્રીશ્રીને આપના મારફત હું વિનંતી કરું છું કે આવા લોકોનો સરવે કરીને જેટલા લોકોના મકાન પડી ગયા હોય અને બી.પી.એલ. યાદીમાં તેમનું નામ ન હોય તો ઇન્દિરા આવાસ અથવા સરદાર આવાસ યોજના નીચે તેમને મકાન ફાળવવા માટેની વ્યવસ્થા કરે એવી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં ગુજરાતમાં અતિ વરસાદને કારણે જે અમારા અમરેલી જિલ્લામાં થોડા કલાકોમાં ૨૦ થી ૨૨ ઈંચ વરસાદ પડવાને કારણે શેત્રુંજી નદી અને શેલ નદી વચ્ચેના જે ગામો હતા તેમાં ખૂબ મોટા પાયે નુકસાન થયું છે. તેમાં ખેતરોમાં ખૂબ ધોવાણ થયું છે. પણ સરકારે ખૂબ જ કાળજી લીધી છે. તાત્કાલિક બધી વ્યવસ્થા થઈ છે. આવતા દિવસોમાં કૃષિ વિભાગ મારફત આ ધોવાયેલા ખેતરોનું લેવલીંગ કરે એ ખૂબ જરૂરી છે. જેના કારણે આવતા દિવસોમાં ખેડૂત પગભર થઈ શકે. ખેતીવાડીના નદી કાંઠાના કૂવા બૂરાઈ ગયા છે. તો તેમાં વિશેષ કાળજી લેવાય, જેના કારણે ખેડૂતો પગભર થશે. કામ કરતી સરકાર છે એટલે ૧૦૦ ટકા વિશ્વાસ છે. ગયા વર્ષે પણ વરસાદને કારણે જે નુકસાન થયું હતું તેમાં કૃષિ વિભાગ દ્વારા પૅકૅજ બનાવીને ચૂકવવામાં આવ્યું છે. આ વર્ષે અહીં ભારે વરસાદના કારણે ખેતરોમાં ખૂબ મોટું નુકસાન છે અને જી.ઈ.બી.ની કામગીરીને. બિરદાવ્યા વિના ચાલે તેમ નથી. કારણ કે ખૂબ ઝડપથી કામ કરીને દરેક ગામમાં લાઈટ તરત ચાલુ કરવામાં આવી હતી અને મને કહેતા આનંદ થાય છે કે હું ગાંધીનગરમાં હતો. શેલ અને શેત્રુંજી નદી વચ્ચે બસ ફસાઈ ગઈ હતી. ૨૩ મુસાફરો જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હતા. ત્યારે વહીવટી વિભાગ અને મંત્રીશ્રી કૌશિકભાઈ, ભૂપેન્દ્રસિંહજી અને આપણાં અધિકારીઓએ ખૂબ જ મહેનત કરીને ૨૩ મુસાફરોને બચાવી લીધા હતા. એટલે વહીવટી અધિકારીઓને પણ અભિનંદન આપું છું. ખાસ મેં કહ્યું તેમ, કૃષિ વિભાગ દ્વારા જે ખેડૂતોની જમીનનું ખૂબ મોટા પ્રમાણમાં ધોવાણ થયું છે એનું આવતા દિવસોમાં લેવલીંગ થાય, પાળા બંધાય અને ખેડૂતો પગભર થાય એવી વિશેષ કામગીરી કરો એવી સરકારને વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી માલજીભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે. એમાં ઘણા બધા સભ્યોએ ટેકો આપી બહુ ચર્ચાઓ થઈ છે એને હું પણ ટેકો આપું છું અને મારા બે-ત્રણ મુદ્દા જ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લાના શાપુર, વંથલીમાં જે પ્રમાણે વરસાદ આવ્યો અને થોડાક કલાકોની અંદર જે વરસાદ પડ્યો એ એટલો બધો પડ્યો કે પરિસ્થિતિએ ખૂબ જ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું. માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રી રતિભાઈ તો તાત્કાલિક ત્યાં પહોંચી ગયા. કલેકટરશ્રીએ અને વહિવટી તંત્રે એની રીતે જે વ્યવસ્થા, જે પ્રક્રિયા કરવાની હતી એ કરી. મેં પણ માનનીય મંત્રીશ્રી કૌશિકભાઈને ફોન ઉપર વારંવાર વાત કરી, રાહત કમિશનર સાથે વાત કરી. પરંતુ વરસાદ ખૂબ જ આવ્યો હતો. એ વિસ્તારમાં લોકોને થોડી ઘણી કેશ ડોલ્સ મળી, એનું મકાન તૂટી ગયું અને એના કારણે ભયંકર પરિસ્થિતિનું નિર્માણ થયું. માનનીય સભ્યશ્રી ગોરધનભાઈએ જે વાત કરી છે એ વાત છે. શાપુર, વંથલી અને ઘેડ વિસ્તારના ગામડાઓ હોય ત્યાં ૧૯૮૩માં જે હોનારત થઈ એવી હોનારત થતાં થતાં માત્ર થોડા સમય માટે બચી ગયા છીએ. અત્યારે શાપુર, વંથલી અને ઘેડ વિસ્તારના ગામડાઓમાં ભયંકર પરિસ્થિતિનું નિર્માણ થયું છે. હમણાં પુરવઠા મંત્રીશ્રી કહેતા હતા કે, મગફળીનું ઉત્પાદન ઓછું થયું છે. આ વખતે પણ ખેડૂતોએ મોંઘા ભાવે બિયારણ વાવ્યું હતું એ બિયારણ એના ઘરમાં નહોતું. તો પણ ઉછીના-પાછીના કરીને વાવ્યું અને જે વરસાદ આવ્યો એના કારણે વાતાવરણ જે રમણે ચડ્યું એ ખૂબ ભયંકર હતું. અમારે ત્યાં વરસાદ નહોતો અને આ વરસાદના કારણે ઘેડ વિસ્તારના ગામડાઓમાં ભયંકર પરિસ્થિતિ થઈ અને આઠ આઠ દિવસ સુધી કટ ઑફ થઈ ગયા, આવી પરિસ્થિતિની અંદર એનું બિયારણ પણ વહી ગયું એની

જમીનનું ધોવાણ ખૂબ જ મોટા પ્રમાણમાં થયું છે ત્યારે જે સમયે રેવન્યૂ વિભાગે કામગીરી કરવાની થતી હોય એ માનવતાના નાતે કરતા હોય છે અને એ કરશે. આવડું મોટું કામ હોય, ક્યાંક માનો કે ભૂલચૂક થતી હોય છે. એ દિવસોમાં ઘેડ વિસ્તારમાં મામલતદાર હાજર નહોતા. એ આવી શકે એવી સ્થિતિમાં જ નહોતા. એ રાજકોટમાં જ રોકાઈ ગયા. પરંતુ સ્થિતિનું સર્જન એ છે કે એમને મદદ મળે.

માનનીય મંત્રીશ્રી કૌશિકભાઈ દ્વારા જવાબમાં એમ કહ્યું કે, જમીનના ધોવાણ માટે અને બિયારણ માટે વિચારણા ચાલે છે. ૨૦૦૨ના પરિપત્ર પછી ૨૦૦૬નો પરિપત્ર આવી ગયો છે. આ ૨૦૦૬ના પરિપત્ર મુજબ જ સભ્યશ્રી કહેતા હતા કે ૭૦૦૦૦ના ચેક મળ્યા પણ એ રૂ.૩૦૦/-ના અને રૂ.૪૦૦/-ના ચેક મળ્યા છે એ ખેડૂતોની મશ્કરીરૂપ છે. અત્યારે જે પરિસ્થિતિ છે એમાં તાત્કાલિક બિયારણ મળે અને જમીનનું ધોવાણ છે એમાં તાત્કાલિક પૅકેજ મળે એટલી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી માલજીભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારા બે-ત્રણ સૂચનો કરું છું. મારો દહેગામ તાલુકો મેશ્વો, વાત્રક અને ખારી નદીઓના ત્રિભેટે આવ્યો છે. દોઢ, બાસન અને વડોદ આ ત્રણ ગામોને આખી રાત ભગવાનના ભરોસે છોડવામાં આવ્યા. એક વાગ્યે એક સરપંચે બાસનથી ફોન કર્યો કે, વાત્રક, મેશ્વો બન્ને કાંઠે છે. મેં તાત્કાલિક કલેકટરશ્રીનો સંપર્ક સાધ્યો. કલેકટરશ્રી ગાંધીનગર અને તંત્ર એલર્ટ થઈ ગયું. ત્યાં જવા માટે અધિકારીશ્રીઓએ ખૂબ પ્રયત્નો કર્યા. ચારે બાજુથી વહેણ એવા હતા કે, કોઈપણ ગામે અધિકારીઓ પહોંચી શક્યા નહીં. આખી રાત અમે ચિંતામાં હતા કે, શું થશે? દોઢ વાગ્યે મોબાઈલ ઉપરથી સમાચાર મળ્યા કે વહેણ ઓછું થયું છે. ત્રણેય ગામ બચી ગયા છે એ માટે ભગવાનનો આભાર માનું છું. ત્યાં બે વાગ્યે અમને સમાચાર મળ્યા કે બારડોલી ગામમાં સાત માણસો ફસાયા છે. માનનીય કલેકટરશ્રીનો સંપર્ક સાધ્યો. રાત્રે બે વાગ્યે વ્યવસ્થા કરીને સાતે સાત માણસોને કલેકટરશ્રીએ અને એમના તંત્રે ઉગાર્યા છે. એના સ્ટાફને અને તાલુકા પંચાયતના સ્ટાફને ખૂબ અભિનંદન આપું છું. આ એટલા માટે આપું છું કે, આ નદીઓમાં જે રીતે પૂર આવ્યા, ડિઝાસ્ટર મેનેજમેન્ટની ઑફિસ કયાં છે? એ મારે મહેસૂલ મંત્રીશ્રીને પૂછવું છે. આ એટલા માટે પૂછવું છે કે, તાલુકા કક્ષાએ, જિલ્લા કલેક્ટરમાં કે ડી.ડી.ઓ.માં વરસાદ કેટલો થાય છે એનો રિપોર્ટ આવે છે. અને આખા જિલ્લામાં પડતા વરસાદના રિપોર્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટની ઑફિસમાં આવતા હશે. એટલા માટે સાબરકાંઠામાં ઓછામાં ઓછા એક તાલુકામાં પાંચ ઈંચ વરસાદ હતો અને વધુમાં વધુ ૧૦ થી ૧૫ ઈંચ વરસાદ પડ્યો હતો. તો સાબરકાંઠાના ટોટલ તાલુકાઓમાં પડેલો વરસાદ કોને બરબાદ કરી નાખશે એની માહિતી જો ડિઝાસ્ટર મેનેજમેન્ટ પાસે હોત તો આજે અમારા ૧૭ ગામોની જે તારાજી થઈ છે, દોઢ, બાસન અને વડોદમાં જે પરિસ્થિતિ થઈ એ ન થઈ હોત. પ્રભારી મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ ગામોની મુલાકાત લો. ગોરધનભાઈએ વાત કરી એ અગત્યની છે. ખેડૂતોની જમીન હતી એના નદીના આખા પટ બની ગયા. ૧૦-૧૦ ફૂટ રેતીના થર જામી ગયા. આજ પરિસ્થિતિ ગયા વર્ષે બની ત્યારે અમારા વિઠ્ઠલભાઈ સોમાભાઈ પટેલ, મોટી બાસન ૧.૯૦ લાખનો ખર્ચ કર્યો એની સામે માત્ર ૭૫૦૦ આપી શક્યા. આજે એ જ જમીનમાં પાંચ લાખ કરતાં વધારે ખર્ચ કરે તો પણ એનું કામ થઈ શકે એમ નથી ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે સ્પેશિયલ પૅકેજ બનાવ્યું છે એનાથી પણ વ્યવસ્થિત વ્યવસ્થા કરી, આવા ગામોને આઈડેન્ટીફાઈ કરી ૧૦-૧૦ ફૂટ રેતીના થર બાજી ગયા છે એની કાંઈક વ્યવસ્થા થાય એવું કરો એવી વિનંતી છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માલજીભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વરસાદ એ આપણા હાથની વાત નથી. વરસાદના કારણે નુકસાન થયું એ હકીકતની વાત છે. પરંતુ ગુજરાતના સદ્‌નસીબ છે કે બે વર્ષ સારો વરસાદ અને એક વર્ષ દુષ્કાળ એ સાઈકલ ચાલે છે એમાંથી બહાર આવીને છેલ્લા પાંચ વર્ષથી સતત સારો વરસાદ થઈ રહ્યો છે. આ રાજ્ય સરકારની નિષ્ઠાપૂર્વકની કામગીરી અને વંચિતોના વિકાસ અને વંચિતોના ઉદ્ધાર માટે કુદરત સહમત હોય એ રીતે વરસાદ આવ્યો. વરસાદની ભયાનકતા એટલી બધી મોટી હતી કે આ પૂરમાં ઘણા લોકો ભોગ બન્યા. જેના કારણે ખેડૂતોના ખેતરોને નુકસાન થયું. ગરીબ અને દલિતોના ઝુંપડાઓને નુકસાન થયું. ઘર-વખરી અને અનાજ વગેરે પલળી ગયા. ચેકડેમો, વિયરો અને રસ્તાઓને પણ મોટા પાયે નુકસાન થયું. મારા મત વિસ્તારના શાપુર, કણજા, કેશોદ તાલુકાના બામણસા ઘેડ વિસ્તારમાં વ્યાપક નુકસાન થયું છે. આ પૂરમાં અમે પોતે ફસાયેલા હતા. અમે જ્યારે ગાંધીનગર વાત કરી ત્યારે અમારા પ્રભારી મંત્રી માનનીયશ્રી રતિભાઈ અને અમારા પ્રભારી સચિવ માનનીય હરીભાઈ પટેલ રાતોરાત ત્યાં પહોંચ્યા. પૂરની કામગીરીમાં એમણે સતત દેખરેખ રાખીને ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી પણ કરી. પાણી પુરવઠા વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી, રસ્તાઓ બંધ થઈ ગયા હતા, ટેલિફોન અને મોબાઈલ ચાલતા ન હતા. આવા સંજોગોમાં આપણા વહિવટી તંત્રે કામ કરીને રસ્તાઓ પુન: સ્થાપિત કર્યા. જે કેટલાક કોઝ-વે તુટી ગયા હતા એ સ્થાપિત કરી પાણી પુરવઠા દ્વારા પાણીના ટૅન્કર પહોંચાડ્યા. ૧૨ કલાકમાં પી.જી.ડી.સી.ની લાઈન ૩૬ થી ૪૮ કલાકમાં બધા ગામોને પહોંચાડી શક્યા છે એના માટે તંત્રને ધન્યવાદ આપીશ. પણ સાથોસાથ એ વાત કરવી છે કે શાપુરમાં ૨૦ વર્ષમાં આવા ત્રણ બનાવો બન્યા છે. એમાં એક રેલવેના કારણે આપણે માટે મોટી બાધા ઊભી થઈ છે. (અંતરાય) ૧૫ દિવસ રેલવેનો વ્યવહાર ખોરવાઈ ગયો છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માલજીભાઈ દેસાઈ પ્રસ્તાવ લઈને આવ્યા છે એ પ્રસ્તાવનું હાર્દ સમજાય એવું છે કે, તાજેતરમાં રાજ્યમાં પડેલા ભારે વરસાદના કારણે ડૅમો છલકાતાં તેમાંથી અચાનક પાણી છોડવાથી હજારોની સંખ્યામાં માનવીઓએ હિજરત કરવી પડી છે અને જાન-માલને નુકસાન થયું છે. આપના મારફત માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે કુદરતી આફત આવે એને આપણે રોકી શકતા નથી. પરંતુ આફત આવવાની છે એની ખબર પડે ત્યારે આપ જાગૃતિ રાખી શકો છો. એમાં જો તંત્રએ બેકાળજી રાખી હોય તો એની તપાસ કરો એવી વિનંતી છે. ગયા વખતે પાણી ન છોડવાના કારણે અને આ વખતે પાણી છોડવાના કારણે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આ પૂરનું વાતાવરણ સર્જન એટલા માટે કે મારા વિસ્તારના થ્રોળની અંદર કામ ઉપર આવેલા લોકો ડેમમાંથી પાણી છોડવાના કારણે સાત માનવીઓના જીવ મૃત્યુ પામે. રાપર વિસ્તારના લોકો થ્રોળની અંદર કામ કરવા આવેલા, એમને કોઈ જાણ ના થઈ તેના કારણે બન્યું, બેકાળજીના કારણે બન્યું. મહેસૂલતંત્રમાં લાગણીશીલતા હોવી જોઈએ. આપણે ત્યાં મહેસૂલતંત્ર જ્યારથી થયું છે ત્યારથી પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુ:ખે દુ:ખી થવાનું, આ મહેસૂલતંત્રના એથીકસમાં એના સિદ્ધાંતોની અંદર પ્રાધાન્યપણું છે. કલેમીટીઝની અંદર આપણી સહાય આપવાના ધોરણોની વારંવાર મૂલવણી કરી છે. ૨૦૦૬માં જો ધોરણો સુધારવામાં આવ્યા હોય તો એનો અમલ કરવો જોઈએ નહિ તો ૧૯૯૭ની અંદર આત્મારામ કાકા મહેસૂલમંત્રી હતા અને ત્યારે એમણે જે સુધારો કરેલો એની અંદર પશુને માટે જે પૂરમાં તણાય જાય એને રાહત આપવાના ધોરણ સુધારેલા અને એમાં ઘેટાં-બકરાંના ૩૦૦ રૂપિયા આપવાના હતા અને કોઈ મર્યાદા નહોતી રાખવામાં આવેલી. માલધારીની પાસે ઘેટાંનું મોટું વાગ હોય એ તમામને બદલે માત્ર ૧૦ જીવોને જ એ સહાય આપો, એના બદલે એની સંખ્યા નિર્ધારિત કરીને, એની ખાતરી કરીને સહાય આપવામાં આવે એ જરૂરી છે. કલેમીટીઝની અંદર આપણી પાસે પુષ્કળ પૈસા પડેલા છે. ૧૨માં નાણાપંચ પાસે તમે રજૂઆત કરેલી એના કારણે કલેમીટીઝ ઉપરનું વ્યાજ ચૂકવીએ છીએ એની અંદર રાજ્ય સરકારે ૧૨માં નાણાપંચમાંથી આપણે કેન્દ્ર સરકાર તરફથી વિશેષ રકમ આપવામાં આવે છે ત્યારે માનવીય અભિગમ કરીને માલજીભાઈના પ્રસ્તાવની અંદર જે રજૂઆત છે એને સમર્થન આપું છું. ડિઝાસ્ટમેનેજમેન્ટ અથોરિટીની ચર્ચા આપણે અત્યારે નહિ કરીએ. ગયા વખતે અને આ વખતે એમ બંને વખતે ટીકાઓ થઈ છે.

**અધ્યક્ષશ્રી** : ચાલો, કૌશિકભાઈ.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : આ ગૃહના આદરણીય વડિલ ધારાસભ્યશ્રી માલજીભાઈ છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઈને આવ્યા છે. જુલાઈ મહિનામાં પહેલી, બીજી અને ત્રીજી તારીખે ગુજરાતની અંદર એક વરસાદની હેલી આવી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નથી ટાઈમ, પ્લીઝ ટાઈમ જુઓ.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આદરણીય માલજીભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એની અંદર લગભગ ૧૨ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ એમના વિચારો રજૂ કર્યા છે. કેટલાક ધારાસભ્યશ્રીઓએ આ કુદરતી આફતમાં રાજ્ય સરકાર અને વિવિધ સંસ્થાઓ દ્વારા જે કામગીરી થઈ છે એને બિરદાવવાની વાત કરી છે. કેટલાક માનનીય ધારાસભ્યશ્રીઓએ કયાંક આ ફલોરનો ઉપયોગ ટીકા કરવા માટે પણ કર્યો છે અને કેટલાક ધારાસભ્યશ્રીઓએ પ્રભાવી સૂચનો કર્યા છે એ તમામનો હું આભાર માનું છું. વિભાગના વડા તરીકે આ જે વરસાદની હેલી જુલાઈ મહિનામાં પહેલી, બીજી અને ત્રીજી તારીખે ટૂંકા સમયની અંદર ગુજરાતમાં સીઝનનો વરસાદ જોઈએ એનો ૬૦ ટકા વરસાદ ૩ દિવસમાં થઈ ગયો. કદાચ ભૂતકાળમાં કયારેય આટલો વરસાદ પડ્યો ના હોય એટલી માત્રા, એની તીવ્રતા અને વરસાદની વ્યાપકતાના કારણે ટૂંકા સમયમાં કેટલી વખતે જે વ્યવસ્થા છે એ કયાંક ડિસ્ટર્બ થતી હોય છે પણ લાંબા ગાળે જે પાણી આવે છે એનો ખૂબ મોટો લાભ ભવિષ્યમાં મળતો હોય છે. ભૂતકાળમાં એવું હતું કે ગુજરાતની અંદર વરસાદ લાવવા માટે યજ્ઞો કરવા પડે, એના માટે લોકોને ઉપવાસ કરવા પડતા હતાં. આપણે ત્યાં ગુજરાતમાં વરસાદ આવે એ નીતિ અને નિષ્ઠા હોય તો કુદરત પણ મદદ કરતી હોય છે. સતત પાંચ વર્ષ ગુજરાતની અંદર ૧૦૦ વર્ષના ઈતિહાસમાં વરસાદ આવ્યો છે, આટલી માત્રામાં વરસાદ આવવાના કારણે કયાંક ટૂંકા સમયમાં આપત્તિનો પણ સામનો કરવો પડ્યો છે પણ રાજ્ય સરકારનો સવાલ છે ત્યાં સુધી આપત્તિના સમયની અંદર રાજ્ય સરકારનું પહેલ વહેલું કામ બચાવવાનું હોય છે. બચાવની કામગીરીની અંદર ૧૫૦૦ લોકોને આપણે સાચા અર્થમાં તાત્કાલિક એમને બચાવવા પડે એવી પરિસ્થિતિમાંથી, ૧૫૦૦થી વધારે લોકોને આ રાજય સરકારનું તંત્ર, ત્યાંનું સ્થાનિક તંત્ર, કર્મચારીઓ અને એન.જી.ઓ., સંસ્થાઓ ધ્વારા જે કામગીરી થઈ છે એ સરકાર તરફથી તમામને હું અભિનંદન આપું છું, તમામનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના કેટલા બધા ધારાસભ્યશ્રીઓના મને કંટ્રોલ રૂમમાં બેસીએ ત્યારે મને ફોન આવ્યા છે એ ફોન આવ્યા પછી એમની જે કાંઈ વિગતો હોય એ વિગતોના આધારે રેસ્કયુની જવાબદારી, બચાવની કામગીરી થઈ, વળતા ફોન પણ આવ્યા છે કે, આ કામગીરી થઈ છે. આ ફ્લોરમાં જે કહેવું હોય એ કહે પણ આ ગુજરાત જ નહીં પણ આખો દેશ સાક્ષી છે કે, ગુજરાત સરકારનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ આપત્તિના સમયમાં જે સમયે કામગીરી કરી હોય એમાં કયાંય ઊણું ઉતર્યુ નથી એ આખો દેશ સાક્ષી છે. માનનીય અધ્યક્ષશ્રી, ડિઝાસ્ટર મેનેજમેન્ટની જેમ બચાવની કામગીરી કરી એમાં રિલીફની વાત, વધારે સમય નહીં લઉં બધાનો પણ

આ સભાગૃહના ધારાસભ્યશ્રીઓનો જે મુળ હાર્દ હતો, હું ટીકાટીપ્પણ નહીં કરું પણ પૅકેજની વાત માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્ય મંત્રીશ્રીનો હું આભાર માનું છું કે, જ્યારે એ વિદેશ હતા ત્યારે પણ દિવસમાં ચાર-ચાર વાર આટલા બીઝી શિડ્યુલમાં પણ વિદેશથી તમામ મંત્રીશ્રીઓ સાથે, સિનિયર અધિકારીઓ સાથે દિવસમાં ચાર-પાંચ વાર ટેલિફોનથી ગુજરાતની અદ્યતન પરિસ્થિતિથી વાકેફ રહીને જરૂરી માર્ગદર્શન અમને આપતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, મારે ટીકા કરવી નથી, કેન્દ્ર સરકાર પૈસાની વાતમાં તો કહેવું જ પડે કે, સરકારને પૈસા નથી આપતા. સી.આર.એફ.ની વાત કરી અહીંયા ધારાસભ્યશ્રીઓએ ઓછા પૈસા પડે છે, પૈસા નથી આપતા. આ હાઉસમાં મેં વખતો વખત કીધું છે કે, સી.આર.એફ.ના જે પૈસા છે એના સિવાય કેન્દ્ર સરકાર ૫૦૦-૫૦૦ કરોડ રૂપિયાની જાહેરાત થઈ છે, ત્રણ વર્ષથી એક પણ પૈસો સી.આર.એફ સિવાય એક પણ આજે પણ ગુજરાતને મળ્યો નથી. એક પણ વધારાનો પૈસો નથી મળ્યો. એ હક્કના પૈસા છે. ( અંતરાય) ગોવાભાઈ બેસો હું કહું છું, માનનીય અધ્યક્ષશ્રી, અમે જે કર્યુ એ કહું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું ટીકા કરવા નથી માગતો પણ વાસ્તવિકતા કહેવી પડે આ સભાગૃહને કે રાજય સરકારે શું શું નિર્ણયો લીધા. માનનીય અધ્યક્ષશ્રી, હું અભિનંદન આપું છું માનનીય મુખ્ય મંત્રીશ્રીને જેવા વિદેશથી એર પૉર્ટ આવ્યા, મૃત્યું સહાય ૫૦,૦૦૦/- રૂપિયા આપતા હતા, ભૂતકાળમાં એમના સમયમાં ૨૫,૦૦૦/- રૂપિયા આપતા હતા, ૨૫,૦૦૦/-ના ૫૦,૦૦૦/- મૃત્યું સહાય ભારતીય જનતા પાર્ટીની સરકારે જ કર્યા છે અને ૫૦,૦૦૦/-માંથી લાખ રૂપિયા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈએ એ વખતે એર પૉર્ટ ઉપર જાહેરાત કરી છે. પશુ મૃત્યું સહાયની વાત, આજ સરકારે ૨૦૦૫માં મૃત્યું સહાયના ધોરણો જૂના હતા એ સુધારીને હમણાં બે વર્ષ પહેલાં મૃત્યું સહાયમાં પણ વધારો કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં ગઈ સાલ ૨૦૦૬માં કૃષિનો જયા સુધી સવાલ છે ત્યાં સુધી સી.આર.એફ.માં નોર્મસ નહતા કૃષિના. સી.આર.એફમાં કૃષિ માટેના નોર્મસ નથી એવા બે નોમર્સ ઉમેર્યા રાજય સરકારે. ઊભા પાકને નુકસાન હોય, જમીન ધોવાણ થઈ હોય એ બધા નોમર્સ તો હતા પણ મોટર અને ઇલેક્ટ્રિક સાધનોને પંપ સાધનોને જે નુકસાન થયું હોય એ નહતું. આ રાજય સરકારે એનો પણ ગઈ સાલના પૅકેજમાં સમાવેશ કર્યો એટલે માનનીય અધ્યક્ષશ્રી, સી.આર.એફ.માંથી મળે કે, ના મળે, સી.આર.એફ.ના નોમર્સ સુધરે કે ના સુધરે, સતત ત્રણ વર્ષથી સીઆરએફના નોર્મસ સુધારવા માટે આ રાજય સરકાર કેન્દ્રને લખે છે, તમારી જાણ માટે અઠવાડિયા પહેલાં ભારત સરકારના સીઆરએફના નોર્મસ સુધારીને આવ્યા, કે નોમર્સમાં આજે પણ માનનીય ધારાસભ્યશ્રીઓએ જે રજૂઆત કરી છે એટલા નોમર્સ પણ સુધર્યા નથી. આ રાજયસરકાર ઘરવખરીની વાત થઈ માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૫૦/-, સી.આર.એફના ભૂતકાળના નોમર્સ કેટલા હતા? ૧,૦૦૦/- રૂપિયા જ હતા. તો પણ રાજય સરકાર ૨૫૦/- રૂપિયા ઉમેરીને સી.આર.એફ.માં ના મળે તો પણ એની પરવા કર્યા વગર રાજય સરકારના બજૅટમાંથી પૈસા આપીને ૨૫૦/- રૂપિયા વધારે કરીને ૧૨૫૦/- રૂપિયા કર્યા. માનનીય અધ્યક્ષશ્રી, સી.આર.એફ. ના નોમર્સ આ વખતે સુધરીને આવ્યા છે. મકાન સહાય કેટલી છે ખબર છે? આ રાજય સરકાર છેલ્લા ત્રણ વર્ષથી મકાન સહાયમાં કાચું-પાકું ઝૂંપડું હોય તો અપ ટુ ૨૫,૦૦૦/- અને પાકું મકાન હોય તો અપ ટુ ૫૦,૦૦૦/- નુકસાનીના આધારે માનનીય અધ્યક્ષશ્રી, આ સી.આર.એફ.ના નોમર્સ સુધરીને આવ્યા તે ૧૫,૦૦૦/- થી વધારે નથી. નવા સીઆરએફના નોમર્સની વાત કરું છું તેમ છતાં પણ છેલ્લા ચાર વર્ષથી રાજયસરકાર આ વધારે ચૂકવે છે નુકસાનના, એટલે વખતો વખત રાજયસરકારે સીઆરએફના નોમર્સને ધ્યાને નથી રાખ્યા પણ આ ધારાસભ્યશ્રીઓની જે લાગણી એ ધારાસભ્યશ્રીઓએ જે લાગણી વ્યક્ત કરી કે આ માનવતાનો સવાલ છે, કુદરતી આપત્તિમાં જેને સહન કરવું પડ્યું છે, એનો સવાલ છે એને ધ્યાનમાં રાખીને રાજય સરકાર વખતોવખત આ પેકેજની અંદર વધારો કરીને મદદરૂપ થવાનો પ્રયાસ કરે છે. જે ૨-૪ સૂચનો અહીં કર્યા છે આ વખતે પણ જે કહ્યું દંડકે વાત કરી કે ૧૦ કરોડ વધારે છે. હું સભાગૃહના ધારાસભ્યોને કહીશ કે સરકારની પહેલી કામગીરી બચાવની હોય, બીજી કામગીરી રિલીફની હોય. રિલીફમાં કેશડોલ્સ, ઘરવખરી અને મકાન સહાયનું સરવે ચાલતું હોય એટલે બધા રૂપિયા વપરાઈ ન જાય. ૧૦ કરોડ વપરાયા છે એ ફકત કેશડોલ્સ ઘરવખરીના અપાયા છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા આ સભાગૃહને જણાવું છું કે ભારે વરસાદથી અસરગ્રસ્તો પૈકી ૩૨૦૧૮૬ વ્યકિતઓને ૧૫૯૮૩૧૮૩કરોડ ચૂકવ્યા. ઉલાખ લોકોને દ ારવખરી પેટે ૫૫૩૩૨ કુટુંબને ૬૬૭૬૯૮૦૫ ચૂકવ્યા છે. મકાનને નુકસાન થયું છે એમાં ૧૫૧૬૧ યુનીટને ૩૧૪૬૮૬૪૨ આપ્યા. અહીં પશુની વાત કરી ગોવાભાઈએ. પશુના મૃત્યુનો આંકડો આવ્યો છે ૨૦૦૫માં ધોરણ સુધાર્યા છે. ૮૫૦૭ પશુના મૃત્યુ નોંધાયા છે એમાં ૫૧૩૯ની પશુઓને સહાય ચૂકવાય છે એ સહાય ચૂકવાઈ છે. એટલે સમયસર જે પ્રમાણે આપત્તિ આવ્યા પછી રાજય સરકારે હું તો બીજા વિભાગોને પણ અભિનંદન આપું છું. વીજળી વિભાગ, કૃષિ વિભાગનો એમણે સરવે કર્યો. આરોગ્ય વિભાગનો પણ આભાર માનું છું. ભૂતકાળમાં ગઈસાલ સુરતમાં પુર આવ્યું એટલે મરી ગયા એવી બૂમો પાડી. સફાઈ થઈ એટલે રોગચાળો આવશે. આ સરકારની કામગીરી સાથે આખું ગુજરાત ગૌરવ લઈ શકે તેમ છે કે આટલી મોટી આપત્તિ આવ્યા પછી પણ ગઈસાલ સુરત હોય કે બીજા જિલ્લા આ સાલ પણ ૨-૩ દિવસમાં સફાઈ કામ થઈ ગયું. વરસાદ આવ્યા ૭-૮ દિવસ થઈ ગયા પણ ગુજરાતમાં કયાંય રોગચાળો થયો હોય એવું નોંધાયું નથી. આ કામગીરી રાજય સરકાર, રાજય સરકારના લોક, પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવી છે. કુદરતી આફતમાંથી બહાર નીકળ્યા છીએ આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે આપણને વારંવાર સારુ પાણી મળે પણ પાણીને સહન કરવાની તાકાત આપે અને

આવો જયારે જયારે સમય આવે ત્યારે આપણે સૌ સાથે મળીને સરકારી તંત્ર, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સામાજિક સંસ્થાઓ આપત્તિ સામે લડવાનો આપણો સ્વભાવ છે એ પ્રમાણે ભવિષ્યમાં આવું બને તો આપણે ભેગા મળીને આપત્તિનો સામનો કરીશું અને જે લોકોને સહન કરવાનું આવ્યું છે રાજય સરકાર વખતોવખત એના ધોરણમાં ઉદાર રહીને સહાય કરે છે અને કરતી રહેશે એની ખાતરી આપું છું. આવનારા દિવસોમાં જે સૂચન આવ્યા છે એ જરૂર લાગશે ત્યારે અમલ કરીશું. ફરીથી સહુનો આભાર. છેલ્લા દિવસનો પ્રસ્તાવ પણ આ ગૃહના વડીલ ધારાસભ્યશ્રી માલજીભાઈ લઈને આવ્યા છે અને એક તંદુરસ્ત ચર્ચા છેલ્લા દિવસે કે આવનારા દિવસોમાં કુદરતી આપત્તિ સામે સરકાર અને આપણે સાથે મળીને એનો સામનો કરીએ.

અધ્યક્ષશ્રી : અહીં ચર્ચા પૂરી થાય છે.

ઈન્ચાર્જ સચિવશ્રી: માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમિયાન મળ્યા છે પણ સમયના અભાવે સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી તેવા ૮૪ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭ :ક: અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું."

અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

# અતારાંકિત પ્રશ્નો

## નિયમ-૮૭ (ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | શ્રી કાળુભાઈ વિરાણી | ૭૯૪૬ | ૧ |
| ૨. | શ્રી કુંવરજીભાઈ બાવળીયા | ૭૯૪૮, ૮૨૦૧, ૮૨૧૧, ૮૨૩૪, ૮૨૩૫, ૮૨૩૬, ૮૨૪૧, ૮૨૪૭, ૮૨૫૮, ૮૨૫૯, ૮૨૭૫, ૮૨૮૪, ૮૨૮૫, ૮૨૮૬, ૮૩૩૧ | ૧૫ |
| ૩. | શ્રી ગોતમભાઈ ઝાલા | ૮૧૦૮, ૮૧૦૯ | ૦૨ |
| ૪. | શ્રી જેસાભાઈ બારડ | ૭૯૩૨, ૭૯૪૧ | ૦૨ |
| ૫. | શ્રી ટપુભાઈ લીંબાસીયા | ૮૦૫૦ | ૦૧ |
| ૬. | શ્રી દોલતભાઈ પરમાર | ૭૯૫૯ | ૦૧ |
| ૭. | શ્રી ધનસુખભાઈ પટેલ | ૭૯૫૭ | ૦૧ |
| ૮. | શ્રી ધીરૂભાઈ ગજેરા | ૭૯૧૫, ૭૯૬૧, ૭૯૬૬, ૭૯૯૮, ૮૦૦૧ | ૦૫ |
| ૯. | શ્રી નટવરસિંહ ઠાકોર | ૮૧૦૫, ૮૧૦૬, ૮૧૨૭, ૮૧૩૦, ૮૧૩૧ | ૦૫ |
| ૧૦. | શ્રી પુંજાભાઈ વંશ | ૭૩૫૩, ૭૯૧૯ | ૦૨ |
| ૧૧. | શ્રી પોપટભાઈ જીંજરીયા | ૭૯૩૬ | ૦૧ |
| ૧૨. | શ્રી પ્રાગજીભાઈ પટેલ | ૭૯૨૪ | ૦૧ |
| ૧૩. | શ્રી બલવંતસિંહ રાજપૂત | ૭૯૩૩, ૮૦૮૮, ૮૦૯૬, ૮૧૦૦, ૮૧૦૧ | ૦૫ |
| ૧૪. | શ્રી ભાવીનભાઈ શેઠ | ૭૯૮૦, ૭૯૮૩, ૭૯૮૪, ૭૯૮૫, ૭૯૮૬, ૭૯૯૨, ૭૯૯૩, ૭૯૯૪, ૮૦૦૩, ૮૦૧૮, ૮૦૨૩, ૮૦૩૫, ૮૦૩૬, ૮૦૩૮, ૮૦૩૯, ૮૦૪૨, ૮૦૪૩, ૮૦૫૯, ૮૦૮૭ | ૧૯ |
| ૧૫. | શ્રીમતી માયાબેન કોડનાની | ૭૯૨૫ | ૦૧ |
| ૧૬. | શ્રી માધુભાઈ ભોયે | ૭૯૨૭, ૭૯૩૭ | ૦૨ |
| ૧૭. | શ્રી મુકેશભાઈ ગઢવી | ૭૯૨૬ | ૦૧ |
| ૧૮. | શ્રી મોહનભાઈ ઢોડિયા | ૭૯૭૮, ૭૯૮૯, ૮૦૦૨, ૮૦૨૬, ૮૦૨૭, ૮૦૬૦, ૮૦૬૪, ૮૦૬૬, ૮૦૭૬, ૮૦૭૭, ૮૦૭૮, ૮૦૭૯, ૮૦૮૨, ૮૦૮૩, ૮૦૮૪ | ૧૫ |
| ૧૯. | શ્રીમતી રશીદાબેન પટેલ | ૭૯૫૧ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૦. | શ્રી રણછોડભાઈ ફળદુ | ૭૯૫૪ | ૦૧ |
| ૨૧. | શ્રી રાકેશભાઈ રાવ | ૭૯૪૦ | ૦૧ |
| ૨૨ | શ્રી હીરાભાઈ સોલંકી | ૭૯૩૯ | ૦૧ |

**સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં થયેલ પ્રશ્નોના નિકાલ અંગે**

અતારાંક્તિ ૮૧૦૫ (૬-૬-૦૭) **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે-

(૧) માનનીય મુખ્ય મંત્રીશ્રીએ માર્ચ-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલીવાર ફરિયાદ નિવારણ સ્વાગત ઓન લાઈન કાર્યક્રમમાં હાજરી આપી અને કટેલા પ્રશ્નો ફરિયાદીઓના સાંભળ્યા,

(૨) કેટલા પ્રશ્નોનું સ્થળ ઉપર નિરાકરણ કર્યુ,

(૩) કેટલા પ્રશ્નોનું માનનીય મુખ્ય મંત્રીશ્રીએ નિર્ણય લીધેલ હોવા છતાં સરકારમાં પેન્ડીંગ છે,

(૪) કુલ કેટલા કેસ આવ્યા, અને

(૫) તેમાં હાલ કેટલા કેસ પડતર છે?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૨૦-૭-૦૭) :

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રતિનિધિ મંત્રીશ્રીઓએ ઉક્ત સમયગાળા દરમ્યાન સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણના ૨૩ કાર્યક્રમોમાં હાજરી આપી. જેમાં ફરિયાદીના ૨૭૫ પ્રશ્નો સાંભળ્યા.

(૨) ૨૭૫

(૩) શૂન્ય.

(૪) જિલ્લા કક્ષાના કેસો મળી કુલ ૨૨૧૪૪ કેસો આવ્યા,

(૫) તેમાંથી હાલ ફક્ત ૧૩૯૦ કેસો પડતર છે.

----------------

**મુખ્ય મંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ હેલીકોપ્ટરનો ઉપયોગ**

અતારાંક્તિ ૮૧૦૬ (૬-૬-૦૭)**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે-

(૧) માનનીય મુખ્ય મંત્રીશ્રીએ તા. ૧૦-૫-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલીવાર ક્યા પ્રોગ્રામ હેઠળ હેલીકોપ્ટરનો ઉપયોગ કર્યો,

(૨) આ ઉપયોગ પાછળ વર્ષ પ્રમાણે કુલ કેટલો ખર્ચ થયો,

(૩) ભાડાથી અન્ય કોઈ હેલીકોપ્ટરનો ઉપયોગ કરેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો ક્યા પ્રકારના હેલીકોપ્ટરનો ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૧૭-૭-૦૭) :

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રીએ તા. ૧૦-૫-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુદા જુદા સરકારી કાર્યક્રમો હેઠળ હેલીકોપ્ટરનો કુલ ૮૮ વખત ઉપયોગ કરેલ છે.

(૨)

| વર્ષ | કેટલી વખત | કુલ ખર્ચ |
|---|---|---|
| ૧૧-૫-૨૦૦૫ થી ૧૦-૫-૨૦૦૬ | ૪૫ | રૂા. ૨૮,૫૯,૬૨૯/- |
| ૧૧-૫-૨૦૦૬ થી ૧૦-૫-૨૦૦૭ | ૪૩ | રૂા. ૩૯,૭૭,૬૧૨/- |

(૩) હા, જી.

(૪) નીચે મુજબના ત્રણ પ્રકારના હેલીકોપ્ટરનો ભાડેથી ઉપયોગ કરેલ છે.

(અ) એક્વેરેલ એ. સી. ટવીન એન્જીન હેલીકોપ્ટર.

(બ) બેલ-૨૦૬, બી-૩, સીંગલ એન્જીન ટર્બાઈન હેલીકોપ્ટર.

(ક) એક્વેરેલ એ.એસ. ૩૫૫ એન ટવીન એન્જીન ટર્બાઈન હેલીકોપ્ટર.

----------------

**રાજ્યના આઈ.એ.એસ. અધિકારીઓ સામે ચાલતી તપાસ**

અતારાંક્તિ ૮૧૩૦ (૧૨-૬-૦૭) **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં ફરજ બજાવતા કેટલા અને ક્યા આઈ.એ.એસ. અધિકારી ઉપર કેવા પ્રકારની તપાસો ક્યા લેવલે ચાલે છે,

(૨) આ આઈ.એ.એસ. અધિકારી હાલમાં ક્યાં ફરજો બજાવે છે,

(૩) ક્યા આઈ.એ.એસ. અધિકારીને દોષિત ઠેરવવામાં આવ્યા, અને

(૪) સરકારે આ બાબતે શાં પગલાં લીધાં ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૧૭-૭-૨૦૦૭) :

(૧) ૭ (સાત) આઈ.એ.એસ. અધિકારી, જે પૈકી ૩(ત્રણ) અગ્ર સચિવશ્રી કક્ષાના, ૩ (ત્રણ), સચિવશ્રી કક્ષાના અને ૧(એક) સંયુક્ત સચિવ કક્ષાના અધિકારીઓ સામે કુલ ૧૧ ખાતાકીક્ય તપાસો ચાલે છે. આ પૈકી ૮(આઠ) તપાસો ખાતાકીય તપાસ અધિકારી પાસે છે. ૨(બે) અધિકારીના બચાવનામાં હજુ સુધી મળેલ નથી. જ્યારે ૧(એક) અધિકારીનું બચાવનામું મળેલ છે, જે વિચારણા હેઠળ છે. આ ૭ (સાત) અધિકારીઓ સામે મોટી શિક્ષા માટેની ખાતાકીય તપાસ ચાલે છે.

(૨) આ ૭ આઈ.એ.એસ. અધિકારીઓ પૈકી ૬(છ) અધિકારીઓ હાલ રાજ્ય સરકાર હેઠળ ફરજ બજાવે છે, જ્યારે એક અધિકારી હાલ પ્રતિનિયુક્તિ પર ભારત સરકારમાંથી વિદેશ ખાતે ફરજ બજાવે છે.

(૩) ખાતાકીય તપાસ પૂર્ણ થયેલ ન હોઈ, હજુ સુધી કોઈ અધિકારીને દોષિત ઠેરવવામાં આવેલ નથી.

(૪) ખંડ (૩)ની વિગતોએ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**ગુજરાત રાજ્ય મહિલા આયોગના ઉપસચિવોની પેનલ**

અતારાંક્તિ ૮૧૩૧ (૧૧-૬-૦૭) **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે-

(૧) સામાન્ય વહીવટ વિભાગે ગુજરાત રાજ્ય મહિલા આયોગના ઉપસચિવોના નામોની પેનલ માટે વિભાગોમાં ક્યારે માગણી કરી,

(૨) પોતાની ઈચ્છા વ્યક્ત કરતા ઉપસચિવોની પેનલ બનાવ્યા પછી નિમણૂક નહીં કરવાના તથા વિલંબ થવાના શાં કારણો છે, અને,

(૩) આ અંગે ક્યારે નિર્ણય લેવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૧૨-૭-૨૦૦૭) :

(૧) તા. ૧-૧૨-૨૦૦૬ના રોજ.

(૨) પેનલ મોકલ્યા બાદ આયોગ તરફથી દરખાસ્ત ન મળવાથી.

(૩) અધિકારીના નામની પસંદગી બાબતે આયોગ તરફથી પ્રત્યુત્તર મળે, ત્યારબાદ અધિકારીની નિમણૂક અંગે વિચારણા થઈ શકશે.

**કૃષિ પેદાશોની નિકાસ**

અતારાંક્તિ ૭૯૨૫ (૧-૩-૦૭) **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાંથી કઈ કઈ કૃષિ પેદાશોનો અન્ય રાષ્ટ્રોમાં નિકાસ થયેલ છે,

(૨) કેટલી માત્રામાં નિકાસ થયો છે, અને

(૩) આ નિકાસથી કેટલી આવક થઈ છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૮-૭-૦૭) :

(૧) તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાંથી ડુંગળી, કેરી, કેળા, બટાકા, શાકભાજી અને મસાલા જેવી કૃષિ પેદાશોની અન્ય રાષ્ટ્રોમાં નિકાસ થયેલ છે,

(૨) વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં અંદાજીત ૬૨૧૭ ટન કૃષિ પેદાશોની નિકાસ થયેલ છે.

(૩) આશરે રૂા. ૧૪૪૮.૪૩ લાખની.

---------------

**ડાંગ જિલ્લામાં દુધ સહકારી મંડળીને આપવામાં આવેલ ગાયો**

અતારાંક્તિ ૭૯૨૭ (૩-૩-૦૭) **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ડાંગ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ દુધ સહકારી મંડળીના સભાસદોને કેટલી ગાયો આપવામાં આવી, અને

(૨) માસિક દુધ કટેલા લીટર સંપાદિત થાય છે?

**પશુપાલન મંત્રીશ્રી** (૧૮-૭-૦૭) :

(૧) ડાંગ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ દુધ સહકારી મંડળીના સભાસદોને કુલ ૪૧૫૭ ગાયો આપવામાં આવી,

(૨) માસિક કુલ ૮.૫૫ લાખ લીટર દુધ સંપાદિત થાય છે.

----------------

**દરીયામાં ઝેરી રસાયણોથી જીવ સૃષ્ટિનો નાશ**

અતારાંક્તિ ૮૦૧૮ (૧૪-૫-૦૭) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દ્વારકાના દરીયામાં ટાટા કેમીકલ્સ દ્વારા ઝેરી રસાયણો છોડવામાં આવતા માછલાં સહિત દરીયાઈ જીવ સૃષ્ટિ નાશ પામી રહી છે તે હકીકત સાચી છે, અને

(૨) માછલાં અને દરીયાઈ જીવ સૃષ્ટિને બચાવવા શું પગલાં લેવાયા છે?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (૧૩-૭-૦૭) :

(૧) ના, જી. હજુ સુધી મત્સ્યોદ્યોગ ખાતાની ક્ષેત્રિય કચેરીને આવી કોઈ ફરીયાદ મળેલ નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

**રાજ્યમાં ઉંટની સંખ્યા વધારવા આયોજન**

અતારાંક્તિ ૮૦૨૩ (૧-૬-૦૭) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ઉંચી વસતી આંક ધરાવતા ઉંટની હાલ ફક્ત ૫૦ હજાર સંખ્યા બચી છે અને ઉંટની પ્રજાતિ અને અસ્તિત્વ લુપ્ત થતુ જાય છે તે સરકાર જાણે છે,

(૨) ઉંટની ઉત્તરોતર વસતિ ઘટવાના શા કારણો છે, અને

(૩) ઉંટની વસતી ટકાવી રાખવા અને વસતિ વધારવા શું આયોજન થયું છે?

**પશુપાલન મંત્રીશ્રી** (૧૯-૭-૨૦૦૭) :

(૧) રાજ્યમાં પ્રથમ ૧૯૫૧ અને છેલ્લે ૨૦૦૩માં થયેલ પશુધન વસતિ ગણતરી મુજબ ઉંટની સંખ્યા અનુક્રમે ૩૬,૦૦૦ અને ૫૩,૨૪૬ નોંધાયેલ છે. આમ છેલ્લા ૫૨ (બાવન) વર્ષમાં ઉંટની સંખ્યામાં ૪૭ ટકા જેટલો વધારો નોંધાયેલ છે. આમ ઉંટની પ્રજાતિ અને અસ્તિત્વ લુપ્ત થતા જવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) રાજ્યમાં ઉંટની વસતિ વધારવા માટે રાજ્ય સરકાર હસ્તકનું એક ઉંટ ઉછેર(સંવર્ધન) કેન્દ્ર-ઢોરી જિ. કચ્છ કાર્યરત છે સદરહુ પ્રક્ષેત્ર ખાતે કચ્છી અને બિકાનેરી ઓલાદના ઉંટોનું સંવર્ધન કરવામાં આવે છે અને પ્રક્ષેત્ર ખાતેથી જરૂરતમંદ લાભાર્થીઓ ઉંટપાલકોને જાહેર હરાજીથી ઉંટ પૂરા પાડવામાં આવે છે.

---------------

## સુરત જિલ્લામાં ભૂમિ સંરક્ષણના કામો પાછળ ખર્ચ

અતારાંક્તિ ૮૦૭૮ (૧-૬-૦૭) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર અને ગામવાર ભૂમિ સંરક્ષણના કેટલા કામો કર્યા,

(૨) આ કામો પાછળ કામવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ કામો ક્યા ક્યા હતા?

**કૃષિ મંત્રીશ્રી** (૧૧-૭-૦૭) :

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં નીચે મુજબના કામો કરવામાં આવ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | કામગીરીનો પ્રકાર | ભોતિક કામગીરી હેક્ટર |
|---|---|---|---|
| ૧ | વ્યારા | જ.સં. કામગીરી | ૫૩૯-૯૨ |
| ૨ | વાલોડ | "" | ૧૭૧-૬૭ |
| ૩ | મહુવા | "" | ૨૩૯-૬૧ |
| ૪ | સોનગઢ | "" | ૪૫૮-૭૮ |
| ૫ | ઉચ્છલ | "" | ૨૦૭-૯૦ |
| ૬ | નિઝર | "" | ૧૬૬-૫૯ |
| ૭ | માંડવી | "" | ૫૦૩-૫૦ |
| ૮ | બારડોલી | "" | ૯૮-૧૧ |
| ૯ | પલસાણા | "" | ૨૯-૦૦ |
| ૧૦ | માંગરોલ | "" | ૪૨૬-૩૧ |
| ૧૧ | ઓલપાડ | "" | ૫૯-૮૮ |
| ૧૨ | ઉમરપાડા | "" | ૨૦૦-૬૪ |
| | | **એકંદર કુલ** | **૩૧૦૨-૨૧** |
| ગામવાર વિગતોનું પત્રક સામેલ છે. | | | |

(૨) આ કામો પાછળ રૂા. ૩૬૫.૨૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

(૩) જમીન સંરક્ષણના આ કામો ટેરેસીંગ અને ક્યારી ના હતા.

( *પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------------

## સુરત જિલ્લામાં કૃષિ માર્ગદર્શન શિબિરો

અતારાંક્તિ ૮૦૭૯ (૧-૬-૦૭) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧.૩.૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકા વાર ક્યાં ક્યાં, ક્યારે કૃષિ માર્ગદર્શન શિબિરો યોજવામાં આવેલ અને,

(૨) તે પૈકી દરેક શિબિર પાછળ કેટલો ખર્ચ કોના મારફતે કરવામાં આવેલ છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૮-૭-૨૦૦૭) :

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૩-૦૭ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષ ૨૦૦૫-૦૬ અને વર્ષ ૨૦૦૬-૦૭માં

અને યોજવામાં આવેલ કૃષિ માર્ગદર્શન શિબિરોની તાલુકાવાર, તારીખવાર વિગતો તેમજ દરેક શિબિર પાછળ થયેલ

(૨) ખર્ચની માહિતી દર્શાવતાં પત્રક-૧* અને પત્રક-૨* સામેલ છે.

* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

---------------

## સુરત જિલ્લામાં પશુઓના રોગચાળા માટે રસીકરણ

અતારાંક્તિ ૮૦૮૨ (૧-૬-૦૭) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૩-૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા અને ક્યા ક્યા પશુઓને વિવિધ રોગચાળા વિરૂધ્ધ માસવાર રસીકરણ કરવામાં આવ્યું,

(૨) રસીઓના જથ્થાના અભાવે ક્યા ક્યા તાલુકાના ક્યા ક્યા ગામમાં રસીકરણ થઇ શક્યું નથી,

(૩) રસીકરણ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, અને

(૪) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**પશુપાલન મંત્રીશ્રી** (૧૯-૭-૦૭) :

(૧) તા.૩૧-૩-૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકવાર માસવાર અને પશુઓની જાતવાર વિવિધ રોગચાળા વિરૂધ્ધ કરવામાં આવેલ રસીકરણની માહિતી દર્શાવતા તાલુકાવાર પત્રકો ૧ થી ૧૫ આ સાથે સામેલ છે. *

(૨) માંગણી મુજબની રસી સમય મર્યાદામાં મળેલ હોઇ આવો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પશુ જૈવિક સંસ્થા, ગાંધીનગર મારફતે વિના મૂલ્યે વિવિધ રસીઓ પૂરી પાડવામાં આવે છે. રસીકરણ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. વિના મૂલ્યે રસીકરણ કરવામાં આવે છે. ( એ. આર.વી. સિવાય)

(૪) વિવિધ રસીઓનો જથ્થો પશુ જૈવિક સંસ્થા ગાંધીનગર મારફતે વિના મૂલ્યે પૂરો પાડવામાં આવતો હોઇ ખર્ચની રકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

## સુરત જિલ્લામાં મત્સ્યોદ્યોગ માટે ફાળવેલ ગ્રાન્ટ

અતારાંક્તિ ૮૦૮૪ (૧-૬-૦૭) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લામાં તા. ૧.૧.૦૩ થી તા. ૩૧.૧.૦૭ સુધીમાં મત્સ્યોદ્યોગ પાછળ વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ક્યા ક્યા હેતુ માટે કેટલી ગ્રાન્ટ વપરાઇ અને ક્યા ક્યા ગામોએ કેટલી રકમ ચુકવાઇ,

(૩) આ અન્વયે કેટલી ગ્રાન્ટ વર્ષવાર વપરાયા વગરની હતી, અને

(૪) તેના કારણો શા છે ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (૧૭-૭-૦૭) :

(૧) નીચેની વિગતે વર્ષવાર ગ્રાન્ટ ફાળવવામાં આવી,

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૦૨-૦૩ (૧-૧-૦૩ થી ૩૧-૩-૦૩) ત્રણ માસ | ૪૯.૩૩ |
| ૨૦૦૩-૦૪ | ૮૮.૦૦ |
| ૨૦૦૪-૦૫ | ૧૦૩.૭૩ |
| ૨૦૦૫-૦૬ | ૯૨.૧૪ |
| ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧-૦૭ સુધી) | ૧૦૫.૯૫ |

(૨) પત્રક સામેલ છે. (પત્રક-૧) *

(૩) નીચેની વિગતે વર્ષવાર ગ્રાન્ટ વણવપરાયેલ રહી.

| વર્ષ | વણવપરાયેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૦૨-૦૩ (૧-૧-૦૩ થી ૩૧-૩-૦૩) ત્રણ માસ | -- |
| ૨૦૦૩-૦૪ | ૧૪.૮૮ |
| ૨૦૦૪-૦૫ | -- |
| ૨૦૦૫-૦૬ | ૦૫.૯૧ |
| ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧-૦૭ સુધી) | ૦૦.૧૮ |

(૪) કારણોની વિગતો વર્ષવાર પત્રક સામેલ છે. (પત્રક-૨) *

* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

---------------

## રાજ્યમાં ડીગ્રી વગરના પશુ ડૉક્ટરો

અતારાંક્તિ ૮૦૮૭ (૧-૬-૦૭) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ડીગ્રી વગરના તથા બનાવટી ડીગ્રીધારી પશુ ડૉક્ટરો ગ્રામ્ય વિસ્તારમાં પ્રેકટીસ કરી રહયા છે, તે હકીક્તથી સરકાર વાકેફ છે,

(૨) આવા ડૉક્ટરોથી બચવા પશુપાલન ખાતાએ જાહેરાતો પણ આપી છે., તે હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો આવા ડૉક્ટરોને શોધી કાઢી પકડી પાડવા શું આયોજન થયું છે, તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૧૮-૭-૦૭) :

(૧) હા જી

(૨) હા જી

(૩) પશુપાલન ખાતા તથા પશુચિક્ત્સિા પરિષદ દ્વારા જુદા જુદા દૈનિક પત્રમાં જાહેરાત આપી બનાવટી ડીગ્રીધારી પશું ડૉક્ટરો વિરૂધ્ધ ફરિયાદ નોંધવા જાહેરાત આપેલ છે. આ અંગેની જવાબદારી તમામ જીલ્લા પંચાયતના નાયબ પશુપાલન નિયામકશ્રીઓ તથા પશુચિક્ત્સિા પરિષદને સોંપવામાં આવેલ છે.

--------------

**શાહુકાર ધારાના લાયસન્સની મળેલ અરજીઓ**

અતારાંક્તિ ૮૨૩૫ (૮-૬-૦૭) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧.૩.૦૭ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન શાહુકાર ધારાના લાયસન્સ માટે સરકારને કેટલી અરજીઓ મળી,

(૨) તે પેકી વર્ષવાર કેટલા લાયસન્સ ઇસ્યુ કરવામાં આવ્યા, કેટલા ઇસ્યુ કરવાના બાકી છે,

(૩) લાયસન્સ ધારકોની ચકાસણી ક્યારે અને કોણે કરી, ગેરરીતી સબબ કેટલા પરવાના રદ કરવામાં આવ્યા, અને

(૪) શાહુકાર ધારા હેઠળ સરકારે આ સ્થિતિએ કેવા કડક પગલાં ભર્યા ?

**સહકાર મંત્રીશ્રી** (૧૯-૭-૦૭) :

(૧) રાજ્યમાં કુલ - ૨૫ જીલ્લાઓમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન શાહુકાર ધારાના લાયસન્સ માટે સરકારને કુલ - ૯,૬૪૮ અરજીઓ મળી. જેની વર્ષવાર વિગતો એનેક્ષર-એ પ્રમાણે છે.

(૨) તે પેકી ૨૫ જીલ્લાઓની વર્ષવાર વિગતો એનેક્ષર-બી અને સી પ્રમાણે નીચે મુજબ છે.

| વર્ષ | લાયસન્સ ઇસ્યુ કર્યા | ઇસ્યુ કરવાના બાકી |
|---|---|---|
| ૨૦૦૪-૨૦૦૫ | ૨૮૬૯ | ૬૮૨ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૩૨૨૩ | ૨૧૫ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૧૮૩૦ | ૧૩૨૪ |

(૩) રાજ્યના જિલ્લાઓના જે તે સંબંધિત મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (ધીરધાર) દ્વારા લાયસન્સ ધારકોની ચકાસણી કરવામાં આવે છે. જેમાં ગેરરીતી સબબ સને ૨૦૦૪-૨૦૦૫માં ૪૦, સને ૨૦૦૫-૨૦૦૬માં ૪૮ અને સને ૨૦૦૬-૨૦૦૭માં ૫ લાયસન્સના પરવાના રદ કરવામાં આવ્યા.

(૪) શાહુકાર ધારા હેઠળ લાયસન્સ ધારકોની સામે મુંબઇ શાહુકાર ધારા-૧૯૪૬ ની કલમ - ૨૫(૩) હેઠળ શાહુકારો દ્વારા કરતા ધિરાણો અંગે બનતા ગુના સબબ તેઓની સામે ખાતારાહે જરૂરી કામગીરી હાથ ધરી, જરૂરી કાર્યવાહી કરી, નિયત થયેલ દર કરતા વધારે વ્યાજ વસુલ કર્યાનું પુરવાર થાય તો મુંબઇ શાહુકાર ધારાની જોગવાઇ મુજબ તેવા શાહુકારો સામે કોર્ટમાં કેસો કરવામાં આવે છે.

**એનેક્ષર - એ**

| અ. નં. | જીલ્લાનું નામ | તા. ૩૧-૩-૦૫ | તા. ૩૧-૩-૦૬ | તા. ૩૧-૩-૦૭ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૧૩ | ૩૩૭ | ૨૯૬ |
| ૨ | ગાંધીનગર | ૭૯ | ૯૩ | ૨૮ |
| ૩ | વડોદરા | ૧૫૮ | ૩૦૩ | ૨૨૭ |
| ૪ | આણંદ | ૪૫ | ૯૮ | ૮૬ |
| ૫ | ભરુચ | ૮૮ | ૧૧૧ | ૫૧ |
| ૬ | નર્મદા | ૩૧ | ૨૫ | ૫૨ |
| ૭ | રાજકોટ | ૩૫૬ | ૩૮૮ | ૩૪૬ |
| ૮ | જામનગર | ૯૨ | ૧૧૬ | ૭૨ |
| ૯ | કચ્છ | ૫૨ | ૫૦ | ૫૪ |
| ૧૦ | જુનાગઢ | ૧૦૩ | ૯૩ | ૮૫ |
| ૧૧ | પોરબંદર | ૧૨ | ૯ | ૧૨ |
| ૧૨ | મહેસાણા | ૭૫ | ૬૯ | ૫૦ |
| ૧૩ | પાટણ | ૮ | ૯ | ૫ |
| ૧૪ | બનાસકાંઠા | ૪૨ | ૨૯ | ૨૮ |
| ૧૫ | સાબરકાંઠા | ૩૪ | ૫૩ | ૬૮ |
| ૧૬ | ખેડા | ૧૬૮ | ૧૭૨ | ૧૬૧ |
| ૧૭ | પંચમહાલ | ૧૫૬ | ૧૬૪ | ૧૫૭ |
| ૧૮ | દાહોદ | ૨૩૭ | ૨૭૩ | ૨૯૭ |
| ૧૯ | ભાવનગર | ૧૪૭ | ૧૫૫ | ૧૨૬ |
| ૨૦ | અમરેલી | ૪૨ | ૫૦ | ૪૭ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૧૯૫ | ૨૩૪ | ૨૦૯ |
| ૨૨ | સુરત | ૪૦૮ | ૪૨૯ | ૪૮૦ |
| ૨૩ | નવસારી | ૧૦૯ | ૧૦૯ | ૧૦૭ |
| ૨૪ | વલસાડ | ૭૦ | ૭૧ | ૯૭ |
| ૨૫ | આહવા ડાંગ | ૧૩ | ૧૩ | ૧૧ |
| | | **કુલ : ૩૦૩૩** | **૩૪૫૩** | **૩૧૬૨** |

**એનેક્ષર - બી**

| અ. ન. | જીલ્લાનું નામ | તા. ૩૧-૩-૦૫ | | | તા. ૩૧-૩-૦૬ | | | તા. ૩૧-૩-૦૭ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઇસ્યુ કરેલા | ઇસ્યુ બાકી | ઇસ્યુ દફતરે કરેલા | ઇસ્યુ કરેલા | ઇસ્યુ બાકી | ઇસ્યુ દફતરે કરેલા | ઇસ્યુ કરેલા | ઇસ્યુ બાકી | ઇસ્યુ દફતરે કરેલા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | અમદાવાદ | ૨૫૨ | ૫૦ | ૧૧ | ૨૩૮ | ૮૬ | ૧૩ | ૧૫૯ | ૧૩૩ | ૪ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ગાંધીનગર | ૬૮ | ૯ | ૨ | ૮૪ | ૫ | ૪ | ૨૪ | ૩ | ૧ |
| ૩ | વડોદરા | ૧૫૮ | -- | -- | ૩૦૩ | -- | -- | ૨૨૭ | -- | -- |
| ૪ | આણંદ | ૪૫ | -- | -- | ૯૮ | -- | -- | ૮૬ | -- | -- |
| ૫ | ભરૂચ | ૮૮ | -- | -- | ૧૧૧ | -- | -- | -- | -- | -- |
| ૬ | નર્મદા | ૩૧ | -- | -- | ૨૫ | -- | -- | -- | -- | -- |
| ૭ | રાજકોટ | ૩૪૫ | ૨૫ | ૨ | ૩૭૨ | ૨૯ | ૬ | ૨૦૩ | ૧૫૨ | ૨ |
| ૮ | જામનગર | ૮૫ | ૯ | ૩ | ૧૧૯ | ૬ | -- | ૪૦ | ૪૬ | -- |
| ૯ | કચ્છ | ૪૭ | ૭ | ૧ | ૫૭ | ૫ | ૧ | ૧૫ | ૪૨ | -- |
| ૧૦ | જુનાગઢ | ૧૦૭ | ૮ | -- | ૯૫ | ૧૩ | -- | ૩૦ | ૬૧ | -- |
| ૧૧ | પોરબંદર | ૧૩ | ૧ | -- | ૯ | ૧ | -- | ૧ | ૧૨ | -- |
| ૧૨ | મહેસાણા | ૬૯ | ૪ | ૨ | ૬૩ | ૩ | ૭ | ૪૦ | ૯ | ૧ |
| ૧૩ | પાટણ | ૭ | -- | ૧ | ૩ | ૬ | -- | ૪ | ૧ | -- |
| ૧૪ | બનાસકાંઠા | ૩૫ | ૬ | ૧ | ૨૬ | ૩ | -- | ૨૨ | ૬ | -- |
| ૧૫ | સાબરકાંઠા | ૨૯ | ૫ | -- | ૪૫ | ૪ | ૪ | ૫૩ | ૧૩ | ૨ |
| ૧૬ | ખેડા | ૧૬૪ | ૧૬૪ | ૪ | ૧૬૬ | ૬ | -- | -- | ૧૬૧ | -- |
| ૧૭ | પંચમહાલ | ૧૫૦ | ૧૫૦ | ૬ | ૧૫૮ | ૩ | -- | -- | ૧૫૭ | -- |
| ૧૮ | દાહોદ | ૨૩૪ | ૨૬૪ | ૩ | ૨૬૬ | ૭ | -- | ૩ | ૨૯૪ | -- |
| ૧૯ | ભાવનગર | ૧૪૦ | ૨ | ૫ | ૧૩૯ | ૧૫ | ૧ | ૧૧૨ | ૧૪ | -- |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૨૦ | અમરેલી | ૪૧ | ૧ | -- | ૫૦ | -- | -- | ૪૪ | ૩ | -- |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૧૮૮ | ૭ | -- | ૨૧૧ | ૨૩ | -- | ૯૫ | ૧૧૪ | -- |
| ૨૨ | સુરત | ૩૯૫ | -- | ૧૩ | ૪૦૬ | -- | ૨૩ | ૪૬૭ | -- | ૧૩ |
(૨) આ ચકાસણી કરતાં ભેળસેળ કરતાં ભેળસેળવાળા નમૂના માલુમ પડયા હોય તેનાં પર શાં પગલાં લેવામાં આવ્યા ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૨-૭-૨૦૦૭) :

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન સુરત જિલ્લાના કુલ-૧૪ અલગ અલગ તાલુકાઓમાંથી કુલ-૪૩૯ ખાદ્ય પદાર્થના નમૂનાઓ ચકાસણી માટે લેવામાં આવ્યા, જેની તાલુકાવાર તથા કેટેગરી મુજબ માહિતી આ સાથેના પત્રક (અ) માં સામેલ છે. તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લાના કુલ-૧૪ અલગ અલગ તાલુકાઓમાંથી કુલ-૧૬૧ ઓષધના નમૂના લેવામાં આવેલ જેની તાલુકાવાર માહિતી આ સાથેના પત્રક (ગ)માં સામેલ છે.

(૨) લેવામાં આવેલ ખાદ્ય પદાર્થના નમૂનાઓ પેકીના કુલ-૧૦ નમૂના ભેળસેળવાળા માલુમ પડેલ તે પેકીના ૫ નમૂનાઓના જવાબદાર ઈસમો સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરેલ છે, અને બાકીનાઓ સામે કોર્ટ કેસ કરવાની કાર્યવાહી ચાલુ છે. જેની વિગતવાર માહિતી આ સાથેના પત્રક (બ)માં સામેલ છે.

લેવામાં આવેલ કુલ ૧૬૧ ઓષધના નમૂનાઓ પેકીના કુલ-૧૯ નમૂના અપ્રમાણસર જાહેર થયેલ તે પેકીના ૨ નમૂનાઓના ઉત્પાદક ગુજરાતના હોવાથી ૧ ઉત્પાદક પેઢીનો પરવાનો સ્થગિત કરેલ છે. અને એક ઉત્પાદક પેઢીને કારણદર્શક નોટીસ પાઠવેલ છે, જ્યારે ૧૯ પેકીના ૧૭ નમૂનાઓ ઉત્પાદકો અન્ય રાજ્યના હોવાથી ઉત્પાદક પેઢી સામે પગલાં લેવા માટે જે તે રાજ્યના ડ્રગ્સ કન્ટ્રોલરને જાણ કરવામાં આવેલ છે.

## પત્રક-અ

## તારીખ ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન સુરત જિલ્લાના તાલુકાવાર લીધેલ ખાદ્ય નમૂનાની માહિતી

| અ. નં | નમૂનાની કેટગરી | ચોર્યાસી તાલુકો | ઓલપાડ તાલુકો | કામરેજ તાલુકો | વાલોડ તાલુકો | બારડોલી તાલુકો | પલસાણા તાલુકો | માંગરોળ તાલુકો | મહુવા તાલુકો | વ્યારા તાલુકો | સોનગઢ તાલુકો | માંડવી તાલુકો | ઉચ્છલ તાલુકો | નીઝર તાલુકો | ઉમરપાડા તાલુકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧ | આલ્કોહોલિક પીણા | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| | નોન આલ્કોહોલિક પીણા | ૦૪ | -- | ૦૫ | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૧ | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૨ | મસાલા | ૧૭ | ૦૬ | ૦૯ | ૦૪ | ૨૦ | ૦૬ | ૧૭ | ૦૩ | ૨૪ | ૦૧ | ૦૧ | -- | -- | -- |
| ૩ | સ્વીટીંગ | ૦૧ | ૦૧ | ૦૧ | -- | ૦૨ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૪ | ચા, કોફી | ૦૧ | -- | -- | -- | ૦૧ | ૦૧ | ૦૧ | -- | ૦૬ | -- | -- | -- | -- | -- |
| ૫ | દૂધ | ૦૬ | ૦૪ | ૦૩ | -- | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ | -- | -- | -- | -- | -- | -- |
| ૬ | દૂધની બનાવટ | ૦૩ | ૦૧ | ૦૬ | ૦૧ | ૦૬ | ૦૨ | ૦૪ | ૦૧ | -- | ૦૧ | -- | -- | -- | -- |
| ૭ | ખાદ્ય તેલ | ૨૩ | ૦૯ | ૧૩ | ૦૪ | ૦૮ | ૦૪ | ૧૦ | ૦૫ | ૧૧ | ૦૨ | ૦૨ | -- | -- | -- |
| ૮ | અનાજ | ૦૬ | -- | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૨ | -- | -- | ૦૧ | -- | -- | -- | -- | -- |
| ૯ | અનાજની બનાવટ | ૦૯ | ૦૩ | ૦૬ | ૦૧ | ૦૫ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૪ | -- | -- | -- | -- |
| ૧૦ | અન્ય | ૧૮ | ૧૫ | ૨૧ | ૦૨ | ૧૪ | ૧૦ | ૨૫ | ૦૩ | ૦૪ | ૦૨ | ૦૨ | -- | -- | -- |
| | કુલ : | ૮૮ | ૩૯ | ૬૭ | ૧૫ | ૬૪ | ૩૦ | ૬૦ | ૧૪ | ૪૭ | ૧૦ | ૦૫ | | | |
| | | | | | | | | | | | | કુલ :- ૪૩૯ | | | |

## પત્રક -ગ

## તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૧૨-૨૦૦૬ દરમ્યાન લીધેલ નમૂનાઓની તાલુકાવાર માહિતી

| ક્રમ | તાલુકાનું નામ | લીધેલ નમૂના | પેન્ડીંગ નમૂના | પાસ થયેલ નમૂના | નાપાસ થયેલ નમૂના | લીધેલ નમૂના |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ચોર્યાસી/સુરત સીટી | ૧૬૧ | ૪૬ | ૯૬ | ૧૯ | નાપાસ થયેલ ૧૯ નમૂના અંગે ૨૫(૨)ની કાર્યવાહી કરેલ છે. |
| ૨ | ઓલપાડ | -- | -- | -- | -- | -- |
| ૩ | માંગરોલ | -- | -- | -- | -- | -- |
| ૪ | બારડોલી | -- | -- | -- | -- | -- |
| ૫ | મહુવા | -- | -- | -- | -- | -- |
| ૬ | સોનગઢ | -- | -- | -- | -- | -- |
| ૭ | નીઝર | -- | -- | -- | -- | -- |
| ૮ | વ્યારા | -- | -- | -- | -- | -- |
| ૯ | ઉચ્છલ | -- | -- | -- | -- | -- |
| ૧૦ | કામરેજ | -- | -- | -- | -- | -- |
| ૧૧ | પલસાણા | -- | -- | -- | -- | -- |
| ૧૨ | માંડવી | -- | -- | -- | -- | -- |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૩ | ઉમરપાડા | -- | -- | -- | -- | -- |

**પત્રક -બ**

**તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન ભેળસેળવાળા જાહેર થયેલ નમૂનાની વિગતવાર માહિતી (સુરત વર્તુળ)**

| અ. નં. | પેઢીનું નામ | નમૂનાનું નામ | ટેસ્ટ રીપોર્ટ નંબર તારીખ | કેસ દાખલ/બાકી કેસ નંબર, તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | મે. મહાલક્ષ્મી ટ્રેડર્સ, રાજમલ લક્ષ્મીલાલજી બોહરા, વડોદ, તા. ચોર્યાસી, જિ. સુરત. | મરી (લુઝ) | ક્યુ.-૧/૧૮૨/૦૬, તા. ૧-૨-૦૬ | કેસ નં. ૧૮૪૪૮/૦૬, તા. ૧-૫-૦૬ |
| ૨ | મે. સર્વોત્તમ ધ રેસ્ટોરન્ટ, તાલીબભાઈ ઈબ્રાહીમભાઈ મોમીન, મુ. સચીન, તા. ચોર્યાસી, જિ. સુરત. | યશ પેકેઝડ ડ્રીકીંગ વોટર (પેક) | ક્યુ.-૧/૭૯૬/૦૬, તા. ૨૫-૨-૦૬ | કેસ નં. ૭૧૦૦/૦૭, તા. ૨૮-૩-૦૭ |
| ૩ | મે. દત્તાત્રેય બેવરેજીસ, શ્રી અરવિંદભાઈ બળવંતરાય ચંદારાણા, ઉદ્યોગનગર, નવાગામ, કામરેજ. | બ્લીસ્ટર પેકેઝડ ડ્રીકીંગ વોટર (પેક) | ક્યુ.-૨/૪૬૦/૦૬, તા. ૬-૫-૦૬ | કેસ નં. ૧૫૦/૦૭, તા. ૨૧-૨-૦૭ |
| ૪ | મે. દત્તાત્રેય બેવરેજીસ, શ્રી અરવિંદભાઈ બળવંતરાય ચંદારાણા, ઉદ્યોગનગર, નવાગામ, કામરેજ. | બ્રીજલ એકવા પેકેઝડ ડ્રીકીંગ વોટર (પેક) | ક્યુ.-૨/૪૬૧/૦૬, તા. ૬-૫-૦૬ | કેસ નં. ૨૩૨/૦૭, તા. ૨૯-૩-૦૭ |
| ૫ | મે. હોટલ સહયોગ ગુલામહુસેન યુસુફભાઈ મોમીન, તાતીથેયા, ને. હા. નં. ૮, તા. પલસાણા | મુમુલ્ય પાશ્યુરાઈઝડ ફુલક્રીમ દૂધ (પેક) | ક્યુ.-૨/૫૦૭/૦૬, તા. ૨૩-૬-૦૬ | કેસ નં. ૧૫૪૧/૦૭, તા. ૨૫-૫-૦૭ |
| ૬ | ધી. કામરેજ વિ. કો. ઓ. ફુડ્ઝ વેજી. એ. પ્રા. નો કામરેજ શ્રી બીપીન બલદેવ પટેલ | મુમુલ પેશ્ચ્યુરાઈઝડ સ્ટાન્ડર્ડ મીલ્ક (પેક) | ક્યુ.-૩/૬૬/૦૬, તા. ૧૭-૭-૦૬ | - |
| ૭ | મે. ધારા એજન્સી. રમેશભાઈ બચુભાઈ બાબરીયા, કામરેજ ચાર રસ્તા, કામરેજ | પેકેઝડ ડ્રીકીગ વોટર (મેગ્ડોલ નં. ૧) | ક્યુ.-૪/૩૪૩/૦૬, તા. ૭-૧૧-૦૬ | કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| ૮ | મે. એન. કે. પ્રોટિન્સ, અક્બરભાઈ પીરભાઈ નરમીધાણી સચીન, જી.આઈ.ડી.સી. તા. ચોર્યાસી | ટેંગી મોસ ૨૦૦ ગ્રામ પેક | ક્યુ.-૪/૬૩૬/૦૬, તા. ૨૮-૨-૦૬ | કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| ૯ | મે. સંદિપ જનરલ સ્ટોર્સ, સુરેશ કામપ્રકાશ અગ્રવાલ, મુ. સાયણ, દેલાડ પાટિયા, ઓલપાડ | તુલસી રોયલ મીક્સ ૧૦૦ ગ્રામ પેક | ક્યુ.-૧/૫૪૬/૦૬, તા. ૨૩-૩-૦૬ | કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| ૧૦ | મે. કે. કિશોર ટોબેકો, કિશોરકુમાર મોહનલાલ આસમાની, મુ. મોરા ટેકરા, તા. ચોર્યાસી. | આર. એમ. ડી. ગુટકા | ક્યુ.-૧/૫૪૪/૦૬, તા. ૨૩-૩-૦૬ | કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે. |

--------------

**મહુવા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ-રે-મશીન, રેફ્રીજરેટર, એમ્બ્યુલન્સ વાનની સુવિધા**

અતારાંક્તિ ૮૦૬૪ (૪-૬-૦૭) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૭ની સ્થિતિએ સુરત જિલ્લાના મહુવા તાલુકાના ક્યા ક્યા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ-રે મશીન, રેફ્રીજરેટર, એમ્બ્યુલન્સવાન અને ઓટોક્લેવની સુવિધાઓ નથી, અને

(૨) આ સાધનો વહેલી તકે મળે તે અંગે શું આયોજન છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૮-૭-૦૭) :

(૧) સુરત જિલ્લાના મહુવા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અનાવલમાં એક્સ-રે મશીનની સુવિધા ઉપલબ્ધ નથી.

(૨) સામૂહિક આરોગ્ય કેન્દ્ર અનાવલમાં એક્સ-રે મશીન માટે ડાર્કરૂમ, થ્રી ફેઈઝ લાઈનની કાર્યવાહી ચાલુ છે, જે પૂર્ણ થયેથી આગામી વર્ષે નવી બાબત હેઠળ એક્સ-રે મશીનની સુવિધા પુરી પાડવાનું આયોજન કરવામાં આવશે.

---------------

**સુરત જિલ્લા પંચાયત હસ્તકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પેરા મેડીકલ અને મેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ**

અતારાંક્તિ ૮૦૬૬ (૪-૬-૦૭) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૭ની સ્થિતિએ સુરત જિલ્લા પંચાયત હસ્તકના કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મેડીકલ અને પેરા મેડીકલ સંવર્ગની કેટલી અને કઈ કઈ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૮-૭-૦૭) :

(૧) તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ સુરત જિલ્લા પંચાયત હસ્તકના ૭૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મેડીકલ સંવર્ગની તબીબી અધિકારી વર્ગ-૨ની ૭૬ અને પેરા મેડીકલ સંવર્ગની જુનીયર ફાર્માસીસ્ટની ૭૬ અને લેબોરેટરી ટેક્નીશીયનની ૭૬ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ મેડીકલ સંવર્ગની તબીબી અધિકારી વર્ગ-૨ની તમામ ૭૬ જગ્યાઓ ભરાયેલી છે અને પેરા મેડીકલ સંવર્ગમાં જુનીયર ફાર્માસીસ્ટની ૩૪ અને લેબોરેટરી ટેક્નીશીયનની ૩૩ જગ્યાઓ ખાલી છે.

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની પેરા મેડીકલ સંવર્ગની આ ખાલી જગ્યાઓ જિલ્લા પંચાયત સંવર્ગની હોઈ, જિલ્લા પંચાયત દ્વારા માંગણી પત્રક મોકલી આપવામાં આવેલ છે. લાયકાત ધરાવતા ઉમેદવારો મળ્યેથી ભરી શકાશે.

---------------

**રાજકોટ અને ભાવનગરની સરકારી મેડીકલ કોલેજોમાં બેઠકો વધારવા બાબત**

અતારાંક્તિ ૮૨૫૮ (૮-૬-૦૭) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ રાજકોટ અને ભાવનગર ખાતેની મેડીકલ કોલેજમાં વધુ બેઠકો મળ્યાં પછી વર્ષ-૨૦૦૬-૦૭ના બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ હતી,

(૨) જોગવાઈ મુજબ બેઠક વધારવા સરકારે શી કાર્યવાહી કરી અને તે માટે કેટલી રકમ ક્યા સ્વરૂપે ખર્ચ કરવામાં આવી, અને

(૩) જો રકમ ખર્ચ કરવામાં આવેલ ન હોય તો તેના કારણો શું છે, અને

(૪) તે પરત્વે સરકાર શું પગલાં ભરવા માંગે છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૬-૭-૦૭) :

(૧) રૂપિયા ૨૦૦/- લાખની કુલ જોગવાઈ કરવામાં આવેલ હતી.

(૨) જોગવાઈ મુજબ જગ્યાઓ, સાધનો અને ફરનીચર મંજુર કરવામાં આવેલ છે. અને સાધનો માટે રૂા. ૨૩.૫૦/- લાખ અને ફરનીચર માટે રૂા. ૧૦/-લાખનો ખર્ચ થયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**રાજકોટ અને ભાવનગરની મેડીકલ કોલેજના ટ્રોમાં સેન્ટરને અપગ્રેડ કરવા બાબત**

અતારાંક્તિ ૮૨૫૯ (૮-૬-૦૭) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ રાજકોટ અને ભાવનગર ખાતેની મેડીકલ કોલેજના ટ્રોમા સેન્ટરને અપગ્રેડ કરવા વર્ષ-૨૦૦૬-૦૭ના બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ હતી,

(૨) જોગવાઈ મુજબ ટ્રોમા સેન્ટરને અપગ્રેડ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી,

(૩) કેટલી રકમ ક્યા સ્વરૂપે ખર્ચ કરવામાં આવી,

(૪) ટ્રોમા સેન્ટરને અપગ્રેડ કરવાની કાર્યવાહી હાથ ધરાયેલ ન હોય તો તેના કારણો શાં છે, અને

(૫) અપગ્રેડની કામગીરીમાં થયેલ વિલંબ બદલ સરકારે શું પગલાં ભર્યા ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૬-૭-૦૭) :

(૧) મેડીકલ કોલેજ ભાવનગર ખાતે રૂા. ૧૮૬/- લાખની અને મેડીકલ કોલેજ રાજકોટ ખાતે રૂા. ૧૩૧/- લાખની જોગવાઈ કરેલ હતી.

(૨) રાજકોટ ખાતે ટ્રોમા સેન્ટર કાર્યરત થયેલ છે. ભાવનગર ખાતે બાંધકામ ચાલુ છે તથા ભાવનગર ખાતે જોગવાઈ મુજબ સાધનોની ખરીદી કરવામાં આવેલ છે.

(૩) સાધનો માટે રૂા. ૮૮.૨૦ લાખ, ફર્નીચર માટે ૭.૪૧ લાખ અને બાંધકામ માટે રૂા. ૧૫૦/ લાખ ખર્ચવામાં આવ્યા.

(૪) અને (૫) : કાર્યવાહી ચાલુ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**કતલ ખાને લઇ જવાતા ગોવંશને બચાવી લેવા અંગે**

અતારાંક્તિ ૭૯૮૦ (૧૨-૦૬-૦૭) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) કતલ લઇ જવાતા ૧૮ ગોવંશ બળદોને ભારે ક્રૂરતાથી બાંધી દીધેલી હાલતમાં વડોદરા જિલ્લામાંથી જીવદયા ગોરક્ષા સમિતિએ મકરપુરા પોલીસની મદદથી પકડી પાડ્યા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેની ખરીદી વેચાણ તથા હેરાફેરી કરનારા ગુનાહિતો કોણ છે તથા તેમની સામે શાં પગલાં લેવાયા છે, તેની સામે ""પાસા"" લાગુ પાડવામાં આવ્યો છે કે કેમ,

(૩) આ કિસ્સામાં સંડોવાયેલ વાહનને જપ્ત કરી ક્યાં રખાયું છે,

(૪) સંડાવાયેલા કતલખાનાં સામે એફ.આઇ.આર. નોંધી શી કાર્યવાહી થઇ છે તથા તે ક્યાં આવેલું છે, અને

(૫) બચાવી લીધેલા બળદો હાલ ક્યાં રખાયા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૭-૦૭-૦૭) :

(૧) હા, જી.

(૨) <u>હેરાફેરી કરનાર ગુનાહિતો નીચે મુજબ છે.</u>

(૧) બાપુ ભાવજી પાટીલ રહે. શીરધાના ગામ તા. જી. ધુલીયા મહારાષ્ટ્ર (૨) શંકર ઓમપ્રકાશ કહાર રહે. કડોદરા ચાર રસ્તા, ચલથાણ તા. પલસાણા જી. સુરત મુળ. રહે. મારકુડી ગામ, તા. દુધી જી. સોનભદ્ર (યુ.પી.) (૩) હીરાલાલ બચન યાદવ રહે. સદર મુળ રહે. ભદોરી ગામ તા. જી. જ્ઞાનપુર (યુ.પી.) (૪) દીપકભાઇ ઠાકુરભાઇ આહીર રહે. કડોદરા ચાર રસ્તા તા. પલસાણા જી. સુરત.

ઉપરોક્ત તમામ આરોપીઓની અટક કરી મુદત અંદર નામ. કોર્ટ કસ્ટડીમાં મોકલી આપેલ છે. તેમની સામે "પાસા" લાગુ પાડવામાં આવેલ નથી.

(૩) આ ગુનામાં સંડોવાયેલ વાહન જપ્ત કરેલ પરંતુ જ્યુ. ફ.ક.મેજી. શ્રી ચોથી કોર્ટ વડોદરા શહેરના જા.નં. ૧૧૦૧/૦૬ તા. ૧૧-૧૦-૦૬ ના હુકમ આધારે ટ્રક નં. જીજે/૧૯ વી-૧૧૧૧ અરજદારને પરત સોંપવામાં આવી છે.

(૪) આ ગુનામાં સંડોવાયેલ ગોવંશ બળદોની હેરાફેરીમાં સંડોવાયેલ આરોપીઓ ક્યા શહેરમાં કતલખાને બળદો લઇ જવાના હતા તે અંગેની સત્ય હકીકત આરોપીઓ દ્વારા જણાવેલ ન હોય નામજોગ કોઇ કતલખાના સામે કાયદેસરની કાર્યવાહી શક્ય બનેલ નથી, પરંતું ગુના સબબ મકરપુરા પો. સ્ટે. ગુ.ર.નં. ૨૦૦/૦૬ પ્રાણીઓ પ્રત્યે ઘાતકીપણું અટકાવવા ૧૯૬૦ની કલમ ૧૧(૧) એ,ડી,ઇ,એફ,એચ,કે કલમ-૪૭ થી ૫૬ મુંબઇ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ ૫,૮,૯,૧૦ મુજબનો ગુનો તમામ આરોપીઓ વિરુધ્ધમાં રજીસ્ટર કરવામાં આવેલ છે.

(૫) બચાવી લીધેલ બળદો બાબતે જ્યુ. ફ.ક. મેજી. શ્રી ચોથી કોર્ટ વડોદરાના જા. નં. ૧૧૧૪/૦૬ તા. ૧૨-૧૦-૦૬ ના હુકમ આધારે અરજદારને બળદો પરત સોંપવામાં આવ્યા છે.

---------------

### ગેરકાયદે કતલ માટે લઇ જવાતા પાડા પકડાવા અંગે

અતારાંકિત ૭૯૮૩ (૦૬-૦૬-૦૭)**શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) હાલોલ ટોલનાકા પાસેથી ગેરકાયદે કતલ માટે લઇ જવાતા પાડા ભરેલ બે ટેમ્પો તા. ૨૯ ઓક્ટો. ૨૦૦૬ના રોજ પોલીસે પકડી પાડ્યા હતા તે હકીકત સાચી છે,

(૨) આ કિસ્સામાં પ્રાણીઓ ક્યા કતલખાનામાં લઇ જવાતા હતા તેના સંચાલકો કોણ હતા,

(૩) સંડોવાયેલ કતલખાનું તથા તેના સંચાલકો સામે ગુન્હા નોંધાયા છે કે કેમ; અને

(૪) આ ગુનાહિત કતલખાનું બંધ કરી દેવાયું છે કે કેમ ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૭-૦૭-૦૭) :

(૧) ના, જી.

(૨) થી (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

### કતલખાને લઇ જવાતા પ્રાણીઓ પકડાવા અંગે

અતારાંકિત ૭૯૮૪ (૬-૬-૦૭) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) કામરેજ ચાર રસ્તા પર તા. ૧૮ ઓક્ટો. ૨૦૦૬ના રોજ કતલ માટે લઇ જવાતા પ્રાણીઓના ૪ વાહનો પૈકી એક સિવાય બાકીના ૩ વાહનો તથા પ્રાણીઓ ભાગી છુટ્યા હતા તે હકીકત સાચી છે,

(૨) ભાગી છૂટેલા ૩ ગુનાહિતોને પકડી પાડી વાહનો તથા પ્રાણીઓને બચાવી લેવાયા છે કે કેમ,

(૩) આ પ્રાણીઓ ક્યા કતલખાનામાં લઇ જવાતા હતા તથા તેના સંચાલકો કોણ છે તેની સામે ગુન્હા નોંધાયા છે કે કેમ,

(૪) ગુનાહિતો ગેરકાનૂની કતલખાના તથા ટ્રાન્સપોર્ટર સામે શી કાર્યવાહી થઇ છે, અને

(૫) સંડોવાયેલ ગેરકાનૂની કતલખાનાના સંચાલક અગાઉ કેટલીવાર આવા ગુન્હામાં પકડાયા હતા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૧૭-૭-૦૭) :

(૧) પ્રાણીઓ લઇ જતું એક વાહન પકડાયેલ છે. જ્યારે ત્રણ વાહનો ભાગી છુટ્યા હતા તે હકીકત ફરિયાદ જોતાં સાચી નથી.

(૨) આ બાબતે ફરિયાદ કે કેસના કાગળો જોતાં કોઇ ઉલ્લેખ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કતલખાના તેમજ સંચાલક અંગે કોઇ ચોક્કસ માહિતી મળેલ નથી, પરંતુ આ પ્રાણીઓને મુંબઇ લઇ જવાતા હતા તે વિગત તપાસ દરમ્યાન જાણવા મળેલ છે.

(૪) પકડાયેલ એક વાહનના ગુનાહિતો સામે કામરેજ પો. સ્ટે. ગુ.ર. નં. ૧૯૧/૦૬, IPC ૪૨૯, તથા પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ મુજબ ગુનો નોંધી અટક કરી કોર્ટ હવાલે મોકલેલ છે, અને હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ ટ્રક નં. GJ 2 T 8826 કબજે લેવામાં આવેલ, જે નામ. કોર્ટ ના હુકમ આધારે મુક્ત કરવામાં આવેલ છે.

(૫) સંડોવાયેલ ગેરકાનુની કતલખાના સંચાલક અંગે તપાસ દરમ્યાન કોઇ ચોક્કસ માહિતી મળેલ નથી.

-----------

**રૂપાલ ગામમાં ઝેરી લાડુ ખવડાવી ગાયોના મોત નિપજાવવા અંગે**

અતારાંક્તિ ૭૯૮૫ (૬-૬-૦૭) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) ગાંધીનગર જિલ્લામાં રૂપાલ ગામમાં તા. ૭મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ ઝેરી લાડુ ખવરાવી ૪ ગાયોના મોત નિપજાવવામાં આવ્યા તે હકીક્ત સાચી છે,

(૨) આ કામના અપરાધી કોણ હતા,

(૩) અપરાધી વિરુધ્ધ આઇ.પી.સી. ૪૨૯ મુજબ ગુન્હો નોંધાયો છે કે કેમ, અને

(૪) અપરાધીને શી શિક્ષા થઇ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૧૭-૭-૦૭) :

(૧) બનાવ તા. ૭મી નવેમ્બર-૨૦૦૬ના રોજ બનવા પામેલ નથી. પરંતુ તા. ૪-૧૧-૦૬ તથા તા. ૫-૧૧-૦૬ના રોજ બનેલ છે.

(૨) આ કામમાં જ્યંતીભાઈ બબાભાઈ પટેલ, ઉવ. ૬૦ રહે. રૂપાલ તા.જી. ગાંધીનગરનાઓ અપરાધી છે.

(૩) હા, જી.

(૪) આ કેસ હાલ કોર્ટમાં પડતર છે.

------------

**કતલખાને લઇ જવાતા ટેમ્પોને પકડવા અંગે**

અતારાંક્તિ ૮૦૩૫ (૬-૬-૦૭) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં જાન્યુઆરી-૨૦૦૭માં ગોધરા રોડ પરથી મુશ્કેટાટ દોરડાથી બાંધી કતલખાનામાં લઇ જવાતા ૫ બળદોને ત્રાસદાયક રીતે લઇ જતા ટેમ્પોને પોલીસે પકડી પાડ્યો હતો તે હકીક્ત સાચી છે,

(૨) આ ગુનાહીત કામના આરોપી, ખરીદનાર, વેચનારા કોણ હતા,

(૩) સંડોવાયેલા કતલખાના સામે એફ.આર.આઇ. નોંધવામાં આવી છે કે કેમ અને તેને શોધી કાઢી શી શિક્ષા થઇ છે; અને

(૪) તમામ ગુનાહીતો સામે શી કાર્યવાહી થઇ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૨૦-૭-૦૭) :

(૧) હા, જી.

(૨) આ ગુનાહીત કામના આરોપી (૧) દીનેશ સવસીંગ ડામોર (૨) ભાવસીંગ તેજીયા મછાર (૩) ઝાલુભાઇ કાળીયાભાઇ ડામોરની અટકાયત કરેલ છે જ્યારે પ્રેમલાભાઇ ભાવજીભાઇ ડામોર નાસતા ફરે છે.

વેચનાર :- (૧) દીનેશભાઇ સવજીભાઇ ડામોર રહે. સાવલી તીતરીયા તા. ઝાલોદ.

ખરીદનાર :- (૧) પ્રેમલાભાઇ ભાવજીભાઇ ડામોર રહે. મોટી ખરજ તા. દાહોદ છે.

(૩) અને (૪) આ ગુનાહીતો સામે દાહોદ ટાઉન પો. સ્ટે. સે. ગુ.ર. નં. ૧/૦૭ ક્રુએલ્ટી એનીમલ એક્ટ ૧૯૬૦ની કલમ ૩,૫,૧૧ ડી મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે અને અટકાયત કરી ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, દાહોદની કોર્ટમાં મોકલી આપેલ છે.

------------

**ચોટીલા તાલુકાના રેશમીયા ગામના મેલડી માતાના મંદિરમાં ચાલતી બલી પ્રથા**

અતારાંક્તિ ૮૦૩૬ (૬-૬-૦૭) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લામાં ચોટીલા તાલુકાના રેશમીયા ગામમાં મેલડી માતાના મંદિરમાં ઘણાં સમયથી ચાલતી બલી પ્રથા તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ ચાલુ છે તે હકીક્ત સરકાર જાણે છે,

(૨) ધી ગુજરાત પશુ અને પક્ષી બલિદાન (પ્રતિબંધ) અધિનિયમ-૧૯૭૨ હેઠળ આ ગુનાહિત પ્રવૃત્તિ સદંતર બંધ ન થવાના શાં કારણો છે; અને

(૩) મંદિરના વહીવટ ક્ર્તા/પુજારી તથા બલી આપતા ગુનાહિતો સામે કાનુની કાર્યવાહી કરી આ પ્રવૃત્તિ કાયમી ધોરણે બંધ કરવા શાં પગલાં લેવાયા છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૧૭-૦૭-૦૭) :

(૧) ના, જી. એવી કોઇ રજુઆત મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**અમદાવાદ શહેરમાં ગૌરક્ષકો પર થયેલ હુમલા અંગે**

અતારાંક્તિ ૮૦૩૮ (૬-૬-૦૭) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ શહેરમાં જાન્યુઆરી-૨૦૦૭માં માંસ લઇ જતી રીક્ષાને રોક્વા જતાં ગીતાબેન રાંભીયા ટ્રસ્ટના ગૌરક્ષકો પર જીવલેણ હુમલો કરી લુંટ ચલાવાઇ હતી તે હકીક્ત સાચી છે,

(૨) આ કિસ્સામાં માંસ લઇ જતા, ગેરકાનુની ક્તલ કરનારા, ખરીદનારા, વેચનારા ઇસમો વિરુધ્ધ શી કાર્યવાહી થઇ,

(૩) સંડોવાયેલા ક્તલખાના સામે એફ.આઇ.આર. થઇ છે કે કેમ; અને

(૪) ગૌરક્ષકોને પુરતુ રક્ષણ આપવા શી યોજના થઇ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૧૭-૦૭-૦૭) :

(૧), (૨) અને (૩) તા. ૨૭-૧-૦૭ના રોજ ગીતાબેન રાંભીયા ટ્રસ્ટના કાર્યકરોને માંસ ભરેલી લોડીંગ રીક્ષા જી.જે.-૧-ટીટી-૪૧૪૫ની માહિતી મળતાં તેને રોક્વા જતાં રીક્ષા ચાલક અને અન્ય ૨૦ થી ૩૦ માણસો હુમલો કરી લુંટ કરીને નાસી ગયેલ આ સંદર્ભમાં ટ્રસ્ટના સંચાલકશ્રીએ કારંજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતાં ફ.ગ. નં. ૨૬/૦૭ થી ગુનો નોંધી જુદી જુદી ક્લમો હેઠળ ગુનો દાખલ કરેલ છે. ફરીયાદના આધારે રીક્ષા ચાલક તથા બીજા ૭ મળી કુલ ૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ. આ કામે રીક્ષામાંથી માંસનો જથ્થો મળી આવેલ ન હોઇ ક્તલખાનાની તપાસ થઇ શકેલ નથી, તેમજ એફ.આઇ.આર. થઇ શકેલ નથી.

(૨) ગૌરક્ષકોને પૂરતું રક્ષણ આપવા શહેર પોલીસ કટીબધ્ધ છે. તેઓ દ્વારા જ્યારે બંદોબસ્તની માંગણી કરવામાં આવે ત્યારે બંદોબસ્ત પૂરો પાડવામાં આવે છે ગીતાબેન રાંભીયા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના સંચાલકશ્રી બચુભાઇ પોપટભાઇ રાંભીયા રહે. માંડવીની પોળ, માણેક્ચોક, અમદાવાદનાઓને સ્વરક્ષણ માટે શાહીબાગ મુખ્ય મથક્ના એક એક માણસો બે શીફ્ટમાં રિવોલ્વર સાથે ફાળવવામાં આવેલ છે.

------------

**પાદરા તાલુકાના મોટાદ ગામમાં પાણી-ઘાસચારા વિના ગાયોને બાંધી રાખવા અંગે**

અતારાંક્તિ ૮૦૩૯ (૬-૬-૦૭) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) વડોદરા જિલ્લામાં પાદરા તાલુકાના મોટાદ ગામમાં કોતરોમાં પાણી-ઘાસચારા વિના ૩ ગાયોને બાંધી રાખી જાન્યુઆરી-૨૦૦૭માં મોત નિપજે તેવી હાલતમાં રખાઇ હતી તે હકીક્ત સાચી છે,

(૨) આ ગુનાહિતો કોણ છે, તેની સામે આઇ.પી.સી. ૪૨૯ મુજબ ફરીયાદ નોંધવામાં આવી છે કે કેમ; અને

(૩) ગુનાહિતોને શી શિક્ષા થઇ ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૧૭-૦૭-૦૭) :

(૧) હા, જી.

(૨) ગોવિંદભાઇ મોહનભાઇ વસાવા, સઇદભાઇ મહંમદભાઇ વોરા, પ્રવિણભાઇ બાબુભાઇ વસાવા ગુનાહિતો છે. તેમની સામે આઇપીસી ૪૨૯ મુજબ ફરીયાદ નોંધી અટક કરી કોર્ટમાં મોકલી આપેલ છે.

(૩) કોર્ટમાં કેસ પડતર છે.

------------

**અમદાવાદથી મુંબઇ લઇ જવાતા બળદોની ટ્રક પકડવા અંગે**

અતારાંક્તિ ૮૦૪૨ (૬-૬-૦૭) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) વડોદરા જિલ્લાના તરસાલી બાયપાસ પરથી અમદાવાદથી મુંબઇ ક્તલ માટે લઇ જતાં બળદો ભરેલી ટ્રક્ને ગોરક્ષકોએ જાન્યુઆરી-૨૦૦૭માં પકડી પાડી પોલીસને સોંપ્યા હતા તે હકીક્ત સાચી છે,

(૨) આ ગુનાહિતોએ ગોરક્ષકો ઉપર વાહન ચલાવી મારી નાંખવા પ્રયાસો ક્ર્યા હતા તે પણ હકીક્ત સાચી છે, તે અંગેના ગુન્હા નોંધાયા છે કે કેમ,

(૩) આ ઘટનામાં ગુનાહિતો, વાહનો, ગોવંશના ખરીદી, વેચાણ કરનારા સામે ગુન્હા નોંધાયા છે કે કેમ,

(૪) સંડોવાયેલા ક્તલખાના સામે એફ.આઇ.આર. થઇ છે કે કેમ, અને

(૫) ગુનાહિતોને પકડી પાડી શી શિક્ષા થઇ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૨૦-૦૭-૦૭) :

(૧) હા, જી.

(૨) ગોરક્ષકોને મારી નાંખવાના પ્રયાસો થયા નથી, પરંતુ ડ્રાઇવરની બેદરકારી અને ગફલતભરી રીતે વાહન ચલાવતો હતો તે મુજબ ગુનો નોંધાયેલ છે.

(૩) હા, જી.

(૪) ના, જી, આ બનાવમાં આરોપીઓ ક્યા ક્તલખાને બળદો લઇ જતા હતા તે અંગેની હકીક્ત જણાઇ આવેલ નથી જેથી ગુનો નોંધાયેલ નથી.

(૫) આ કામના ગુનાહિતો સામે મકરપુરા પોલિસ સ્ટેશનમાં II ગુ.ર. નં. ૧૯/૦૭ ગુનો નોંધી, આરોપીઓની અટક કરી કોર્ટ ક્સ્ટડીમાં મોક્લી આપેલ છે. જે કેસ કોર્ટમાં પડતર છે.

------------

**સાંસરોદ ગામે થયેલ હત્યા અને પ્રાણીઓની લૂંટ અંગે**

અતારાંક્તિ ૮૦૪૩ (૬-૬-૦૭) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં સાંસરોદ ગામે જાન્યુઆરી-૨૦૦૭માં એક રબારીની હત્યા કરી પ્રાણીઓને લુંટી જઇ, ગાયની હત્યા કરી તેના મોઢાં તથા ચામડાં ફેંકી દેવામાં આવ્યા હતા તે હકીક્ત સાચી છે, અને

(૨) આ કામના આરોપીઓ કોણ છે, તથા તેની સામે શા પગલાં લેવાયા છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૧૭-૦૭-૦૭) :

(૧) હા, જી.

(૨) આ કામે સ્થાનિક પોલીસ દ્વારા આરોપીઓની શોધખોળ/તપાસ ચાલુ છે.

------------

**રાજ્યમાં થયેલ કોમી રમખાણો**

અતારાંક્તિ ૮૦૮૮ (૦૬-૦૬-૦૭) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેટલા કોમી રમખાણો થયા હતા,

(૨) આ રમખાણોની પોલીસતંત્રને ક્યારે જાણ થઇ,

(૩) થયેલ કોમી રમખાણોમાં કેટલી જાનહાનિ થઇ અને કેટલી માલમિલક્તોને નુક્સાન થયું; અને

(૪) કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૧૭-૦૭-૦૭) :

(૧) કુલ ૯ (નવ) કોમી રમખાણો થયા હતા.

(૨) પોલીસ તંત્રને તુરત જ જાણ થયેલ.

(૩) થયેલ કોમી રમખાણોમાં કુલ-૧૯૯ વ્યક્તિઓની જાનહાનિ અને કુલ રૂા. ૩૭,૭૮,૨૦,૦૧૦/- ની માલ મિલકતોનું નુકસાન થયું.

(૪) કુલ ૬૧૮૦ લોકોની ધરપકડ કરવામાં આવી.

------------

**રાજકોટ શહેરમાં થયેલ માર્ગ અકસ્માતો**

અતારાંકિત ૮૨૦૧ (૧૪-૦૬-૦૭)**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ રાજકોટ શહેરમાં છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર કેટલા માર્ગ અકસ્માત ક્યારે ક્યારે થયા,

(૨) આ અકસ્માતમાં કેટલી વ્યક્તિઓના મોત થયા; અને

(૩) અકસ્માતે મૃત્યુ પામેલ કોઇ વ્યક્તિના વારસદારને ક્યારે અને કોના તરફથી સરકારી સહાય ચુકવવામાં આવી હતી?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૩-૦૭-૦૭) :

(૧)

| વર્ષ | કુલ અકસ્માત | દિવસના સમયે | રાત્રીના સમયે |
|---|---|---|---|
| ૨૦૦૫-૨૦૦૬ | ૧૨૧૬ | ૮૪૦ | ૩૭૬ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૧૨૨૫ | ૭૯૨ | ૪૩૩ |

(૨) કુલ ૨૦૨ મૃત્યુ.

(૩) સહાય ચુકવવામાં આવેલ નથી.

------------

**પોલીસ પગાર સુધારણા સમિતિનો અહેવાલ**

અતારાંકિત ૮૨૧૧ (૧૫-૦૬-૦૭)**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ પગાર સુધારણા સમિતિએ સરકારને ક્યારે અહેવાલ આપ્યો,

(૨) તે પૈકી સરકારે તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ શી કાર્યવાહી કરી; અને

(૩) અહેવાલ પરત્વે સરકાર ક્યાં સુધીમાં નિર્ણય લેનાર છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૪-૦૭-૦૭) :

(૧) સમિતિ રચવામાં આવેલ નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ મળેલ ફરિયાદો**

અતારાંકિત ૮૨૩૬ (૧૪-૦૬-૦૭)**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જિલ્લાવાર નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ સરકારને કેટલી ફરીયાદો કોના તરફથી અને ક્યારે મળી,

(૨) તે પેકી સરકારે શું પગલાં ભર્યા, અને

(૩) હજુ કેટલી ફરીયાદોનો નિકાલ થવો બાકી છે, અને ક્યાં સુધીમાં નિકાલ કરવાનું આયોજન છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૧૭-૦૭-૦૭) :

(૧) તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન કોઇપણ જિલ્લાના પોલીસ સ્ટેશનમાં નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ફરીયાદ નોધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**અસ્ટ્રાખાન સ્ટેટના ગવર્નર સાથે થયેલ કરાર**

અતારાંક્તિ ૭૯૪૧ (૨૨-૦૨-૦૭ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

(૧) અસ્ટ્રાખાન સ્ટેટના ગવર્નર સાથે ગુજરાત સરકારને કરાર થયા હતા; અને

(૨) જો હા, તો થયેલ કરારોમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ શું પ્રગતિ થઇ છે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** (૧૩-૦૭-૦૭) :

(૧) અને (૨) તા. ૬-૧૧-૦૧ના રોજ અસ્ટ્રાખાન અને ગુજરાત રાજ્ય વચ્ચે પ્રોટોકોલ ઓફ કો-ઓપરેશન (સહકાર માટેની રૂપરેખા) ઉપર સહી થયેલ. ત્યાર બાદ તા. ૨૨-૩-૦૩ના રોજ અસ્ટ્રાખાનના ગવર્નર અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી વચ્ચે પરસ્પર સહકાર માટે ચર્ચા વિચારણા થયેલ અને "" agreed minutes "" ઉપર સહી કરવામાં આવેલ. ગુજરાત સરકાર તરફથી થયેલ સૂચનો ભારત સરકારને મોક્લવામાં આવેલ છે, જે તેઓની વિચારણા હેઠળ છે.

**સુરત જિલ્લાના ઓદ્યોગિક રીતે પછાત તાલુકાઓ**

અતારાંક્તિ ૮૦૨૭ (૬-૬-૦૭) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લાના ક્યા ક્યા તાલુકા તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ ઓદ્યોગિક રીતે પછાત છે, અને

(૨) આ પછાત તાલુકામાં ઓદ્યોગિક વિકાસને સંતુલીત કરવા સરકારનું શું આયોજન છે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** (૧૧-૦૭-૦૭) :

(૧) હાલની ઓદ્યોગિક નીતિ-૨૦૦૩માં કોઇ પછાત તાલુકા જાહેર કરાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**લઘુ ઉદ્યોગોને સબસીડીમાં કાપ**

અતારાંક્તિ ૮૦૯૬ (૬-૬-૦૭) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્ય સરકારે સન ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ડિસેમ્બર-૦૬ સુધીમાં લઘુ ઉદ્યોગકારોને આપવામાં આવતી સબસીડીમાં વર્ષવાર કેટલા ટકા કાપ મૂક્યો છે, અને

(૨) આ કાપ મૂક્વાના કારણો ક્યા ક્યા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** (૧૧-૦૭-૦૭) :

(૧) રાજ્ય સરકારે સને ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ડિસેમ્બર-૦૬ સુધીમાં લઘુ ઉદ્યોગકારોને આપવામાં આવતી સબસીડીમાં કોઇ કાપ મૂક્યો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કેલાસ માનસરોવર યાત્રા માટેની અરજીઓ**

અતારાંક્તિ ૮૨૮૬ (૧૫-૦૬-૦૭) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : : **માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલા યાત્રાળુઓએ કેલાસ માનસરોવરની યાત્રા માટે અરજીઓ કરી હતી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી,
(૩) મંજૂર અરજીઓ પૈકી એક યાત્રાળુને સબસીડી પેટે કેટલી રકમ ચૂકવવાની થતી હતી,
(૪) તે પૈકી કેટલી ચૂકવવામાં આવી અને કેટલી ચૂકવવાની બાકી છે,
(૫) સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શાં છે અને રકમ ચૂકવવા કોણે અને ક્યારે સરકારને માંગણી કરી, અને
(૬) તે પરત્વે શી કાર્યવાહી કરવામાં આવી ?

**દેવસ્થાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૧૩-૦૭-૦૭) :

(૧) અને (૨) કેલાસ માનસરોવર યાત્રા માટે રાજ્ય સરકાર દ્વારા અરજીઓ મંગાવવામાં આવતી નથી. તેથી રાજ્ય સરકાર દ્વારા આ અરજીઓ મંજૂર / નામંજૂર કરવાની રહેતી નથી. પરંતુ આ માટેની અરજીઓ ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા અખબારોમાં જાહેર ખબર દ્વારા સીધી રીતે મંગાવવામાં આવે છે અને તે ડ્રો પધ્ધતિથી મંજૂર કરવામાં આવે છે.

(૩) કેલાસ માનસરોવર યાત્રા પૂરી કર્યાનું પ્રમાણપત્ર રજુ કરવાથી વ્યક્તિ દીઠ રૂા. ૨૦,૦૦૦/- ની સહાય ચુકવવાની થતી હતી.

(૪) નીચે મુજબ છે.

| વર્ષ | યાત્રીઓની સંખ્યા | રૂા. ૨૦,૦૦૦/- લેખે ચુકવેલ રકમ | ચુકવણી કરવાની બાકી રકમ |
|---|---|---|---|
| ૨૦૦૪ | ૧૯૮ | રૂા. ૩૯ લાખ | રૂા. ૬૦ હજાર |
| ૨૦૦૫ | ૧૭૪ | રૂા. ૩૩ લાખ ૨૦ હજાર | રૂા. ૧ લાખ ૬૦ હજાર |
| ૨૦૦૬ | ૧૮૯ | કાર્યવાહી હેઠળ છે. | -- |

(૫) અને (૬) ચુકવવાના બાકી કારણોમાં યાત્રીઓ પાસેથી અરજી ન મળવાના કારણે તેમજ સન ૨૦૦૬ના કેલાસ માનસરોવર યાત્રીઓએ અરજી કરેલ છે, તે કાર્યવાહી હેઠળ છે.

------------

## સુરત જિલ્લામાં મૂકવામાં આવેલ રંગીન ટી.વી.

અતારાંકિત ૭૯૭૮ (૨૧-૬-૦૭) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (માહિતી)** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ સુરત જિલ્લામાં મહુવા, વાલોડ અને બારડોલી તાલુકાના ક્યા ક્યા ગામોમાં સરકાર તરફથી રંગીન ટી.વી. અને ડીશ ગોઠવવામાં આવી, અને

(૨) બાકી રહેતા ક્યા ક્યા ગામોમાં ચાલુ નાણાકીય વર્ષમાં રંગીન ટી.વી. અને ડીશ ગોઠવવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી (માહિતી)** (૧૮-૭-૦૭) :

(૧) પત્રક-અ મુજબના ગામોમાં રંગીન ટી.વી. અને **પત્રક-બ** મુજબના ગામમાં રંગીન ટી.વી. અને ડીશ ગોઠવવામાં આવેલ છે.

(૨) ચાલુ નાણાકીય વર્ષમાં મહુવા, વાલોડ અને બારડોલી તાલુકામાં નોર્મલ પ્લાન હેઠળ કુલ ૦૨ ગામ દ્વારા ફાળાની રકમ ભરપાઈ થયેથી, આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળ પ્રાયોજના વહીવટદારશ્રી દ્વારા મંજૂર થનાર ૦૯ ગામો ખાતે તેમજ અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ સમાજ કલ્યાણ અધિકારીશ્રી દ્વારા મંજૂર થનાર ૦૧ ગામ ખાતે રંગીન ટી.વી. અને ડીશ ગોઠવવાનું આયોજન છે.

### પત્રક-અ

### તા. ૩૧-૧૨-૨૦૦૬ ની સ્થિતીએ સુરત જિલ્લાના મહુવા, વાલોડ તથા બારડોલી તાલુકાઓમાં ગોઠવાયેલ રંગીન ટીવી સેટના ગામોની યાદી

**તાલુકો : મહુવા**

| અ.નં. | ગામનું નામ | તાલુકો |
|---|---|---|
| ૧. | બારતાડ | મહુવા |
| ૨. | કરચેલીયા આ.શા. | મહુવા |
| ૩. | આંગલધરા | મહુવા |
| ૪. | બોરીયા | મહુવા |

| અ.નં. | ગામનું નામ | તાલુકો |
|---|---|---|
| ૫. | વલવાડા | મહુવા |
| ૬. | ભોરીયા | મહુવા |
| ૭. | વડીયા | મહુવા |
| ૮. | વાંસકુઈ | મહુવા |
| ૯. | તરકાણી | મહુવા |
| ૧૦. | બામણીયા | મહુવા |
| ૧૧. | કઢેયા | મહુવા |
| ૧૨. | પુના | મહુવા |
| ૧૩. | વાંક-ભગવાનપુરા | મહુવા |
| ૧૪. | અત્રી | મહુવા |
| ૧૫. | ધામખડી | મહુવા |
| ૧૬. | માછીસાદડા | મહુવા |
| ૧૭. | ગોપલા | મહુવા |
| ૧૮. | સાંબા | મહુવા |
| ૧૯. | ઓડચ | મહુવા |
| ૨૦. | ખરવાણ | મહુવા |
| ૨૧. | મહુડી | મહુવા |
| ૨૨. | ડુંગરી | મહુવા |
| ૨૩. | તરસાડી | મહુવા |
| ૨૪. | ક્વીઠા | મહુવા |
| ૨૫. | આમચક | મહુવા |
| ૨૬. | કાની | મહુવા |
| ૨૭. | ઢુંઢેસા | મહુવા |
| ૨૮. | નરડા | મહુવા |
| ૨૯. | શેખપુર | મહુવા |
| ૩૦. | પથરોણ | મહુવા |
| ૩૧. | લસણપોર | મહુવા |
| ૩૨. | કોશ | મહુવા |
| ૩૩. | ગાંગડીયા | મહુવા |
| ૩૪. | કુમકોતર | મહુવા |
| ૩૫. | મહુવરીયા | મહુવા |
| ૩૬. | ઉમરા | મહુવા |
| ૩૭. | નિહાલી | મહુવા |
| ૩૮. | નળધરા | મહુવા |
| ૩૯. | અમરોલી | મહુવા |
| ૪૦. | મહુવા ગ્રા.પં. | મહુવા |
| ૪૧. | વહેવલ આ.શા. | મહુવા |
| ૪૨. | રાણત | મહુવા |
| ૪૩. | કોદાદા | મહુવા |
| ૪૪. | બીલખડી | મહુવા |
| ૪૫. | મુડત | મહુવા |
| ૪૬. | કાછલ | મહુવા |
| ૪૭. | વાઘેશ્વર | મહુવા |
| ૪૮. | હળદવા | મહુવા |
| ૪૯. | ઝેરવાવરા | મહુવા |
| ૫૦. | વેલણપુર | મહુવા |
| ૫૧. | સણવલ્લા | મહુવા |

| અ.નં. | ગામનું નામ | તાલુકો |
| --- | --- | --- |
| ૫૨. | વાછાવડ | મહુવા |
| ૫૩. | દેદવાસણ | મહુવા |
| ૫૪. | બુટવાડા | મહુવા |
| | **તાલુકો : વાલોડ** | |
| ૫૫. | વેડછી | વાલોડ |
| ૫૬. | કોક્ણવાડ | વાલોડ |
| ૫૭. | બાજીપુરા | વાલોડ |
| ૫૮. | બેડકુવા | વાલોડ |
| ૫૯. | અલગઢ | વાલોડ |
| ૬૦. | તીતવા | વાલોડ |
| ૬૧. | બેલ્ધા | વાલોડ |
| ૬૨. | ડુમખલ | વાલોડ |
| ૬૩. | નનસાડ | વાલોડ |
| ૬૪. | ખાંભલા | વાલોડ |
| ૬૫. | બહેજ | વાલોડ |
| ૬૬. | ક્ણજોડ | વાલોડ |
| ૬૭. | દાદરીયા | વાલોડ |
| ૬૮. | નાલોઠા | વાલોડ |
| ૬૯. | બુહારી | વાલોડ |
| ૭૦. | વીરપોર | વાલોડ |
| ૭૧. | વાલોડ | વાલોડ |
| ૭૨. | અંધાત્રી | વાલોડ |
| ૭૩. | ક્હેર | વાલોડ |
| ૭૪. | બુટવાડા | વાલોડ |
| ૭૫. | ઈનમા | વાલોડ |
| ૭૬. | ટોક્રવા | વાલોડ |
| ૭૭. | શ્યાદલા | વાલોડ |
| ૭૮. | કોસંબીયા | વાલોડ |
| ૭૯. | સીક્રે | વાલોડ |
| ૮૦. | દેલવાડા | વાલોડ |
| ૮૧. | શાહપોર | વાલોડ |
| ૮૨. | ક્લમકુઈ | વાલોડ |
| ૮૩. | ધામોદલા | વાલોડ |
| ૮૪. | રાનવેરી | વાલોડ |
| ૮૫. | કુંભીયા | વાલોડ |
| ૮૬. | હથુકા | વાલોડ |
| ૮૭. | અધ્યાપોર | વાલોડ |
| ૮૮. | જામણીયા | વાલોડ |
| | **તાલુકો :- બારડોલી** | |
| ૮૯. | કડોદ | બારડોલી |
| ૯૦. | ઈસરોલી | બારડોલી |
| ૯૧. | હરિપુરા | બારડોલી |
| ૯૨. | ઉછરેલ | બારડોલી |
| ૯૩. | અસ્તાન | બારડોલી |
| ૯૪. | ખરવાસા | બારડોલી |
| ૯૫. | કરચકા | બારડોલી |
| ૯૬. | ખોજ | બારડોલી |

| અ.નં. | ગામનું નામ | તાલુકો |
|---|---|---|
| ૯૭. | વાઘેચા | બારડોલી |
| ૯૮. | તેન | બારડોલી |
| ૯૯. | નાંદીડા | બારડોલી |
| ૧૦૦. | નિઝર | બારડોલી |
| ૧૦૧. | પઘરાડિયા | બારડોલી |
| ૧૦૨. | ગોજી | બારડોલી |
| ૧૦૩. | ખરડ-છીત્રા | બારડોલી |
| ૧૦૪. | રજવાડ | બારડોલી |
| ૧૦૫. | વઢવાણીયા | બારડોલી |
| ૧૦૬. | નસુરા | બારડોલી |
| ૧૦૭. | નિણત | બારડોલી |
| ૧૦૮. | પલસોદ | બારડોલી |
| ૧૦૯. | નોગામા | બારડોલી |
| ૧૧૦. | વાસંકુઈ | બારડોલી |
| ૧૧૧. | બાલ્દા | બારડોલી |
| ૧૧૨. | ભસુદલા | બારડોલી |
| ૧૧૩. | સીગોદ | બારડોલી |
| ૧૧૪. | જુનવાણી | બારડોલી |
| ૧૧૫. | ભામેયા | બારડોલી |
| ૧૧૬. | મોટી ફળોદ | બારડોલી |
| ૧૧૭. | માણેક્પુર | બારડોલી |
| ૧૧૮. | મોહા | બારડોલી |
| ૧૧૯. | રામપુરા | બારડોલી |
| ૧૨૦. | વરાડ-પણદા | બારડોલી |
| ૧૨૧. | સુરાલી | બારડોલી |
| ૧૨૨. | સરભાણ | બારડોલી |
| ૧૨૩. | કંટાળી | બારડોલી |
| ૧૨૪. | સાંક્રી | બારડોલી |
| ૧૨૫. | રાજપુર-લુંભા | બારડોલી |
| ૧૨૬. | સેજવાડ | બારડોલી |
| ૧૨૭. | પારડી-વાલોડ | બારડોલી |
| ૧૨૮. | સમથાણ | બારડોલી |
| ૧૨૯. | આફવા | બારડોલી |
| ૧૩૦. | ધામડોદ-લુંભા | બારડોલી |
| ૧૩૧. | ઉતારા | બારડોલી |
| ૧૩૨. | વધાવા | બારડોલી |
| ૧૩૩. | વડોલી | બારડોલી |
| ૧૩૪. | બારડોલી કુ. છાત્રાલય | બારડોલી |
| ૧૩૫. | મઢી અનપુર્ણા | બારડોલી |

**પત્રક-બ**

**તા. ૩૧-૧૨-૨૦૦૬ ની સ્થિતીએ સુરત જિલ્લાના મહુવા, વાલોડ અને બારડોલી તાલુકાઓમાં ગોઠવાયેલ ડીશ સાથેના રંગીન ટીવી સેટના ગામોની યાદી**

**તાલુકો : મહુવા**

| **અ.નં.** | **ગામનું નામ** | **તાલુકો** |
|---|---|---|
| ૧ | એક પણ નહી | એક પણ નહી |

**તાલુકો : વાલોડ**

| **અ.નં.** | **ગામનું નામ** | **તાલુકો** |
|---|---|---|
| ૧ | અંબાચ | વાલોડ |

**તાલુકો : બારડોલી**

| **અ.નં.** | **ગામનું નામ** | **તાલુકો** |
|---|---|---|
| ૧ | એક પણ નહી | એક પણ નહી |

**સુરત જિલ્લામાં ખેતમજૂરોને વીમા રક્ષણની પડતર માંગણીઓ**

અતારાંક્તિ ૭૯૮૯ (૪-૬-૦૭) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા (મહુવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમ્યાન ખેતમજૂરોને વીમાનું રક્ષણ યોજના હેઠળ તાલુકાદીઠ કુલ કેટલા ખેતમજૂરોની માંગણી આવી,

(૨) તે પૈકી કેટલી માંગણીઓ મંજૂર કરી, આ યોજના હેઠળ કેટલી રકમ ખેતમજૂરોને ચૂકવવામાં આવી,

(૩) કેટલા ખેતમજૂરોની માંગણીઓ તાલુકાવાર પડતર છે, તેના કારણો શાં છે, અને

(૪) કેટલા ખેતમજૂરોની માંગણી નામંજૂર કરવામાં આવી છે, અને તેના કારણો શાં છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૧૮-૭-૦૭) :

(૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ તાલુકાદીઠ મળેલ માંગણીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મળેલ દાવા અરજી |
|---|---|---|
| ૧ | વાલોડ | ૧ |
| ૨ | ચોર્યાસી | ૧૦ |
| ૩ | ઓલપાડ | ૪ |
| ૪ | મહુવા | ૩ |
| ૫ | વ્યારા | ૧૨ |
| ૬ | પલસાણા | ૫ |
| ૭ | સોનગઢ | ૧૩ |
| ૮ | ઉચ્છલ | ૫ |
| ૯ | નિઝર | ૨ |
| ૧૦ | માંડવી | ૧૪ |
| ૧૧ | માંગરોળ | ૪ |
| ૧૨ | બારડોલી | ૧૯ |
| ૧૩ | કામરેજ | ૪ |
| | **કુલ :** | ૯૬ |

(૨) તે પૈકી - ૨૧ અરજીઓ મંજૂર કરી રૂા. ૧૦,૬૦,૦૦૦-૦૦ ખેતમજૂરોને ચૂકવવામાં આવી છે.

(૩) ખેત મજૂરોની તાલુકાદીઠ પડતર માંગણીઓ અને તેના કારણોની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **પડતર અરજી** |
|---|---|---|
| ૧ | વાલોડ | ૧ |
| ૨ | ચોર્યાસી | ૭ |
| ૩ | ઓલપાડ | ૩ |
| ૪ | મહુવા | ૨ |
| ૫ | વ્યારા | ૧૧ |
| ૬ | પલસાણા | ૩ |
| ૭ | સોનગઢ | ૬ |
| ૮ | ઉચ્છલ | ૩ |
| ૯ | નિઝર | ૨ |
| ૧૦ | માંડવી | ૧૨ |
| ૧૧ | માંગરોળ | ૪ |

| | | |
|---|---|---|
| ૧૨ | બારડોલી | ૫ |
| ૧૩ | કામરેજ | ૨ |
| | કુલ : | ૬૧ |

૧. વીમા કંપની પાસે ૧૪ અરજીઓ પડતર છે.

૨. સરકારશ્રીની યોજના અન્વયે ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ પાસે ૪૭ અરજી ચકાસણી અને પૂર્તતા અર્થે પડતર છે.

(૪) ૧૪ અરજી ના મંજૂર કરવામાં આવેલ છે તેના કારણો નીચે મુજબ છે.

- ખેત શ્રમિક ના હોય,
- ખેડૂત ખાતેદાર હોય,
- અકસ્માતનો બનાવ ન હોય,
- આત્મહત્યાનો બનાવ હોય,
- અપૂરતા દસ્તાવેજો.

---------------

**રાજ્યમાં જિલ્લાવાર શ્રમિક સુરક્ષા યોજના અન્વયે મળેલ અરજીઓ તેમજ ચૂકવેલ રકમ અંગે**

અતારાંક્તિ ૮૨૪૧ (૮-૬-૦૭) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર શ્રમિક સુરક્ષા યોજના અંતર્ગત કઈ કઈ વિમા કંપનીને છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં વર્ષવાર કેટલું પ્રિમીયમ ચૂકવવામાં આવ્યું,

(૨) તે પૈકી જિલ્લાવાર શ્રમિક સુરક્ષા યોજના અંતર્ગત સરકારને વર્ષવાર કેટકેટલી અરજીઓ મળી,

(૩) તે પૈકી કેટલા શ્રમિકોને સુરક્ષા યોજના હેઠળ કેટકેટલી રકમો ચૂકવવામાં આવી, કેટલી ચૂકવવી બાકી છે; અને

(૪) બાકી રહેતી હોય તેના કારણો શાં છે અને ક્યાં સુધીમાં રકમ ચૂકવવાનું આયોજન છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** (૧૮-૭-૦૭) :

(૧) રાજ્યમાં જિલ્લાવાર શ્રમિક સુરક્ષા યોજના અંતર્ગત વીમા કંપનીને કોઈ પ્રિમીયમ ચુકવાયેલ નથી. પરંતુ સમગ્ર રાજ્યનાં શહેરી અને ગ્રામીણ અસંગઠીત શ્રમયોગીઓ માટે પ્રિમીયમ જે તે વીમા કંપનીને ચુકવેલ છે. તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં ચૂકવાયેલ વીમા પ્રિમીયમની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | વીમા કંપની | ચૂકવાયેલ પ્રિમીયમ (રૂપિયા) |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ કંપની | ૯૬,૭૦,૦૦૦-૦૦ |
| ૨૦૦૪-૦૫ | આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ કંપની | ૨,૪૬,૦૧,૦૦૦-૦૦ |
| ૨૦૦૫-૦૬ | નેશનલ ઈન્સ્યોરન્સ કંપની | ૨,૮૭,૨૪,૧૬૨-૦૦ |

(૨) વર્ષવાર/જિલ્લાવાર મળેલ અરજીની વિગત :

| **જિલ્લો** | **૨૦૦૩-૦૪ આઈસીઆઈસીઆઈ** | **૨૦૦૪-૦૫ આઈસીઆઈસીઆઈ** | **૨૦૦૬-૦૭ નેશનલ ઈન્સ્યોરન્સ કંપની** |
|---|---|---|---|
| અમદાવાદ | ૪૪ | ૭૮ | ૫૬ |
| ગાંધીનગર | ૨૩ | ૩૬ | ૨૯ |
| અમરેલી | ૧૭ | ૩૫ | ૧૩ |
| બનાસકાંઠા | ૪૫ | ૫૫ | ૨૮ |
| ભાવનગર | ૭૦ | ૧૩૫ | ૮૮ |
| ભરૂચ | ૪૩ | ૯૪ | ૫૨ |
| નર્મદા | ૧૭ | ૩૨ | ૧૬ |
| જામનગર | ૬૭ | ૭૧ | ૪૯ |
| જુનાગઢ | ૭૫ | ૧૩૫ | ૧૩૧ |

| **જિલ્લો** | **૨૦૦૩-૦૪ આઈસીઆઈસીઆઈ** | **૨૦૦૪-૦૫ આઈસીઆઈસીઆઈ** | **૨૦૦૬-૦૭ નેશનલ ઈન્સ્યોરન્સ કંપની** |
|---|---|---|---|
| પોરબંદર | ૦૮ | ૨૪ | ૧૦ |
| ખેડા | ૬૦ | ૮૩ | ૮૦ |
| આણંદ | ૫૩ | ૬૫ | ૬૧ |
| કચ્છ-ભુજ | ૨૦ | ૬૧ | ૨૮ |
| મહેસાણા | ૩૭ | ૬૦ | ૫૬ |
| પાટણ | ૨૩ | ૨૪ | ૧૮ |
| પંચમહાલ | ૪૨ | ૭૨ | ૩૭ |
| દાહોદ | ૩૯ | ૫૪ | ૩૧ |
| રાજકોટ | ૬૩ | ૭૨ | ૨૪ |
| સાબરકાંઠા | ૨૮ | ૫૬ | ૪૭ |
| સુરત | ૬૧ | ૬૯ | ૩૮ |
| સુરેન્દ્રનગર | ૨૮ | ૪૧ | ૨૭ |
| વડોદરા | ૩૬ | ૭૯ | ૪૩ |
| વલસાડ | ૧૬ | ૨૯ | ૧૮ |
| નવસારી | ૦૪ | ૨૨ | ૧૬ |
| ડાંગ | ૦૨ | ૦૩ | ૦ |
| કુલ : | ૯૨૧ | ૧૪૮૫ | ૯૯૬ |

(૩) શ્રમિક સુરક્ષા યોજના હેઠળ વીમા કંપનીઓએ ચૂકવેલ અને ચૂકવવાની બાકી રકમની વિગતો નીચે મુજબ છે.

| વિગત | ૨૦૦૩-૦૪ આઈસીઆઈસીઆઈ | ૨૦૦૪-૦૫ આઈસીઆઈસીઆઈ | ૨૦૦૬-૦૭ નેશનલ ઈન્સ્યોરન્સ કંપની |
|---|---|---|---|
| ચૂકવેલ કેસ | ૩૪૭ | ૩૫૨ | ૧૪૪ |
| ચૂકવેલ રકમ રૂા. | ૭૨,૨૦,૦૦૦-૦૦ | ૧,૮૦,૭૦,૦૦૦-૦૦ | ૧,૪૨,૫૦,૦૦૦-૦૦ |
| ચૂકવવાના બાકી કેસો | ૧૬૭ કેસમાં રૂા.૫૦ હજાર પ્રમાણે | ૬૯૪ કેસમાં રૂા. ૫૦ હજાર પ્રમાણે | ૫૬૩ કેસમાં રૂા. ૧ લાખ પ્રમાણે |

(૪) સદરહુ બાકી કેસો વીમા કંપની પાસે પડતર છે અને બાકી રકમની ચૂકવણી દાવા અરજીઓની ચકાસણી પૂર્ણ કર્યા બાદ વીમા કંપનીઓએ કરવાની રહે છે.

---------------

## જિલ્લાવાર પબ્લીક પ્રોસીક્યુટરની ખાલી જ્ગ્યાઓ

અતારાંક્તિ ૮૨૪૭ (૧૫-૬-૦૭) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કોર્ટોમાં પબ્લીક પ્રોસીક્યુટર અને આસી. પબ્લીક પ્રોસીક્યુટરની કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

(૨) આ જ્ગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી,

(૩) જ્ગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું સરકારનું આયોજન છે, અને

(૪) ખાલી જ્ગ્યાના કારણે કોઈ ગંભીર અસરો જોવા મળી હતી કે કેમ ?

**કાયદા મંત્રીશ્રી** (૧૩-૭-૦૭) :

(૧) પબ્લીક પ્રોસીક્યુટરની ખાલી જ્ગ્યા નથી. આસી. પબ્લીક પ્રોસીક્યુટરની જ્ગ્યાઓની વિગત આ સાથેના પરિશિષ્ટમાં ઉલ્લેખ કર્યા મુજબ છે.

(૨) પબ્લીક પ્રોસીક્યુટરની જ્યાઓ ભરવા માટે કાર્યવાહીનો પ્રશ્ન નથી. આસી. પબ્લીક પ્રોસીક્યુટરની જ્યાઓ ભરવા માટે ભરતી નિયમો તથા સ્પર્ધાત્મક પરીક્ષાના નિયમોનો મુદ્દો ઉપસ્થિત થતાં બાબત વેધાનિક અને સંસદીય બાબતોના વિભાગ સાથે પરામર્શમાં છે.

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ.

(૪) ના, જી.

**પરિશિષ્ટ**

**રાજ્યમાં આસીસ્ટન્ટ પ્રોસીક્યુટરની ખાલી જ્યાઓની વિગતો તા. ૩૧-૩-૨૦૦૭ની સ્થિતિ**

| ક્રમાંક | જિલ્લાનું નામ | જિલ્લામાં કુલ ફાળવેલ જ્યાઓ | તે પેકી ભરાયેલ જ્યાઓ | ખાલી જ્યાઓ |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧. | (અ) અમદાવાદ (મેટ્રો)<br>(બ) અમદાવાદ (ગ્રામ્ય) | ૧૮<br>૧૧ | ૧૮<br>૧૦ | ૧ ખાલી<br>૧. (ધોળકા) |
| ૨. | અમરેલી | ૮ | ૧ | ૭ ખાલી<br>અમરેલી-૩<br>રાજુલા -૧<br>સાવરકુંડલા-૧ લાઠી-લીલીયા-૧<br>બગસરા - ૧ |
| ૩. | આણંદ | ૬ | ૫ | ૧. પેટલાદ |
| ૪. | ખેડા | ૧૧ | ૧૧ | -- |
| ૫. | બનાસકાંઠા | ૯ | ૯ | -- |
| ૬. | ભરૂચ | ૮ | ૮ | -- |
| ૭. | ભાવનગર | ૧૫ | ૧૨ | ૩ ખાલી<br>ભાવનગર-૨<br>ગઢડા -૧<br>કુલ -૩ |
| ૮. | દાહોદ | ૬ | ૫ | ૧<br>(સંતરામપુર) |
| ૯. | ગાંધીનગર | ૪ | ૩ | ૧<br>(ગાંધીનગર) |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧૦. | જામનગર | ૧૦ | ૫ | ૫ ખાલી<br>જામનગર - ૨<br>દ્વારકા - ૧<br>ભાણાવડ - ૧<br>જામજોધપુર -<br>ધ્રોલ જોડીયા-૧<br>કુલ - ૫ |
| ૧૧. | જૂનાગઢ | ૧૨ | ૭ | ૫ ખાલી<br>જુનાગઢ-૧<br>કેશોદ - ૧<br>માંગરોળ-૧<br>માળીયા-હાટીના-૧<br>તલાલા - ૧<br>કુલ - ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨. | કચ્છ | ૯ | ૫ | ૪ (ચાર) ખાલી<br>ભૂજ - ૨<br>ભચાઉ-૧<br>ગાંધીધામ-૧ |
| ૧૩. | મહેસાણા | ૧૦<br>+ ૧ (ઉંઝા)<br>૧૧ | ૯ | ૨ ખાલી<br>વિજાપુર - ૧<br>મહેસાણા- ૧ |
| ૧૪. | નર્મદા | ૩ | ૩ | -- |
| ૧૫. | નવસારી | ૭ | ૫ | ૨ ખાલી<br>૧ નવસારી ૧ વાંસદા |
| ૧૬. | પંચમહાલ | ૧૦ | ૮ | ૨ ખાલી<br>ગોધરા-૨ |
| ૧૭. | પાટણ | ૬ | ૬ | -- |
| ૧૮. | પોરબંદર | ૩ | ૩ | -- |
| ૧૯. | રાજકોટ | ૧૪ | ૮ | ૬ ખાલી<br>રાજકોટ- ૩<br>ઉપલેટા - ૧<br>ગોંડલ - ૧<br>મોરબી - ૧ |
| ૨૦. | સાબરકાંઠા | ૮ | ૬ | ભીલોડા-૧ હિંમતનગર-૧ (૨ ખાલી) |
| ૨૧. | સુરત | ૧૫ | ૧૨ | ૩ (ત્રણ) ખાલી<br>સુરત -૧<br>માંડવી-૧<br>વ્યારા -૧<br>કુલ - ૩ |
| ૨૨. | વડોદરા | ૧૬ | ૧૫ | ૧ સંખેડા |
| ૨૩. | સુરેન્દ્રનગર | ૧૦ | ૮ | ૧ હળવદ, ૧ ધ્રાંગધ્રા (૨ ખાલી) |
| ૨૪. | વલસાડ | ૬ | ૬ | - |
| | કુલ : | ૨૩૬ | ૧૮૮ | ૪૮ |

---------------

**ડાર્કઝોનવાળા તાલુકાઓના કિસાનોને વીજ કનેક્શન અંગે**

અતારાંક્તિ ૭૯૫૧ (૧૭-૩-૨૦૦૭) **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય પાણી પુરવઠા અને જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ૫૭ તાલુકાઓમાં ડાર્કઝોન છે જેના કારણે સદર તાલુકાઓમાં ખેતી કરતા ખેડૂતોને વીજ કનેક્શન મળતા નથી તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, હોય તો આવા ડાર્કઝોનમાં કિસાનોને વીજ કનેક્શનો આપવા સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) કેટલા સમયમાં તેનો અમલ કરવા માંગે છે ?

**પાણી પુરવઠા અને જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૬-૭-૦૭) :

(૧), (૨) અને (૩) હા જી, આ બાબતમાં વિવિધ રજુઆતો મળેલ છે, જે વિચારણા હેઠળ છે.

**સુજલામ સુફલામ યોજના હેઠળ ખેડૂતોને લાભ**

અતારાંક્તિ ૭૯૫૪ (૨૧-૩-૨૦૦૭) **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન સુજલામ સુફલામ યોજનાથી રાજ્યના કેટલા ખેડૂતોને કેટલો લાભ થવા પામેલ છે.

(૨) આ યોજનામાં કુલ કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) આ યોજનાથી કુલ વધુ ઉત્પાદન કેટલું થવા પામેલ છે ?

**જળ સંપત્તિ મંત્રીશ્રી** (૧૭-૭-૦૭) :

(૧) સુજલામ સુફલામ યોજનાની કામગીરી હાલ પ્રગતિમાં હોઈ, હાલ લાભિત ખેડૂતોની ચોક્કસ સંખ્યા આપવી શક્ય નથી. આ યોજના હેઠળ પિયજ-ધરોઈ પાઈપલાઈન મારફતે આશરે ૯૦૦૦ હેક્ટરની સિંચાઈ થયેલ. જ્યારે સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાં ગત ચોમાસા (૨૦૦૬)માં પાણી ભરાવાથી આશરે ૬૪૫૩૮ હેક્ટરની ઉદવહન સિંચાઈ થયેલ. વિષેશમાં, આ યોજનાનાં કેટલાક ઘટકો જેવા કે ચેકડેમો, તળાવો વિગેરેમાં ચોમાસામાં પાણી ભરાવાથી ખેડૂતોએ ઉદ્વહનથી પાણી મેળવેલ છે અને ભૂગર્ભ જળ રિચાર્જ થવાથી પરોક્ષ લાભ પણ મળેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ આ યોજનામાં જળસંપત્તિ પ્રભાગનાં કામો માટે કુલ રૂા. ૧૭૫૯.૧૫ ક્રોડ ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) ઉપર જવાબ (૧)માં જણાવ્યા મુજબ.

---------

**મોવતપુરા ગામનું તળાવ તૂટી જવા અંગે**

અતારાંકિત ૭૯૮૬ (૬-૬-૨૦૦૭) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સાબરકાંઠા જિલ્લાના વિજ્યનગર તાલુકાના આમોદરા મોવતપુરા ગામના તળાવનું પાણી ભુગર્ભમાં ઉતરી જવાથી તળાવ ખાલી રહેતું હતું તેમજ છેલ્લા ચોમાસામાં તળાવ તૂટી પણ ગયુ હતું તે હકીક્ત સરકાર જાણે છે, અને

(૨) જો હા તો આ બંને સમસ્યાના કાયમી ઉકેલ માટે સરકારે શી વ્યવસ્થા કરેલ છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૬-૭-૦૭) :

(૧) સરકાર વાકેફ છે.

(૨) સાબરકાંઠા જિલ્લાના વિજ્યનગર તાલુકાના આમોદરા, મોવતપુરા ગામના તળાવનું પાણી ભુગર્ભમાં જવા કરતાં વેસ્ટવીયરમાંથી વધુ પડતું લીકેજ થતું હતું પરિણામે ગત ચોમાસામાં વધુ વરસાદને કારણે પાણી ભરાવાથી વેસ્ટવીયર તુટી ગયેલ. આ કામના રૂા. ૧૪૭.૦૦ લાખના નકશા-અંદાજોને સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે. ટુંક સમયમાં ટેન્ડર બહાર પાડી કામ હાથ ધરવામાં આવશે.

------------

**મહુવા તાલુકાની જૂથ પાણી પુરવઠા યોજનાઓ**

અતારાંકિત ૮૦૨૬ (૬-૬-૨૦૦૭) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લાના મહુવા તાલુકામાં તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ કઈ કઈ જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે,

(૨) તે પૈકી કઈ કઈ યોજના હેઠળ ક્યા ક્યા ગામોને પાણી આપવામાં આવે છે,

(૩) આ ગામોને નિયમિત પાણી આપવામાં આવતું નથી તે હકીક્ત સાચી છે,

(૪) જો હા તો છેલ્લા છ માસમાં ક્યા ક્યા ગામોએથી કેટલી ફરીયાદો મળી છે, અને

(૫) આ બાબતે સરકારે શા પગલાં ભર્યા છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૮-૭-૦૭) :

(૧) ૩૧-૩-૦૭ની સ્થિતિએ સુરત જિલ્લાના મહુવા તાલુકામાં એકપણ જૂથ યોજના કાર્યરત નથી.

(૨), (૩), (૪) અને (૫) પ્રશ્ન રહેતો નથી.

----------------

**પંચાયત હેઠળ રહેમરાહે નિમણૂક**

અતારાંકિત ૭૯૨૪ (૧-૩-૨૦૦૭) **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે પંચાયત વિભાગ હેઠળ રહેમરાહે નોકરીના નિમણૂકના કેટલા હુકમો કર્યા, અને

(૨) તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલા કેસો પડતર છે?

**પંચાયત મંત્રીશ્રી** (૧૮-૭-૦૭) :

(૧) ૨૫૧૮

(૨) ૪૧૬

---------

**ગરીબી નિવારણ કાર્યક્રમના લક્ષ્યાંકો**

અતારાંક્તિ ૭૯૩૩ (૬-૩-૨૦૦૭) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી નિવારણના ક્યા ક્યા કાર્યક્રમો માટે કેટલું ખર્ચ કરવામાં આવ્યુ,

(૨) જિલ્લાવાર આ કાર્યક્રમોનો કેટલાં ગરીબ કુટુંબોને કેટલા ખર્ચે લાભ આપવામાં આવ્યો, અને

(૩) આ અંગે જિલ્લાવાર ક્યા ક્યા કાર્યક્રમ હેઠળ કેટલાં લક્ષ્યાંકો રાખવામાં આવ્યા હતા ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૧૮-૭-૦૭) :

(૧) ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી નિવારણના નીચેના કાર્યક્રમો માટે કુલ રૂા. ૫૮૦૭૩.૧૭ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.*(પત્રકઃ ૧ થી ૬ સામેલ છે.)

| **ક્રમ** | **કાર્યક્રમનું નામ** | **૨૦૦૫-૦૬માં કરવામાં આવેલ ખર્ચ (રૂા. લાખમાં)** | **૨૦૦૬-૦૭માં કરવામાં આવેલ ખર્ચ (તા. ૩૧/૧/૦૭ અંતિત) (રૂા. લાખમાં)** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | એસ.જી.આર.વાય | ૧૬૮૮૭.૫૬ | ૭૪૦૮.૩૬ |
| ૨ | એસ.જી.એસ.વાય | ૨૮૫૭.૦૭ | ૧૭૧૦.૨૩ |
| ૩ | વોટરશેડ | ૬૭.૨૦ | ૪૮.૯૩ |
| ૪ | ઈન્દિરા આવાસ (નવા) | ૧૪૩૮૩.૮૫ | ૮૨૩૦.૧૫ |
| ૫ | ઈન્દિરા આવાસ (સુધારણા) | ૧૪૫૬.૪૧ | ૭૭૯.૬૩ |
| ૬ | ટી.એસ.સી. | ૫૨૧.૫૦ | ૩૭૨૨.૨૮ |
| | કુલ.... | ૩૬૧૭૩.૫૯ | ૨૧૮૯૯.૫૮ |

(૨) જિલ્લાવાર આ કાર્યક્રમો હેઠળ કુલ ૬૩૭૯૯૪.૭૮ લાખ ગરીબ કુટુંબોને રૂા. ૫૮૦૭૩.૧૭ લાખના ખર્ચે લાભ આપવામાં આવ્યો છે. * (પત્રક : ૧ થી ૬ સામેલ છે જેમાં મેળવેલ સિધ્ધિ દર્શાવેલ છે.)

(૩) આ અંગે જિલ્લાવાર નીચેના કાર્યક્રમો હેઠળ કુલ : ૧૩૫૩૬૧૧.૫૪ લાખ કુટુંબોનો લક્ષાંક રાખવામાં આવેલ હતો. * (પત્રક : ૧ થી ૬ સામેલ છે જેમાં ફાળવેલ લક્ષાંક દર્શાવેલ છે.)

| **ક્રમ** | **કાર્યક્રમનું નામ** | **૨૦૦૫-૦૬માં ફાળવેલ લક્ષાંક** | **૨૦૦૬-૦૭માં ફાળવેલ લક્ષાંક (તા. ૩૧/૧/૦૭ અંતિત)** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | એસ.જી.આર.વાય. | ૧૯૧.૦૨ | ૧૩૧.૦૮ |
| ૨ | એસ.જી.એસ.વાય | ૧૮૦૦૦.૦૦ | ૨૧૮૦૩.૦૦ |
| ૩ | વોટરશેડ | ૧૮૧૪૯.૪૬ | ૧૯૪૦૯.૯૮ |
| ૪ | ઈન્દિરા આવાસ (નવા) | ૫૮૩૮૮.૦૦ | ૬૨૪૧૬.૦૦ |
| ૫ | ઈન્દિરા આવાસ (સુધારણા) | ૧૦૮૬૦.૦૦ | ૧૦૮૬૦.૦૦ |
| ૬ | ટી.એસ.સી. | ૪૮૧૬૪૭.૦૦ | ૬૫૧૭૫૬.૦૦ |
| | કુલ.... | ૫૮૭૨૩૫.૪૮ | ૭૬૬૩૭૬.૦૬ |

* (પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારોની મોજણી

અતારાંક્તિ ૭૯૪૦ (૮-૩-૨૦૦૭) **શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ વિભાગના માર્ગદર્શન અને સૂચનાઓને આધીન રહીને રાજ્યમાં કરેલ ગરીબી રેખા નીચે જીવતા પરિવારોની મોજણીમાં જુના નંબર ધરાવતા પરિવારોના નંબર રદ કરવામાં આવ્યા હોવાની હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો રાજ્ય સરકારની તમામ યોજનાઓના લાભ બી.પી.એલ. નંબર ન ધરાવતા હોય તેવા પરિવારોને મળતો નથી તે હકીક્ત ખરી છે,

(૩) રાજ્યમાં ખૂબ મોટા પાયે આ નંબરો રદ થતા ગરીબ પરિવારોની મુશ્કેલી દૂર ક્રવા શું આયોજન ગોઠવેલ છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૧૮-૭-૦૭) :

(૧) કેન્દ્ર સરકારના ગ્રામિણ વિકાસ વિભાગના માર્ગદશન અને સૂચનાઓને આધીન રહીને રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને નિયત કરવા માટે વર્ષ ૨૦૦૩માં આર્થિક સામાજીક મોજણી કરવામાં આવેલ હતી. સદરહું મોજણીમાં ગુણાંક આધારિત કુલ ૧૩ સૂચકો ધ્યાને લઈ કુટુંબોના કુલ ગુણાંક કટ ઓફ સ્કોર **૧૬ કે તેથી ઓછા હોય તો ""અતિ ગરીબી"" અને ૧૭ થી ૨૦ ગુણાંક હોય તો ""ગરીબ""** તરીકે ગણવામાં આવે છે. સદરહુ મોજણી સામાજીક આર્થિક માપદંડો પ્રમાણે હાથ ધરાયેલ હોઈ જુના નંબર ધરાવતા પરિવારોને રદ કરવાની હકીક્ત સાચી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) વાંધા સુચનો અંગે જવાબ કરવાની તથા પ્રથમ તબક્કામાં નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને નિયામકશ્રીના નિર્ણય સામે બીજા તબક્કામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સમક્ષ અપીલ કરવાની તેમજ ભારત સરકારશ્રીની સુચના મુજબ વહીવટી પ્રક્રિયા કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

------------------

## અમરેલી જિલ્લામાં વોટરશેડ યોજનાના કામો પાછળ ખર્ચ

અતારાંક્તિ ૭૯૪૬ (૧૪-૩-૨૦૦૭) **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

